
કુમાર

સંસ્થાપક
રવિશંકર રાવળ
વર્ષ ૫૧મું
અંક ૩જો
માર્ચ
૧૯૭૪
સળંગ અંક
૬૦૩



▽ 'મૉડર્ન આર્ટ'નો નમૂનો નહિ પણ ગામડાના દરજીએ સીવવાના 'સંચા' વડે
કંડિયાની પીઠ પર આલેખેલી આ એક ભાત છે. એમાં એણે પોતાની હૈયાઉકલત
પ્રમાણે મોર ઢેલ ને હાથી સાથે ફૂલના છોડ ને પાનની વેલ ચીતરી છે.
(ઉતારનાર : વૃંદાવન સોલંકી)

તંત્રી
બચુભાઈ
રાવત

કુમાર

માર્ચ ૧૯૭૪ અંક ૬૦૩

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૧-૦૦; પરદેશ: રૂ.૩૫; યા પા. ૧-૭૫. યા ડૉ.૫ છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે

'કુમાર'ના ૬૦૦મા સુવર્ણજયંતી અંકમાં ભાઈશ્રી બલવંત ભટ્ટે ગુજરાતમાં ફોટોગ્રાફીનાં ૫૦ વર્ષ વિષેનો લેખ આપીને ઉપયોગી માહિતી અને ચિત્રો આપ્યાં છે તે માટે તેમને અભિનંદન. પરંતુ મારો સ્મૃતિદોષ ન હોય તો ગુજરાતમાં બિનધંધાર્થી કલાસ્વરૂપે ફોટોગ્રાફીનો આરંભ નીચે મુજબ થયો છે.

ઈ. ૧૯૨૧માં મેં પ્રથમ જ હાથકૅમેરા(વેસ્ટ પૉકેટ કૅમેરા મિ.) ડબ્લ્યુ. સ્ટેન્ડિંગ પાસે જોએલો. એનાથી એમણે હસતા ગાંધીજીની છબિ પાડીને 'કુમાર'માં છાપવા આપેલી. એમનો એ કૅમેરા જોઈ મેં ગુજરાત ફોટો ગૅલેરીવાળા શ્રી પરીખ મારફત મુંબાઈથી ખિસ્સામાં સમાઈ રહે એવો કૅમેરા ખરીદાવી મંગાવ્યો. એમાં ફોકસિંગની કે બીજી ગોઠવણીની બહુ પંચાત નહોતી. ત્યાર પછી બૉક્સ કૅમેરા બજારમાં આવ્યા તેના પણ દરેક નમૂના મેં કુમાર કાર્યાલયમાં મંગાવ્યા હતા. જે પણ બધા ફિક્સ્ડ ફૉકસવાળા હતા. એથી ઘણાને ફોટોગ્રાફી સરળ બની. સભ્યો વિસ્તર્યા તેમાં બલવંત ભટ્ટ આગળપડતા હતા. તેમને અને બીજા સભ્યોને 'ટાઈમ્સ'ના 'ઈલસ્ટ્રેટેડ વીકલી' અને મદ્રાસના સાપ્તાહિક 'હિંદુ'માં સારાં ઈનામો મળ્યાં. એથી ઉત્તેજિત થઈ મેં, બાલુભાઈએ અને શ્રી ગિરિજાપ્રસાદ ચિનુભાઈએ ૧૦૦ રૂપિયામાં લાઈફ મેમ્બર થઈ 'કુમાર કૅમેરા કલબ' સ્થાપી. તેમાં બહારના કેટલાક મિત્રો જોડાતાં મોટું મંડળ થયું. તેથી 'કુમાર કૅમેરા કલબ'ને વિલીન કરી 'નિહારિકા' સ્થપાઈ. તેમાં બલવંત ભટ્ટ ને હરિનારાયણ આચાર્યે ઉત્સાહથી ભાગ લીધો. આ નવા નિહારિકા મંડળે અમને ત્રણે મૂળ સ્થાપકોને આજીવન સભ્ય તરીકે અપનાવી લીધા છે. અને તે પદના અધિકાર આજ સુધી સંભાળ્યા છે. વળી નિહારિકા મંડળમાંથીઆંતરદેશીયપ્રસિદ્ધિપામેલામુખ્ય સભ્યોએ પણ બીજું મંડળ પણ રચ્યું છે. દર શુક્રવારે રાત્રે સભા થતી તેમાં નવોદિતોનાં કામ પર ચર્ચા થતી, સુધારા સૂચવાતા. અને હવે તો રંગીન ફોટોગ્રાફો સિદ્ધ થતાં તેની સ્લાઇડો, પ્રવાસચિત્રો વગેરે પણ બતાવાય છે. આ 'નિહારિકા' કલબના કેટલાક સભ્યો ઊંચા દરજ્જાનું કામ કરી વિશ્વનાં પ્રદર્શનોમાં પણ માન પામ્યા છે અને 'નિહારિકા' લોકપ્રિયતા પામી છે. તેનો મૂળ ઉદ્ભવ કુમાર કાર્યાલયના કલાખંડમાં જ થયો છે. આજે તો ફોટોગ્રાફીનો વિકાસ થઇ તે બહુ મહત્ત્વ પામી છે અને તેને લીધે જ માનવી અનેક સ્વરૂપોની વાસ્તવિકતા જોઈ શકતો થયો છે. આમાંથી જ વિકસેલી સિનેમાની કળા તો વિશ્વનો એક મોટો વ્યવસાય બની ગઈ છે. આ વિદ્યાને ગુજરાતી પત્રોમાં પ્રથમ મહત્ત્વ આપવાનું ગૌરવ 'કુમાર' લે તો તે સર્વથા યોગ્ય છે.

આરંભમાં 'કુમાર' માટે સાદી સ્વચ્છ ફોટોગ્રાફી આપવામાં જામનગરના શ્રી પંચાણભાઈ વારા, ગુજરાતના ગ્રામપ્રદેશોનાં ચિત્રો આપનાર પાલનપુરના આબિદભાઈ સૈયદ તેમ અમદાવાદના પ્રાણલાલ પટેલ તથા ત્યાર બાદ સિદ્ધહસ્ત ફોટોગ્રાફર તરીકે ખ્યાત શ્રી ભારદ્વાજને ભૂલી શકાય નહિ. —રવિશંકર રાવળ

∞

'નરકેશરી'ની અમુક વ્યાખ્યા થઈ તેથી પ્રેરાઈને આ લખું છું. 'નરકેશરી' દ્વિઅર્થી છે અને બંને અર્થમાં લઈ શકાય. દ્વિઅર્થી ખૂબીઓ વિદ્વાન કવિઓ રાજા સામે કહેતા. કહેવાનું કહેવાઈ જાય અને રાજા ખુશ રહે. નવાનગરના એક માથાભારે હજુરિયા માટેની એક વાત પ્રસિદ્ધ છે. એક બુદ્ધિશાળી કવિ મોઢામોઢ તેને 'ગોલા' કહીને શિરપાવ પણ મેળવે છે.*

(પોરબંદર) —દેવજીભાઈ વાજા

[* એ વાત 'સાહિત્યસંપર્ક'માં જુઓ.]

∞

નવે. અંકમાં શ્રી બંસીભાઇ બારોટની વાર્તા 'ક–કરુણાશંકરનો' વાંચી. કાવ્ય-સ્વરૂપમાં સૉનેટના આરોહ-અવરોહ તેમજ અંતની અસરકારકતા જેવો આસ્વાદ એ કૃતિએ કરાવ્યો. લેખકને અભિનંદન. રૂઢ–અસહિષ્ણુ ધરાર-સાહેબનો પછીથી થતો હૃદય–સંચાર પૂરી મૃદુતાથી સમગ્ર કૃતિને અંતે રણકી રહે છે. પરંપરાના દૃઢબંધવાળી છતાં વિરલ લક્ષણની શોધ કરતી આવી નવ્ય કૃતિને પણ પ્રયોગલક્ષી સાહિત્યની જ દેણગી ગણવી જોઈએ. 'ક' કરુણાશંકરનો, કક્કાના 'ક'ની જેમ, હમેશાં સ્મરણીય રહેશે.

(અમદાવાદ) —પ્રિયકાન્ત મણિયાર

∞

'કુમાર'માં નિયમિત રીતે એક ચરિત્રકથા આવે છે. આજ સુધીમાં સેંકડો કથા આવી ગઈ હશે. તેમાંથી ગુજરાતીઓ, ગુજરાત બહારની, અને પરદેશની વ્યક્તિઓની જીવનકથાઓ ત્રણ ભાગમાં પ્રસિદ્ધ કરવામાં આવે તો એક

કિંમતી જીવનકથા-સાહિત્ય ગુજરાતને મળે. 'કુમાર' પોતે એ પ્રગટ કરે, શ્રી મહેન્દ્ર મેઘાણી જેમ યોજના બનાવે છે તેવી યોજના કરીને પણ જરૂરી નકલો છાપી શકાય. એ શક્ય ન હોય તો કોઈ પબ્લિશરનો સાથ મેળવો, પણ આ કાર્ય કરવા જેવું લાગવાથી લખું છું.

(વલસાડ) —લલ્લુભાઈ મકનજી પટેલ

~

'સ્મૃતિ'માં બહાર પડેલ રણજિતસિંહજીની ટિકિટ તથા ફર્સ્ટ ડે કવરનું ઉદ્‌ઘાટન અહીં શ્રી વિજય મરચન્ટે કર્યું હતું અને અતિથિવિશેષ તરીકે શ્રી આનંદજી ડોસા હાજર રહ્યા હતા, તેમજ સલીમ દુરાનીએ હાજરી આપી હતી.

આ ટિકિટમાં આજ ફોટો છાપવા પાછળનું કારણ સમજાવતાં શ્રી વિજય મરચન્ટે કહેલું કે રણજિતસિંહજી ઇંગ્લૅન્ડમાં ક્રિકેટ શીખતા હતા ત્યારે ત્યાંના 'કોચ'ને એમ લાગ્યું કે કુમાર ફાસ્ટ બૉલમાં જરા ડરીને હટી જાય છે. આથી રણજિતસિંહનો જમણો પગ પિચ સાથે પિન તેણે કરી દીધો, જેથી તે ત્યાંથી હટી જ ન શકે. પણ રણજિતસિંહે આમાંથી માર્ગ કાઢી ખૂબ જ સુંદર રીતે બૉલને રમ્યા. અને તેનો આ ફટકો, આ સ્ટાઇલ સાથે હજી સુધી કોઈએ માર્યો નથી કે મારશે નહિ.

(જામનગર) —અભય વ્યાસ

~

'કુમાર'ની જૂની ફાઈલીએ [illegible] ફેટો-બર ૧૯૬૫માં શ્રી રમેશ શા[illegible] ફાગળ મારા ધ્યાનમાં આવ્યો ને તેમા [illegible] ખાડો પૂરવાનું આકરું જ્ઞાન 'કુમાર' આપે તેમ ઇચ્છા વ્યક્ત થએલી. તે બારામાં જણાવું કે આપણા બી. એસસી. અને એવા ટેકનીશિયનો ટાઇપ શૉર્ટહૅન્ડ શીખી લે તો તેમને સારી નોકરી મળી જવાની શક્યતા અને આગળ વધવાની તકો ઘણી રહે. તદુપરાંત કોઇ સારી કંપનીમાં રહ્યા હોય તો તેને થોડા લાભે ન મૂકવી. બીજી નોકરી ન મળતી હોય તો પટાવાળાની નોકરી પણ (સુહૃદ ગાર્ડજી શરૂમાં પટાવાળાને ૨૭૦ પગાર આપે છે.) સ્વીકારી પોતાની લાયકાત દેખાડી આગળ આવવું જોઈએ. આપના વાચકોને નવાઇ લાગશે કે મુંબાઈની ઇંડિયન ટૂલ કંપનીમાં આજથી દસેક વર્ષો પર જે ૧૨૦ના પટાવાળા હતા તેને આજે જુનીઅર કલાર્ક બનાવી રૂા. ૬૫૦-૭૭૫ આપે છે. માણસ પોતાના ભાગ્યનો સર્જક છે.

(મલાડ) —વલ્લભદાસ સચદે

~

સપ્ટેમ્બર અંક: શ્રી રસેશ શાહની લઘુકથા 'પરિવર્તન'માં 'ગુરુ દ્રોણ રાતે ઉજાગરા કરીને બુક્સ રીફર કરતા નહોતા'. એ વાક્યમાં 'રીફર'ને બદલે 'રિફર' હોવું જોઇએ. 'મારી માન્યતા'માં શ્રી મીનુ દેસાઇના પરિચયમાં 'એલીગી ઑન મહાત્મા ગાંધી' એ વાક્યમાં 'એલીગી'નો ઉચ્ચાર 'એલિજી' થવો જોઇએ. પૃ. ૩૪૪ ઉપર, અંગ્રેજી નવલકથા 'GADSBY'નું પાનું છાપેલ છે, તેમાં બાવીસમી લીટીમાં 'nowadays' ને બદલે Onw-adays છપાએલું છે.

(કડી) —આર. મન્સૂરી

~

નવેમ્બર અંકમાં 'આ માસ ઇતિહાસ'માં એ પાના ઉપર એક historical inaccuracyની ચે જણાવ્યા પ્રમાણે છે: અકબરે હેમુનો વધ કર્યો નહોતો. અકબર તે વખતે ૧૪ વર્ષનો હતો. બહેરામખાને કહ્યું કે પાદશાહ પોતે વધ કરે. તલવાર પણ આપી. પણ ૧૪ વર્ષના પાદશાહે ના પાડી. પછી બહેરામખાને હેમુનો વધ બીજા પાસે કરાવ્યો. 'જલાલુદ્દીન અકબર પાદશાહ ગાઝી' આ બિરુદ એ પ્રસંગે નહિ પણ કદાચ કોઈ બીજે વખતે આપ્યું હતું. અકબર રખડવામાં મોટો થયો તેથી મૂળથી ઉદારમતવાદી હતો. તેના સિક્કામાં 'ગાઝી' નથી. બહેરામખાનની ઇસ્લામચુસ્તતા જ તેની પડતીનું કારણ હતું. બીજાં કારણો પણ હતાં.

જાન્યુઆરી અંકમાં તૈમૂરની સવારીની સાલમાં પણ ભૂલ લાગે છે.

(જૂનાગઢ) —જનકરાય છે. બુચ

[તૈમૂરે ઈ. ૧૩૯૮માં દિલ્હી પર આક્રમણ કરેલું.]



મંદિરે
ચિત્રકાર · ચંદ્રશંકર રાવળ
બ્લૉક
ચિત્રકારના સૌજન્યથી

'ગુજરાતમાં કલાનાં પગરણ'ની લેખમાળામાં જાન્યુઆરી તથા આ માસના અંકમાં જેમનો ઉલ્લેખ આવે છે તે, કલાસંઘના બે ચિત્રકાર વિદ્યાર્થીઓની કૃતિઓ – આ અને પાછળ.



શિયાળો (ચિત્રકાર: વ્રજલાલ ત્રિવેદી) (બ્લૉક: દીપક પ્રિન્ટરીના સૌજન્યથી)

વતનની બે દિવાળી-તંદ્રાઓ / ઉશનસ

• તંદ્રા (૧) શિખરિણી •

રજાઓ દિવાળી તણી પડી ય ગૈ કૈં દિવસથી—
અમારે કિંતુ રે ક્યહીં પણ જવાનું રહ્યું નથી;
ન બાના મ્હેરાળું વતન ટહુકે સાદ કરીને,
હવે કો બોલાવે અશું રહ્યું ન ક્યાં યાદ કરીને;

અને તો યે જોતાં વતન-દિશ ગાડી ઊપડતી,
પિસોટી–ને જાણે પકડી ચઢી જૈં પાછલી ગતિ:
અમે જાણે નાને મથક અમ ગામે ઊતરીએ
અને તારા-ધારે વદ રજનીમાં પાય ધરીએ.

બૂઢા જોશીકાકા નિજ શું ઘરડું ફાનસ લઈ
અરે, સામા આવ્યા ભભકતી શગે છે કની કંઇ!
પથે બન્ને બાજુ સીમ શ્વસી લીધી ભાતની ભરી,
હવામાં પોટા શી પીમળ પમરી ગૈ જરીજરી.

'અહ્યો, સૌ આવ્યા કે?' ટહુકી પરસાળેની કળિયું
દીવામાં ઓળાઇ જરી, ઠરી જતું પાછું ફળિયું.

તંદ્રા (૨)

અને ઘોરે ઊંઘે-વગર અજવાળાની–ફળિયું
જરા ટ્હૌકી; કિંતુ પથ પર નીચે ઊતરી ગયું
અમારું માટીના ઘરતણું અધીરું પગથિયું,
રહ્યું ડોકાઇને પડુંપડું થતું એક નળિયું.

જરા સંકોચાઈ શગ દગતણી છાજલી તળે,
વધુ થોડી આભા પથરાઈ લીંપ્યા આંગણ પરે,
અને જાણે ટોળું વિહગતણું સાંજે સીમચણી
ગયું બેસી ડાળે કલબલતું–વાડે–તરુતણી.

અમોને છોરાંને ક્રીડનલીનને સાદથી દૂરે
બુલાવી લે વાળુવખત જનની સાંજ અસૂરે
ઘરે દીવાટાણે નિત, ત્યમ-વીંટાઈ વળી ચૂલે
અમે બેઠાં–કેન્દ્રે જનની–સહુ અર્ધા વરતુલે.

શરૂ્યો મોડી રાતે કલબલ કરી શ્રાન્ત કુનબો,
સુહે: વચ્ચે દીવી'પરિઘ ઘટકોરેલ ગરબો.

સ્વયં / હસિત બૂચ

• શિખરિણી •

મને આપો પાછી દગ સરલ મારી, પુનઃ દો
મને મારું જૂનું સ્મિત સહજ, મારે ચરણ આ
ફરી પ્રેરો એવો લય ધબકતો જે ક્ષિતિજના
વને ઘૂમે–ઊડે ગગનભર; મારી દિશદિશા
પ્રકાશે એવું આ શ્વસન મુજ પાછું કરી દિયો.

કહ્યું–વેર્યું ક્યાંયે કશું ય નવ ઊગ્યું: જગતનો
ન સંભાર્યો જૂનો અનુભવ ઘણાંનો. મુજ પચ્યા
બધા શબ્દો જાણે જડ બધિર મોલે; ત્યહીંય ના
ટક્યા; જાણે મેં કો હરફ પણ કાઢયો નવ કદા,
અહીં એવો સૌએ ફિકર ભસમી ઠાઠ સજિયો.

મને માગ્યાનો ના મનમહીં લગીરે વસવસો;
સ્વયં જો ના કીધો અનુભવ ભલા, તો રસ કશો?

અજવાળું / જયન્ત પાઠક

• કટાવ •

પરોઢનું આ વ્હેલુંવ્હેલું
તાજુંમાજું અજવાળું:
અડખે ભાળું, પડખે ભાળું
વાંકીચૂંકી ચાલેવાળું
વીણી વીણી
બે કોટતણાં ગજવાંમાં ઘાલું
ગળા ગળણીએ ગાળું
ઓહો, ઝગમગ ઝગમગ હૈયું!
ચકચક રુધિર ભ્રમણનું પૈયું!
પાંસળીઓ તો
સાવ સુનાની વાંસળીઓ!
ફરીને આવું ઘેર–
ઠાલવું અજવાળું અજવાળું!

રહે / મૂળશંકર ત્રિવેદી 'પૂજક'

• ગઝલ •

તમારા જ ખ્યાલો ઊપસતા રહે,
ન મંઝિલ રહે કે ન રસ્તા રહે.

બલિહારી તારી તો દીવાનગી,
રડે આંખ ને હોઠ હસતા રહે.

કબરની ઉપર છે લીધું આવરણ,
ભીતરમાં મનોરથ કણસતા રહે.

તમારા નગર પર નજર પાથરી,
સતત શૂન્ય નયનો વરસતાં રહે.

તમે, હું અને ઉરનું એકાંત હો,
પછી ક્યાં જીવનમાં નીરસતા રહે?

દન દળીને / મોહન મઢીકર 'આનંદ'

• ગઝલ •

દનનાં દારુણ રણ હતાં ત્યાં
સાંજનાં શીતળ વન ઊગે છે.

તેજનાં હરણ ભાગે ન ભાગે
તરત તિમિર-તીર છૂટે છે.

સીમનો દા'ડો આંગણે ઊભો
સ્મિતને ભાણે થાક ખૂટે છે.

હ્યો, વીણી લ્યો લોચન મારાં
આભના મોગરે ફૂલ ફૂટે છે.

દન દળીને વાતમાં ફળિયું
ઢોલિયે મીઠી ઊંઘ ઘૂંટે છે.

ત્રણ હાઇકુ / સુશીલા ઝવેરી

પારાવારના
શયનગૃહે જઈ
નભ પોઢયું.

*

હરસંધ્યાએ
અગનગોળો બોલે
નીરમાં છમ્મ.

*

રજતરસે
એક માખણપિંડ
રાત્રિએ તરે.


નથી / કરસનદાસ લુહાર

તારી ઊંચાઈ કોઇ દિ' માપી શકયો નથી,
ને એટલે હું તુજમહીં વ્યાપી શકયો નથી;
મારી નજરમાં છે હજુ યે મારી મૂર્તિઓ,
તેથી તને હું ક્યાં ય પણ સ્થાપી શકયો નથી.

બારી / પન્ના નાયક

મેં તો બારી ખોલીને મૂકી વ્હેતી કે તારલા ટોળે વળ્યા,
હું તો ઝૂલતું ઝાડ થઈ ર્હેતી કે ટહુકા આવી મળ્યા.
મેં તો બારી ખોલીને મૂકી રાતે કે ચાંદની ચટકો ભરે,
મેં તો બારી ખોલીને મૂકી ગાતે કે વીજ મારે લટકે સરે.
મેં તો બારી ખોલીને મૂકી આખી કે શ્રાવણની ધાર મને ઝટકે ભરે,
મેં તો બારી ખોલીને મૂકી રાખી કે કોયલના ગીતનો કટકો તરે.
મેં તો બારી ખોલીને મૂકી રાખી કે વાયરો વાતો કરે,
મેં તો બારી ખોલીને મૂકી ઝાંખી કે ગુલમ્હોર રાતો ખરે.
મેં તો બારી ખોલીને મૂકી વ્હેતી કે મનમૃગ માન્યાં નહીં,
હું તો બારી ખોલીને મૂકી દેતી કે વંન આખાં આવ્યાં અહીં.
મેં તો બારી ખોલીને બંધ કીધી કે આભલું હેઠે પડયું,
હું તો બારી ખોલીને જાઉં સીધી કે આભલું કોને જડયું!

જેના માટે પરદેશ પર જ આધાર રાખવો પડતો એ રસા-વડે દેશમાં જ બનાવીને સ્વાવલંબ અને પુરુષાર્થ સાથે ઉજ્જવળ દૃષ્ટાંત પૂરું પાડી એક વિશાળ ઔદ્યોગિક બિ-



સરદાર પટેલની વિદ્યાર્થી અવસ્થાનો એક પ્રસંગ છે. રસ્તે ચાલતાં એમને ઠેસ વાગી. ત્યાં અને ત્યારે જ એમણે એ પથ્થર ઉખેડીને બાજુ પર ફેંકી દીધો. આગળ જતાં એક આખી સલ્તનતને ઉખેડીને ફેંકી દેવામાં એમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો.

ચાંપરાજભાઈએ પણ એવી જ રીતે બાળપણના એક પ્રસંગ પરથી પોતાના ભાવિની ઝાંખી કરાવી હતી. એક વખત એ એમના બાપુ સાથે કચ્છમાં એક ગામ જતા હતા ત્યારે રસ્તામાં એક પરિચિત જણ ઘોડા પર જતા મળ્યા. સહજ એમણે ચાંપરાજભાઈને પૂછ્યું: 'બેસવું છે? લ્યો.' ઘોડેસવારી આવડે નહિ, પણ એમણે આ તક ઝડપી લીધી. સવાર થઈને ઘોડાને જરાક ટપાર્યો. એ તો કાઠીનો ઘોડો. ઈશારો થતાં જ આંચકા સાથે પવનવેગે ઊપડ્યો અને પળવારમાં નજર બહાર થઈ ગયો. બધાના જીવ અધ્ધર થઈ ગયા, પણ થોડી વાર પછી ચાંપરાજભાઈ એને દોડાવતા પાછા લાવ્યા. 'આ તેજી ઘોડાને કેવી રીતે દોડાવ્યો?'

'એમાં શું? શરૂઆતમાં જરા ન ફાવ્યું, પણ પછી તો કળ જાણી લીધી—એને કેમ દોડાવવો, કેમ અટકાવવો, કેમ વાળવો તે. હવે એ બરાબર ચાલે છે'. આત્મશ્રદ્ધાથી રણકતો એમનો જવાબ આવ્યો.

આ હતી એમની જીવન-ફિલસૂફી. તેજી, અણકેળવ્યા તોખાર પર સવારી કરવી, અને એમને લગામમાં લાવવા.

ચાંપરાજભાઈની કોઈ પણ વાત, એમનું કોઈ પણ ચરિત્ર એમનાં માની વાત વગર અધૂરાં રહેવાનાં. એમનાં માએ એમને ત્રણ ગુણો આપ્યા: સ્વમાન, કરકસર અને કર્મયોગ–હમેશાં કામ કરતા રહેવાની કેળવણી. બે ચોપડી ભણેલી એ મા કર્મયોગ વિષે ગીતામાં તો ઘણાં વર્ષો પછી શીખી, પણ જીવનમાં તો એણે એ પહેલેથી જ ઉતાર્યો હતો. અને એમની રગેરગમાં વણાયેલો એ કર્મયોગ બાળકોમાં પણ ઊતર્યો.

એ શ્રૉફ કુટુંબે શ્રીમંતાઈ પણ જોઈ હતી, ગરીબાઈ પણ જોઈ. પણ માની એ શીખ ક્યારેય ન ભુલાઈ. 'હાથ હમેશાં ઊંચો રાખવો, નીચો નહિ.' બની શકે તો કોઈને કંઈ આપવું પણ કોઈ પાસેથી લેવું નહિ.'

માએ એ પણ શીખવ્યું હતું કે હમેશાં સાચું કરવું અને પછી કોઈથી ન ડરવું. એનું પારખું શાળામાં જ થઈ ગયું. એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલના વાઈસ પ્રિન્સિપલ દીવાનજીનો ત્યારે ભારે કડપ. વિદ્યાર્થીઓને તમાચો ખેંચી કાઢતાં વાર ન લાગે. એક વાર મૅટ્રિકના વર્ગમાં શિક્ષક નહોતા આવ્યા, ને વિદ્યાર્થીઓ અવાજ કરતા હતા. દીવાનજી રોન પર નીકળ્યા હતા. સીધા જ વર્ગમાં ગયા અને બધાને શિક્ષા કરી—એક પછી એક બધાને વારાફરતી સોટી ફટકારી. ચાંપરાજભાઈનો વારો આવ્યો ત્યારે એમણે હિંમતથી કહ્યું: 'સાહેબ, મેં તોફાન નથી કર્યું. મને શા માટે મારવો જોઇએ?' દીવાનજીને આવી રીતે મોઢા પર કહેનાર કદાચ એ પહેલો જ વિદ્યાર્થી હતો. માર્યા વગર જ એ વર્ગની બહાર નીકળી ગયા.

એવો જ પ્રસંગ એલ્ફિન્સ્ટન કૉલેજમાં બનેલો. પ્રિન્સિપલ હૅમિલનો બહુ કડપ. કૉલેજના વિદ્યાર્થીઓને પણ ફટકારે. એક દિવસ એમનો મિજાજ બરખિલાફ હશે. તે અંગ્રેજીમાં ગાળો બકતા એ વર્ગમાં આવ્યા. ચાંપરાજભાઈએ ઊભા થઇને કહી દીધું: 'સાહેબ અમને આ પસંદ નથી. આ ગાળો બોલવા માટેનું સ્થાન નથી.' (Sir, we don't like this. This is no place to absuse.) આખાયે વર્ગમાં સન્નાટો છવાઈ ગયો. હૅમિલ પોતે યે ચમકી ગયા, પણ પોતાની ભૂલ સમજી ગયા ને કશું જ કહ્યા વગર ચાલ્યા ગયા. ચાંપરાજભાઈએ જીવનમાં બધે જ ખોટાને આવી રીતે પડકાર્યું હતું. અને એ જ નીડરતાથી કેટલાં યે આહ્વાનો સ્વીકારી લીધાં હતાં—વ્યવસાયમાં અને જીવનમાં.

માએ પાએલા એ સંસ્કાર હતા. એ માની એક મહેચ્છા પણ હતી. ચાર ધામની યાત્રા કરવાની. જ્યારે પણ મોકો મળતો ત્યારે એ મહેચ્છા એ પ્રદર્શિત કરતી. કુટુમ્બના એક મિત્ર કલકત્તામાં રહેતા હતા. એમણે પુરીની જાત્રા માટે સંપૂર્ણ વ્યવસ્થા કરી અને મુંબાઈ આવ્યા ત્યારે માને જાત્રા માટે આમંત્રણ આપ્યું. ત્યારે 'એક્સેલ' તાજું જ શરૂ થયું હતું. ત્યાંના સો કર્મચારીઓનું રસોડું મા સંભાળતાં હતાં. જેમ દીકરાઓને ઘેર જમાડે તેમ જ 'એક્સેલ'ના સૌ દીકરાઓને જમાડવાની જબાબદારી એ માએ સંભાળી હતી. પોતાની મહેચ્છા પૂર્ણ થવાની તક હતી, પણ માએ કહ્યું: 'મારી જાત્રા તો અહીં જ થાય છે. આટલા બધા દીકરાઓને જમાડવાનું પુણ્ય ઓછું છે તે મારે ચાર ધામની જાત્રા કરવી પડે? હું બહાર જાઉં તો એમનું રસોડું કોણ સંભાળે?'

જેમ કર્મયોગના એમ જ લોકશાહીના પાઠ પણ આ શ્રૉફ કુટુંબને સૌને ગળથૂથીમાં જ મળ્યા હતા. પિતા ચતુર્ભુજ શ્રૉફના ઘરમાં સૌને સરખું માન મળતું: અઢી વરસના કાંતિસેનથી માંડીને વડીલ પિતા સુધી સૌને. એ ચતુર્ભુજભાઈ માંદા હતા ત્યારે એક વખત ઘરમાં રસોયો રાખ્યો. ઘરનાં છોકરાંઓને પહેલે જ દિવસે ખયાલ આવી ગયો કે હીરા મહારાજ કરતાં તો ઘરનાં અણઘડ છોકરાંઓ સારું રાંધી શકે. બધાં છોકરાંઓનું-ડેપ્યુટેશન વડીલ પાસે પહોંચ્યું અને કહ્યું કે 'મહારાજને રજા આપો, અમે હાથે રાંધી લઈશું.' પિતા હજી આનાકાની કરતા હતા ત્યાં નાના કાંતિસેનથી ન રહેવાયું: 'હાં હાં! અસીં કરી વંધાસી!'

'અસીં? કરે? કીં કરી વંધાસી?' બાપુથી ન રહેવાયું. આ અઢી વરસનો ટચુકડો શું કરવાનો હતો? હાંડલામાં પાણી ભરતાં પણ આવડવાનું હતું કે? ત્યાં તો મોટા ભાઈએ સૂચવ્યું; 'એ પાટલા માંડશે, અને થાળીઓ સાફ કરશે.' રસોયાને કાઢવાનું સૂચન સ્વીકારાઈ ગયું.

'અસીં' (અમે)નો વિચાર કરવાનું પણ માએ જ શીખવ્યું હતું. 'આઉં' (હું)નો વિચાર શ્રૉફ કુટુંબમાં ભાગ્યે જ થતો. 'અમે' એક સંગઠન છે. 'હું' નહિ. 'હું'ના કરતાં 'અમે' ઘણું વધારે, ઘણી સફળતાથી, ઘણું લાંબું જીવી શકે છે. છ ભાંડુઓમાંથી ચાર ભાઈઓ, પંદરથી આઠ

ચણો ટાંચાં સાધનસામગ્રી
અણીશુદ્ધ પ્રામાણિકતાનું
રાહરીની સ્થાપના કરનાર

ચાંપરાજભાઈ શ્રૉફ

લેખક · બાબુભાઈ કરાણી

વર્ષ સુધીના, કચ્છમાં એક જ શાળામાં ભણતા. હુતુતુની રમતમાં એક પક્ષે ચાર ભાઈઓ, અને સામે પક્ષે આખો વર્ગ! અને છતાં યે ચાર ભાઈઓ હમેશાં જીતતા!

સંગઠનના કુટુંબપ્રેમમાં જે પાઠો બાળપણમાં એ સૌ શીખ્યા હતા એ આજે પાંચ દાયકા પછી પણ એટલા જ પ્રેમથી એટલી જ લાગણીથી શ્રૉફ કુટુંબ હજી યે પાળે છે. એ કુટુંબપ્રેમ બહારનાઓનું પણ તરત જ ધ્યાન ખેંચે છે. આ ભાઈઓ કે 'એક્સેલ'નો ઉલ્લેખ કરતાં અનાયાસે જ શ્રૉફ કુટુંબ અને એની આતિથ્યભાવનાનાનો ઉલ્લેખ પણ થઈ જતો હોય છે. ચાંપરાજભાઈના મૃત્યુ વખતે આવેલા સંદેશાઓમાં આ શ્રૉફ કુટુંબની વાત લગભગ દરેક સંદેશામાં જોવા મળે છે.

ફાઈઝન્સ (ઈંગ્લૅંડ)ના પ્રમુખ લૉર્ડ નેધરથોર્પ સંદેશાની શરૂઆતમાં જ લખે છે. 'એકબીજા પ્રત્યેના અનહદ પ્રેમ અને માનથી ગૂંથાએલા એ શ્રૉફ કુટુંબનો પ્રેમ માણવાનું અને એની કાર્યપદ્ધતિ જોવાનું સદ્ભાગ્ય મને સાંપડયું છે.' એથી યે આગળ વધી લંડનની સિટી યુનિવર્સિટીના પ્રોફેસર રૉને લખ્યું છે કે, '...આજકાલ એવી એક માન્યતા ઘર કરી ગઈ છે કે આજનાં માનવીય મૂલ્યોને ધરમૂળથી કાપતી પાશ્ચાત્ય સંસ્કૃતિ દ્વારા જ ઉદ્યોગોનો વિકાસ થઈ શકે. એમણે (ચાંપરાજભાઈએ) આ હકીકતને ખોટી પુરવાર કરી છે. ભારતીય કુટુંબભાવના દ્વારા પણ ઔદ્યોગિક ઉત્ક્રાન્તિ થઈ શકે એવો જે વિચાર એમણે સફળતાથી અમલમાં મૂક્યો છે એ જ કદાચ આજની પેઢી માટેની એમની સૌથી મોટી દેણગી હોઈ શકે'.

આવા એ શ્રૉફ કુટુંબમાં ઈ. ૧૯૦૯ની ૨૩મી ફેબ્રુઆરીએ કચ્છમાં ચાંપરાજભાઈનો જન્મ થયો. સાતમી સુધીનો અભ્યાસ પણ ત્યાં જ થયો અને પછીનો મુંબાઈમાં કર્યો. એલ્ફિન્સ્ટન સ્કૂલમાંથી સંસ્કૃતમાં સૌથી વધુ માર્ક મેળવીને મૅટ્રિકમાં શિષ્યવૃત્તિઓ મેળવી. સ્કાઉટિંગ, તરવું, ઘોડેસવારી, સાઈક્લિંગ—આ બધાંનો પણ શોખ. વિદ્યાર્થીજીવન દરમ્યાન જ ચિત્રકળા અને ફ્રેટવર્ક (કાષ્ઠકોતરકામ)માં પણ ઠીકઠીક સમય ગાળતા. દિલ, દિમાગ અને હાથ એ ત્રણે પર એમને પ્રભુત્વ મેળવવું હતું. વીસએકવીસની ઉંમરે જાદુગરી અને હિપ્નૉટિસઝમ પર ઊતરી પડેલા. હુડિનીનો ઊંડો અભ્યાસ કર્યો. જાદુના પ્રયોગોનાં કેટલાંય સાધનો ભેગાં કર્યાં હતાં અને હાથચાલાકીના ખેલો એ જાદુગરની ઝડપથી કરી શકતા.

પણ એમને જાદુગર નહોતું થવું. ન તો એને હિપ્નોટિસ્ટ થવું હતું. એમના મનમાં તો બે તમન્ના ઊંડેઊંડે સુપ્ત પડેલી હતી. એક તો કોઈ પણ ચીજની ક્રિયાના મૂળમાં શું પડેલું છે તે જાણવું, અને બીજું પોતાના જ હાથ અને મન પર સંપૂર્ણતયા પ્રભુત્વ મેળવવું.

એમની કૉલેજની કારકિર્દી એટલી સુંદર હતી, કે બી.એસસી. થયા કે તુરત જ પ્રિન્સિપલ વ્હીલરે એમને માટે શિષ્યવૃત્તિની વ્યવસ્થા કરી. એમને આ હોશિયાર વિદ્યાર્થી ઈંગ્લૅન્ડ જઈ આગળ અભ્યાસ કરે એવી અદમ્ય ઇચ્છા હતી. પણ ચાંપરાજભાઈએ એનો અસ્વીકાર કર્યો. 'ભારતના સવાલો ભારતમાં જ ઊકલી શકે, ને તે પણ કૉલેજમાં નહિ, કારખાનાંઓમાં. મારું કૉલેજનું ભણતર હવે પૂરું થયું છે. હવે હું દુનિયાની વિશાળ કૉલેજમાં ભણવાનો છું,' ચાંપરાજભાઈ કઈ માટીના માણસ છે એનો કદાચ પ્રિન્સિપલને ખયાલ નહિ હોય. ઈ. ૧૯૩૦ના અરસામાં જ્યારે આખું યે વિશ્વ ભયાનક મંદીના જુવાળમાં સપડાયું હતું અને નોકરી મળવી મુશ્કેલ હતી, એ જમાનામાં માસિક પચ્ચીસ રૂપિયાના પગારે ચાંપરાજભાઈએ રસાયનના એક કારખાનામાં નોકરી સ્વીકારી લીધી. ત્યાર પછી તો એમણે બેત્રણ શેઠ બદલ્યા. બીજા વિશ્વયુદ્ધના સમય દરમ્યાન 'ઈસ્ટર્ન કેમિકલ્સ'માં ચીફ કેમિસ્ટ હતા ત્યારે અંગ્રેજ સરકારે તેમને દારૂગોળો બનાવવા માટે બોલાવ્યા. 'ઇસ્ટર્ન કેમિકલ્સ' તેમને છોડવા તૈયાર નહોતું. સરકારનો દાવો હતો કે વિશ્વયુદ્ધનું કામ તે જાહેર સેવાનું કામ હતું. ઈસ્ટર્ન કેમિકલ્સે પણ એવો દાવો આગળ કર્યો. અંગ્રેજ સરકાર ને ઈસ્ટર્ન કેમિકલ્સનો એ ઝગડો પતાવવા એક પંચ બેઠું. પણ એનો નિવેડો અચાનક ચાંપરાજભાઈએ જ આપી દીધો—પોતે સ્વતંત્ર કામ શરૂ કરવાનું નક્કી કરીને. પણ ઈસ્ટર્ન કેમિકલ્સ એમને છોડે તેમ નહોતું. અંતે એમણે છ મહિના રોકાઈને એક સારો માણસ તૈયાર કરી આપવાનું કબૂલ્યું. એ છ મહિનામાં એમનો દિવસ પરોઢના ચાર વાગ્યે શરૂ થતો. રાત્રે બારે પૂરો થતો ને વહેલી પરોઢે જોગેશ્વરી પાસેના એક તબેલામાં શરૂ કરેલી 'એક્સેલ'માં જઈ સાડા છ સુધી ત્યાં કામ કરી એ આઠ વાગ્યે વડાલામાં ઈસ્ટર્ન કેમિકલ્સમાં પહોંચી જતા.

ઈ. ૧૯૪૧માં એક્સેલ શરૂ થયું ત્યારે એની મૂડી રૂ. ૧૦,૦૦૦ની હતી. (રૂ. ૨૫૦૦ ચાંપરાજભાઈના અને ૮૫૦૦ મિત્રોના). ઈ. ૧૯૪૮–૪૯ના અરસામાં એક્સેલ આખુંયે ચાંપરાજભાઈએ ખરીદી લીધું હતું અને છ કર્મચારીઓ હતા. આજે ત્રણ દાયકા પછી એની અસ્કયામતો અઢી કરોડની છે, કર્મચારીઓની સંખ્યા બે હજાર છે, વાર્ષિક વેચાણ ચાર કરોડથી વધુનું છે. પગાર અને ભથ્થાંરૂપે વર્ષે રૂ. ૬૦ લાખ અપાય છે. ભારતમાં તેની ત્રણ શાખાઓ છે—બે મુંબાઇમાં અને એક ભાવનગરમાં. થોડાં વર્ષો લંડનમાં પણ એક શાખા ચાલુ કરી હતી. પરન્તુ આ આંકડા બહુ અગત્યના નથી. એ આંકડાની પાછળના ખમીરનું–એ આંકડાઓને બનાવનાર વ્યક્તિનું મહત્ત્વ છે.

એમનું સ્વપ્નું હતું રસાયણો બનાવીને ભારતને એ ક્ષેત્રમાં સ્વાવલંબી બનાવવાનું. આ એક ભવ્ય સ્વપ્ન હતું, પણ એની સિદ્ધિ હજી દૂર હતી અને તે હાંસલ કરવા એવો જ કપરો પુરુષાર્થ જરૂરી હતો. ચાંપરાજભાઈએ એ પુરુષાર્થ પણ કર્યો. મુંબાઈની પ્રિન્સેસ સ્ટ્રીટના એક નાના ઘરમાં જે ઓરડામાં રસોડું ચાલતું ત્યાં રાત્રે નવ પછી મોડે સુધી પ્રયોગશાળા ચાલતી. રસોડાની એ પ્રયોગશાળામાં ઘણા નવતર પ્રયોગો થયા, ઘણી શોધો થઈ. એ જમાનામાં વિદ્યુતરાસાયણિક (ઈલેક્ટ્રોલિટિક) પ્રક્રિયાથી શુદ્ધ ચાંદી બનાવનારા બહુ ઓછા હતા, અને એમાં ખર્ચ પણ ઘણો થતો. ચાંપરાજભાઈએ ઘરના રસોડામાં જ એક નાની રિફાઈનરી બનાવી. ડી. સી. કરન્ટ માટે મોટરની બૅટરી લાવ્યા અને રસાયણ તરીકે નાઇટ્રિક ઍસિડનો ઉપયોગ કર્યો. ઘણા યે વેપારી મિત્રોએ આ શોધનો લાભ લીધો. કોઈએ પૈસા આપ્યા, કોઈએ ન પણ આપ્યા. ચાંપરાજભાઈને એની ફિકર નહોતી. લોકોપયોગ માટે એ શોધ થઈ હતી, લોકો જ એનો ઉપયોગ કરે, એથી રૂડું બીજું કયું વળતર હોઈ શકે?

જે ખેલદિલી પ્રિન્સેસ સ્ટ્રીટની ઓરડીમાં હતી, એ જ ખેલદિલી આગળ જતાં એમણે મુંબાઈની એમની 'એક્સેલ ઈન્ડસ્ટ્રીઝ'માં પણ દાખવી અને ઈંગ્લૅન્ડમાં કારખાનું ખોલ્યું ત્યારે ત્યાં પણ ચાંપરાજભાઈએ પોતાની હયાતીમાં રસાયણો બનાવવાની નવી નવી સંખ્યાબંધ રીતો શોધી, પણ એમાંની એકેનું એમણે પેટન્ટ ન લીધું. પોતાની બધી

જીવન ફૂટબૉલની રમત જેવું છે. નજર સામે જ ગોલ દેખાતો હોય, ત્યાં પહોંચવાને મોકળું-મેદાન હોય, પણ નવ તગડા જવાનો તમારો માર્ગ રોકી ઊભા હોય. એ દુશ્મન નથી, પણ પ્રતિસ્પર્ધીઓ છે. એમનું કામ તમને રોકવાનું છે અને તમારું કામ ધ્યેય પર પહોંચવાનું. પ્રતિસ્પર્ધી જેમ વધુ મજબૂત, રસ્તો જેમ વધુ દુષ્કર તેમ તેમાં આનંદ પણ વધુ. ચાંપરાજભાઇની આ એક ફિલસૂફી હતી.

શોધોનું રહસ્ય એમણે સૌને માટે ખુલ્લું રાખ્યું.

એમનો સૌથી મોટો આનંદ હતો સર્જનનો. કોઈ નાના મિત્ર વેપારીઓ માટે એમણે પેઈન બામ, સ્નો, વેનિશિંગ ક્રીમ, માથાનાં તેલ, પાઉડર વગેરે પણ બનાવી આપ્યાં. તો બીજી બાજુ ચાંદી ગાળવાના એસેટિક એન્હાઈડ્રાઈડ, કપૂર વગેરે જેવાં બનાવવામાં અઘરાં રસાયણો પણ એમણે એમની રસોડાની પ્રયોગશાળામાં તૈયાર કરેલાં. 'એક્સેલ' ચાલુ કર્યા પછી યે નાના નાના પ્રયોગો ચાલતા જ રહેતા. એ જમાનામાં ભારતમાં સુંદર રમકડાં પરદેશથી આવતાં. ચાંપરાજભાઇએ 'કુમાર કેમિકલ્સ' નામે પોતાના બીજા કારખાનામાં રમકડાં બનાવવા માંડયાં, એ બતાવવા કે ભારતમાં પણ સુંદર રમકડાં બની શકે છે. આ જ રીતે થોડાં વર્ષો ફટાકડા પણ બનાવ્યા હતા ને આમ જ ઈ. ૧૯૪૨–૪૩ની લડતમાં ભૂગર્ભવાસીઓને હાથબૉમ્બ પણ પૂરા પાડયા હતા! ભેંસના તબેલામાં શરૂ કરેલા 'એક્સેલ'માં એ સહેલું તો નહોતું જ, પણ ચાંપરાજભાઈની નજર તો યુરોપના વૈજ્ઞાનિક નોબેલના જીવનપ્રસંગો પર હતી. કેટકેટલાં જોખમોમાંથી એ પસાર થએલો, કેટકેટલી હોનારતો એના કારખાનામાં થએલી. પણ એ એનાથી જરા યે ડર્યો કે ડગ્યો નહોતો.

ભલેને રસાયણ ખૂબ જ જોખમી હોય, એને બનાવવાની પ્રક્રિયા ભલેને ગમે તેટલી દુષ્કર હોય, ભારતમાં ભલે એ રસાયણ કદી ન બન્યાં હોય, તો શું થયું? ચાંપરાજભાઈને તો ટાંચાં સાધનો વડે એ મોટા પ્રયોગો કરવામાં અનેરો આનંદ આવતો.

એક વાર એથીલ એસિટેટનો એક મોટો ઑર્ડર એક્સેલને મળ્યો. ધડાકા સાથે સળગી ઊઠે એવો એ પદાર્થ. એક્સેલ પાસે ત્યારે ન તો બૉઈલર હતું કે ન કોલસાની ભઠ્ઠી. માણસો પણ નવા જ હતા. ખૂબ જ હિંમત અને ધીરજથી કામ કરવાનું હતું. એના પ્રયોગો દરમ્યાન અનેક વાર તો આગ લાગી હતી. પણ સમયસૂચકતાને લીધે મોટી હોનારતોમાંથી બચી ગયા હતા. આમાં અજ્ઞાનતા કે અનુભવનો અભાવ ન હતો, હતું ફક્ત ગણતરીભર્યું જોખમ. અને ભંગારમાંથી લાવેલા બાથટબોનો એમણે ઉપયોગ કર્યો. સ્ટીમરની પ્રેશર-ટેન્ક બૉઇલર તરીકે વાપરી. લાકડાના ટબને સિમેન્ટમાં બોળી દુષ્કર રાસાયણિક પ્રતિક્રિયાઓ માટે વાપર્યાં, અને—અને કામ પાર પાડયું.

એ જમાનામાં જ્યારે ફિલ્મ ઉદ્યોગ પોતાની નકામી ફિલ્મો નાશ કરવા પણ પૈસા આપતો, ત્યારે બેધડક એ કેટલાયે ટનના હિસાબે તેઓ એવી ફિલ્મ પટ્ટીઓ ખરીદી લેતા અને એમાંથી ચાંદી તારવી લઈને બાકીની ફિલ્મ ગાળીને એમાંથી બંગડી બનાવવાનો એક મોટો ઉદ્યોગ એમણે વિકસાવ્યો. આજે સેંકડો લોકો એમાંથી રોજી મેળવે છે.

એવો જ બીજો ઉદ્યોગ એમણે વિકસાવ્યો પ્લાસ્ટિકની ચપતરીઓનો. પશ્ચિમ જર્મનીના એક રાસાયણિક કારખાનામાં એમણે ફૉસ્ફરસ પ્લાન્ટ જોવાની ઇચ્છા વ્યક્ત કરી. જર્મનો પોતાની ફૉસ્ફરસ ટ્રાયક્લોરાઈડ બનાવવાની યુક્તિઓ આ પરદેશીને બતાવવા નહોતા ઇચ્છતા. એ લોકોએ એને બદલે પ્લાસ્ટિક વિભાગ બતાવવા ઇચ્છા વ્યક્ત કરી. ચાંપરાજભાઈ તો તૈયાર જ હતા. પોલાદથી યે મજબૂત એવું એક પ્લાસ્ટિક ચાંપરાજભાઈને ત્યાં જોવા મળ્યું. ભારત પાછા ફરી એમણે એનો એક નવતર ઉપયોગ શોધી કાઢ્યો–એની લાંબી, સાંકડી પટ્ટી નેતરને બદલે ફર્નિચરમાં વાપરવામાં. સિંગાપુરથી આયાત થતા મોંઘા નેતરને બદલે આજે તો લગભગ બધે જ ફર્નિચરમાં પ્લાસ્ટિક વપરાય છે. એ શરૂ કરવાનો જશ ચાંપરાજભાઈને છે.

એમના એક મિત્રે સરકારી લિલામમાંથી ૧૫૦૦૦ કિલો આયોડિન ખરીદ્યું હતું, પણ ખૂબ જ બિસ્માર હાલતમાં હતું. એના બાટલાઓ તૂટી ગયા હતા અને પતરાનું ગોડાઉન આખું યે ખવાઈ ગયું હતું. ઉનાળાના દિવસો હતા, અને ગોડાઉન આખું આયોડિનની વાસથી ભરાઇ ગએલું હોઈ એમાં પ્રવેશવું પણ મુશ્કેલ હતું. મિત્રને લાગ્યું કે એના પૈસા પાણીમાં ગયા, પણ ચાંપરાજભાઈએ એ આહ્વાન સ્વીકારી લીધું. મોડી રાતથી વહેલી સવારનો ઠંડકભર્યો સમય એમણે એ ગોડાઉન ખાલી કરવા માટે નક્કી કર્યો. ગોડાઉનના દરવાજા ખુલ્લા રખાવ્યા. આયોડિનની ગૂંગળાવતી બાષ્પથી બચવા માણસોનાં મોં પર ગૅસ માસ્કથી યે વધુ અસરકારક ભીના ટુવાલ બાંધી અંદરથી આયોડિન બહાર કઢાવ્યું. દર ફેરે ટુવાલ તાજા પાણીથી ધોઈ નાખવામાં આવતા. આખું યે ગોડાઉન સાફ થઈ ગયું. આયોડિન બહાર કાઢનારની તબિયત પરની માઠી અસર ધોઈ નાખવા એમને દૂધ અને કેળાં આપ્યાં.

બાંધકામની ચીજોની મજબૂતી વિષે પણ એમને ઊંડી સમજ. એટલે જ પારા અને ક્લોરિનની પ્રતિક્રિયા ૨"×૧૪" લાંબી કાચની નળીમાં કરવાની હિંમત કરીને સફળતાથી કરોડોનો માલ એમાંથી બનાવ્યો. આપણા હવાઈ દળને ટિટેનીઅમ ટેટ્રાક્લોરાઈડ સ્મોકસ્ક્રીનની જરૂર પડી, ત્યારે પણ ફક્ત ચાર ઈંચની સિલિકા પાઈપ અને નવ ઈંચની ચીની માટીની ગટર પાઈપ વાપરી એમણે એમની જરૂરિયાત પૂરી પાડી હતી.

લિવર એબ્સર્સને ફેરિક ક્લોરાઈડની જરૂર. દુનિયામાં જર્મની સિવાય એ ક્યાંય બહુ સફળતાથી બનતું નહિ. ત્યાં પણ એનાં મોટાં મસ કારખાનાં ને એમાં કંઈ કેટલીયે જાતનાં યંત્રો વપરાતાં. પણ ચાંપરાજભાઈએ સાદી પાઈપ દ્વારા આ બહુ દુષ્કર પ્રતિક્રિયા સફળતાથી કરી આપી.

ફરી ફરીને એમણે સાબિત કર્યું કે યંત્ર નહિ, યંત્રનો ચલાવનાર માણસ જ—માનવ મગજ જ અગત્યનાં છે. જ્યાં યંત્રોએ માનવને વધારાનો ફાલતુ બનાવી દીધો છે, એવા આ યુગમાં માનવની ઉપયોગિતા, જરૂરિયાત ને અગત્ય ફરી પ્રતિષ્ઠિત કરનાર તરીકે એમને નહિ ભૂલી શકાય.

જીવનની એક બહુ સુંદર સાદી સરખામણી એમણે કરેલી–ફૂટબૉલની રમત સાથે. -નજર સામે ગોલ બહુ જ ચોખ્ખો દેખાતો હોય, ત્યાં પહોંચવાને મોકળું મેદાન પણ હોય, પણ નવ તગડા જવાનો તમારો રસ્તો રોકીને ઊભા હોય છે. એ તમારા દુશ્મનો નથી, પણ પ્રતિસ્પર્ધીઓ છે. એમનું કામ તમને રોકવાનું છે. અને તમારું કામ એ મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢી ધ્યેય પર પહોંચવાનું છે. પ્રતિસ્પર્ધીઓ જેમ વધુ મજબૂત, રસ્તો જેમ વધુ દુષ્કર, તેમ તેમાં આનંદ પણ વધુ.

તકલીફો અને મુશ્કેલીઓ તો જાણે એમના શ્વાસ અને પ્રાણ હતા. કોઈ પણ મિત્ર-વેપારી–ઉદ્યોગપતિ જ્યારે પણ મુશ્કેલીમાં એમની પાસે દોડી આવે ત્યારે બીજું બધું કામ છોડીને સૌપ્રથમ તો એના સવાલનો ઉકેલ લાવવામાં એ લાગી જતા. પછી એ હેર ઑઈલ કે પેઈન બામ બનાવવાનો નાનો સવાલ હોય, કે લાખો રૂપિયામાં અટકાતો કોઇ અગત્યના રસાયણનો સવાલ હોય.

આઈ. સી. આઈ. (ઇન્ડિયા)ને વાજબી કિંમતે મળતો વધુ ફૉસ્ફોરિક ઍસિડ જોઇતો હતો. આ જરૂરિયાત એમણે ચાંપરાજભાઇ પાસે

રજૂ કરી. ઝેરી વાસ ઉત્પન્ન કરતી અને વાતાવરણને દૂષિત બનાવી દેતી એની પ્રક્રિયા ખૂબ જ જોખમી છે. ચાંપરાજભાઈએ બજારમાં મળતો લાલ ફૉસ્ફરસ ખરીદી તુરત જ એના પર પ્રયોગો આરંભ્યા. પ્રયોગશાળાની ઢબે જ પ્રાણવાયુની મદદથી લાલ ફૉસ્ફરસનું ઑક્સિડેશન કર્યું, અને તેમાંથી જોઇતી શુદ્ધતાનો ફૉસ્ફોરિક ઍસિડ બનાવ્યો. થોડા જ દિવસોમાં વેપારી ધોરણે વધુ જથ્થામાં ઍસિડ બનાવવા માટેનો એક નાનો પ્લાન્ટ તૈયાર થયો અને આઈ. સી. આઈ. ને જોઈતો ઍસિડ મળવાનું શરૂ થઈ ગયું. આઇ. સી. આઈ. છક થઈ ગયું!

એ જ આઈ. સી. આઈ.ને પોતાનાં થોડાં ઑર્ગેનિક પારાનાં અમુક દ્રાવણો ભારતમાં બનાવવાં હતાં. એમના પોતાના જ કલકત્તાના કારખાનાએ આ માટે તૈયાર કરેલું બજેટ ખૂબ જ મોટું હતું. ફરી પાછો સવાલ ચાંપરાજભાઈ પાસે આવ્યો. એમણે તરત જ આહ્વાન સ્વીકારી લીધું. સલામતરીતે દ્રાવણો બનાવી શકે એવાં અટપટાં યંત્રો બનાવવાનો તો સમય જ નહોતો. સાદી યંત્રસામગ્રીથી જ ચાંપરાજભાઈએ પોતે જ પારાનાં દ્રાવણો બનાવવાનું શરૂ કર્યું અને થોડા જ માસમાં આઈ. સી. આઈ.ને જોઈતાં બધાં જ દ્રાવણો તૈયાર થઈ ગયાં.

બેયર પોતાની કેટલીક ઔદ્યોગિક પારાની બનાવટો ભારતમાં તૈયાર કરવા ઇચ્છતું હતું. એક્સેલની કાર્યપદ્ધતિમાં તેને પૂરો વિશ્વાસ. વધુ વાટાઘાટો માટે કાન્તિસેન જર્મની ગયા. ત્યાં ટેકનિકલ બાબતો વિષે તો તુરત જ સહમતી સંધાઈ, પણ ત્યાંના કાયદા નિષ્ણાતોએ આ યોજનાને પરવાનગી આપતાં મહિનાઓ કાઢ્યા, અહીં ચાંપરાજભાઇએ પોતાની જ પ્રયોગશાળામાં પ્રયોગો દ્વારા બધી પ્રક્રિયાઓ પૂરી કરી એ વિષેની સંપૂર્ણ વિગતો ભેગી કરી. ઓચિંતું જ ૧૯૬૨ના ફેબ્રુઆરીમાં બેયર (મુંબાઇ)ના મૅનેજર દોડતા આવ્યા. એમનાં પારાનાં રસાયણોનો પુરવઠો સમયસર નહોતો આવ્યો. એમને થોડા પ્રમાણમાં એ દ્રાવણોની તાત્કાલિક જરૂર હતી. એક્સેલે આખી યે મોસમનો સંપૂર્ણ પુરવઠો એની સમયમર્યાદામાં પહોંચાડી આપ્યો. બેયરના મૅનેજરને મન તો એ એક ચમત્કાર જ હતો. ચાંપરાજભાઇનો એ લગભગ ભક્ત બની ગયો.

મુંબાઈમાં ટ્રૉમ્બે ખાતે સ્ટૅનવૅક રીફાઈનરી હજુ તાજી જ શરૂ થએલી. કોઈ કારણસર એને ગંધકના વધુ પ્રમાણવાળું ક્રૂડ ઑઈલ ખરીદવું પડ્યું. એ ક્રૂડના ગંધકને સાફ કરવામાં વપરાતું રસાયણ લગભગ ખૂટવા આવ્યું ત્યારે અધિકારીઓને એનો ખયાલ આવ્યો. ખૂબ જ મોડું થઈ ગયું હતું. રસાયણની જરૂરિયાત દિવસના ફક્ત સો રતલની જ હતી. પરંતુ ભારતમાં એ ક્યાંય બનતું નહોતું. ફક્ત ચાર જ દિવસમાં ભારત સરકાર આયાત કરવાનો પરવાનો આપે એવી શક્યતા નહોતી. રીફાઈનરી બંધ કરવી પડે એવો સમય આવી પડ્યો હતો.

આવી કટોકટીમાં તરણોપાય શોધવા તૈયાર થએલા એના મૅનેજરે ચાંપરાજભાઈ પાસે આ મુશ્કેલી રજૂ કરવા એના એન્જિનીઅરોને પરવાનગી આપી. ભારતમાં કોઇએ ક્યારે ય પણ ન બનાવેલા એ રસાયણનો પ્રથમ જથ્થો એક્સેલે જ્યારે બરાબર ચાર દિવસમાં જ પહોંચતો કર્યો ત્યારે રીફાયનરીનો એ પરદેશી મૅનેજર દિંગમૂઢ થઈ ગયો. પરંતુ એથી યે મોટું કૌતુક તો હજી બાકી હતું. રીફાઈનરીની ગરજ જોઈ એક્સેલ ધાર્યા પૈસા માગી શક્યું હોત. રીફાઈનરીના મૅનેજરે પણ સામેથી દસ ગણા દામ આપવાની તૈયારી બતાવેલી. પરંતુ ચાંપરાજભાઇએ રસાયણની આયાત કિંમતથી એક પૈસો વધારે લેવાની ના પાડી. એમનો જવાબ હતો: 'ભારતના નિષ્ણાતો વિષે જરા પણ ઊતરતો અભિપ્રાય પરદેશીઓના મનમાં બંધાય એવું એક્સેલ નથી ઇચ્છતું.'

ઘણી વાર એમની આવી વાતો ઘણાને અવ્યાવહારિક કે ધંધાને માટે નુકસાનકારક લાગતી, પણ એમને પોતાને ક્યારે ય એવું નહોતું લાગ્યું. પોતે તો મક્કમ રીતે માનતા કે 'ઉદ્યોગ ફક્ત નફા ઉપર જ નથી જીવતો. એને નફાથી યે વધુ જરૂર તો શુભેચ્છાની છે.'

એમને માટે કોઈ પણ નવી માહિતી—નવા વિચારો મેળવવાનું મુખ્ય સાધન પુસ્તકો હતાં. અને સામાન્યત: નવા વિચારનો જન્મ અને એના વ્યાપારિક ધોરણે ઉત્પાદન વચ્ચેનો ગાળો ત્રણ મહિનાનો રહેતો. આ ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં એ પુસ્તકોનો અભ્યાસ કરતા, પ્રયોગશાળાના અને યોજનાના પ્રારંભિક પ્રયોગો કરતા, નાના પાયા પરના વ્યાપારિક પ્લાન્ટનો મુસદ્દો ઘડતા, એને ઊભો કરતા, અને એ પ્લાન્ટમાં ઉત્પાદન ચાલુ કરતા;—જ્યારે વૈજ્ઞાનિક દૃષ્ટિએ આગળ વધેલા દેશોમાં પણ આ બધું પાર પાડતાં ઘણો લાંબો સમય વીતી જતો હોય છે.

ભારતમાં કપૂર બનાવવાનું સ્વપ્ન છેક ૧૯૩૫-'૩૬ની સાલથી એ સેવતા હતા. ફિલ્મ વેઈસ્ટમાંથી ચાંદી કાઢ્યા પછી એમાંનું કપૂર કાઢવાના એમણે પ્રયત્નો કરેલા. પણ પછી એમાંથી બંગડી બનાવવાનો વધુ સારો ઉપયોગ શોધ્યો. ફરી ઈ. ૧૯૫૭-'૫૮માં ચશ્માંનાં કારખાનાં નીકળ્યાં ત્યારે એમાંથી નીકળતા સેલ્યુલૉઈડના કચરામાંથી ખૂબ જ સાદી પ્રક્રિયા અને સાદા પ્લાન્ટ દ્વારા એમણે કપૂર છૂટું પાડવાનું શરૂ કરેલું. પણ એનાથી યે એમને સંતોષ નહોતો થયો.

એ જ અરસામાં એક મિત્ર કેમ્ફિન નામનું રસાયણ આયાત કરવા માગતા હતા. તેમાંથી ચાર પ્રક્રિયા પછી કપૂર બને. કપૂર અને મેન્થૉલ બને તેવાં ઝાડ તો ભારતમાં પુષ્કળ થાય છે. પણ ખૂબ જ દબાણ અને ઊંચું ઉષ્ણતામાન જીરવી શકે એવાં સાધનોના અભાવે જ આપણા દેશમાં કપૂર નહોતું બનતું. ચાંપરાજભાઈએ એ આખી પ્રક્રિયાના મૂળભૂત સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો. આટલું દબાણ શા માટે? આટલું ઉષ્ણતામાન શા માટે? આ પ્રશ્નોમાંથી એક નવી જ પ્રક્રિયાનો જન્મ થયો—

લઘુકથા

પોસ્ટકાર્ડ

સુકન્યા ઝવેરી

'તમે મને પોસ્ટકાર્ડ કેમ લખો છો? મને બહુ શરમ આવે છે.'

'એમાં શરમાવાનું શું? ક્યાં બીજી સ્ત્રીને લખ્યું છે? પોતાની જ પત્નીને તો લખ્યું'તું.'

'રાનીનો પતિ એને પત્ર લખે છે તો કેટલું સુંદર પરબીડિયું, કેવો સુંદર રંગીન કાગળ, અને પાછો અત્તર લગાડેલો. લીલી શાહીથી કેવો સુંદર લખ્યો હતો! એણે મને બતાડ્યો'તો'.

'તેથી શો ફેર પડે? રંગીન પરબીડિયામાં પત્ર મોકલવાથી શું વહાલ વધી જાય? પોસ્ટકાર્ડમાં પણ સાંકેતિક ભાષામાં મેં કેટલું બધું લખ્યું હતું! વખતે તને સમજાયું નહિ હોય! ફરી વાંચ જોઈએ...'

મધરાતે ઘરમાં પતિપત્ની વચ્ચે વાતચીત થઈ રહી હતી. જુવાન પત્નીએ ટ્રંકમાંથી પોસ્ટકાર્ડ કાઢી વાંચવા માંડ્યું.

'પ્રિયે, તને લાગતું હશે, તને મૂકી હું ખૂબ દૂર ચાલ્યો ગયો છું. દુમકા આપણા ગામથી દૂર ઘણું છે, પણ સાચું કહું તો હું તારી પાસે જ છું. તું બરાબર શોધજે. નોકરી શોધવા પરદેશ જવું યે પડે. શું કરીએ? અહીં પણ હજી નોકરીનું બરાબર જામ્યું નથી. નોકરી નહિ પણ મળે તો યે તારે માટે સૂપડું અને ટોપલી તો લેતો જ આવીશ. અહીં એ વસ્તુ ખૂબ સરસ બને છે. ખૂબ ખૂબ વહાલ. ઇતિ.'

'સૂપડું અને ટોપલી ગમ્યાં?' 'હા.'

ખરી વાત એ કહી શક્યો નહિ. ગાડીભાડું, બસભાડું, હોટેલમાં જમવાનો ખર્ચ, સૂપડું-ટોપલીના દામ દીધા પછી તેની પાસે પરબીડિયું ખરીદવાના પૈસા જ ક્યાં રહ્યા હતા? પોસ્ટકાર્ડ લીધા પછી તો બીડી લેવાનાં યે સાંસાં હતાં. ('બનફૂલ'ની વાર્તા ઉપરથી)

જરા મોંઘી, પણ તદ્દન સાદાં અને સલામત દ્રાવણોથી કપૂર બનાવવાની.

શરૂઆતમાં ઠીકઠીક પ્રમાણમાં કપૂર બનાવ્યું. પણ પછીથી એક બીજા ઉદ્યોગપતિ ખૂબ જ મોટા પાયા પર કારખાનું ખોલવા તૈયાર થતાં એક્સેલે પોતાની ટેવ મુજબ બીજે નજર દોડાવી. ચાંપરાજભાઈ ને તો એવી આશા હતી કે એ મોટું કારખાનું લોકોને વધુ સસ્તો માલ પૂરો પાડી શકશે. પણ એમનું એ સ્વપ્ન તો હજી કોઈએ પાર નથી પાડયું; કારણ ઈથાઈલ એસીટેટ કે હાઇડ્રોસલ્ફાઈડ ઑવ સોડા કે કપૂર–આ મોટાં કારખાનાંઓએ સસ્તી પ્રક્રિયાનો ઉપયોગ પોતાનું નફાનું ધોરણ વધારવામાં જ કર્યો છે, સામાન્ય જનતાને સસ્તો માલ પૂરો પાડવામાં નહિ. આ જ રીતે એક્સેલમાં મેન્થૉલ બનાવવાનું વિચાર્યું હતું. એક મિત્રે મદદ માગી અને ખેલદિલીથી તેમણે એને મેન્થૉલ બનાવવા અંગે યોગ્ય સલાહ સૂચન આપ્યાં. પણ લોકોને હજી મેન્થૉલ સસ્તું મળતું નથી.

સમાજને ઉપયોગી થાય તેવાં સંશોધનોમાં તેમને ખૂબ રસ. આપણે ત્યાં ગોડાઉનોમાં ૧૦ ટકા અનાજ જીવાત ખાઈ જાય છે. અનાજનું જીવાતથી રક્ષણ કરવામાં સૌથી વધુ અસરકારક રસાયણ ઍલ્યુમિનીઅમ ફૉસ્ફાઈડ. દુનિયામાં ફક્ત પશ્ચિમ જર્મનીમાં એક જ કારખાનું એ બનાવે. એ માટે જર્મનોમાં ભારે ખુમારી. ઈ. ૧૯૬૭માં વૈજ્ઞાનિકોની એક અગત્યની સભામાં ચાંપરાજભાઈ ગએલા. ત્યાં આ જર્મન કંપનીના એક પ્રતિનિધિ પણ હાજર હતા. 'ભારતમાં પણ આ રસાયણ બને તો કેવું સરસ?' એવું વેણ સાંભળીને પેલા પ્રતિનિધિ હસ્યા : અદ્યતન સાધનોવાળા પશ્ચિમના બીજા દેશોથી પણ એ નથી બનાવી શકાતું તો તમે શી રીતે બનાવવાના છો? ભારતમાં ન થઈ શકે એ વાત સ્વદેશાભિમાની ચાંપરાજભાઈને ખૂંચી. એમને એ મેણું ભાંગવું હતું.

એલ્યુમિનિયમ ફૉસ્ફાઈડ ને બીજાં રસાયણોનું સંયોજન કરી ટીકડીઓના રૂપમાં સેલ્ફોસ બનાવવામાં આવે છે. આ સેલ્ફોસની જીવાણુનાશક શક્તિ એટલી છે કે ત્રણ ગ્રામની બે ટીકડીઓથી–એટલે કે છ ગ્રામના રસાયણથી એક ટન અનાજને જીવાણુમુક્ત કરી શકાય. એનો એક બીજો પણ ગુણ છે. ત્રણથી છ દિવસમાં એમાંનાં જંતુનાશક તત્ત્વો જીવાણુઓ ને એનાં ઇંડાંઓનો પણ નાશ કરીને વાયુરૂપે ઊડી જાય છે!

પણ અનાજને જીવાણુમુક્ત બનાવવામાં એ જેટલું અસરકારક અને ત્વરિત છે, એટલું જ બનાવવામાં ખતરનાક, ને ઝેરી પણ એટલું જ. મૂળ રસાયણ પાઉડરના રૂપમાં બને છે. અને જો તરત જ એને વધુ સ્થિત—સ્ટેબિલાઈઝ—કરવા બીજાં રસાયણો સાથે મેળવવામાં ન આવે તો ધડાકા સાથે ઊડે છે. આવી જોખમી પ્રક્રિયા વિષેની કોઈ વિગતો ભારતમાં ઉપલબ્ધ નહોતી અને એ જ પ્રક્રિયાને ખૂબ જ સાદી બનાવવી એ તો એથી યે વધુ મુશ્કેલ હતું. ઉપરાંત ભારતમાં સામાન્ય ખેડૂતને પોસાય એવી કિંમતે એ બનાવવાનું હતું.

ચાંપરાજભાઈએ આ બધું જ કર્યું—ફક્ત ત્રણ જ મહિનાના ગાળામાં. રાતદિવસ એક્સેલની પ્રયોગશાળામાં અવિરત આના જ પ્રયોગ ચાલ્યા. સર્વ પ્રથમ નમૂના સરકારી પ્રયોગશાળામાં ચકાસણી માટે મોકલાવ્યા. પરિણામ સંતોષકારક આવ્યું,—સાથેસાથે સરકારનો પ્રાયોગિક ઑર્ડર પણ–એની આયાત કિમ્મત એક કિલોના નેવું રૂપિયાની હતી. સરકારે જણાવ્યું કે ૧૧૦ રૂપિયાનો ભાવ હશે ત્યાં સુધી વાંધો નથી. ચાંપરાજભાઈએ કબૂલ કરે ? એમને તો એક બીજું પણ મેણું ભાંગવું હતું. આપણા જ ઉદ્યોગપતિઓ આપણા જ દેશબાંધવોના હિસાબે ને જોખમે નફો કરે છે તે. એમણે ભાવ ભર્યો રૂ. ૫૦નો. સરકારી અમલદારો અચરજમાં પડી ગયા. 'આટલું બધું ઓછું?' ચાંપરાજભાઈનો જવાબ હતો : મારા જ ભાઈઓ પાસેથી વધારે પૈસા લઈને શું કરું? એ કરતાં મારા દેશમાં વિજ્ઞાનની શાન ન વધારું? આ સંશોધન માટે એક્સેલને ૧૯૭૦નું 'એક્સપોર્ટ સબ્સ્ટિટયૂશન'નું સુવર્ણશિલ્ડ મળ્યું હતું. આ રસાયણને કારણે આજે આપણું લાખો ટન અનાજ જીવાતથી મુક્ત રહી શક્યું છે. સરકારી ગોદામોમાં બધે જ આ ટીકડીઓ વપરાય છે.

ભારત સરકારે ઈ. ૧૯૫૨–૫૩માં પારાના ક્ષારોની નિકાસ બંધ કરી, ત્યારે ઈંગ્લૅન્ડમાં એની ઘણી માગ હતી. ચાંપરાજભાઈએ ઈ. ૧૯૫૬માં ઇંગ્લૅન્ડમાં જ પારાનાં દ્રાવણો બનાવવાનું કારખાનું ખોલ્યું. ફક્ત બે માસમાં શોધેલી મર્ક્યુરિક ક્લોરાઈડ બનાવવાની એમની પદ્ધતિ દુનિયાભરમાં કદાચ સાદામાં સાદી હતી. જે સાદાં સાધનોથી એ આ દ્રાવણો અહીં બનાવતા હતા એ જ સાધનોનો ઉપયોગ એમણે ત્યાં પણ કર્યો. શરૂઆતમાં તો ત્યાંના મોટા, સાધનસંપન્ન ઉત્પાદકોએ ચાંપરાજભાઈ અને તેમની સસ્તી સામગ્રીને હસી કાઢી, પણ જ્યારે ત્યાંની બજારમાં એવી જ ગુણવત્તાનાં એક્સેલનાં દ્રાવણો ઘણા ઓછા ભાવે વેચાવા લાગ્યાં, ત્યારે તેઓને ચાંપરાજભાઈની નોંધ લેવી પડી.

અને આ મગતરાને મસળી નાખવા એ ઉદ્યોગોએ કમર કસી. આર્થિક રીતે આ હરીફની કમ્મર ભાંગવા બે વખત નુકસાન વેઠીને પણ એમણે પોતાના ભાવમાં ધરખમ ઘટાડો કર્યો. ચાંપરાજભાઈએ પણ ભાવ ઘટાડ્યો. એ તો કંઈ ખાસ નફો કરવા ગયા નહોતા. એમને તો ફક્ત પરદેશીઓ સમક્ષ સાબિત કરવું હતું કે ભારતીઓ પણ દુષ્કર દ્રાવણો બનાવી શકે છે. આખરે માંધાતાઓએ હાર સ્વીકારી લીધી. ચાંપરાજભાઇની સાદી સસ્તી, પણ કાર્યક્ષમ રીત જોવા તેઓ આવ્યા અને જીતાઈ ગયા. એ રીત એમણે ખરીદી લીધી. દસ વર્ષ સુધી એ ઉદ્યોગોએ એક્સેલને એની રૉયલ્ટી આપી હતી. જેમ ગારુડી વીસ પચ્ચીસ સાપ રમાડે, એક દાસુ ચોત્રે વાઘ-સિંહના પાંજરામાં જ જીવન વીતાવે, અને છતાં યે ગારુડી વાઘનું નામ સાંભળતાં ડરે, અને રિંગ માસ્તર સાપથી દૂર રહે એવી જ કંઈક પરિસ્થિતિ યુરોપના વૈજ્ઞાનિકોની હતી. ચાંપરાજભાઈના યુરોપના પ્રવાસમાં આવા પ્રસંગો અવારનવાર આવતા.

સ્વિટ્ઝરલૅન્ડમાં 'લૉન્ઝા'(Lonza) કંપનીના એક ઉચ્ચ વૈજ્ઞાનિકને તેઓ ત્યાંના મિથાઇલ મેથાએક્રિલેટ (Methyl Methacrylate) રેઝિનની પ્રક્રિયા સમજવા મળ્યા. જ્યારે એ નિષ્ણાતને ખબર પડી કે એક્સેલ ઑક્ઝેલિક ઍસિડની પ્રક્રિયાઓ પણ કરે છે, ત્યારે એ છક થઈ ગયા. હાઇડ્રોસાઇનાઇડ જેવો ખતરનાક ઍસિડ એ સ્વિસ લોકો બનાવતા. ક્યારેક ડોલમાં ભરી એક જગ્યાએથી બીજી જગ્યાએ પણ બેધડક ફેરવતા. પણ NO_2? 'તોબાહ તોબાહ! મિ. શ્રૉફ તમે અદ્ભુત છો! તમારી હિમ્મત માટે મને ઘણું માન થાય છે.' એ બોલી ઊઠેલા.

જર્મનીનો નૅપસૅક(Knapsack)નો ફૉસ્ફરસ પ્લાન્ટ યુરોપમાં સૌથી મોટો ગણાય. ત્યાંના ડૉ. ગ્રાન્ટને ચાંપરાજભાઈ મળ્યા. એક્સેલને ફૉસ્ફરસ બનાવવામાં રસ છે એ જાણી એ ખુશ થયા :

'ફૉસ્ફરસ શામાં વાપરવો છે?'

'ફૉસ્ફોરિક ઍસિડ બનાવવામાં.' 'સરસ સરસ!'

'ફૉસ્ફરસ ટ્રાયક્લોરાઈડ પણ બનાવવો છે.' ચાંપરાજભાઈએ કહ્યું.

'હેં?! એ તો ખૂબ જ જોખમી છે.' અને જ્યારે એમણે જાણ્યું કે એક્સેલ તો સલ્ફર ડાયોક્સાઈડ પણ બનાવે છે અને ક્લોરિનનાં સંયોજનો પણ, ત્યારે તો એમની આંખો ફાટી ગઈ. 'આટલાં જોખમી રસાયણો તમે બનાવો છો? ત્યારે તો ફૉસ્ફરસ તમારે માટે બચ્ચાંનો ખેલ છે. તમે જરૂર બનાવી શકશો.'

અને એ જ ફૉસ્ફરસને ભયમિશ્રિત માનની લાગણીથી જોતા ઈંગ્લૅન્ડના ઑલબ્રાઈટ વિલ્સનનો ટ્રાયક્રીસાઈલ ફૉસ્ફેટ (Trycrycyl Phosphate)નો પ્લાન્ટ જોવા પણ ચાંપરાજભાઈ ગએલા. શરૂઆતમાં તો ચાંપરાજભાઈની વિનંતીને નકારવામાં આવી. પણ આખરે ત્યાંના સર્વોચ્ચ અધિકારી બોર્ડના પ્રેસિડેન્ટની દરમ્યાનગીરી કામ લાગી.

(અનુસંધાન પૃષ્ઠ ૧૦૬)

તુલસીનો છોડ

લેખક - **બંસીકુમાર બારોટ**

'હું ગામ બદલવું પસંદ કરું પણ ઘર તો નહિ જ; કારણ કે વારંવાર ઘર બદલાથી પછાડાપછાડમાં સરસામાન તૂટી-ફૂટી જાય છે, તે વળી નવી કિંમત ચૂકવીને વસાવવાં પડે. ઘણા અનુભવ પછી મેં નક્કી કર્યું છે કે ન ફાવતું હોય તો ખટપટ કરીને ગામ બદલવું પણ ઘર તો પેઠા એ પેઠા! એટલે જરા વખત લાગે તો વાંધો નહિ, પણ ઘર તો પાંચ-દસ જોવાં છે. સારું, સગવડવાળું ને સારા લત્તામાં પસંદ કરવું છે. હજી ટ્રાન્ઝિટના પાંચ દિવસ ખિસ્સામાં છે, ત્યાં સુધી-માં તો...' કહીને પાઠક સાહેબે નિર્ણયસૂચક ચપટી વગાડી. ટપાલી શાંતિલાલે છાપના સિક્કા વડે ટપાલ પર મહોર મારીને ડોકી હલાવી–સંમતિસૂચક મહોર જેવી. પછી કહ્યું:

'સાહેબ, આપણે ય તમારા મતના છીએ. અહીં દસ વર્ષથી ટપાલ વહેંચું છું. મારે તો ઘેરઘેર ફરવાનું હોય. ક્યારેક લલચાઈ જવાય એવાં સારાં ને સસ્તાં મકાનો મળી આવે છે, પણ ખલાસ...આપણે તમારી માફક જ. પેઠા એટલે પેઠા.' કહીને શાંતિલાલે સાહેબના આદર્શનું પુનરાવર્તન જેવું સ્વવૃત્તાંત સંભળાવીને ટપાલને મહોર મારવા માંડી.

પોસ્ટ કાઢવાની હોઈ ને પાઠક સાહેબે સ્ટેટમેન્ટો તૈયાર કરવામાં મદદ કરી. જોશી સાહેબ હજી ચાર્જ છોડવાના હતા. હાથોહાથ ટપાલની કાર્યવાહી ઉકેલાઈ રહી. ખાખી કોથળામાં ટપાલ ગોઠવાઈ, સીલ થયું, ને ટપાલ લારીમાં એસ. ટી. સ્ટેન્ડે ઊપડી ય ગઈ.

'અહીં મકાનની તંગી? કે મળી રહે?'

'મળી રહે. ઘણાં ખાલી પડ્યાં છે. પચ્ચીસ-ત્રીસમાં તો ફુલ્લ સગવડવાળું મળે. સંડાસની સગવડ મળવી જરા મુશ્કેલ. પણ સાહેબ, મ્યુનિસિપાલિટીનાં સંડાસ નાકે નાકે છે. નાકા ઉપરનું મકાન મળે તો પત્યું.'

'ના ભાઈ, સંડાસ પહેલું. ફૅમિલીને એ સિવાય ફાવે નહિ. અમે અત્યાર સુધી સંડાસની સગવડવાળા મકાનમાં જ રહ્યાં છીએ.'

'એવું ય મળી રહેશે.'...અને શાંતિલાલના સંશોધને સાહેબને એક સારું મકાન મળી ગયું. બે રૂમ, રસોડું, બાથરૂમ, પરસાળ, સંડાસ, ડહેલી અને બગીચો બનાવવો હોય તો થોડી છૂટી જગ્યા પણ હતી. પડોશનો પડોશ ને એકાંત. મનને ગમતું ને રુચિને અનુકૂળ એક વણ-વપરાએલા બંગલા જેવું મકાન મેળવીને પાઠક સાહેબને આનંદ થયો.

પંદરેક દિવસમાં પાઠક સાહેબ વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયા. પડોશમાં ને વ્યાપારી વર્ગમાં થોડી થોડી પિછાન પણ થઈ ગઈ. પાંચ માણસના એમના કુટુંબે સાથે મળીને મકાનની સિકલ ફેરવી નાખી. ધોળ કર્યો, રંગ કર્યો, ફોટા ટાંગ્યા અને ફરનિચર ગોઠવ્યું. આંગણામાં ફૂલ-છોડની કલમો રોપી, ને એક તુલસીક્યારો પણ બનાવ્યો. નાનકી લીમડીની આજુબાજુ ચોતરી બનાવીને તેના પર રંગોળી પૂરી. વચમાં સાથિયો ને ૐકારનો આકાર કર્યો.

પાઠક સાહેબ ઑફિસેથી આવીને રોજ ગૃહનિરીક્ષણ કરે. તુલસીનો ક્યારો જુએ. રંગોળી ને સાથિયો જુએ. ક્યારામાં પાણી છે કે સુકાઈ ગયું છે તે જુએ. ભીનાશ ઓછી હોય તો હાથપગ ધોઈ ને ઝારી વડે સીંચે. બારમાસીનાં બે ફૂલ ચૂંટીને એક તુલસીક્યારામાં નાખે ને એક સૂંઘે.

સાંજે સંધ્યા કરે. ક્યારેક દીવો મૂકે. પ્રણામ કરે. રાત્રિના સમયે રામાયણ કે મહાભારત વાંચે...ને પછી અગિયારેક વાગ્યે સૂઈ જાય. સવારે વહેલા ઊઠીને પ્રાતઃકર્મ પતાવે. જમીને સડસડાટ પોસ્ટ ઑફિસે અને સાંજે ઘેર. ને પછી પાછું રોજના રૂટીન પ્રમાણે.

શાંતિલાલ વેપારીવર્ગમાં ટપાલ આપવા જાય ત્યારે નવા સાહેબનાં ગુણગાન કરે જ. 'સારા માણસ છે. કામથી કામ. અમારું કામે ય હાથે કરી લે. નિયમિતતામાં તો કહેવું પડે! ને ધરમધ્યાન પણ. દેવ જેવો માણસ.'

'ઈ તો નિહાળ ને પોસ્ટખાતાનાં હૌ માણહ સીધી લીટીનાં જ હોય ભેલા...હજી આ બે ખાતામાં કળજગનો વાયરો કંઈક ઓછો છે. બાકી તો નામ મૂક ભેલા સરકારી માણહુંનું. અવળા પગે આગળિયો દઈ દે એવા. બોલે નંઈ પણ બાળી મારે એવા. કાં ખરુંને ભેલા?'

શાંતિલાલ ટોપી ખંખેરીને પહેરી લે. પછી ટપાલનો થોકડો લઈ ને મોટી ડાંફો ભરતો બીજે ઓટલે ચડે—હસતો હસતો. ત્યાં પણ એવી જ વાત. બીજે, ત્રીજે, ચોથે...એવી જ વાતો. બે મહિનાના ગાળામાં શાંતિલાલે પ્રશંસાના છોડવા વાવ્યા ને ખીલતા કર્યા. પાઠક સાહેબ ઑફિસે જવા નીકળતા ત્યારે સલામીભર્યા હાથોનો પ્રત્યુત્તર સજગ રહીને વાળતા.

પ્રભુપરસ્ત માણસોનો પુણ્યપ્રકોપ શાંતિલાલ જીરવી શકતો. પોતે ય ગાયત્રીમંત્રનો ઉપાસક હતો. આવા માણસોની ગાળ પણ ગાયત્રી-મંત્ર જેવી તેને મીઠી લાગતી. અલબત્ત, પાઠક સાહેબ ગાળો બોલવાને અસમર્થ હતા; તથાપિ તેમનો પ્રકોપ ચણચણાટી કરાવી જાય તેવો તીખો રહેતો. પણ ક્ષણે તૂઠ્યા ક્ષણે રૂઠ્યા જેવું, ઘડી પછી કંઈ નહિ. ને ઠપકા-માં ય તેમનું વડીલત્વ ભારોભાર ગોપાઈ રહેતું.'

'જો, આ તારીખ કેમ બદલી નથી?' 'જી, બદલું.'

'આ વિન્ડોની ટપાલ મારા માટે રાખી છે? કેમ પહોંચાડી નથી? મેં બેવાર કહ્યું છે.' 'જી, પહોંચાડું.' ને થોડી વાર પછી:—'સાંજના મહાદેવ તરફ ફરવા જવું છે. સાડા છએ આવી જજે.'

'જી...' કહેતાં શાંતિલાલની આંખ હસી ઊઠતી.

લગભગ આવી વાતો, આવાં સૂચનો તેમની દિનચર્યા બની રહેતી. આજે નહોતું કીધું તો ય શાંતિલાલ સાડા છએ આવ્યો હતો. સાહેબ બાથરૂમમાં હતા એટલે ફળિયામાં ફૂલછોડનું નિરીક્ષણ કરતો શાંતિલાલ ઊભો રહ્યો હતો ત્યાં આયુર્વેદના ઉપચાર કરવાને ટેવાએલું તેનું મન તુલસીક્યારે ઠર્યું. નજીક આવીને તેણે હથેળીમાં પત્તાંને એકઠાં કર્યાં. પછી બબ્બે પાંદડીઓને લઈ ને ચાવવા લાગ્યો. બાથરૂમમાંથી સાહેબ આવ્યા. શાંતિલાલ સામે જોઈને મધુરું હસ્યા. એ હાસ્યથી જ જાણે શાંતિ-લાલનું ઉરદર્દ ઉકેલાઈ ગયું. સાહેબ પરસાળમાંથી ફળિયામાં આવ્યા. તુલસીદલની બે પાંદડીઓ મોંમાં મૂકતાં શાંતિલાલ બોલ્યો: 'મહાદેવ સુધી આંટો મારી આવીએ, કાં સાહેબ?'

'અલ્યા, તું તે બ્રાહ્મણ છે કે ભંગિયો? સંધ્યાકાળે તુલસીમાને તોડાય?...ગાયત્રી કરે છે ને એટલું ય ભાન નથી?...આ ઠીક ન કે'વાય' કહેતાં તો પાઠક સાહેબની આંખમાં દુર્વાસાની દૃષ્ટિનો તાપ એકઠો થવા લાગ્યો. તગતગતી આંખે તેઓ શાંતિલાલને અપલક જોઈ રહ્યા.

શાંતિલાલનું મોં પડી ગયું. નીચી મૂંડીએ શરમિંદો બનીને ઊભો રહ્યો. 'બ્રાહ્મણ' અને 'ભંગિયો' શબ્દે તેને જમીન ખોતરતો કરી દીધો. અત્યાર સુધીના કડવા શબ્દોમાં આજના શબ્દો તેને વિષમય લાગ્યા-આત્મા બેભાન બનીને ઢળી પડે એટલી હદ સુધીના.

પાઠક સાહેબ બોલતાં બોલી ગયા પણ હવે તેમને ય એ શબ્દો વધુ-પડતા લાગ્યા હતા. 'આ ઠીક ન કે'વાય' જેવું પોચું વાક્ય એટલે જ બોલેલા. પશ્ચાત્તાપની સાથે હજી ય તેમનો ગુસ્સો આંખો વાટે નીકળીને શાંતિલાલને સાપની માફક આભડી રહ્યો હતો.

તુલસીનો છોડ તેઓ ભગવાનની માફક, આત્માની માફક ઉછેરી

રહ્યા હતા. છોકરું સુધ્ધાંય તેનાં પાન તોડવાની હિંમત કરી શકતું નહિ. છોકરાંને ઘણી વાર મારેલાં ને સમજાવેલાં. પૂજા માટે પોતે ત્રણચાર પાન દીંટી આવતા તે ય પગે લાગીને.

'ભારે કરી' એમ મનમાં બોલતાં પ્રાયશ્ચિત્ત કરતો હોય તેમ શાંતિલાલે બાકીનાં તુલસીપત્રોને કચરામાં ખંખેરી નાખ્યાં–પોતાના હૃદયમાં પહોંચેલા આઘાતને ખંખેરતો હોય તેમ. ગ્રહણદશાને પામેલા સૂર્યની માફક તેનું વદન શ્યામ પડી ગયું. કોઈની વસ્તુને પૂછ્યા સિવાય અડવું એ ગુનો છે–ખાસ કરીને આવા આદર્શસેવી માણસોની વસ્તુને' એવું અનુભવી સત્ય તેણે આજની તારીખથી ગાંઠે બાંધ્યું.

પાઠકસાહેબ તૈયાર થઈ ગયા. ચંપલ પહેરી લીધાં. શાંતિલાલ મૂગા મોંએ અનુસરી રહ્યો. રસ્તામાં પાઠક સાહેબે હળવી વાતો કરી. વચ્ચે-વચ્ચે ધર્મની ને કર્મની. એ વાતોમાં નહિ નહિ તો ય ત્રણ-ચાર વખત 'તુલસી માહાત્મ્ય' આવ્યું હશે. શાંતિલાલની શરમ ઘૂંટાતી રહી. પણ સાહેબ પ્રત્યેના ધાર્મિક આદરમાં એક વધુ અંકોડો તેને મળી ગયો. કડવા-મીઠા ઘૂંટની માફક આ પ્રસંગને ગળી જ ગયો. એટલું જ નહિ પણ હવે ટપાલ-વહેંચણી વખતે ધાર્મિક માણસો આગળ એ પ્રસંગ પણ રજૂ કરતો. તુલસીનો છોડ, સાહેબની ધર્મભાવના, તેમણે આપેલો ઠપકો, ટકોર વગેરેને તીવ્ર સંવેદનાથી રજૂ કરીને એ રાજી થતો. આ વાત તેના આઘાતનું ઔષધ હતું જાણે.

પાઠક સાહેબને પ્રમોશન મળ્યું. હવે તેમને મકાન ભાડે રાખવાનું નહોતું. રહેવા માટે હવે એમને ફુલ્લ ફૅસિલિટીવાળું ક્વાર્ટર મળવાનું હતું. માથા પરથી મણીકો હટી ગયો હોય એવી હળવાશ તેમણે અનુભવી. તે સાંજે તુલસીક્યારે તેમણે પ્રદક્ષિણા કરી. ત્યાં જ બેસીને સંધ્યા, ધૂપ-દીપ પતાવ્યાં. ઈષ્ટદેવનો તેમણે મનોમન આભાર માન્યો ને આશિષ માગી. તુરત જ હાજર થવાનો હુકમ હોઈ તે રાતે જ શાંતિલાલની મદદથી સામાન પૅક કરવા માંડ્યો. ને બીજે દિવસે તેઓ ઊપડી ગયા.

જતી વેળા પાઠક સાહેબે શાંતિલાલને તુલસીક્યારાની ખાસ ભલામણ કરેલી. 'જી હા.' કહીને શાંતિલાલે ખાતરી આપેલી. તુલસીક્યારો ફૂલ્યોફાલ્યો હતો. જો છોડ નાનો હોત કે કૂંડામાં વાવેલો હોય તો તેઓ જરૂર સાથે જ ઉપાડી જાત. છતાંય જતી વેળાએ તેઓ લાગણીવશ હૈયે ક્યારાને જોઈ રહેલા. આંખોમાં ભરીને લઈ જતા હોય. હૈયામાં મૂળ રોપીને ઉપાડી જતા હોય એવી નજરે, ને વિવશ વાણીમાં બોલેલા: 'જોજે હોં...ભુલાય નહિ...લઈ જઈશ ને?'

શાંતિલાલે વચન આપ્યું ત્યારે જ એમને કૈંક શાતા વળેલી. વચન મળતાં તેમની આંતરવેદના સહ્ય બની. તેમને મળેલું પ્રમોશન પણ જાણે આ ક્યારાની પાસે કોઈ વિસાતમાં નહોતું એવો તેમનો વારંવારનો પુનરુચ્ચાર રહ્યો હતો. જતાંજતાં વળીવળીને બેચાર વાર યાદ દીધેલું: 'જો જે હોં, ભુલાય નહિ. તારે ત્યાં લઈ જજે...ને ટપાલ લખજે.'

નવા સાહેબ આવ્યા. પાઠક સાહેબ જેવા જ સ્વભાવના: નિયમિત, કડક ને ધાર્મિક વૃત્તિના. શાંતિલાલે પાઠક સાહેબવાળું મકાન ભાડે અપાવી દીધું. તેમનો પરિવાર પણ પાંચ સભ્યોનો હતો, ને સાથે છઠ્ઠી બકરી. અઠવાડિયામાં નવા સાહેબ ગોઠવાઈ ગયા. મકાનની સગવડ જોઈને તેમનો પરિવાર ખુશ થયો. બધી જ અનુકૂળતા જોઈને તેમણે ખુદાનો અહેસાન માન્યો.

શાંતિલાલે સ્વભાવ પ્રમાણે પ્રશંસાના છોડ વાવ્યા ને ખીલતા કર્યા: 'સારા માણસ છે. પાઠકસાહેબ જેવા જ. નિયમિત ને કડક...આપણું કામે ય પંડે કરી લે એવા.' શાંતિલાલનો પ્રચાર લોકપ્રિય અખબારની માફક ફરી વળ્યો. વાત પણ સાચી હતી. મન્સૂરી સાહેબ માયાળુ, મળ-

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૩૯

ઇયોસિનોફીલિયા

સાંપ્રત સમાજમાં ખૂબ પ્રચલિત આ વ્યાધિનો હુમલો ઓચિંતો આવે છે અને રોગી આકુળવ્યાકુળ બની જાય છે.

લોહીમાં શ્વેત કણનું પ્રમાણ વધી જવાથી આ રોગ થાય છે. સામાન્ય રીતે લોહીમાં એનું પ્રમાણ ૪ થી ૫ ટકા હોવું જોઇએ. આ પ્રમાણ વધી જતાં નીચેનાં લક્ષણો જોવા મળે છે:

૧) ઓચિંતી શ્વાસકૃચ્છ્રતા થઈ જાય. શ્વાસરોગના હુમલા કરતાં પણ રોગીને આ રોગમાં શ્વાસ લેવાની વધુ મુશ્કેલી પડે છે. ૨) ખૂબ ઉધરસ આવવા લાગે છે અને એ જલ્દી બેસતી નથી. તીવ્ર શરદીનો હુમલો થાય. એકદમ નાક બાઝી જાય, ગળું બેસી જાય, માથું ભારે થઈ જાય. અથવા નાક ખૂબ ગળવા લાગે. ૪) શરીર ઉપર એકદમ ઢીમણાં કે ફોલ્લા ઊપડી આવીને ખૂબ ચળ–ખજવાળ આવવા લાગે.

આ રોગ ઝટ પકડાતો નથી. ઘણી વાર મૂળ રોગને બદલે લક્ષણને રોગ માનીને ચિકિત્સા થાય છે અને એથી ફેર પડતો જણાતો નથી. લોહીની તપાસ કરાવવાથી આ રોગ પકડાય છે. આયુર્વેદની દૃષ્ટિએ આ કફવૃદ્ધિ-જન્ય રોગ છે.

ઉપચાર

૧) દીવેલ કે હરડેનો હળવો રેચ લેવો. ૨) હળદરનું પાવલીભાર ચૂર્ણ દિવસમાં ત્રણ વાર પાણી સાથે ફાકવું; લીલી હળદરનો રસ પીવો; કે તેનો ખોરાકમાં વધુ ઉપયોગ કરવો. ૩) ઠંડું સાદું પાણીને બદલે સૂંઠ નાખીને ઉકાળેલું પાણી જ પીવું. ચા કે ઉકાળામાં પણ વધારે સૂંઠ નાખવી. લીલા આદુનો રસ પીવો કે ખોરાકમાં તેનો વધારે ઉપયોગ કરવો. ૪) અગસ્ત્ય હરીતકી અવલેહ ખૂબ લાભકારક છે. ૫) અન્ય ઔષધોમાં ચંદ્રામૃત રસ, શ્વાસકઠાર રસ, શ્વાસકાસ ચિંતામણિ રસ, તાલિસાદિ ચૂર્ણ, કફકેતુ રસ વગેરે આપી શકાય. ૬) ભારે, ચીકણો, મધુર ને કફકર આહાર ન કરવો. **વૈદ્ય નવીનભાઈ ઓઝા**

તાવડા, શિસ્તવાળા ને પાકા દીનપરસ્ત. પાઠક સાહેબ તો ક્યારેક અનિવાર્ય સંજોગોમાં ગાયત્રીપાઠ બે દિવસનો ભેગો ય કરી લેતા; જ્યારે મન્સૂરી સાહેબ તો ગમે તેવા સંજોગમાં ય નિમાજ પઢવાનું ચૂકતા નહિ.

સંજોગવશાત્ શાંતિલાલને એકાએક બહારગામ જવાનું થયું. બરાબર પંદરમે દિવસે સાંજના મન્સૂરી સાહેબને ત્યાં આવ્યો. તુલસીક્યારે લેવા. ડેલીમાં પગ મૂકતાં શાંતિલાલ ભૂકંપ થયો હોય એમ ડઘાઈ ગયો.

લૂંગી પહેરીને મન્સૂરી સાહેબ બગીચાનું ગોડકામ કરી રહ્યા હતા. પેલો તુલસીનો ક્યારો તેમણે મૂળમાંથી ખોદી કાઢ્યો હતો ને પાસે બાંધેલી બકરી એ બચબચ કરીને ચાવી રહી હતી! અવેજીમાં કામ કરતો ગણેશ મેંદીના છોડની નાની કલમો ચોપી રહ્યો હતો.

તુલસીના મૃત છોડનાં ઠૂંઠાને ને તેની જગ્યાએ રોપાતી લીલી મેંદીના છોડને જોઇને તેને પેલી વસમી સંધ્યાની યાદ આવી ગઈ. આ સંધ્યાએ પણ તેને એવો જ આઘાત આપ્યો. ને આ બંને આઘાતોમાં તેનો પોતાનો જ દોષ હતો. એકને સહ્ય બનાવી શક્યો હતો; પણ આ?

—ફફડતો નિઃસાસો નાખીને શાંતિલાલ ચૂપચાપ બિલ્લીપગે પાછો ફર્યો. ઘેર આવીને તેણે એક ખોટી ટપાલ લખી. બીજા આઘાતના બનાવટી ઔષધરૂપે...પણ બીજો આઘાત તો આજીવન જ રહ્યો–પહેલાની યાદ સાથે! □

ગુજરાતમાં કલાનાં પગરણ

'કુમાર'ના પ્રાકટ્ય પછીનું આત્મકથાનક અને 'ગુજરાત કલાસંઘ'ની કથા

૪



જે સમયનું આ કથાનક છે તે અરસામાં લેખક ◁

આ લેખમાળામાં ઉલ્લેખ પામતી કોઈ પણ વ્યક્તિ વિષે વિચાર-દોષ કે પ્રસંગવિધાનમાં (વિસ્મૃતિના કારણે) કંઈ ક્ષતિ લાગે તો ટૂંકમાં એ અંગે ખરી માહિતીની જાણ કરવા વિનતિ છે. 'કુમાર'ના હાલના તંત્રી શ્રી બચુભાઈ રાવત ૫૩ વર્ષથી મારા નિકટવર્તી મિત્ર છે તથા છેક આરંભથી 'કુમાર'ના સંનિષ્ઠ કાર્યસંચાલક રહ્યા છે. એમના જ પૂર્ણ સદાગ્રહ અને ઉત્સાહથી ગંભીર માંદગીના બિછાનેથી પણ હું આ લેખ-માળા લખવા પ્રેરાયો છું. આ માળાનો સર્વ યશ (મારાથી એ પૂર્ણ થાય યા કદાચ ન પણ થાય તો યે) એમને આપતાં હું સંતોષ માનું છું. ગુજરાતમાં કલાનાં પગરણ થયા પછી તેના વિકાસમાં જે નાનામોટા કલાસાધકોની ઓછીવત્તી દેણગી છે તેનો ખયાલ આપવા તથા ભવિષ્યમાં આ વિષેનો એક દસ્તાવેજી સંદર્ભ બની શકે એ દૃષ્ટિથી લખાતી આ માળા ઉપયોગી બનશે એવી આશા છે.

રવિશંકર મ. રાવળ

ગુજરાતમાં અનેક બાજુએથી ચિત્ર-કલાનો વિકાસ અને સભાનતા ગુજરાતમાં જગાડવા હું અહર્નિશ સજગ રહેતો અને તે કાર્ય માટે જે કોઈ પળ કે તક મળે તે ઝડપી લેતો હતો; સાથેસાથે મારું વાચન-લેખન અને અભ્યાસ પણ વધારતો રહેતો હતો.

મુદ્રણમાં ભારતીય કલાતત્ત્વ

સુભાગ્યે મારા સહાયક શ્રી બચુભાઈ રાવતને પણ ભારતીય કલા-તત્ત્વ માટે પરમ આદર થયો હતો અને 'કુમાર'નાં તેમજ અન્ય મુદ્રણોનાં સુશોભનો તથા છપાઈની માંડણી વગેરેમાં પણ ભારતીય તત્ત્વ દેખાઈ આવે તેવા પ્રયત્નો તે કરતા. આમંત્રણોમાં પણ ચિત્રકામ મૂકવાનો મારા મનમાં સદાગ્રહ હતો, પણ ગ્રાહકો તે માટે ખર્ચ કરવા તૈયાર નહોતા. આથી મારા બે પુત્રોના જનોઈ–પ્રસંગની પત્રિકા છાપવાની વેળા આવી ત્યારે ગાયત્રી અને દીક્ષા લેતા બટુકનાં નાનાં પ્રતીક-ચિત્રો મેં છાપ્યાં તે લોકોને બહુ સૂચક અને પત્રિકાનું નવું સ્વરૂપ બક્ષતાં જણાયાં. આમ પત્રિકામાં ચિત્રો મૂકવાની પદ્ધતિ સૌ પ્રથમ છેક ઈ. ૧૯૨૫થી 'કુમાર' કાર્યાલયે શરૂ કરી એ ઇતિહાસ છે. પછી તો અમે લગ્નોત્સવ સૂચક શોભનો, ગણપતિઓ, સ્વસ્તિકો, દીપકો, કમળો, સરસ્વતી, લક્ષ્મી તેમજ જૈન પ્રતીકોનાં નાનાવિધ ચિત્રો કરી બ્લૉકો તૈયાર કરાવી રાખ્યા, જે વડે ગ્રાહકોને ચાલુ મૂલ્યે ચિત્રવાળી પત્રિકાઓની અનેક તરાહો કરી આપતા. આથી લગ્નપત્રિકાઓની મોટી ઘરાકી અમારે ત્યાં આવતી થઈ. એ જોઈ અમદાવાદના જ એક છાપખાનાએ મારા જનોઈવાળા બ્લૉકની બીજી નકલ કરાવી પત્રિકાઓ છાપેલી, તેના પર મારે કૉપીરાઈટ-ભંગનો કેસ કરવો પડયો હતો. ઘણી મુદતો બાદ મારી તરફેણમાં ચુકાદો આવ્યો, જેમાં સામા પક્ષે ખર્ચ આપવાનો તથા બ્લૉક નહિ વાપરતાં નાશ કરવાનો કોર્ટનો હુકમ થયો હતો.

કૉપીરાઈટના ભંગ બાબત આ રીતે છાપખાનાંવાળા સચેત થયા પછી બધાં છાપખાનાં ચિત્રકારો પાસે પોતાના ખર્ચે નવાં પ્રતીક-ચિત્રો કરાવતાં થયાં અને અભિનવ આમંત્રણપત્રિકાઓ તેમજ લગ્નપત્રિકાઓ કરવાનો આજે તો એક મોટો ધંધો થઈ પડયો છે. કેટલાક શ્રીમન્તો પોતાને ત્યાંની લગ્નપત્રિકા ઉપર નંગ દીઠ ત્રણેક રૂપિયા સુધીનો ખર્ચ કરતા જણાયા છે. આમ જીવનના ચાલુ વ્યવહાર-પ્રસંગોમાં પણ ચિત્રનું-કલાનું મહત્ત્વ દાખલ થયું, જે દેશના પૂર્વકાળમાં કોઈ ને કોઈ જાતનાં આલેખનો—નાગ, ગણેશ કે સાથિયા આદિ—રૂપે પ્રચલિત હતું. ખરી રીતે એ ભારતીય ચિત્રમકારનો આજની રીતે ઉદ્ધાર જ થયો છે.

આ ઉપરાંત મુદ્રણ દ્વારા કલા-પ્રચારમાં અમે 'કુમાર' કાર્યાલયમાંથી ગુજરાતની પ્રાચીન કાષ્ઠ-કોતરણીમાંથી વેલપટ્ટીઓ તેમજ કાંગરાં અને જૂના કિનખાબ આદિ વસ્ત્રો પરથી કિનારો તથા બુટ્ટાઓ વગેરેમાંથી વિવિધ આયોજનો ઉપજાવી એતદ્દેશીય કલાને માનપત્રો, સર્ટિફિકેટો, શૅરો, દેશી રાજ્યોની ટિકિટો, દસ્તાવેજી કાગળો વગેરે સુધી પહોંચાડી ને ભારતીય શૈલીનાં ચિત્રાંકન—નકશીઓ, વેલો, બુટ્ટીઓ, પશુઓ, હંસ-મોર-પોપટ આદિ પંખીઓ વગેરે માટેનો આદર વધારી દીધો. અમને ધીરે ધીરે સમજાયું કે ચિત્ર-વસ્તુઓ કોઈ શ્રીમંતો કે રાજ્યની ઉપજાવેલી સંપત્તિ નથી, પણ જનસમાજની કલા- અભિરુચિને જ તે આભારી છે.

નૈનીતાલ અને ચિતોડ

આવા વિચારોનો યોગ્ય આદર કરતા મારા મુ. મિત્ર ડૉ. હરિપ્રસાદનો ઉત્સાહ ભારતીય કલાકારીગરી અને ચિત્રકામ માટે અપાર હતો. તે મારી સાથે હૅવેલ, કુમારસ્વામી વગેરે ભારતીય કલાવિવેચકોનાં પુસ્તકો વાંચવા લાગ્યા હતા અને મને આગળ રાખી કુટુંબો ને સમાજમાં તેના પ્રચારના અગ્રણી થયા હતા. મને યાદ છે કે ઉમરેઠની એક જનસાધારણ સભામાં કલાકેક સુધી વ્યાખ્યાન આપતાં તેઓ અજન્તાની અને ભારતીય કલાની મહત્તા વર્ણવતાં લગભગ ધ્યાનસ્થ બની જતા હતા પણ પ્રેક્ષકો શાંત સ્થિરતાથી શ્રવણ કરતા રહ્યા હતા. મને ભાષણો કરતાં ફાવતું નહિ, પણ મને તે જ્યાં ને ત્યાં દેશના અજાણ્યા ખૂણા બતાવવા લઈ જતા. તેઓ સર ચિનુભાઈના ફૅમિલી-ફિઝિશિયન તેમજ સન્મિત્ર હતા એટલે ત્યાં તો એમણે કલાની એવી લગની લગાડેલી કે એ કુટુંબ ઉનાળો ગાળવા નૈનીતાલ ગયું ત્યાં ડૉક્ટરના આગ્રહથી મને પણ સાથે લઈ ગએલું. ત્યાંના પર્વતીય સૌન્દર્ય અને જાતજાતના રંગોની તાજગીથી મારું મન મસ્ત બની ગયું અને કલાની સાધના મને જીવનનું સદ્ભાગ્ય લાગી. ત્યાંથી વળતાં ડૉક્ટરે સાથે રહી મને બહુ પ્રેમથી ચિતોડ અને મીરાંબાઈનાં મંદિરો વગેરે બતાવ્યાં એ પ્રસંગો તેમના રચેલા 'ભારતીય શિલ્પસ્થાપત્ય' નામના પુસ્તકમાં છે. મારી અવલોકન-શક્તિ તેમજ કલાવસ્તુ પારખવાની સૂઝથી તે એટલા મુગ્ધ રહેતા કે ઈ. ૧૯૨૭ના ઉનાળામાં જ્યારે સર ચિનુભાઈનો પરિવાર દક્ષિણના નીલગિરિ નિવાસ (ઉતાકામંડ) માટે જવા તૈયાર થયો ત્યારે પણ મને સાથમાં લીધો, અને ત્યારથી એ પરિવારના એક મુરબ્બીજન તરીકે મારાં માન-સગવડ ખૂબ સચવાતાં આવ્યાં છે. એ સંપર્કને પરિણામે હું ભારતનો ખરો દક્ષિણ ભાગ જોવા પામ્યો, એટલું જ નહિ પણ ત્યાંની કલાસમૃદ્ધિ, ધર્મભાવના અને લોકજીવનનો સાચો ખયાલ પામ્યો. એનું સવિસ્તર વર્ણન તો મેં 'કુમાર'માં આવેલા માસ લેખોમાં આપી દીધું છે, પણ અહીં તો મારે એ પ્રવાસ દ્વારા ગુજરાતને જે કલાચિત્રો અને કલાદીક્ષા મળ્યાં તેની જ વાત કરવી છે.



કથકલી નૃત્યમાં કૃષ્ણ

દક્ષિણ દેશમાં કલાસંપર્ક

નીલગિરિના ગિરીનગર ઉતાકામંડમાં અમારો નિવાસ હતો ત્યારે એક વાર ત્યાંના દૈનિકમાં મેં થીઓસૉફિકલ લૉજમાં વ્યંકટ-અચલમ્ નામે કલાવિવેચકનું દીપચિત્રો સાથે ભારતીય કલા પર વ્યાખ્યાન હોવાના સમાચાર વાંચ્યા એટલે સર ચિનુભાઈના આપ્તજન શ્રી ચૈતન્યપ્રસાદ દીવાને વરસતા વરસાદમાં પણ મને ત્યાં પહોંચાડયો. એથી શ્રી વ્યંકટ-અચલમ્‌નો પરિચય થયો, ને બીજે દિવસે ત્યાં એક ફ્રેન્ચ ચિત્રકાર ક્રિયાત્મક ચિત્રકામ બતાવવાના હતા તે જોવા મને તે લઇ ગયા. ત્યાં મદ્રાસના એક કલારસિક શ્રીમંત શ્રી રામસ્વામી મુદલિયારનો પરિચય થયો. તે કલાકારોના જબરા આશ્રયદાતા ગણાતા અને દક્ષિણમાં સર્વ સ્થળે તથા સરકારમાં તેમની લાગવગ જબરી હતી. તેઓ એ જાણીને બહુ પ્રસન્ન થયા કે ગુજરાતમાંથી એક બૅરોનેટ કુટુંબ ઉતાકામંડમાં એક ચિત્રકારને પણ સાથે લાવ્યું છે. તેમણે ખબર આપ્યા કે બે દિવસ પછી પ્રસિદ્ધ ચિત્રકાર–શિલ્પી શ્રી દેવીપ્રસાદ રાય-ચૌધરી તેમને ત્યાં મહેમાન થનાર છે. તે મદ્રાસની આર્ટ સ્કૂલના પ્રિન્સિપલની જગ્યા માટે ઉમેદવાર છે અને તેને ગવર્નર સાથે મેળવી તેનું સ્થાન પોતે નિશ્ચિત કરી આપવા ધારે છે. મને કહ્યું: 'Why not meet him.' તરત શ્રી દીવાને એ વાત ઉપાડી લીધી અને મારે માટે તે આવે ત્યારે મળવાનું નક્કી કરી નાખ્યું.

શ્રી રાય-ચૌધરીનાં ચિત્રો અને શૈલીથી હું પરિચિત હતો, એટલે તેની મૈત્રી સાધવાની આ તકનો લાભ લઈ હું તેને રામસ્વામીને ત્યાં જઈ મળ્યો અને સર ચિનુભાઈને ત્યાં આવવા નિમંત્રણ આપ્યું. તે પ્રમાણે તે આવ્યા અને એ કુટુંબમાંનાં મારાં વિદ્યાર્થીઓનાં ચિત્રો જોઈ પોતે પણ કેટલાક પ્રયોગો બતાવ્યા. ખાસ કરીને રંગ કરવાની તેની અનોખી રીતે મને ગમી અને ઠરાવ્યું કે તે મદ્રાસમાં સ્થિર થાય કે તરત એમની પાસે એક સારો વિદ્યાર્થી મોકલી આપવો.

નીલગિરિના આ ત્રણ માસના નિવાસકાળમાં હિંદની પ્રાચીનતમ જાતિ ટોડાઓ, તેમનાં મકાનો, તેમનાં દેવળો, ભેંસો વગેરે જોવાની તક પણ મળી અને કેટલાંક આહ્લાદક દૃશ્યચિત્રો પણ તૈયાર થયાં. તે ઉપરાંત એ જ ગાળામાં કેરલ કલામંડળના અધ્યેષ્ઠાશ્રી જેમણે ત્યાંની પ્રાચીન નૃત્યકલાનો સમુદ્ધાર કરેલો તે પ્રથમ વાર હાલના જગતમાં તેના કથકલી નૃત્ય-પ્રકાર બતાવવા ઉતાકામંડ આવ્યા હતા. અમારી મંડળી માટે સર ચિનુભાઈએ પ્રથમ વર્ગની આખી હાર રોકી હતી. તે વખતે કથકલીનાં પાત્રો અને અભિનયોના સ્કેચ મેં કર્યા, જે સૌ પ્રથમ વાર ગુજરાતમાં 'કુમાર' દ્વારા પ્રસિદ્ધ કર્યા (અંક: ૧૨૬)

આ પછી રામસ્વામી અને વ્યંકટ-અચલમ્ દ્વારા ખબર મળ્યા કે મશહૂર કવિ (અને સરોજિની નાયડુના ભાઈ) હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય તથા તેનાં પત્ની કમલાદેવી પોતાના બાળક સાથે ઉતાકામંડ આવ્યાં છે. ત્યાં તે બંનેએ મળી 'Returned from abroad' નામક પોતાનું જ રચેલું નાટક ભજવ્યું, રંગભૂમિ પર માત્ર કાગળનો બનાવેલો એક જ પાર્શ્વભૂમિનો સેટ ખડો કરેલો હોવા છતાં અદ્‌ભુત ભાવાભિનય વડે નાટક ગતિમાન અને નૈતિક અસરવાળું નીપજી રહ્યું. પાછળથી હું અને શ્રી દીવાન એમની હૉટેલ પર જઈ મળ્યા અને અમારા નિવાસ પર આવવા નિમંત્રણ આપ્યું. બાળક બીમાર હતો એટલે કમલાદેવી આવી ન શકયાં, પણ હરીન્દ્રનાથ આવીને અરધી રાત સુધી હારમોનિયમ ઉપર પોતાનાં ગીતો સંભળાવી ગયા. તે પછી તેઓ અમદાવાદ આવ્યા ત્યારે સર ચિનુભાઈના મહેમાન થયા હતા અને તેમના લાભાર્થે તેમનું નાટક જાહેર પ્રજા આગળ મૂક્યું હતું. તે વખતે કમલાદેવી સાથે નહોતાં પણ તેમની વતી શ્રી વિનોદિની નીલકંઠે તે પાઠ સંભાળી લીધો હતો.

એ પ્રવાસમાં મેં મદ્રાસના ચિત્રકારો, શિલ્પીઓ અને પુરાતન કામો ઉપરાંત શ્રવણ બેલગુલની એક જ પહાડમાંથી જુદી ઊભી કોતરાએલી ગોમતેશ્વરની પ્રતિમાથી માંડી ઠેક કન્યાકુમારી સુધીનાં પ્રાચીન મંદિરો આદિ જોયાં. મૈસૂરના રાજમહેલનાં ચિત્રો જોયાં તેમજ ત્યાંનું વિખ્યાત કર્ણાટકી શિષ્ટ સંગીત પણ સાંભળ્યું. પ્રખ્યાત બંગીય કલાચાર્ય અવનીન્દ્રનાથના દક્ષિણ ભારતના શિષ્ય વ્યંકટપ્પાને ઘેર જઈ એ વિલક્ષણ સ્વભાવના સાધકની પૂર્ણતાભરી કૃતિઓ જોઈ. આવા આ દેશમાં આપણા ગુજરાતનો એક વિદ્યાર્થી કલાસાધના માટે આવી જાય તે અમારા સર્વ સાથીઓને યોગ્ય લાગ્યું. અને તે પ્રમાણે અમદાવાદ આવી મેં રસિકલાલને મદ્રાસ આર્ટ સ્કૂલમાં જઈ દેવીપ્રસાદ રાયચૌધરી પાસે મદ્રાસના કલાકારોની સાધનામાં સાથી બની દીક્ષા મેળવવા સમજાવી લીધા. તેના ખર્ચ માટે સર ચિનુભાઈએ માસિક રૂ. ૨૫ની મંજૂરી આપી અને મદ્રાસમાં રહેલા તેમના સંબંધી ને મારા પરમ મિત્ર રત્નમણિરાવને ઘેર, તેમનાં સુશીલ પત્ની પુષ્પાબેનના આશ્રયે રાખવાનું ઠરાવ્યું.

ઈ. સ. ૧૯૨૮–૨૯–૩૦નાં વર્ષ રસિકલાલ મદ્રાસમાં રહ્યા તે દરમિયાન ત્યાં ચિત્રકળા ઉપરાંત શિલ્પકામ, કાષ્ઠ-ચિત્ર-ખુદાઈ (વૂડકટ) અને ફોટોગ્રાફી પણ શીખ્યા; અને તે સાથે અમદાવાદથી શીખી ગએલા તે છાંટ-ચિત્રકામની પદ્ધતિથી ત્યાંના વિદ્યાર્થીઓને મુગ્ધ કર્યા. દક્ષિણ ભારતના વિખ્યાત અંગ્રેજી દૈનિક 'હિન્દુ'ની સાપ્તાહિક આવૃત્તિના અગ્રપૃષ્ઠનું ઈનામ પણ તેમણે મેળવેલું. આ દરમિયાન જે જે સારાં ચિત્રો, સ્કેચવગેરે કરતા ગયા તે 'કુમાર'ને મોકલતા રહ્યા. તે પરથી સમજાયું કે તેની સાધના સાર્થક હતી. શ્રી રાય-ચૌધરીએ પણ મને એક વાર કહેલું કે હજી પોતાને રસિકલાલ જેવો બીજો વિદ્યાર્થી મળ્યો નથી! રસિકલાલે અમદાવાદ છોડયું અને ત્રણ વર્ષે પાછા આવ્યા ત્યાં સુધી મારી સાથે નિયમિત પત્રવ્યવહાર રાખેલો, જે 'સન્નિષ્ઠ ચિત્રકારના પત્રો' નામે લેખમાળા દ્વારા 'નવચેતન'ના ૧૯૭૨–૭૩ના અંકોમાં પ્રકટ થઈ ચૂકયો છે.

• વ્રજલાલ ત્રિવેદી

મારા ઘરની નજીકમાં વિશ્વકર્માની વાડીમાં ઈન્દુલાલ યાજ્ઞિકના પ્રયત્નથી પ્રાથમિક કક્ષાથી જ રાષ્ટ્રીય શિક્ષણ આપતી 'નવી ગુજરાતી શાળા' શરૂ થઈ હતી, તેમાં ગાંધી સંપ્રદાયના ઉત્તમ શિક્ષકો જોડાયા

હતા. તેઓ હમેશાં મને તેમની શાળાનો એક સંબંધી માનતા. તેમાંના એક શિક્ષક રેવાશંકરભાઈ અને ભાનુભાઈ એક વાર મારા ચિત્રગૃહમાં એક જુવાનને લઈ આવ્યા, અને તેને ચિત્રકલા માટે મારા વિદ્યાર્થી તરીકે રાખવા જણાવ્યું. તેને પૂછતાં જણાયું કે શહેરમાં તેને રહેવા ઠામ નથી તેમ સાથે કંઈ સામાન નથી. એક પહેરણ ઉપર લાંટીવાળો કબજો અને હાથમાં જૂના મેલા કાગળોનો એક થોકડો. મેં જોયું કે તેણે ખૂબ ઝનૂનથી એટલા બધા કાગળો ચીતરી માર્યા હતા કે તેનું મગજ ઊભરાતું લાગ્યું. અભ્યાસધંધા વિષે પૂછ્યું તો કહે: 'ચાર ચોપડી ભણ્યો છું. વળી દરબારના રસોડે મેં'માનો માટે રસોઈ કરી આજીવિકા મેળવું છું. ઘેર માતા હયાત નથી. વૃદ્ધ પિતા છે તેને સાચવી લેવા પડે છે.' મેં પૂછ્યું: 'ક્યારથી આવશો?' તો કહે: 'આ ઘડીથી જ અહીં રહી જાઉં. મને છાપખાનામાં કંઈ કામ આપી મારા રોટલા કાઢું એટલું આપશો તો સંતોષ માનીશ.'

મેં 'કુમાર કાર્યાલય'ના કામકાજની સમસ્ત જવાબદારી બચુભાઈને ભળાવી દીધી હતી. તેમને બોલાવી આ જુવાન માટે કંઈ ગોઠવણ કરવા કહ્યું. તેમને, છાપખાનામાં છપાતાં કલાચિત્રોને સૂકવવા ઈન્ટરલીવ કરવા છાપનાર સાથે માણસની જરૂર પડતી. તેમાં રાતના કામના બાર આના મજૂરી અપાતી. આ જુવાને તે કબૂલ રાખી ને અડ્ડો નાખ્યો. નાહવું-ધોવું, શૌચ વગેરે કાર્યાલયમાં પતાવી નજીકની એક વીશીમાં બીજા વિદ્યાર્થીઓ સાથે તે જમી આવે અને રોજ સવારે તો પલાંઠો મારી મેં સોંપેલું કામ કરવા બેસી જાય. કોઈક વખત મારે ઘેર મહેમાન આવે તો પોતાનો રસોઈકામનો મૂળ હુન્નર બતાવતાં જરા ય ખચકાય નહિ.

એનો હાથ તો એટલો જામ્યો કે તેણે મોટાં માપનાં ચિત્રોના આલેખોનો એક ચોપડો ભરી નાખ્યો, ને મેં ટીકા-સુધારાં સહિત બતાવેલાં ચિત્રો ખૂબ ચીવટથી મોટાં કરી બતાવ્યાં. તેમાંનાં કેટલાંક 'કુમાર'માં છપાયાં છે. ભારતી સાહિત્ય સંઘે તેમનાં ચિત્રોનું એક આલ્બમ પણ પ્રસિદ્ધ કરેલું, જેનો બધો સરંજામ હાલ દીપક પ્રિન્ટરી પાસે છે. (એમનું એક 'કુમાર'માં નહિ આવેલું ચિત્ર આ અંકમાં જોશો.) થોડાં વર્ષોમાં તો તેણે સારી રકમનાં ચિત્રોનું વેચાણ કરી નાખ્યું. વળી ચિત્રકામનાં એક-બે સારાં ટ્યૂશનો મેળવ્યાં એટલે શાંતિનિકેતન જવા અભિલાષા થઈ, ને એકાદ વર્ષની સ્કૉલરશિપ મેળવી શાંતિનિકેતન નંદબાબુને ચરણે જઈ બેઠા. ત્યાં સૌની એવી તો પ્રીતિ મેળવી કે ઈ. ૧૯૪૧માં શાંતિનિકેતનના વર્ષામહોત્સવના મુખ્ય અતિથિ તરીકે ત્યાંના સમસ્ત વિદ્યાર્થીમંડળ પાસે મને આમંત્રણ અપાવ્યું. એમને વિષે વધુ આગળ કહીશ.

રસિકલાલના મદ્રાસ ગયા પછી અમદાવાદના મારા ચિત્રવર્ગમાં અને 'કુમાર' દ્વારા શું શું બન્યું તેની વિગતો પણ પાર વગરની છે. ડૉ. હરિપ્રસાદને ગુજરાતના ખૂણે ખૂણે પડેલી પ્રાચીનતા તેમ જ લોકજીવન નીરખવાનો નાદ હતો. ઘણા વખતથી મને તે ઉત્તર ગુજરાતમાં વિજાપુર પાસે વાત્રક-સાબરના સંગમ પર આવેલા કોઠારક (કોટયર્ક)ના ખંડિયેર મંદિરમાં પડેલી પાષાણ-પ્રતિમાઓ તેમજ માનવ કદની વરાહમૂર્તિની વાત વારંવાર કરતા અને તે પ્રાચીન સૂર્યમંદિર હોવાનું કહેતા. ગુપ્તકાળ અને સોલંકીકાળની સંધિ વેળા ગુજરાતમાં દેવપૂજાના જે જુદાજુદા સંપ્રદાયો પ્રચલિત હતા તેની સચોટ પ્રતીતિ ને કલાકુશલતાની ખાત્રી આપતાં આ ખંડેરો જોવા અમે એક વાર ત્યાં ગએલા અને એ પ્રતિમાઓ જોઈ હું અજબ થઈ ગયો! મેં આજ સુધી જોએલી પ્રતિમાઓ સપાટ પૃષ્ઠભાગવાળાં ભાસ્કર્યો હતી જ્યારે માતૃબાળકની આ પ્રતિમાઓ ચોપાસ ઘડાએલી (સર્વતોભદ્ર) પ્રતિમાઓ હતી. વાત્રક અને સાબરના બરોબર સંગમ ઉપર નીકળતી ભેખડ ઉપર અવાવરુ સ્થિતિમાં એ અવશેષો પડયા હતા. પહેલી જ વાર તેના ફોટોગ્રાફો લેવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું. એ પ્રતિમાઓનું સ્તવન મન ભરીને મેં 'કુમાર'માં આલેખ્યું છે. 'કુમાર'ના છઠ્ઠા વર્ષમાં તે ચિત્રો સાથે છપાતું હતું ત્યારે એક નોંધવા લાયક પ્રસંગ બન્યો.

એક ઉનાળાની બપોરના સમયે હું કુમાર કાર્યાલયમાં ફરતો હતો ત્યાં બહાર દરવાજે એક મોટર આવીને ઊભી રહી ને તેમાંથી ઊંચા, કદાવર શરીરવાળા, ખાખી ચડ્ડી અને હાફકોટમાં એક અંગ્રેજ અને પાછળ પૂરા બૂટસૂટમાં સજ્જ કેળવણી ખાતાના વડા ઈન્સ્પેક્ટર શ્રી સૂરજરામ વકીલ ઊતર્યા. શ્રી વકીલ સાહેબની ઓળખાણ કરાવી કે તેઓ મુંબાઈ ઈલાકાના કેળવણી ખાતાના ડાયરેક્ટર પૂનાથી આવેલા મિ લૅારી હતા અને ખાસ કુમાર કાર્યાલય જોવા તથા મારી સાથે કેટલીક વાતો કરવા માગતા હતા. મેં આનંદથી એમને સત્કાર્યા, શ્રી બચુભાઈનો પરિચય કરાવ્યો ને કાર્યાલયમાં આગળ લીધા. તે વખતે છાપવાના યંત્ર ઉપર કોટયર્કની પ્રતિમાવાળો મારો લેખ ચિત્ર સાથે છપાતો હતો. તે જોઈ લૅારીસાહેબ એકદમ અટકયા ને છપાતો કાગળ હાથમાં લઈ ચિત્ર જોતાંવેંત પૂછ્યું: 'વ્હેર ઈઝ ધિસ?' (આ સ્થળ કયાં આવ્યું?) મેં કહ્યું ઉત્તર ગુજરાતમાં વિજાપુર પાસે. 'ઓહ! સીમ્સ ટુ બી પ્રી-સોલંકી' (પૂર્વ સોલંકી કાળનું લાગે છે). મિ. વકીલ, મારે આ સ્થળ જોવા જવું જ પડશે.' એટલી વાત કરી અમે મારો ચિત્રખંડ જોવા મેડે ચડયા. ત્યાં ચિત્રોના બ્લૉક બનતા જોયા અને ફરી શ્રી વકીલને કહ્યું: 'મિ. વકીલ, તમારી મેઈલ ટ્રેઈનિંગ કૉલેજના શિક્ષકોને આ બધું બતાવો. તેઓ જાણે કે પુસ્તકો અને ચિત્રો કેમ બને છે અને કેમ છપાય છે. શિક્ષકમાત્રે આ બધું જાણવું-જોવું જોઈએ.' પછી મને કહ્યું: 'તમે બધા શિક્ષકોને જોવા દેશો ને?' મેં કહ્યું: 'ઘણી જ ખુશીથી. તેઓ રોજ વીસની સંખ્યામાં આવશે તો ભીડ વિના સ્વસ્થતાપૂર્વક બીબાંની ગોઠવણી, ચિત્ર-બ્લૉકની કારીગીરી અને છપાઈ સુધી હું સમજાવીશ.' 'તો તેનો હું બંદોબસ્ત કરીશ.' કહી વકીલે સાહેબની વાત ઉપાડી લીધી.

ચિત્ર-ખંડમાં કામ કરતા વિદ્યાર્થીઓ તથા અમારો સરંજામ વગેરે જોઈને સાહેબ અજબ થયા અને બારણા બહાર આવી મને પૂછ્યું: 'હમણાં શાળાના ચિત્રકામમાંથી ફ્રી હૅન્ડ ડ્રૉઈંગ બોર્ડ કે પટ ઉપર કરવાનો રિવાજ કાઢી નાખવાની વાત થાય છે, એ બાબતમાં તમારો શો મત છે?' એ કાળે આ પ્રશ્ને મુંબાઈમાં અને ચિત્રશિક્ષકોમાં ખૂબ ઊહાપોહ જગાડ્યો હતો. મૌલિકતાને અભાવે ચિત્રશિક્ષકોને મૅકમિલન કંપનીએ બહાર પાડેલા ફ્રી હૅન્ડ (મુક્ત હસ્ત)નાં પટો વાપરવાનો હુકમ થએલો, એટલે આખા ઈલાકામાં એક જ ઘાટીની પ્રથા જામી ગએલી. હું મારા વિદ્યાર્થીઓ માટે પ્રારંભમાં જરૂર પૂરતી નકલો કરાવતો, જ્યારે શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો તો જીવનભર નકલો પર જ નભતા. તે એટલે સુધી કે જેને મેમરી ડ્રૉઈંગ (સ્મૃતિચિત્ર) કહે છે તેની પણ ચિત્રની ચોપડીઓ જ વેચાતી હતી અને પ્રાથમિક શાળાઓ માટે તો એ આપેલા ક્રમનાં જ ચિત્રો ચવાઈ ગયાં હતાં. આથી ચિત્રશિક્ષણનો હેતુ અને તેથી વિકસાવવાની દૃષ્ટિ અને સ્મૃતિની વાત તો વીસરાઈ જ ગઈ હતી. આ બધું જણાવી મેં લૅારી સાહેબને સ્પષ્ટ કહ્યું કે 'એકલા ફ્રી હૅન્ડની સફળતા એ ચિત્રકામનું લક્ષ્ય નથી જ. સામૂહિક વર્ગમાં દરેક જણના હાથના વળાંકા સુધારવાની તથા દૃષ્ટિવિસ્તાર કરવાની તાલીમ માટે કેટલાક પાઠો આપી શકાય. પણ છેવટે તો નિરીક્ષણ ને સ્મૃતિના આલંબનથી તે સ્વતંત્રપણે ચિત્ર કરી શકે ત્યારે જ નિર્માણશક્તિનો પ્રારંભ થાય.' મારા આ અભિપ્રાયથી લૅારી સાહેબ પ્રસન્ન થયા જણાયા; ને બીજા દિવસથી શ્રી વકીલે પણ ટ્રેઈનિંગ કૉલેજના વિદ્યાર્થીઓને વીસ-વીસના જૂથમાં અમારે ત્યાં મોકલવા માંડયા. પણ તે પછી કોઈ પણ વખત શિક્ષણ ખાતાએ અમારી વ્યાપક શૈક્ષણભાવનાને આવકાર્યાનું યાદ નથી.

(ચાલુ)

નાના અને માણેક

વિષ્ણુ પંડ્યા

આ હારસો સત્તાવનના મરણિયા જંગનાં બે યાદગાર પાત્રો તે નાનાસાહેબ પેશવા અને તાત્યા ટોપે. છેક સુધી એ લડાઈને સળગતી રાખવામાં આ બંને નેતાઓએ જે પ્રયાસો કર્યા તેમાંના કેટલાક સાથે તો ગુજરાતને ય સીધો સંબંધ છે. નોંધવા જેવી રસપ્રદ વાત તો એ છે કે ૧૮૫૭ના મોટા ભાગના આગેવાનોને અંગ્રેજો જીવતા પકડી શક્યા નહોતા. બેગમ હજરતમહલ અને તેનો સગીર પુત્ર, અઝીમુલ્લાખાન, ફિરોઝશાહ, નાનાસાહેબ અને તાત્યા ટોપે—આમાંના કોઈ પણ અંગ્રેજ સેનાપતિઓના હાથમાં આવ્યા નહિ. તાત્યા ટોપેને બદલે કોઈ ભળતા જ ચહેરાવાળાને અપાએલી ફાંસીની વિગતો ઇતિહાસકાર શ્રી હાર્ડીકરે ખુદ તાત્યાના વંશજોને જાતતપાસ દ્વારા આપેલી છે.

—તો ક્યાં વસ્યા હતા પોતાના અંતકાળે આ કુશળ સંગઠકો? નાનાસાહેબનું કાનપુર-પરાજય પછી શું થયું? પછીની નાનીમોટી લડાઈઓમાં તેમણે કેવો ભાગ ભજવ્યો? અને ક્યારે મૃત્યુ પામ્યા?

આ એક મોટો કોયડો–ખુદ અંગ્રેજોને ય કેટલાં યે વર્ષો સુધી સુખે સૂવા ન દેનારો બન્યો હતો. અને જેમ પછીનાં વર્ષોમાં અનેક એમ. એન. રૉય (માનવેન્દ્રનાથ રૉય)ને અનેક જગ્યાએથી પકડવામાં આવેલા, તેમ અંગ્રેજ બહાદુરોએ અનેક નાના સાહેબોને ય પકડ્યા હતા!

ઈ. ૧૮૬૧ થી ૧૮૭૫ સુધીનાં વર્ષોમાં આવી જાસૂસી પ્રવૃત્તિ પર અંગ્રેજ અધિકારીઓના ગુપ્તચર તંત્રના ચોપડે લખાએલાં તથ્યો અનેક રીતે પ્રકાશ પાથરે છે.

શરૂઆતમાં તો નક્કી કરીને જાણ કરાઈ કે નાના કાનપુર પરાજય પછી પોતાના પરિવાર સાથે નેપાળ ભાગી ગયા હતા અને ત્યાં લડાઈમાં માર્યા ગયા હતા. પરંતુ પછી અનેક વિગતો બહાર આવતી ગઈ. નાના મૃત્યુ પામ્યાની સરકારી જાહેરાત પછી કાશીબાઈ (નાનાસાહેબનાં પત્ની)ના પિતા ઈ. ૧૮૬૪માં વિધવા પુત્રીને મળવા ખટમંડુ ગયા તો તેણે આશ્ચર્ય અનુભવ્યું કે પુત્રીના દેહ પર વૈધવ્યનો કોઈ અણસાર નથી! અરે, તેનુ મંગળસૂત્ર અને ચૂડીઓ ય યથાવત્ હતી! તત્કાલીન નેપાળના મુખ્ય મંત્રી રાણા જંગબહાદુરે ય ડૉ. ઓલ્ડફીલ્ડને નવેમ્બર ૧૮૬૦માં કહેલું કે મને એમાં શંકા નથી કે બાલારાવ (નાનાસાહેબના ભાઈ)નું મૃત્યુ થયું હોય, પણ એવું જ હું નાનાસાહેબ માટે કહી શકું એમ નથી.' પરિણામે સરકારની શોધ નાનાને પકડવા માટે ચાલુ જ રહી.

...અને એ પ્રવૃત્તિએ ગુજરાતમાં પણ કેટલીક ઘટનાઓ સર્જી.

ઈ. ૧૮૬૧નો નવેમ્બર મહિનો. અખબારોમાં સમાચાર પ્રકાશિત થયા કે નાનાસાહેબને કરાચીમાંથી પકડી લેવામાં આવ્યા છે. કરાચીમાંથી પકડાએલી બે વ્યક્તિઓનાં નામ હતાં–હરજીભાઈ છેદાનંદ અને વ્રજદાસ ભગત. બેઉને કરાચીના બંદરમાંથી જ ઝડપી લેવાયા હતા, અને ગુપ્તચરોએ ઓળખી કાઢ્યા હતા કે આ હરજીભાઈ પોતે જ નાનાસાહેબ છે, ને વ્રજદાસ તેમનો સેવક!

બેઉની તપાસ કરાઈ અને નિવેદનો લેવાયાં. એમાં જાણવા મળ્યું કે બેઉ આવ્યા હતા બેટ દ્વારકાથી. કોઈ લક્ષ્મીપ્રસાદની હોડીમાં દ્વારકાથી કરાચી પહોંચ્યા હતા. હરજીભાઈએ કહ્યું: મારુ નામ હરજીભાઈ નથી, ફતેહચંદ છે....અને થોડી મથામણ પછી બંનેને છૂટા કરી દેવાયા.

પણ ફરી આશંકા ઊઠી—જકાતનાકાના અધિકારી ડિ સૂઝાને, કે આનો દેખાવ નાના જેવો જ છે, એટલે ફરી આદેશ કાઢી બીજી સવારે હરજીભાઈ કરાચીમાં શાકભાજી ખરીદતા હતા ત્યારે એમને પકડી લેવાયા. ઊલટતપાસ કરાઈ. હરજીભાઈએ કહ્યું કે હું તો બાર વર્ષથી બેટ દ્વારકાના મંદિરમાં રહું છું ને યાત્રાળુઓને જાચવા અહીં સુધી આવું છું. આજે અહીં કરાચી, હૈદરાબાદ અને શિકારપુરના ભક્તો પાસેથી નાણાં લેવા આવ્યો હતો. મારી સાથે મારો ભક્ત-સેવક વ્રજદાસ છે.

પણ કોઈને સંતોષ થયો નહિ. તપાસ આગળ ધપી. ઓળખ માટે



નાનાસાહેબ પેશ્વા ▷

૧૮૫૭ના થોડાક અધિકારીઓને બોલાવાયા. બંગાલ ફ્યુસિલિયર્સ,—હર મૅજેસ્ટીની ૧૦૧ ટુકડીનો માર્ટિન મર્નર હરજીભાઈને જોઈને બોલ્યો કે આ નાનાસાહેબ જ છે! આઝમગઢના નિવાસી મનોહર બીહરાએ તેમની ડાબી આંખ નીચેના ઘાને ઓળખી કાઢ્યો. કરાચીના પોલીસ કૉન્સ્ટેબલ માઇકેલ ડીગાને પણ એવું જ મંતવ્ય આપ્યું, તો ટંડેલ નામના માણસે કહ્યું કે 'હરજી છ-સાત વર્ષથી બેટદ્વારકામાં રહેતો હતો. એ બાળકોને દવાઓ આપતો.' બીજા નવ સાક્ષીઓના જણાવ્યા પ્રમાણે હરજી ગીતા લખતો, દવાઓ આપતો. તે હૃષ્ટપુષ્ટ અને ૩૮-૪૦ વર્ષનો હતો.' (નાનાસાહેબ ૧૮૫૭માં પાંત્રીસ વર્ષના હતા.)

બંનેની તસ્વીરો લેવાઈ. મુંબાઈ અને કાનપુર ગુપ્તચર વિભાગે તપાસ કરી. મૅજિસ્ટ્રેટે બંને પર વૉરન્ટ બજાવીને કારાવાસમાં ધકેલ્યા અને ઝીણવટભરી ચોકસી શરૂ થઈ. તેનો અહેવાલ મળ્યા પછી મુંબાઈના ગવર્નરે હિંદી સરકાર પાસે વધુ કાર્યવાહી માટે આદેશ માગ્યો. કર્નલ ડુરાન્ટે મુંબાઈના ગવર્નરને જણાવ્યું કે બંને કેદીઓને કાનપુર મોકલો.

પરંતુ તેમને કાનપુરને બદલે મોકલાયા કલકત્તા! બંને કેદીઓને તો ગુજરાતી ભાષા જ આવડતી હતી. હવે શું! સચિવ, ભારતીય શાસન દ્વારા (પત્ર ક્રમાંક ૫૦૭, દિ. ૨૭ મે, ૧૮૬૨) વળી કેદીઓને મુંબાઈ, ને ત્યાંથી કાનપુર મોકલી દેવાયા. અને ત્યાર પછી પત્રસંખ્યા ૨૬૨-૪૬૭ (દિ. ૧૭ મે, ૧૮૬૩) પરથી આપણે એટલું જાણી શકીએ છીએ કે આ કેદીઓને જોઈને કલકત્તાના હોરમસજી બહેરામજી મોદીએ (જે ભૂતકાળમાં નાનાસાહેબના વકીલ હતા. અને નાનાસાહેબના કેસ માટે ઇંગ્લૅંડ ગએલા.) સ્પષ્ટ કર્યું કે આમાંના કોઈ નાનાસાહેબ નથી, એટલે ૨૭ મે, ૧૮૬૨ના રોજ બંનેને છોડી દેવાયા! ગમે તેમ પણ 'દ્વારકા-બેટમાં નાનાસાહેબ'—એ એક સંશોધનની ઘટના તો છે જ.

દ્વારકાના ગોપાળજી નામના એક અંધ પૂજારીએ પણ સરકાર સમક્ષ એક નિવેદન આપેલું તે આ અંગે રસમય જણાશે. હરજીભાઈ-પ્રકરણ અંગેની તપાસ દરમિયાન ગોપાળજીએ લખાવેલું તે પ્રમાણે 'ત્રણેક વર્ષ પર દ્વારકામાં એક મકાનમાં હું નાનાસાહેબને મળેલો. તેમણે મને 'આપ્પારામ' નામ જણાવેલું. જો કે તેમનું ખરું નામ 'નાના ભટ્ટ' હતું, પણ તેમણે કહેલું કે મને આપ્પારામ તરીકે જ ઓળખાવવામાં આવે. ત્યાર પછી આપ્પારામ કચ્છ ભૂજ ગએલા, ત્યાંના રાજાની કન્યાનાં લગ્ન પ્રસંગે રાજાએ એ સમયે ઘણું દાન કરેલું. આપ્પારામ આ રાજા પાસે બે માસ રહીને ત્યાંથી કરાચી ગએલા. ત્યાં ત્રણ દિવસ રહીને હૈદરાબાદ (સિંધ)ગયા ને ત્યાં ત્રણેક મહિના રહી સક્કર, શિકારપુર ને બહાવલપુર ગયા. ત્યાંથી રાવળપીંડી જઈ હુકમચંદ ખત્રીની સરાઈમાં આઠ દિવસ ગાળ્યા. આપ્પારામે ત્યાર બાદ લાહોર-અમૃતસર-કાશ્મીર તરફ પ્રયાણ કર્યું, આપ્પા પાછા વળ્યા ત્યારે કહેતા હતા કે કાશ્મીરના મહારાજાએ તેમને સહાય કરવા વચન આપ્યું છે.'

ગોપાળજીના બયાનમાં નાનાની છદ્મવેશી યાત્રાનો ઇતિહાસ આગળ ધપે છે: 'રાવળપીંડીથી પેશાવર જઈ નાનાએ સૈન્યના ભારતીય અધિકારીઓ સાથે મુલાકાત લીધી. ત્યાં તેમને જાણ થઈ કે અફઘાનિસ્તાનના અમીર દોસ્તમહમદના મૃત્યુ પછી બળવો થવાનો છે. દોસ્ત-

મહમદનો પુત્ર ખુદ પેશાવર આવીને મળી ગયો હતો. પેશાવરથી નાના નાભા થઈને બીકાનેર પહોંચ્યા.' દ્વારકામાં નાનાસાહેબના ગુપ્તનિવાસ અંગે બીજાં બે અનુમાનો પણ છે. એક તો, આજે ય દ્વારકાના એક મકાનને 'નાનાનું ઘર' તરીકે ઓળખાવવામાં આવે છે; અને બીજું, ગોપાળજીના બયાનમાં નાનાસાહેબની કચ્છયાત્રા અને કચ્છના મહારાજાની મુલાકાત છે. કચ્છમાં પણ નાનાસાહેબ સાધુવેશે રહેલા અને મહારાજાએ તેમને મદદ કરેલી એવો અણસાર મળે છે.

કચ્છમાં નાનાસાહેબના નિવાસ વિશે શ્રી માનસંગજી બારડે (તંત્રી પથિક) મને લખેલું: '૧૮૫૭ના આઝાદી સંગ્રામના બે નેતાઓ કચ્છમાં સાધુવેશે આવેલા અને મૃત્યુ લગી રહેલા. બંને કચ્છના રાપર તાલુકામાં રહેલા. એક ભુટકિયા (ભીમાસર) ગામમાં રહેતા, જ્યારે બીજા ખિરોઈ અથવા વિથેરાઈના ડુંગરની ગુફામાં રહેતા. ખિરોઈના ડુંગરની ગુફાવાળા એ નેતા 'ભભૂતગરજી'ને નામે ઓળખાતા, કચ્છના સ્વ. મહારાવ ખેંગારજીએ એમની ખાનગી મુલાકાત લીધેલી. માળિયા (મોરબી) ઠાકોર પણ તેમને મળવા આવતા. એમના સ્વર્ગવાસના સમાચાર દિલ્હીના અંગ્રેજી અખબાર 'ઑર્ગેનાઈઝરે' આપેલા...નાનાસાહેબ કચ્છ આવ્યા હતા અને ભુજમાં દિવસો સુધી રહ્યા હતા પરંતુ તેનો લિખિત પુરાવો હજી સુધી મળ્યો નથી. રાજ્યકુટુંબના ખાનગી દસ્તાવેજોમાં ક્યાંક એ પુરાવો હોવો જોઈએ...તત્કાલીન ન્યાયાધીશ તાપીશંકરભાઈને (વિ. સં. ૧૯૭૭માં લગભગ) મેં એવું બોલતા સાંભળેલા કે નાનાસાહેબ પોતાના એક સાથીદાર સાથે સાધુવેશે અહીં આવેલા અને પંડયાની ડેલી બહારના બાજુના ખાંચામાં રહેલા. એ સમયે કચ્છના મહારાવે એવું જણાવેલું કે 'જો તેઓ કચ્છમાં રહે અને પોલિટિકલ એજન્ટને ખબર પડે તો આપણી સ્થિતિ વિકટ બને એટલે નાનાસાહેબને ખોટું ન લાગે એ રીતે સમજાવીને કચ્છની બહાર સલામતીથી પહોંચી જાય એવું કરવું.'

દ્વારકા-ઓખામાં ઈ. ૧૮૫૭ પછી છ સાત વર્ષ સુધી વાઘેરોનો બળવો ચાલેલો. શું એ બળવામાં નાનાસાહેબ સાધુવેશે પ્રેરણા આપવામાં કામયાબ નીવડયા હશે?–એવો પ્રશ્ન સહેજે થઈ શકે. વળી, કચ્છમાં જેમ 'બાવા ભભૂતગર' નામે સાધુ હતા, એવું જ સૌરાષ્ટ્રના જૂનાગઢ-વંથળી-માણાવદર વિસ્તારમાં પણ 'બાવા ભભૂતગર'ના નામે એક પાત્ર લોકપ્રિય હતું. એ બાવા ભભૂતગરે બાંટવા નજીકના કોડવાવ નાગના ગામડાની નદીને કાંઠે આવેલા કોટેશ્વર મંદિરના પૂજારી તરીકે ઘણાં વર્ષો કામ કરેલું. તત્કાલીન પ્રેક્ષકોના કહેવા પ્રમાણે, ભભૂતગરે ઘોડો રાખેલો, અને ઘોડા પર સમગ્ર પંથકમાં ફરી વળવાની તેમની દિનચર્યા હતી.' આપણા જાણીતા નવલકથાકાર ગુણવંતરાય આચાર્યે પણ આ ભભૂતગરને તેમની એક નવલકથામાં પાત્ર તરીકે નોંધેલા છે.

આ જ સંદર્ભમાં ઓખાના વાઘેરોએ અંગ્રેજ અને ગાયકવાડ સૈન્ય સામે ઝીલેલી ટક્કરનાં તથ્યો પણ જોવાં જોઈએ. વાઘેરોએ પહેલો બળવો ૧૮૨૦માં કરેલો, જે ગાયકવાડી સૈન્યે અંગ્રેજોની મદદથી દબાવી દીધો. ત્યાં ૧૮૫૭ની પૂર્વભૂમિકા રચનારા રાજવીઓ, સૈનિકો ને સાધુઓ દેશભરમાં ઘૂમી વળ્યા. કેટલાક સાધુઓ આ વિસ્તારમાં પણ આવ્યા. 'વાઘેરોએ આ તક ઝડપી લીધી.' ૧૮૫૮માં જુદાંજુદાં ગામોના વાઘેરો ૧ જાન્યુઆરીએ એકઠા થયા. તેમાં ઉમરાપુરના જોધા માણેક અને બાપુ માણેક, ભોજવાડાના ભોજા માણેક અને રેવા માણેક, વસઈના રણમલ માણેક અને દીપા માણેક, સોમેશ્વરથી દેવા ચુબાણી અને ઘંઘુ માયાણી, રાજપુરના સફા માણેક અને રાયદે વગેરે ઉપસ્થિત હતા. સઘળા લોકોએ 'લડીને મુલક જીતી લેવા' નિર્ણય કર્યો. જોધા માણેકે પહેલાં તો આમ કરવા ના પાડી, પણ પછી તે પણ સહમત થયો. ઈ. ૧૮૫૮ના માર્ચમાં તેમનો પહેલો હુમલો બેટ પર થયો. પ્રિન્સ આર્થર ચોથી બટાલીઅનની એક કંપની લઈને વાઘેરોને કચડવા આવ્યો, પણ નાસીપાસ થયો. એપ્રિલમાં બીજા હુમલામાં તે ફાવ્યો, પણ વાઘેર નેતાઓ છટકી ગયા. થાકેલા બ્રિટિશ સૈન્યને તુરત બેટ છોડીને જવું પડયું, ત્યારે વાઘેરોએ માન્યું કે ૧૮૫૭ની લડાઈથી હવે બ્રિટિશરો દેશ છોડી રહ્યા છે, એટલે બેટ દ્વારકામાં રહેલા ગાયકવાડી સૈન્ય સામે વાઘેરો ફરી યુદ્ધે ચડયા. ઈ. ૧૮૫૯ના એપ્રિલમાં ગાયકવાડે સમાધાન માટે નારાયણરાવ રઘુનાથ અને સુખરામ પુરુષોત્તમ નામના પોતાના બે પ્રતિનિધિઓ મોકલ્યા, પણ તેમનો પ્રયત્ન નિષ્ફળ ગયો. આ ઘટનાઓએ વાઘેરોને હિંમત આપી. સૌરાષ્ટ્રની લોકકથામાં જીવંત બની ગએલા મુળુ માણેકે ૩૦ જુલાઈ, ૧૮૫૯ના રોજ દ્વારકા પર ચડાઈ કરીને જીતી લીધું. સાત દિવસની લડાઈ પછી બેટ દ્વારકા પણ જિતાયું. અને ઑગસ્ટ સુધીમાં તો સમગ્ર ઓખામંડળમાં મૂળુની આણ પ્રવર્તી ચૂકી. જોધા માણેકને મંડળનો વડો નીમવામાં આવ્યો. તેણે પોરબંદર અને જામનગરના રાજવીઓને એક પત્ર લખીને 'ગાયકવાડ તેમજ બ્રિટિશરો સામે યુદ્ધ ખેલવામાં' સહકાર માગ્યો. ગાયકવાડે ગભરાઈને બ્રિટિશરોની મદદ માગી અને ૨૯મી સપ્ટેમ્બરે બ્રિટિશ અધિકારીની રાહબરી તળે ઓખામંડળ તરફ સૈન્યે કૂચ કરી. પણ વાત હવે આસાન નહોતી.

ઓખામંડળ અને બારાડી વચ્ચેના નંદાણા ગામે અંગ્રેજ લશ્કરનો પડાવ હતો. અમદાવાદથી એક સમગ્ર કંપની પણ મદદે આવી. વળી, મુંબાઈથી નૌકાસૈન્ય રવાના થયું હતું. તેના વડા કર્નલ ડોનાવન હતા. તેમનાં જહાજોને 'ઝેનોબીઆ' અને 'વિક્ટોરીઆ' આગબોટો સાથે બાંધી દીધાં હતાં. 'ફીરોઝ' નામે ફ્રીગેટ પણ મદદે ધાઈ હતી. નૌકાસૈન્ય તો સમીઆણીના ટાપુ લગી પહોંચ્યું, પણ પાયદળના વડા કર્નલ સ્કૉબી પહોંચ્યાના કોઈ અણસાર નહોતા. બ્રિટિશ વ્યૂહરચના એવી હતી કે પાયદળ અને નૌકાદળ એકીસાથે માણેકોને ભીંસમાં લે. ડોનાવને આગબોટના તૂતક પરથી નજર નાખી તો બેટના કિલ્લાઓના મંદિરની અગાસી પર દીવા ઝબકતા હતા...

અને ડોનાવનથી હવે રહી શકાયું નહિ. ૪થી ઑક્ટોબરે વહેલી સવારે તો તેનું સૈન્ય બેટની ખાડીમાં પહોંચી ગયું. પણ સામે હતો બેટનો વજ્જરગઢ જેવો કિલ્લો. ૨૫ ફૂટ પહોળો અને ૬૦ ફૂટ ઊંચો. એ અણનમ યોદ્ધો માણેકોના ગૌરવનું પ્રતીક હતો. ડોનાવને તોપમારાનો આદેશ આપ્યો. દિવસભર તોપો ગાજતી રહી. રાતે પણ શાંત ન રહી. બીજા દિવસે સંધિની વાત વહેતી કરાઈ. અંગ્રેજ અધિકારી શરણાગતિની શરત સિવાય બીજું કંઈ કહેતો નહોતો. માણેકોને વધુ શૂર ચડયું. મૂળુ માણેકે સંધિદૂત જેરામ શેઠને કહ્યું: 'શેઠ, અસાં રાંડીરાંડ જા પુતર નેયું. અસાંજો બેલી દ્વારકાનાથ આય. ટોપીવારા જો દિ ફરી વ્યો આય.' પરિણામે લડાઈ ચાલુ રહી. નેટિવ ઈન્ફન્ટ્રીની છઠ્ઠી અને ૧૮મી રેજિમેન્ટ જમીન પર ઊતરી પડી. ઘમસાણ યુદ્ધ જામ્યું. બહાદુર વાઘેરોએ અંગ્રેજ સૈન્યને ખૂબ હંફાવ્યું. કૅપ્ટન મૅકૉર્મેક, વિલિયમ અને બીજા દસ યુરોપિયન સિપાહીઓ મર્યા. કૅપ્ટન ગ્લાસપુલ, લેફ્ટેનન્ટ ગ્રાન્ટ અને બીજા સાડત્રીસ લશ્કરીઓ ઘવાયા. જે બે અધિકારીઓ મૃત્યુ પામ્યા તેની કબર બેટદ્વારકાનાં વૈષ્ણવ બગીચાની હવેલી નજીક સાક્ષી પૂરે છે. અલબત્ત, આ લડાઈમાં વાઘેરોએ પણ પોતાનો શૂરો સરદાર દેવો છબાણી ગુમાવ્યો હતો. પણ ગઢ બચી ગયો હતો.

બીજા દિવસે વળી અંગ્રેજ હલ્લો થયો. પણ ત્યારે તેમના ગોળાનો શિકાર થનાર કોઈ નહોતા. બધા વાઘેરો બેટમાંથી નીકળી જઈને સમગ્ર ઓખા વિસ્તારમાં ફેલાઈ ગયા હતા. બ્રિટિશ લશ્કરે વિજયાદશમીના પર્વે સૂરંગો ચાંપીને બેટના કિલ્લાને જમીનદોસ્ત કર્યો. કિલ્લામાં રહેલી વસતિને ગોળીએ દેવામાં આવી. ગાયોની કતલ થઈ. સંપત્તિ લૂંટવામાં આવી. બેટદ્વારકાની સમૃદ્ધિ એટલી હતી કે કેવળ એક જ સ્થાનેથી કરાએલી લૂંટફાટમાં લશ્કરે સાડાત્રણ લાખની સંપત્તિ મેળવી હતી!

શ્રેષ્ઠ ગઝલો તથા કાવ્યો માટે પારિતોષિકો

'કુમાર'માં વર્ષ દરમિયાન પ્રકટ થતાં કાવ્યો પૈકી સર્વશ્રેષ્ઠ ઠરનારને દર વર્ષે રૂ. ૩૦નું પારિતોષિક 'એક લેખક' તરફથી અપાતું આવ્યું છે, તેમાં હવે નડિયાદના શ્રી હાસમ વૈદ્ય તરફથી બીજાં પાંચ પારિતોષિકો માટે નીચે પ્રમાણેના ક્રમાનુસાર અપાશે:

ઈ. ૧૯૭૪ દરમ્યાનના શ્રેષ્ઠ કાવ્ય માટેના રૂ. ૩૦ના ચાલુ પારિતોષિક ઉપરાંત

બીજા ક્રમે આવનાર કાવ્ય માટે	રૂ. ૨૦
ત્રીજા ,, ,, ,,	રૂ. ૧૦
૧૯૭૪ દરમ્યાનની શ્રેષ્ઠ ગઝલ માટે	રૂ. ૩૦
,, બીજા ક્રમની ,,	રૂ. ૨૦
,, ત્રીજા ,, ,, ,,	રૂ. ૧૦

બેટ પછી દ્વારકા, એવો લશ્કરનો અંદાજ હતો. ગમે તેમ વાઘેરોને હંફાવવા હતા. ૧૮૫૭નો સ્થાન-સ્થાન પર પરાજય અંગ્રેજોના દિમાગમાં હતો. દ્વારકામાં પણ ચોતરફ લૂંટફાટ અને હત્યાઓનું સામ્રાજ્ય છવાઈ ગયું. દ્વારકાની ઉત્તરે આવેલા રાવળા તળાવના ઊંચાણવાળા વિસ્તાર પરથી તોપમારો શરૂ થયો. દ્વારકાધીશના મંદિરનો એક સ્તંભ પણ આ તોપથી તૂટયો. પછી તો વસઈ અને બીજે પણ અંગ્રેજો આગળ ધપ્યા. પીંડારામાં ગાયકવાડી લશ્કર સાબદું હતું. છતાં વાઘેરો છટકી ગયા. બરડાના ડુંગરોએ તેમને પિતાની જેમ છાંયડી આપી હતી.

ઈ. ૧૮૫૯ થી ૧૮૬૫ સુધી બરડાના ડુંગરાઓમાંથી વાઘેરો લડતા રહ્યા. હવે તેમની સામે ગાયકવાડ કે અંગ્રેજોની સેના નહોતી. જુદા-જુદા પ્રદેશના રાજાઓની સામે લડવાનું હતું. આ દિવસોમાં વાઘેરોનાં બહારવટાંમાં રહેલી નેક અને ટેકને લોકકવિઓ બિરદાવ્યા વિના રહ્યા નથી. અનેક ધીંગાણાં ખેલીને જોવો માણેક ગિરના જંગલમાં મૃત્યુ પામ્યો ત્યારે દ્વારકાએ પોતાના આ વીર યોદ્ધાના માનમાં શોક પાળ્યો, બજારો બંધ રહ્યાં. બ્રાહ્મણોએ એક માસ મિષ્ટાન્ન ન ખાધું. સ્ત્રીઓએ પિત્તળનાં બેડાંને બદલે માટીનાં બેડાંથી પાણી ભર્યું. રૂપણ બંદર પરની જોધા માણેકની મેડી પર કાળો ઝંડો ફરકયો. મહાજનોએ એક વર્ષ લગી વિવાહ વગેરે ઉત્સવો પ્રયોજ્યા નહિ ને વર્ષભર રાત્રે દ્વારકાના ચોકમાં જોધાના મરશિયા ગવાયા. મૂળુના ભાઈ દેવા માણેકે પણ સમગ્ર કાઠિયાવાડમાં પોતાનાં પરાક્રમોનો ઝંડો ફરકાવીને, અનેક સ્થાનોએ ધીંગાણાં ખેલીને, છેલ્લા ધીંગાણામાં કાલાવડ (જામનગર) પાસેની માછરડાની ડુંગરધાર પર અંગ્રેજ લશ્કરના અમલદાર હેબર્ટ અને લાટુચને સ્વધામ પહોંચાડયા. ૧૮૬૭ની ૨૩ ડિસેમ્બરના એ જંગનો બ્રિટિશાઈ નમૂનો' ત્યાંનો ૫૦ ફૂટનો સ્તંભ છે. આ સ્તંભ પરના આલેખમાં 'બદમાશ વાઘેરો' સામે 'બહાદુર હેબર્ટ ને લાટુચનાં મૃત્યુ'ની વાત કહેવામાં આવી છે. દેવો માણેક આ લડાઈમાં બલિદાન બન્યો, અને મૂળુના નસીબે જ હવે આખરી લડાઈ એ આવી. ભૂખતરસ અને રઝળપાટે મૂળુના શરીરને થકવી નાખ્યું હતું. ઘણી વાર તો એ સાતસાત દિવસ ભૂખ્યો રહેતો. આખરે પોતાના બચેલા સાથીદારો સાથે પોરબંદર રાજ્યના વનચરડા ગામડાની સીમમાં તે મરાયો. ઈ. ૧૮૬૮ની સાતમી મેએ આમ ૧૮૫૭ના સંગ્રામમાંથી પ્રેરાઈને લડનારા વાઘેરોના છેલ્લા રાજાએ આંખો મીંચી.

ફરી એ પ્રશ્નાર્થ પર આવીને ઊભા રહીએ છીએ: શું નાનાસાહેબ પેશવાએ દ્વારકાના ગુપ્ત વાસ દરમિયાન આ વાઘેરોની લડાઈને ૧૮૫૭ના એક ભાગ રૂપે 'સ્વાતંત્ર્યજંગ'માં પલટી નાખી હતી?

એનો પ્રત્યુત્તર કાળના પ્રવાહમાં કયાંક ગોપાઈ ગયો છે, પણ તેની સાથે એ હકીકત તો અવશ્ય સ્મરણમાં રાખવા જેવી છે કે નાનાસાહેબ નેપાળમાં ૧૮૫૯માં મૃત્યુ પામ્યાની વાત સાચી નથી, કેમ કે એ પછી ખુદ બ્રિટિશ સરકારે વીસ વર્ષ સુધી નાનાની શોધ ચાલુ રાખી હતી અને નાના વિષે ગમે ત્યારે કયાંકથી સમાચારો સાંપડતા હતા. આગળ જોઈ ગયા તેમ ૧૮૬૧માં કરાચીમાંથી હરજીભાઈ ઊર્ફે છેદાનન્દ અને વ્રજદાસ ભગતને પકડવામાં આવેલા; ૧૮૬૩માં અજમેરથી એક પુરુષોત્તમ ભટ્ટને 'નાના' હોવાની આશંકા સાથે બ્રિટિશ ગુપ્તચરોએ પકડયો હતો; ૧૮૬૨ની બ્રિટિશ યાદીમાં 'ભાગી છૂટેલા ગદ્દારો'માં નાનાસાહેબનું નામ સૌથી પહેલું રખાયું હતું અને તેમને પકડવા એક લાખનું ઈનામ જાહેર કરાયું હતું; મુરાર, કાનપુર અને ગ્વાલિયરમાં તપાસ ચાલુ હતી; ૧૮૭૪માં 'પાયોનિયર'માં સમાચાર આવ્યા કે નાનાની પત્ની—જે નેપાળમાં રહેતી હતી—કયારે ય વૈધવ્યસૂચક ચિહ્નો ધારણ કરતી નહોતી. ઈ. ૧૮૭૭-૭૮માં જેદ્દાહમાંના બ્રિટિશ અધિકારીએ ભારતમાંની બ્રિટિશ સરકારને સંદેશો મોકલ્યો કે મુસ્લિમ ધર્મસ્થાન મક્કામાં લગભગ ૨૩ એવી વ્યક્તિઓ નિવાસ કરતી હતી, જે ૧૮૫૭ની લડાઈમાં સક્રિય હતી અને યેનકેન પ્રકારે સીમા પાર કરીને અરબસ્તાન પહોંચી ગઈ હતી. તેમાં દિલાવર શેખ તૈયબનું નિવેદન પણ સમાવિષ્ટ હતું, જેણે લખ્યું છે કે સુલતાન ઈબ્રાહિમે મને અનેકવાર જણાવ્યું છે જેમાં નાનાસાહેબ મક્કામાં રહેતા હોવાનાં પ્રમાણો હતાં. નાના મક્કામાં રહીને અનેક ષડયંત્રોમાં ભાગ લેતા. (આમ બનવું શકય હતું કેમ કે ૧૮૫૭ના કેટલાક જાણીતા આગેવાનોના છેલ્લા દિવસો મક્કામાં વીત્યા હતા. એવા એક નેતા ફિરોઝખાન કન્ધાર, કાબુલ, બુખારા, તેહરાન થઈ ને સમરકંદ પહોંચેલા. ત્યાંથી તે મક્કા ગયા. ૧૮૫૭ના એ વર્ષમાં તેની સ્થિતિ દયાજનક હતી: આંખે જોઈ શકતા નહોતા. બહેરા અને લંગડા પણ હતા. ૪૫ વર્ષનો આ યોદ્ધો ૧૭ ડિસેંબર, ૧૮૭૭ના રોજ મક્કામાં મૃત્યુ પામ્યો. ફિરોઝખાનની વિધવા બેગમ તુકલખા સુલતાના ઝમાની બેગમે ભારતની બ્રિટિશ સરકાર પાસે પેન્શન માટે દયા માગેલી. તે પરથી ૧૮૮૭ માં તેણીને પેન્શન આપવાનું શરૂ થએલું—દર માસે પાંચ રૂપિયાનું.)

ઈ. ૧૮૭૯માં વાઈસરૉયના અંગત સચિવે હિંદી સરકારનાં સચિવને એક પત્ર મોકલ્યો હતો. આ પત્ર નાનાસાહેબના હસ્તાક્ષરમાં લખાએલો હતો. (તેની ફોટોસ્ટૅટ પ્રત પણ ઉપલબ્ધ છે.) આ પત્રમાં નાના મૃત્યુશય્યા પર હોવાનો અને સુરજાુજા પર આશા રાખવાનો નિર્દેશ છે. કોણ આ સુરજાુજા? સંભવત: જયપુરથી લઈ જવામાં આવેલા એક બાળકને પાદરીઓની સહાયતાથી ઈંગ્લૅંડ મોકલી દેવાએલો. તેનું નામ સુરજાુજા હતું. આ સુરજાુજા આવનારા દિવસોમાં 'ભારતમાં રહેલા ઈસાઈઓને હાંકી કાઢશે.' એવી નાનાને શ્રદ્ધા હતી! કમનસીબે, આ પ્રશ્નનું રહસ્ય તત્કાલીન ગુપ્તચરતંત્રે દબાવી દીધું.

આ પ્રમાણે નાના સાહેબનું જીવન ૧૮૭૯ સુધી લઈ જાય છે. એમાંનો થોડોક સમય નાનાએ સૌરાષ્ટ્રમાં બહાદુર કોમ વાઘેરોને પ્રેરણા આપવામાં વ્યતીત કર્યો હશે? કોણ જાણે! (ચાલુ)

હરિ: ૐ આશ્રમ તરફનું
ફેબ્રુઆરી અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'ચંદ્રશંકર ભટ્ટ'ના લેખક
પ્રા. નરોત્તમ વાળંદને મળે છે.

બાલેના દેશ રશિયાની મુલાકાતનાં સંભારણાં

૨. મૉસ્કોને પંથે


સુનીલ કોઠારી

અને આપણે મૉસ્કોને પંથે. મારે ડોવરથી ઑસ્ટંડ સુધી બોટમાં જવાનું હતું ને ત્યાંથી મૉસ્કો જતી ટ્રેઈનના સ્પેશ્યલ કૅરેજમાં ચડવાનું હતું. લાંબી સફર એટલે સેકંડ ક્લાસમાં સ્લીપર કોચના રીઝર્વેશન વિના જવાય જ નહિ. કમ્પાર્ટમેન્ટ પૂરી સગવડવાળા. દરેકમાં અપહોલ્સ્ટર્ડ સોફા, ઠંડાગરમ પાણીના વૉશસ્ટૅન્ડ, સ્વચ્છ આયના, કુશાદે આરામદાયક બર્થ, સફેદ બાસ્તા જેવી ચાદરો, પોચા તકિયા ને ઓઢવાનાં, ને સેવા તત્પર કમ્પાર્ટમેન્ટ-ગાર્ડ. પણ ભાષામાં અંગ્રેજી અને ફ્રેન્ચ-આવડે તે જ આધાર. ચા ને 'ચાય' કહે અને સૅમોવર (રશિયન ચાદાની)માં સરસ ચા આપે. કહે કે ઝારના સમયથી આ શિરસ્તો ચાલે છે! ચા તો આપે જ આપે. પણ ધાર્યું કશે ઊતરવા ન દે. બેલ્જીઅમ, પશ્ચિમ જર્મની બધું વટાવ્યું ત્યાં લગી કશો વાંધો નહોતો. પણ પૂર્વ બર્લિન આવતાં જ મૉસ્કોના કમ્પાર્ટમેન્ટની બન્ને તરફ 'એટેન્શન' કરીને બંદૂકધારીઓ ગોઠવાઈ ગયા! ખબરદાર જો નીચે ઊતર્યા તો, કે બીજું કોઈ ચડ્યું છે તો! શું સમજો છો સામ્યવાદી સરકારની પૂરી તકેદારી વિષે? કોઈ એમ ને એમ ઘૂસી ન જાય અને કોઈ રેલમાં ચડી ભાગી ન જાય.

ટ્રેઈન રસ્તે જવાની ને ભૂમિદશ્યો જોવાની મઝા તો પડે, પણ આંતરરાષ્ટ્રીય સરહદો અર્ધી રાત્રે ય ઓળંગવી પડે. એટલે ટ્રેઈન ખડી રહે. યુનિફૉર્મમાં સજ્જ ચકચકાટ બિલ્લાવાળા અફસરો બારણું ઠોકે, આપણા પાસપોર્ટ તપાસે, કેટલાં નાણાં લઈ જાઓ છો, બૅગમાં કંઈ બૉમ્બ અસ્ત્રશસ્ત્ર, સબવર્સિવ, સામ્યવાદી પ્રજાનાં મન બહેકાવનારું, તેમની દૃઢ જીવનપ્રણાલિને ચલિત કરનારું સાહિત્ય તો નથી લઈ જતા, વગેરેની ચકાસણી થાય. તેમાં કોઈ જર્મન ભાષા ફાડે તો કોઈ પૉલિશ ભાષામાં. કાચાંપોચાં તો ગભરાઈ જ જાય. ને બધે જ દાણ ઉઘરાવતા હોય તેમ ટ્રાન્ઝિટ વીઝાના ચારથી પાંચ ડૉલર કે દોઢથી બે પાઉંડ ઉઘરાવે! ચીડ તો એવી ચડે કે..., પણ ટૉમ્સ કૂકવાળાએ ચેતવેલો. સમય નહોતો રહ્યો એટલે વીઝા તો કઢાવેલા નહિ. બધે જ ફારમ ભરાવે, બૅગો તપાસે, કોઈ કડક આંખે તો કોઈ વેઠ ઉતારતા હોય તેમ સામું જુએ. પછી છાપ મારી આપે. પૂછે: 'ઇંડીશ-ઈન્ડીઆ?' પછી મારા લાંબા વાળ જુએ: 'આર્ટિસ્ટ? ડાન્સર?'

બળ્યા તેમના અવતાર! ધમધમ પગ પછાડતા કૉરીડૉરમાંથી જાય. ગાડી ઊપડે ને વહેલી સવારે ફરી ક્યાંક સરહદ પર ફરી એ જ તાલ! વળતાં આ જ હેરાનગતિ ફરી ભોગવવાની એ વિચારે ગાત્રો ગળી ગયાં. પણ ત્યારે એમ મૉસ્કો જવું સહેલું છે કાંઈ? ને તે ય ટ્રેઈનમાં!

પોલૅન્ડની સરહદ વટાવી રશિયામાં પ્રવેશો તો ત્યાં મધરાતે બ્રેસ્ટ શહેર આવે. રાહુલ નેવિલે કહેલું કે ત્યાં સૂઈ રહેતા નહિ. એન્જિનીઅરિંગની કમાલ જોજો. તમારી ગાડીનાં પૈડાં છૂટાં થશે, ડબ્બા ઊંચકાશે નવાં નંખાશે ને ટ્રેઈન આપોઆપ મોટા પાટા પર ચડશે. વાત કંઈ મગજમાં બરાબર બેઠી નહિ. પણ ખરે જ કૌતુક દીઠું. અમારા ડબ્બા યાર્ડમાં લઈ ગયા. ઇલેક્ટ્રિક ફ્લડ લાઈટ્સનું ઝળાંહળાં અજવાળું ને યુનિફૉર્મ પહેરેલા મિકૅનિકો. લીવરના આધારે અમારા ડબ્બા ધીરેધીરે ઊંચા થયા. પૈડાં છૂટાં કરાયાં, નવાં કદનાં આવ્યાં, ફિટ થયાં અને મોટા પાટા પર ગાડી રસળવા લાગી. હું તો સાવ ઘેલો, તે ફટાફટ ફોટા પાડવા લાગ્યો. એટલે પેલા ચાય પાનારાએ આવીને એવો તો ધમકાવ્યો કે મને થયું અહીં જ ઉતારી પાડશે અને સાઇબિરીઆ મોકલી આપશે! પછી કહે 'કૅમેરા બૅગમાં મૂકી દો ને એને તાળું માર! આમ ગમે ત્યાં ફોટાફોટી પડાય નહિ.' બ્રેસ્ટ પાસે તમારા વિઝાની, ઈન્ટૂરિસ્ટ વાઉચરોની, નાણાંની એમ કંઈકંઈ તપાસ થાય. ભાઈસા'બ બોલે જ નહિ! ભાષા આવડે નહિ ને મનમાં ફડક જ રહે કે સાલાઓ શું ય કરશે?



વિખ્યાત બૉલ્શૉય થીએટરનું પ્રેક્ષાગાર

હવે જુઓ તાલ! મારી પાસે મૉસ્કો યા મેટ્રોપૉલ કે રશિયા હોટેલ તેમાંથી ક્યાં ય બુકિંગ નહિ, તેથી પેલો અફસર પૂછે કે ઈન્ટૂરિસ્ટના વાઉચર વિના તુમ ઠહરેગા કિધર? હમને નવાબ ઑવ પાલનપુર કા ચિઠ્ઠી દિખાયા. ખુશવતસિંઘ કા ખત દિખાયા. પર વો બાત સમઝે હી નહિ. પછી કો'કે આવીને 'ચઝદેવાન્યા' ને 'સ્પાત્સીબા' ને શુંનું શુંય કહ્યું એટલે પેલો હસ્યો. બાલે ને ડ્રામા કૉન્ફરન્સ ને ઍમ્બેસી-ને બધો ઘાટ પત્યો! મારી તો સરહદથી જ વળતી ટ્રેઇને લંડન પાછા ફરવાની તૈયારી!

એટલે સાહેબ પછી બ્રહ્મજ્ઞાન થયું. પેલી ઈન્ટૂરિસ્ટવાળી ક્લાર્કનો નિર્વિકાર ચહેરો નજર સામે તરવરવા લાગ્યો. મનમાં બધી ગડ બેઠી. તમારે લંડનમાં કે દુનિયાના કોઈ પણ ભાગમાં જ્યાં ઈન્ટૂરિસ્ટની ઑફિસ હોય ત્યાં, રશિયામાં જેટલા દહાડા ગાળવાના હોય, જેટલા દિવસનો વિઝા આપ્યો હોય તેટલા દિવસના, (ધારો કે દસ દિવસ રહેવાના હો તો તે દસે દહાડાના) રહેઠાણના દિવસ દીઠ રોકડા પાઉન્ડ દસ (રૂપિયા બસ્સો-એક દિવસના) જમા કરાવવાના. પેલી ઈન્ટૂરિસ્ટ કમ્પની તમને એ દસ દહાડાનું વાઉચર આપે. અમે મૂઆ ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ, એટલે ગણ્યું: સો પાઉન્ડ હોટેલમાં રહેવા-ખાવા-પીવાના, તેની પાવતીઓ હોવી જોઇએ. અને પછી ત્યાં સહેલગાહે જાવ તે બધી પર્યટન-યાત્રાઓની પાવતીઓનાં બીજાં વીસ પચીસ પાઉંડ; ખરીદી કરો, બાલે જોવા જાઓ, એ બધાં માટેની પાવતીઓ; તે બધું જોઇએ. તો જ મૉસ્કોમાં પગ મૂકવા દે! એટલે કે તમે સબવર્ઝિવ એલિમેન્ટ સામ્યવાદી દેશમાં ઘૂસો કે તમારી તમામ સંપત્તિ, દરદાગીના, નાણાંનો કબજો ઇન્ટૂરિસ્ટવાળા લઈ લે. તે ભાડા-ખાધા-ખોરાકીની ચિઠ્ઠીઓ તપાસાય. પછી જ તમારાથી મૉસ્કોની વાટ પકડાય. મારી જેમ આગેઆગે દેખા જાયગા ન્યાયે જાઓ તો સતત ફડક રહે. એમ જવાય જ નહિ છતાં અમે ગયા. મૉસ્કો સ્ટેશને ઈન્ટૂરિસ્ટવાળા લેવા આવે ને બસમાં સીધા હોટેલ પર હંકારી જાય. કદાચ છે ને તમે આડાઅવળા થઈ જાઓ તો?

આખા યુરોપમાં ફાવે તેમ મ્હાલેલા, વિઝા સિવાય કોઇએ કંઈ પૂછેલું નહિ અને મનમોજી રીતે હરેલાફરેલા, તે આ કડક જાપ્તો જોઈ ચોંકી ગયો. બ્રેસ્ટની શરૂ થતી સરહદ પછી ઉનાળે ત્યાંની નિસર્ગશ્રી વિષે પ્રવાસીઓએ કહેલું તેમાંનું કશું જોવાના હોશકોશ જ નહિ. અને તે ય મધરાતે દેખાવાનું શું જે તે બધું તો પાછાં વળતાં દિવસે જોયેલું. લીલાંછમ ખેતરો, ચેસ્ટનટ, મલબેરી ને પોપ્લારનાં વૃક્ષો, ઓચાર્ડ વીંટ-

**કાળમીંઢ *તારા

—લેખક • ડૉ યશવંત ગુ. નાયક

નરી આંખે તથા દૂરબીન વડે આકાશમાં અસંખ્ય તારા આપણે જોઈ શકીએ છીએ. દરેક તારો સૂર્યની જેમ અત્યંત ઉષ્ણ અને સ્વયંપ્રકાશિત હોય છે. તેમનું કદ તથા તેજ પણ સૂર્યથી ઓછું કે વધારે હોય છે. આ તારાઓનો પણ જીવનક્રમ હોય છે. મનાય છે કે અનાદિ કાળ ઉપર વિશ્વમાં રહેલું બધું જ દ્રવ્ય એક કેન્દ્રમાં કેન્દ્રિત થએલું હશે. તે દ્રવ્યનો પ્રચંડ શક્તિથી મહાન સ્ફોટ (big bang) થઈ તેમાંનું દ્રવ્ય અનેક નાનામોટા જથ્થામાં છૂટું પડી અવકાશમાં એકમેકથી દૂર ફેંકાઈ ગયું હશે. આ દ્રવ્યના નાનામોટા જથ્થામાં દ્રવ્યના અણુ-પરમાણુ શરૂઆતમાં છિન્નભિન્ન અવસ્થામાં વાદળરૂપે વિચરતાં હતાં. કાળક્રમે જેમ પાણીના વાદળમાં વરસાદનાં બિંદુ પેદા થાય તેમ તે વાદળરૂપી દ્રવ્યમાંથી સંઘટન થઈને નાનામોટા તારાઓ રચાયા. કેટલાક અતિ પ્રચંડ તો કેટલાક ઘણા નાના. આપણો સૂર્ય એ આવો એક મધ્યમ કદનો તારો છે.

આવા દરેક તારા વાયુરૂપ દ્રવ્યમાંથી વધુ ને વધુ ઘટ્ટ થઈ ગુરુત્વાકર્ષણના બળે કદમાં સંકોચાઈને નાના થવા લાગ્યા અને તેમની ઉષ્ણતા પણ વધવા લાગી. તેના ઉપરના પડના દ્રવ્યના ભારે દબાણથી મધ્યના નાભિ વિસ્તારમાંનાં દ્રવ્યના કણો પ્રચંડ ગતિથી અને અત્યંત ઝડપથી એકમેકની સાથે અથડાવા લાગ્યા. પરિણામે તે દ્રવ્યના પરમાણુઓની આસપાસ ફરતા ઈલેક્ટ્રોન પણ હણાઈ ગયા અને આ નાભિ વિસ્તારમાં માત્ર પરમાણુના નાભિ (nucleus) કેવળ પ્લાઝમા રૂપે વિચરતાં રહ્યાં. આ નાભિઓ વચ્ચે નાભિકીય પ્રક્રિયા (nuclear reaction) ચાલુ થઈ અને તેમાંથી પરમાણુશક્તિનો પ્રચંડ ધોધ પેદા થયો. આમ સૂર્ય અને તારાઓનાં નાભિ એ વિશાળકાય પરમાણુ ભઠ્ઠીઓ જ છે એમ માનવું રહ્યું. અનંત કાળથી આ ભઠ્ઠીઓ પ્રચંડ શક્તિ પેદા કરતી આવી છે અને તેના વડે સૂર્ય તારા તેમની પ્રચંડ ઉષ્ણતા અને તેજ જાળવી રાખે છે.

પરંતુ આ ક્રિયા જ્યાં સુધી અમુક પ્રકારના પરમાણુના નાભિ રૂપી ઈંધન મળતું રહે ત્યાં સુધી જ ચાલુ રહે છે. એક કાળે કાં તો એ તારામાં એટલી બધી ઉષ્ણતા પેદા થાય કે પરમાણુ-બૉંબની પેઠે તેનો સ્ફોટ થાય, અથવા તો તેમાંનું ઇંધન ખૂટી પડે ત્યારે તે ધીમે ધીમે મૃતઃપ્રાય થઈ ઠંડો પડી જઈ પૃથ્વીની પેઠે અવકાશમાં વિચરે.

આ બે સ્થિતિ ઉપરાંત તાજેતરમાં એક નવીન પ્રકારના જીવંત તારાની શોધ થઈ છે. આ તારાને કાળમીંઢ તારો (black hole) કહેવામાં આવે છે. આવા અનેક તારા આપણા તારામંડળમાં અને એની બહાર આવેલી અસંખ્ય ગૅલૅક્સી (તારાવિશ્વ)માં અસ્તિત્વ ધરાવે છે.

આ તારાની વિશિષ્ટતા એ છે કે એ હજી જીવંત છે. એમાં રહેલું દ્રવ્ય હજી ગતિશીલ છે અને કલ્પનાતીત ઝડપે તારાના કેન્દ્ર તરફ ધસી રહ્યું છે. સૂર્યથી આશરે ત્રણચાર ગણા વધુ દ્રવ્યવાળા આ તારાનું સંકોચન શરૂ થયું છે. તારાના નાભિમાં ચાલતી અણુભઠ્ઠીનું ઈંધન ખલાસ થવાથી આ ઘટના પેદા થઈ છે. એનું ગુરુત્વાકર્ષણ બળ એટલું પ્રચંડ છે કે તેથી તેનું દ્રવ્ય એકમેક અણુપરમાણુને દબાવીને વધુ ને વધુ ઘટ્ટ થતું જાય છે. એમાં રહેલા દ્રવ્યની ઘટ્ટતા એટલી બધી છે કે એક ઘન ઈંચમાં રહેલા દ્રવ્યનું વજન હજારો અબજ ટન જેટલું થાય! આથી આ તારાનું કદ પણ સંકોચાઈને બે ત્રણ માઈલ વ્યાસના ગોળામાં કેન્દ્રિત થયું હશે એમ મનાય છે. આવા ઘનિષ્ટ ગોળામાં પેદા થએલું ગુરુત્વાકર્ષણ બળ એટલું પ્રચંડ છે કે તેના દ્રવ્યનો કોઈ કણ તો બહાર જઈ શકતો નથી એટલું જ નહિ, પરંતુ તેમાં પેદા થતાં તેજનાં કિરણો પણ અંદર જ શોષાઈ જાય છે અને બહાર પડી શકતાં નથી. આથી આ તારાને કાળમીંઢ તારો (black hole) કહેવામાં આવે છે. એના નાભિમાં નાભિકીય પ્રક્રિયા વડે અત્યંત જ્વલંત પ્રકાશનાં કિરણો પેદા થતાં હશે, પરંતુ પ્રચંડ ગુરુત્વાકર્ષણના બળને લીધે તેમાં જ તે સમાઈ જાય છે.

જો આવા કાળમીંઢ તારામાંથી પ્રકાશનાં કિરણો પણ બહાર પડી શકતાં ન હોય અને જો એ અપ્રકાશિત કાળા પદાર્થરૂપે હોય તો તેનું અસ્તિત્વ કેવી રીતે માલૂમ પડયું તેવો પ્રશ્ન સહજ પેદા થાય છે.

આવા કાળમીંઢ તારાનું અસ્તિત્વ હંસ (Cygnus) તારાજૂથમાં આવેલા એક તારાના અવલોકન ઉપરથી સાબિત થયું છે. આ તારાજૂથ સપ્ટેમ્બર માસની રાતે ઉત્તરે દેખાતા બકપુચ્છ નામના તેજસ્વી તારાથી થોડે દૂર અગ્નિ દિશામાં આવેલું છે. એમાંના એક તારામાંથી એક્સ-રે (ક્ષ-કિરણો)નો ઉત્સાર થાય છે. આ કિરણોનો ઉત્સાર દર પાંચે દિવસે તદ્દન મંદ થઈ જાય છે અને ત્યાર પછી ક્રમશઃ વધીને પાછો મંદ થાય છે. આનું કારણ એવું સાબિત થયું છે કે સિગ્નસ (હંસ) X–I નામના દૃશ્ય તારાની ફરતે એક કાળમીંઢ તારો પ્રદક્ષિણા કરે છે, અને તે દૃશ્ય તારાને ઢાંકી દે છે. આ કારણથી તે એ બે વચ્ચેથી પેદા થતાં એક્સ-રે કિરણોને પણ રોકે છે. આમ આ કાળમીંઢ તારાનું અસ્તિત્વ અચૂક રીતે સાબિત થયું છે. ક્વાસર નામના પ્રચંડકાય તારા અને પલ્સાર નામના ઝબૂકતા નાના તારાની શોધ પછી આ કાળમીંઢ તારા અવકાશી વિજ્ઞાનમાં એક ક્રાંતિકારક શોધ છે. □

જાયાં ઘરોનું અને રમ્યપ્રદેશ. સાંભળેલું કે બ્રેસ્ટમાં બેંતાળીસ મીટર ઊંચું એક મહાકાય બ્લૅક પોપ્લાર વૃક્ષ છે. તેની ઘટા એવી તો ફેલાએલી છે કે હજારોની મેદની સુખે તેની શીળી છાયામાં ગુલતાન કરી શકે!

અંતે સાંજે સાડા ચારે મૉસ્કો સ્ટેશનમાં ગાડી પ્રવેશી. ઇન્ટૂરિસ્ટવાળા લેવા આવેલા. કોઇએ મારા નામની બૂમ પાડી. મિસ્ટર અને મિસીસ નેવિલ મને તેડવા આવેલાં. મિસિસ નેવિલે ખાસ સાડી પહેરેલી જેથી હું તેમને ઓળખી શકું. નમસ્તે કર્યા અને ખબરઅંતર પૂછ્યા. આન્ટી કહે 'આપ તો પ્રોફેસર સા'બ હૈ. રાહુલ કા ટ્રંક કૉલ થા. મૈં ને પૂછા થા કી દેખનેમેં કૈસે હૈ. ઉસને કહા થા ધૂંધરાલે લમ્બે બાલ હૈ.' અને અમે બધા ખડખડાટ હસ્યા. મિસ્ટર નેવિલ દેખાવડા અને ચપળ. સામાન બધો પોર્ટરની ઠેલણગાડીમાં બહાર ગયો અને અમે મોટી મર્સિડીઝ ગાડીમાં ગોઠવાયાં. બન્ને તેડવા આવેલાં તેથી જીવ હેઠો બેઠો. મેં મનમાં ને મનમાં વિજય અને વિનય બેયને આશીર્વાદ આપ્યા. મિ. નેવિલ તો કહે કે તમારે માટે અલગ ઓરડો રાખ્યો છે. યુનિવર્સિટી પાસે રહીએ છીએ. પણ પહેલાં કૉંગ્રેસ હાઉસ જઇએ અને તપાસ કરીએ કે આ લોકોની શી વ્યવસ્થા કરી છે. અને હું આનંદમગ્ન, વિસ્ફારિત નેત્રે મૉસ્કોના મોટા રાજમાર્ગો ને મકાનો જોતો, ક્યાંયથી બૉલ્શૉય થીએટર દેખાય છે કે કેમ તેમાં જ ગુલતાન! આન્ટી રાહુલ કેમ છે, બરાબર જમે છે કે કેમ, એવી વાત્સલ્ય ભરી પૃચ્છાઓ કરવા લાગ્યાં. ત્યાં તો અમે મૉસ્કોવા હોટેલ પર આવી પહોંચ્યાં. જેવાં ગાડીમાંથી ઊતર્યા કે ભારતીય નાટ્યસંઘના જનરલ સેક્રેટરી આંધ્રના શ્રી કૃષ્ણા મળ્યા. તે તો ડઘાઈ જ ગયા. કહે કે તેં તો કમાલ કરી! તું તો બેઠ્ઠમજી મર્સિડીઝમાં ફરે છે ને એમ્બસીવાળા તને લેવા આવે છે. અહીં હું બે દિવસથી ટીચાઉં છું ને આપણું પ્રતિનિધિ મંડળ ઊતરશે ક્યાં તેની ચિંતામાં સુકાઉં છું. ગેરવ્યવસ્થા તો એવી કે લાગે ભારતમાં જ છીએ!


નાટ્યસંઘવાળાએ કશું ચોખ્ખું કહેલું જ નહિ કે હોસ્પિટાલિટી મૉસ્કોવાળા આપશે કે નહિ. ઊલટાનું સ્પષ્ટ જ સૂચવેલું કે નિમંત્રણ આધારે ઈન્ટૂરિસ્ટ કમ્પનીમાં પૈસા ભરી હોટેલ વાઉચર લઈ લેવાં. પછી

મૉસ્કો પહોંચવું. મેં વિચાર્યું કે બધા ભેગો રહીશ તો કંઈ પણ ફોડી લેવાશે. વળી, થીએટરો, ટ્રેડ યુનિયન, કૉંગ્રેસ હૉલ બધું પાસે પાસે હોઈ ત્યાં જ રહેવું ઉચિત સમજી શ્રી નેવિલની રજા માગી સામાન હોટેલ પર ઉતરાવી લીધો. આન્દ્રી કહે 'રાત્રે પાછા ફોન કરીશું અને કંઈ પણ અગવડ હોય તો સંકોચ કરશો નહિ.' કૃષ્ણાને પણ કહ્યું કે બીજા કોઈ પ્રતિનિધિ પણ અગવડમાં હોય તો તેમને ત્યાં મોકલી આપવા અને એ ભલાં દંપતીએ વિદાય લીધી. જતાંજતાં ત્રીજે દિવસે રાત્રે એમને ત્યાં જમવાનું નિમંત્રણ આપ્યું અને કહ્યું કે અવારનવાર પોતે ખબર કાઢતાં રહેશે. કૃષ્ણા કહે કે (મૂળ) નામ તો એ. આર. કૃષ્ણન્, પણ કૃષ્ણા નામે જ જાણીતા, અહીંની ગેરવ્યવસ્થાથી પોતે વાજ આવી ગયા છે. ઈન્ટરમીટર્સ તો બીજે દિવસે મળવાના હતા, એટલે મેં મારાં ફ્રેંચભાષામાં તાર વણ્યાં: 'એક્સ્યુસે, સીલ્વુપ્લે, રીઝર્વે લ શામ્બ્ર પુર દ પેરસોન્ન, નુઝાલોં, દાં લ દેલીગેશીઓં દુ લેન્દ...ને ગાડું ગબડયું. મારે આંધ્રપ્રદેશની સંગીતનાટક અકાદમીના સ્પેશ્યલ ઑફિસર શ્રી પરમહંસ જોડે રૂમ 'શેર' કરવી તેમ ઠર્યું ને મેં પૂછ્યું કે આજે રાત્રે કંઈ બાલે કંઈ નાટકચેટક? તો કહે કે તે જ રાત્રે 'નટક્રૅકરનો બાલે બૉલ્શૉયમાં જોવાનો છે. એટલે મેં તો હરખભેર એક ઠેકડો મારી લીધો ને ઘડિયાળમાં જોયું તો સાંજના છ થવા આવેલા આપણા પ્રતિનિધિઓ હજી આવેલા નહિ, ને સૌના બિલ્લા, પરિપત્રો, રજિસ્ટ્રેશન બાકી. મૉસ્કોવા હોટેલની સામે જ ટ્રેડ યુનિયન કૉંગ્રેસ હૉલ ને તેને ડાબે પડખે સ્વર્ડલોવ સ્કવેર સામે જ બૉલ્શૉય થીએટર. માર્ક્સ પ્રોસ્પેક્ટ રાજમાર્ગ પર મૉસ્કોવા હોટેલ. સામે ટ્રેડ યુનિયન હૉલમાં કૉન્ફરન્સ. ત્યાં દફતર, હું તો વંટોળ જેમ ભાગ્યો અને રજિસ્ટ્રેશન વગેરે કરાવી કૅમેરા લઈ કારનેબી સ્ટ્રીટવાળો ફૅન્સી પહેરી સીધો બૉલ્શૉય પર.

અહો! આ જ બૉલ્શૉય! કેટકેટલાં વર્ષોથી એનું નામ સાંભળતો આવેલો! બાલેમાં શ્રેષ્ઠ ગણાય તેવી પરંપરાનાં નર્તં-નર્તકીઓ આ રંગભૂમિ પર અવનવી સૃષ્ટિ ખડી કરે! અહીં જ ગાલીના ઊલાનોવા અને માયા પ્લીસેત્કાયા નૃત્ય કરે. અહીં બાલે જોવા આવવા માટે નૃત્યકળાનો દરેક ઘાયલ, મરમી, પાગલ, ઉપાસક સપનાં સેવે. તેના પ્રવેશાંગણમાં પેસતાં રોમાંચ થઈ આવ્યાં. તેની ભવ્ય બાંધણી જોઈ આનંદથી ઘેલો ઘેલો થઈ ગયો. કેટકેટલીવાર મેં તેના વિષેનાં પુસ્તકો વાંચી જઈ ત્યાં બાલે જોવાના મનોરથ ઘડેલા. તે પળ આવી પહોંચી હતી અને હું ખરેખર થોડી મિનિટો પછી બૉલ્શૉયમાં બાલે જોઈ શકીશ તે હકીકતથી આનંદવિભોર થઈ ઊઠયો. અહીં બાલે જોવા આવવા લોકો છ છ મહિના અગાઉ પ્લાનિંગ કરે, ઈન્ટૂરિસ્ટ કમ્પનીવાળા જોડે પાકું કરે. ટિકિટો તો આગોતરી ટપોટપ ઊપડી જાય! તેમાંય જો માયા પ્લીસેત્સ્કાયા ઊતરવાની હોય તો જો દરોડો પડે! એવી તેની આબરૂ! આજે રશિયાભરમાં તેના નામના સિક્કા પડે. સરકાર માબાપ પણ તેનું બહુમાન કરે. ભારત પણ તે આવી ગએલી અને '૬૯માં રામગોપાલે લંડનમાં કોવેન્ટ ગાર્ડનમાં એક રીહર્સલ વખતે તેનો પરિચય કરાવેલો. તેની ભૂમિકાવાળાં બાલે જોએલાં લંડનમાં. લોકો કહેતાં તે ખરું પડયું: તમે નસીબદાર હો તો જ મૉસ્કોમાં ખરે ટાણે તેનાં નૃત્યો જોઈ શકો. અમે ત્યાં હતા તે દરમિયાન તે પારી(સ)માં હતી. છેક છેલ્લે દહાડે આવેલી ને અલપઝલક મળાયું હતું. પણ તેની વાત આગળ ઉપર. હમણાં તો આ રંગભવનમાં પ્રવેશીએ.

આ જુઓ તેનાં પગથિયાં. આ મખમલજડી ખુરશીઓ. સોનારંગી બાલ્કનીના ઝરૂખા, રેશમ કીનખાબ મલમલના પરદા! ઝુમ્મરો, દીવાબત્તી, છતમાં ચિત્રો, ચોફરતી ઝારના સમયની જાહોજલાલીની ગવાહી પૂરતી રોનક! ઑર્કેસ્ટ્રા પિટમાં અનેક વાદ્યો મેળવાઈ રહ્યાં છે! દુનિયાભરનાં ડેલિગેટ્સ અહીં ઊમટી રહ્યાં છે. કોઈ પશ્ચિમ બર્લિનથી, કોઈ ઑસ્ટ્રેલીઆથી કોઈ ગ્રીસથી એમ કયાં કયાંથી બધાં ભેગાં થયાં છીએ! સૌના ચહેરા પર ઉત્સુકતા, આનંદની લાગણી અને કૌતુક દેખાય છે. ત્યાં તો પ્રકાશ ઝાંખો થયો. ઑર્કેસ્ટ્રા પિટ પર મુખ્ય કંડક્ટરે આવી ઝૂકીને વંદન કર્યું ને ઑડિયન્સે તાળીઓથી વધાવ્યા. તેના હાથમાંની

માસમાસના આકાશમાં (૧૫) માર્ચ-એપ્રિલ



રાશિચક્ર પરનાં અને આસપાસનાં તારામંડળો જોતાં આપણે 'શુની' અને 'શ્વાન' જોયાં. એ બેની વચ્ચે ઝાંખા તારાઓનું એક નાનું મંડળ છે. એના તારાઓનું બીજું તો કોઇ ખાસ મહત્ત્વ નથી પણ એક મંડળ તરીકે આપણે એને પણ ઓળખી લઇએ. એકશૃંગી (monoceros-એકશૃંગી મત્સ્ય) તરીકે એ ઓળખાય છે. આવું જ એક નાનું મંડળ બ્રહ્મમંડળ, સપ્તર્ષિ (જે નકશામાં નથી) અને મિથુન રાશિના તારાઓ વચ્ચે છે. એનું નામ બિડાલ છે. અંગ્રેજીમાં એ Lynx નામે ઓળખાય છે. એ ઉત્તરના પ્રદેશોમાં થતું બિલાડાના વર્ગનું તીણી નજરવાળું પ્રાણી છે. અને આ મંડળના તારા પણ નજરની કસોટી કરે એવા છે. નકશામાં તૂટક રેખા વડે જોડીને આ બંને તારામંડળના તારા દર્શાવ્યા છે.

નકશામાં દર્શાવ્યા પ્રમાણે રોહિણી નક્ષત્રનો રોહિણી, મૃગમાં આર્દ્રા અને બાણરજ, શ્વાનમાં વ્યાધ, શુનીમાં પ્રભાસ ને મિથુનમાં પુરુષ અને બ્રહ્મમંડળમાં બ્રહ્મહૃદય. એ બધા પ્રથમ વર્ગના તેજસ્વી તારાઓ છે. આમ, એક સાથે મોટી સંખ્યામાં આવા તેજસ્વી તારાઓ આકાશના આ વિસ્તારમાં જ જોવા મળે છે.

બીજો પણ એક સરસ યોગ છે. તારામંડળોના આ તારાઓથી તો આપણે પરિચિત છીએ જ. પણ એમની વચ્ચે વધારાના જે બે તેજસ્વી તારા દેખાય છે એ ગ્રહો છે. હાલમાં કૃત્તિકા અને રોહિણીની વચ્ચે પૂર્વ-પશ્ચિમ માર્ગ પર મંગળ અને એ જ માર્ગ પર આર્દ્રાની ઉત્તરે શનિ જોવા મળે છે. મંગળ લગભગ રોહિણી જેવો જ પણ અંશત: વધુ લાલ દેખાય છે. અને શનિ પણ તેના સ્થિર તેજ વડે પરખી શકાશે. એ તો જાણતા જ હશો કે તારાઓની પેઠે ગ્રહો પલકતા નથી. અન્ય પરિચિત તારાઓની વચ્ચે એથી એ સરળતાથી ઓળખી શકાશે. અલબત્ત, નકશામાં બતાવ્યા પ્રમાણે શનિનું આસપાસનું વલય નરી આંખે દેખાતું નથી. એપ્રિલની ૨૦મી તારીખે આ બંને ગ્રહની યુતિ છે. એટલે કે ત્યારે આ બંને ગ્રહો સૂર્યાસ્ત બાદ પશ્ચિમ આકાશમાં એકબીજાની પાસેપાસે જોઇ શકાશે. નકશામાં એનું સંભવિત સ્થાન દર્શાવ્યું છે.

છડી હવામાં અદ્ભુત આકારો ગૂંથવા લાગી અને ટાંકણી પડે તો ય સંભળાય—નાજી જરાય અતિશયોક્તિ નથી કરતો—તેવી ચૂપકીદીમાં સંગીતના સૂરો ચારમજલા ઊંચા બૉલ્શૉય-એટલે જ વિશાળ આ રંગભવનના ખૂણેખૂણે અજીબ ખુશ્બો ફેલાવતા ઘૂમી વળ્યા. (ચાલુ)

ટિકિટ-સંગ્રહ

ટોકેલાઉ ટાપુઓની ટપાલ-ટિકિટો







ટોકેલાઉ ટાપુઓનું નામ સાંભળ્યું છે? સામોઆથી લગભગ ચાર સો માઈલ ઉત્તરે પૅસિફિક મહાસાગરમાં અતાફુ, નુકુનોનો અને ફકાઓફો નામના ત્રણ નાના ટાપુઓના સમૂહનું આ નામ છે. વિસ્તાર માત્ર ચાર ચૉરસ માઈલનો ને વસતિ બે એક હજારની છે. મચ્છીમારી, કોપરા ને હસ્તકલા ઉદ્યોગની ચીજો એ એની આવકનાં મુખ્ય સાધન છે.

એકાદ સદી પહેલાં એ ટાપુઓ બ્રિટિશ રક્ષણ તળે આવ્યા ત્યારે ગિલ્બર્ટ અને એલિસ ટાપુઓની વસાહતો તરીકે એની ગણના થતી હતી. ઈ. ૧૯૪૮માં ટોકેલાઉ ટાપુઓ ન્યૂઝીલૅન્ડના રક્ષણમાં મુકાયા ત્યારે બે, એક અને અર્ધા પેન્સની કિંમતની એની પોતાની પહેલી ત્રણ ટપાલટિકિટો બહાર પડેલી. આ અગાઉ ગિલ્બર્ટ-એલિસ ટાપુઓની ટિકિટો જ ત્યાં ચાલતી હતી. આ પછીનાં છેલ્લાં પચ્ચીસ વર્ષમાં ટોકેલાઉની માત્ર ૩૯ ટિકિટો જ બહાર પડી છે અને હજી યે તે મળી શકે છે. વળી કૅટલૉગ પ્રમાણે હજી એની કિંમત પણ બહુ વધારે નથી. ઈ. ૧૯૩૮માં ન્યૂ ઝીલૅન્ડે દશાંશ ચલણ અપનાવ્યું ત્યારે ત્યાંની ટિકિટો પર મૂલ્યફેર પૂરતો સર ચાર્જ લેવાયો હતો. ત્યાર બાદ ઈ. ૧૯૪૮ના સત્તાફેરની યાદમાં ટોકેલાઉની એક ૨૦ સેન્ટની ખાસ ટપાલટિકિટ પણ બહાર પડેલી. આ સાથે એ આપી છે.

આ પછીની ટોકેલાઉની ટપાલટિકિટોમાં ઈ. ૧૯૭૧માં એકથી માંડી પચ્ચીસ સેન્ટ સુધીની ત્યાંની મોટામાં મોટી ટિકિટમાળા બહાર પડેલી જેના પર ત્યાંના હસ્તકલાઉદ્યોગની વસ્તુઓનાં ચિત્રો હતાં. એમાંની બે અહીં આપી છે, જેમાં ૧૦ સે.ની ટિકિટ પર ગૂંથેલી હૅન્ડ બૅગનું અને ૨૦ સે.ની ટિકિટ પર રમકડા-હોડીનું ચિત્ર છે.

આ ટાપુઓ વિષુવવૃત્તીય જળમાં થતાં પરવાળાંના જ બનેલા છે. એ તો સૌને ખબર હશે કે પરવાળાં એ સાગરજળના લાખો સૂક્ષ્મ જીવોના અસ્થિ-અવશેષો જ હોય છે, જે દરિયાના પાણીમાંથી ચૂનાનાં તત્ત્વો શોષીને સખત ખડકો સરજે છે. વરસે કેવળ એકાદ-બે ઈંચ જેટલી જ વૃદ્ધિ પામતાં પામતાં બહુસંખ્ય હોવાને કારણે લાંબે ગાળે દરિયામાં એના ટાપુઓ રચાવા જેટલા એ વિસ્તરે છે. આ પરવાળાંની પણ અનેક જાત છે. એમાંની ચારેક જાત તો ટોકેલાઉની ટપાલટિકિટો પર પણ રજૂ થઈ છે. અહીં આપેલી ૩ અને ૧૫ સેન્ટની ટિકિટ પરનાં ચિત્રો એ પરવાળાંનાં જ છે. □



◁ વૃક્ષારોપણ-વર્ષ (૧૯૭૩)ના અનુસંધાનમાં ગયા વર્ષના ફેબ્રુઆરીમાં એક વૃક્ષની ટિકિટ બહાર પડ્યા પછી આ વર્ષ–૧૯૭૪ની બ્રિટનની આ પહેલી ખાસ ટિકિટ ગઈ ૨૭મી ફેબ્રુઆરીએ બહાર પડી. આના પર 'હૉર્સ ચેસ્ટનટ' વૃક્ષનું ચિત્ર છે, જે આછા તથા ઘેરા લીલા, બદામી, પીળા ને કાળા રંગમાં છપાયું છે. સાથે રાખોડી રંગમાં રાણીનું મહોરું છે. આ વૃક્ષ Aesculus Hippocatannm મૂળ ઇસ્તંબુલ તરફનું. સોળમી સદીમાં એ પશ્ચિમ યુરોપમાં આવ્યું. મૂળ એ જ્યાંનું છે ત્યાં ઘોડાને થતા કફના ઉપચારમાં એનાં ફળ વપરાતાં એ પરથી એનું નામ 'હૉર્સ ચેસ્ટનટ' પડ્યું. બ્રિટનની ચાલુ ટિકિટોથી બેવડાથી સહેજ વધુ મોટા કદમાં આ ટિકિટ છપાઈ છે.

(પ્રેષક: રમણિકલાલ સોલંકી – લંડન)

રાજ્યાધિકારી (અનુસંધાન પૃષ્ઠ ૮૪થી) કૈં ન થઈ શકે તો તો, આ ચૂડિયું પેરો.' કહી ગજવામાંથી બંગડી કાઢી પ્રભાશંકર સામે ધરી.

પ્રભાશંકરની આંખમાં આંસુ આવી ગયાં. તેણે હાથ લંબાવી બંગડી લઈ લીધી ને કહ્યું: 'ખરી વાત છે ભાઈ, હું આને લાયક છું.'


આમ કહી વાહન કઢાવી એ ખેડૂતને લઈ સીધા મોતીબાગ ઑફિસે ગયા. વાઈસ પ્રેસિડેન્ટ બર્ક સાહેબ નામે અંગ્રેજ અમલદાર પાસે વસૂલાતી ખાતું હતું. તેને મળીને બધી વાત કરી. પણ આ રીતે બંગડી દઈ અપમાન કરનારને તરત દાદ દેવામાં બર્ક સાહેબને નાનમ લાગી. ત્યારે પ્રભાશંકરે કહ્યું: 'આમાં હવે ઢીલ કરવી એ આપણે નાક આપણે જાતે કાપી દુનિયાને બતાવ્યા બરાબર છે. માટે તેમનો હુકમ કઢાવો. આપણે અત્યારે જ નિકાલ લાવીએ.' એ જ વખતે આખા પ્રકરણોનો નિકાલ કરી, મહેસૂલના હપ્તાનું નામ ખેડૂત પાસે જ પડાવી, તેને જવાઆવવાની ભાડાની રકમ પોતા તરફથી આપી રવાના કર્યો. બંગલે પાછા આવી ટેબલ પર પડેલા તારીખિયાના કાગળમાં બે લીટી લખી:

'લીધા'તા દોકડા કરજે, દીધા સોના રૂપે પાછા,
હવે જો જીવવા દે તો વણિકનું એટલું યે ક્યાં?'

અને તે દિવસથી જ તેમણે રાજ્યના ખેડૂતોના કરજનિવારણની યોજના ઘડવા માંડી. રાજ્યનું જૂનું મહેસૂલ માફ કરી, ખેડૂત પાસે લેણી નીકળતી રકમોમાં વેપારી પાસે સ્વેચ્છાએ છૂટ મુકાવી, ખેડૂતો વતી એ રકમ વેપારીને રાજ્ય તરફથી ચૂકવી રાજ્યના તમામ ખેડૂતનું કરજ તેમણે ફિટાવી દીધું. જૂનાગઢ વગેરે દેશી રાજ્યો ઉપરાંત સરકારી ઈલાકાઓએ પણ ભાવનગરનો દાખલો લઈ તે દિશામાં પ્રયત્ન કરેલા. ઈ. ૧૯૦૨માં પ્રભાશંકર દીવાન થયા ત્યારે રાજ્ય પર ભારે કરજ હતું. પણ એમણે આવીને પ્રજા ઉપરાંત રાજ્યને પણ એટલું તરતું કર્યું કે ઈ. સ. ૧૯૪૮માં ભાવનગર રાજ્ય સૌરાષ્ટ્રના એકમમાં ભળ્યું ત્યારે રાજ્યની તિજોરીમાંથી નગદ અઢાર કરોડ રૂપિયા સૌરાષ્ટ્ર રાજ્યને મળેલા! □

વિશિષ્ટ વ્યક્તિચિત્ર

રાજ્યાધિકારી



પ્રભાશંકર પટ્ટણી ▷

લેખક મુકુન્દરાય વિ. પારાશર્ય

'હિંદ છોડો'ની બ્રિટિશ સલ્તનત સામેની લડતના જુવાળને કારણે ભાવનગર રાજ્યમાં પણ ચળવળો ઊપડેલી. એ વખતે અનંતરાય પટ્ટણી દીવાન હતા. એ લશ્કરી મિજાજના ગણાતા. ચળવળ વધી ત્યારે રાજ્યના એક વરિષ્ઠ અધિકારીએ તેમને સલાહ આપી: 'આપ પોલીસ તથા લાન્સર્સને હુકમ આપો તો તેઓ લાઠીચાર્જ અને બીજા ઉપાયો વડે લોકોની સાન ઠેકાણે લાવશે.'

આ સાંભળીને અનંતરાય ખુરશી પરથી બેઠા થઈ ગયા, ને અંગ્રેજીમાં જે બોલ્યા તેનો સાર આ પ્રમાણે છે: 'એ ભાવનગરમાં કદી નહિ થાય. તમે શું એમ ઇચ્છો છો કે પોલીસને હું મારી પ્રજા સામે ધરી દઉં! તો પછી આપણે શા માટે રાજ્યના મોટા હોદ્દા પર છીએ! પોલીસ તો ત્યારે દરમ્યાનગીરી કરવા માટે છે કે જ્યારે લોકો સામસામા ઝગડતા હોય, નહિ કે જ્યારે પ્રજા સામુદાયિકરીતે રાજ્યને કંઈક કહેવા માગતી હોય. બાપુજી (પ્રભાશંકર પટ્ટણી) જે રીતે સંતાન તરફની લાગણીથી લોકોને સમજાવતા તે રીતે તેમને સમજાવવાની મને મારી ફરજ લાગે છે. એવો કામયાબ ઉપાય હું શોધું છું. એ ખાત્રી રાખજો કે દમન એ કોઈ ઈલાજ નથી, ઉપાય નથી.'

આ અનંતરાયના પિતા પ્રભાશંકર પટ્ટણી રાજ્યના અધિકારીઓને નીચેની વાત સમજાવતા: 'સામાન્ય રીતે પ્રજાના નવાણું ટકા માણસોને રોટલો રળવા આડે સમય નથી. સમય હોય તો યે પરિસ્થિતિ સમજી, પ્રવાહની દિશા કે ગતિ પારખવા પૂરાં સાધનો તેની પાસે નથી. આ કારણે જે પ્રશ્નો એની આજુબાજુ ઊભા થતા હોય છે તેનું યે તેને ભાન થતું નથી. એ પ્રશ્નો ઊભા થાય ને લોકોને અકળાવે ત્યારે રાજ્યકર્તાને ન કહે તો કોને કહે? પ્રજા અરજ કરે પણ એને અરજ કરવા વારો આવે તે પહેલાં પ્રશ્નો ઊભા થતા હોય ત્યાં જ તેને પારખી કાઢવાનું, પરિસ્થિતિનો તાગ કાઢી ઉકેલ શોધવાનું કામ રાજ્યનું છે, પ્રજાનું નથી. આવો ઉકેલ રાજ્ય થોડોઘણો યે ન લાવે ત્યારે પ્રજા સંયમ જાળવી શકતી નથી. દાદ ન મળે એટલે એ દેખાવો કરે, તોફાન કરે ને બાળક જેમ હડે ભરાય ત્યારે જો તેનાં માબાપ તેને સમજાવી મનાવી ન શકે તો પોતાનાં જ રમકડાં ફોડે, બીજી ચીજવસ્તુને નુકસાન કરે ને પોતે પછડાટિયું ખાય, તેમ અકળાએલા લોકો મરણિયા થઈ પોતાની મિલકતને તથા જાતને નુકસાન થાય, હાનિ થાય, તેવાં કામો કરી બેસે છે. એ અજ્ઞાન દશામાં ઉપાય ન સૂઝવાથી, રાજ્ય તરફથી દાદ ન મળતી હોવાના પરિણામે ઊપજતી વ્યગ્રતાના આવેશનાં પરિણામો છે.'

આ પ્રભાશંકરના પ્રજા સાથેના વર્તાવના ઘણા પ્રસંગો છે. એ મોટા ફલકના નથી. પ્રભાશંકર કહેતા કે નાનીનાની વાતોનો જો સંતોષકારક તોડ ત્યારે ન ત્યારે જ લાવીએ તો મોટી ઉપાધિ ઊભી ન થાય. ઝીણી વાતો તરફ બેધ્યાન રહેવાથી જ એ મોટી થઈ વણસે છે. એમના એવા પ્રસંગોમાંથી ઉકેલનું દૃષ્ટિબિન્દુ બતાવવા થોડા નાના પ્રસંગો રજૂ કર્યા છે.

પ્રભાશંકર ઈ. ૧૯૦૨થી ૧૯૧૨ સુધી ભાવનગર રાજ્યના દીવાનપદે હતા. એમના વખતમાં રાજ્ય કરજમાંથી મુક્ત થઇ સંપત્તિવાન થયું. વેપાર-ઉદ્યોગ વધ્યા ને પ્રજા સહિત રાજ્ય સમૃદ્ધ થયું. રાજા તથા પ્રજાને તેમના પ્રત્યે આદર હતો. માત્ર પ્રથમ રાણી દેવકુંવરબાના અવસાન પછી નવાં પરણીને આવનાર રાણી નંદકુંવરબાને, પોતાના પતિ રાજ્યધણી હોવા છતાં દીવાન પ્રભાશંકરને પૂછ્યા વિના કંઈ કરતા નથી એ વાત પસંદ ન હતી, તેથી તે જાતે રાજકારણમાં રસ લેવા માંડયાં. આ હકીકતની જાણ થતાં પ્રભાશંકર રાજીનામું દઈ છૂટા થયા ને મુંબાઈ ગવર્નરની કારોબારીના સભ્ય થયા. ત્યાંથી વાઈસરૉયની કારોબારીના સભ્ય થયા ને ત્યાંથી ઇંગ્લૅંડમાં ભારતમંત્રીની કારોબારીના સભ્ય થયા. એ ઇંગ્લૅંડ હતા તે દરમિયાન ઇ. સ. ૧૯૧૮–૧૯માં અનુક્રમે રાણી નંદકુંવરબા તથા મહારાજા ભાવસિંહજી દેવ થયા. ભાવનગરની પ્રજાએ તથા રાજકુટુંબે વાઇસરૉયને તથા ભારતમંત્રીને તાર કરી, પ્રભાશંકરને ભાવનગરના ઍડમિનિસ્ટ્રેટર તરીકે મૂકવા વિનંતી કરી ને તારની નકલ પ્રભાશંકરને મોકલી. એ વખતે સરકારે પ્રભાશંકરને મદ્રાસ પ્રાંતના ગવર્નરપદે મૂકવા વિચારેલું. પણ પ્રભાશંકરે એ પદ ન સ્વીકારતાં ભાવનગર રાજ્યનું વાલીપણું સ્વીકાર્યું અને કારણ પૂછતાં સરકારને જણાવ્યું: 'ભાવસિંહજી મહારાજની ઇચ્છા હતી કે તેમના પાટવીકુંવર મારા હાથ તળે ઊછરે. હવે જ્યારે એ નામદારની હયાતી નથી ત્યારે મારી પહેલી ફરજ એ છે કે મારે ભાવનગર જવું.' આમ, એ રાજ્યના ઍડમિનિસ્ટ્રેટરના પદે આવ્યા એટલે હાથમાં પૂરી સત્તા આવી, છતાં એ સત્તા કરતાં જવાબદારીનું ભાન એમને સવિશેષ હતું. તેમણે એક વહીવટી કારોબારી સમિતિ રચી, જેના પોતે પ્રમુખ રહ્યા. બાળમહારાજાની જાતદેખરેખ માટે એ પોતાના કુટુંબ સાથે અનંતવાડી ન રહેતાં તેમની નિકટ લીલે બંગલે રહેતા. ફક્ત દિવસમાં બે વખત ઘેર જમવા જતા.

મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકર (ઈ. ૧૮૬૫–૧૯૨૪) ત્યારે ભાવનગરમાં રહેતા. ચાર-છ મહિના વડોદરા રાજ્યના પુરાતત્ત્વખાતામાં ક્યુરેટર તરીકે નોકરી કરવા સિવાય એ મનસ્વીએ જિંદગીમાં કોઈ નોકરીધંધો કર્યાં ન હતાં. લાઠીનરેશ 'કલાપી', વડિયા દરબાર, ભાવનગર મહારાજા ભાવસિંહજી, વગેરે તેમને પેન્શન આપતા. ઈ. ૧૯૦૦માં 'કલાપી' ગયા. ૧૯૧૯માં મહારાજા ભાવસિંહજીનું અવસાન થતાં તેમના ખાનગી ખાતા તરફથી અપાતું પેન્શન બંધ થયું. આ કવિ વહીવટી કારોબારીના સભ્ય કર્નલ જોરાવરસિંહજીના મિત્ર હતા, પ્રશંસક હતા. એક વાર કર્નલ જોરાવરસિંહજીએ પ્રભાશંકરને કવિના બંધ પડેલા પેન્શનની વાત કરી. પ્રભાશંકરે કહ્યું: 'એ પેન્શન આપણે કરી દેશું; પણ આપ એમને મારી પાસે લઈ આવો તો મારે મળવું છે. પેન્શન વિષે વાત કરવી નથી.'

કર્નલ જોરાવરસિંહજી કવિને તેડી ગયા ત્યારે પ્રભાશંકર મંદવાડમાં તાવમાં પડયા'તા. પોતાના મંદવાડ વિષે પ્રભાશંકરે ખેદ વ્યક્ત કર્યો ત્યાં તો કવિએ કહ્યું, 'આ બધાં કરેલાં પાપનાં પરિણામ છે. રોગ વિનાકારણ આપમેળે આવતા નથી, તેડાવ્યા આવે છે.'

જોરાવરસિંહજી કવિને વારવા જતા'તા ત્યાં પ્રભાશંકરે કહ્યું: 'કવિ, તમે સાચું જ કહો છો. આવું કહેવા માટે આભાર માનું છું.' આમ કહી કર્મવિપાક વિષે મહાભારતમાંથી દૃષ્ટાંત આપી વાતો કરી. પછી તો કવિને ય થયું કે પટ્ટણી જેવા ભલા માણસને આમ કહેવું જોઈતું ન હતું.

થોડી વાર રહી તેઓ ઊઠ્યા ને કર્નલ જોરાવરસિંહજીને ત્યાં બેઠા'તા એ દરમિયાન પ્રભાશંકરની ચિઠ્ઠી લઇ ઘોડેસવાર કર્નલ જોરાવરસિંહજીને આપી ગયો. તેમાં જણાવેલું: 'મસ્ત કવિ જેવા સત્યવક્તા મનસ્વી માણસો રાજ્યમાં છે એ રાજ્યની શોભા છે. એમણે જે કહ્યું તેથી મને નવું બળ મળ્યું છે. તેમનું પેન્શન બંધ થયા તારીખથી ફરી શરૂ કરવાનું ને તે બમણું કરી આપવાનું ખાનગી ખાતાના ઉપરી અધિકારી સાહેબને મેં લખી જણાવ્યું છે ને પછી આ ખબર આપને આપું છું.'

ભાવનગરના તળાજા મહાલમાં આબકારી ખાતાના એક કર્મચારીને તેની ઉદ્ધતાઈના કારણે ખાતાના ઉપરીએ સસ્પેન્ડ કરેલો. એ કર્મચારીને આખાબોલા તરીકે સહુ જાણતા, પણ તેના કામ બાબત ફરિયાદ ન હતી. તેણે ન્યાય માટે દરબારમાં અરજ કરેલી અને ત્રણચાર માસ વીતી ગયા છતાં કાંઈ પતતું ન હતું. આથી તે કંટાળી, અરજી લખી, પટ્ટણી સાહેબને રૂબરૂ આપવા આવ્યો અને વહેલાસર પૂરી તપાસ કરી નિકાલ લાવવા વિનંતી કરી. પટ્ટણી સાહેબે કહ્યું કે પોતે ખાતા પર અરજી મોકલી તપાસ કરી જણાવશે. કર્મચારીએ કહ્યું: 'સાહેબ, બહુ વખત થયો. હું નાનો માણસ. વગર વાંકે મને ઘેર બેસાડ્યો છે. હવે આપ કંઈક ઉતાવળ કરીને કરો.' પ્રભાશંકરે કહ્યું: 'ખાતા મારફત થવા દો. પછી હું જોઈશ.'

પેલાએ કહ્યું: 'તો શું દરબારશ્રીએ આપને રાખીને રાજમાં ધોળો હાથી જ બાંધ્યો છે ને?'

પ્રભાશંકરે પોતે બનતી ઉતાવળે નીવેડો લાવશે તેમ કહી તેને રજા દીધી ને તત્કાલ ખાતાના ઉપરીને બોલાવી, આખું પ્રકરણ જાતે તપાસી એ કર્મચારીને નોકરી પર લઈ લીધો. એ પટ્ટણીજીનો આભાર માનવા આવ્યો ત્યારે ઉપરી સાથે તેમ જ બીજા સાથે વિનયથી વર્તવાના લાભ સમજાવ્યા. પણ કર્મચારીએ કહ્યું: 'આપને આકરાં વેણ કહ્યાં તો મારું કામ થયું.' પ્રભાશંકરે કહ્યું: 'તમે ભલે એ રીતે વિચારો. પણ હું તમારી જગ્યાએ હોઉં તો મને એમ થાય કે ઉપરી સાથે જોઈએ તેવા વિનયથી વર્ત્યો હોત તો મારે ત્રણચાર મહિના ઘેર બેસવું ન પડત.'

બાળ મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ઇંગ્લૅન્ડમાં ભણવા મૂકેલા. ત્યાંથી ઈ. સ. ૧૯૨૭માં રજામાં થોડા વખત માટે તેમને ભાવનગર લઈ આવેલા. ભાવનગરની પ્રજાને તેમનું સ્ટેશને સ્ટેશને સ્વાગત કરવું'તું એટલે લોકો ઊમટે, ફૂલતોરા કરે, ઘોળ કરે, વગેરે વિધિ થતાં ટ્રેઇન સિહોર સ્ટેશને આવી ત્યારે ત્રણ કલાક મોડી હતી. આજુબાજુનાં ઘણાં ગામડેથી માણસો ઊમટેલાં. સ્ટેશનથી ગામ અરધા માઈલથી વધારે દૂર હતું. ધાવણાં બાળકોને તેડીને સ્ત્રીઓ આવેલી. પોલીસનો વધુ બંદોબસ્ત ન હતો. ભીડ ઘણી ને મોડું થએલું તેથી કંટાળેલો સમુદાય અવ્યવસ્થિત બહુ હતો. સમિયાણામાં હારતોરા બાદ મહારાજા ઊઠ્યા ત્યારે લોકોના ધસારાના પરિણામે પ્રભાશંકરનો ફેંટો ઊડી ગયો, ને અંગરખાની ચાળ ફાટી ગઈ. બાળ મહારાજા પણ ટહ્લે ચડી છૂટા પડી ગયા. તેનો સાફો નીકળી ગયો. એ હાલતમાં જેમતેમ કરી ડબ્બામાં ચડી ગયા. બારણામાં આગળ મહારાજા ને પાછળ ફાટેલે અંગરખે ઉઘાડે માથે પ્રભાશંકર ઊભા હતા. ટોળાનો ધસારો વધતો ગયો. ધક્કામુક્કીમાં લોકો બારણાં પર ચડવા લાગ્યા. તેમને રોકવા ફોજદારે સોટી વીંઝવી શરૂ કરી. એકદમ પ્રભાશંકરે બૂમ મારી: 'બંધ કરો! પોલીસ આઘી ખસી જાય. લોકોને મારવા માટે પોલીસ નથી.'

બાળ મહારાજાએ કહ્યું: 'મારી પ્રજાને શા માટે મારો છો?'

લોકોના સાંભળતાં પ્રભાશંકરે સ્થાનિક વહીવટદારને હુકમ આપ્યો કે ફોજદાર સાહેબનો આજ ને આજ દસ રૂપિયા દંડ વસૂલ લેવો. વહીવટદારે એ દંડ વસૂલ કર્યો ને બીજે દિવસે પાછો ચૂકવતી વખતે પટ્ટણી સાહેબે દંડ માફ કર્યો છે તેમ જણાવ્યું.

અઠવાડિયા પછી કોઈ કામ નિમિત્તે પ્રભાશંકરનો સિહોર મુકામ થયો ત્યારે પોતાનો દંડ માફ કર્યા બદલ ફોજદાર આભાર માનવા આવ્યા ત્યારે પ્રભાશંકરે કહ્યું: 'તમારો હેતુ વ્યવસ્થા જાળવાનો હતો એ હું સમજતો 'તો. પણ લોકોને મારવાથી વ્યવસ્થા ન જળવાય, ઊલટી ગેરવ્યવસ્થા વધે ને લોકોને રાજ્ય તરફ માન ઘટે. હું તમારી જગ્યાએ હોઉં તો સામટાં માણસો લાંબા વખતથી રાહ જોઈ કંટાળે, એમ સમજીને કોઈ કોઈ મા પાસેથી રોતું છોકરું તેડી અથવા એને માટે પીવાનું પાણી લાવી દઈ છાનું રાખતાં રાખતાં એ માવડીને કહું કે આ યે બાળારાજા છે. એ બીચારાંને તેડીને આ ભીડમાં આવ્યાં છો તો હેરાન થશો. માટે છેટે ઊભાં રહીને જોજો. નહિતર ભીડના ધસારામાં છોકરું હાથમાંથી છૂટી પડશે, કચરાઈ મરશે ને રોવા વારો આવશે. જો આમ લોકોને આગળથી સમજાવ્યાં હોત તો ધમાલ ન થાત. ભીડમાં ધાંધલ ન થાય તે માટે અગાઉથી સાવચેતીનાં પગલાં લેવા માટે પોલીસ છે.' (આ ફોજદારના કામથી પ્રભાશંકરને સંતોષ હતો. એ ફોજદાર ડિસ્ટ્રિક્ટમાં હોય ત્યારે પોતાનું સીધું ભેગું લઈ જતા ને હાથે રાંધતા. ગાડીવાળો ના કહે તો પણ તેને ભાડું દીધા વગર ગાડીમાં બેસતા નહિ!)

ભારતનો આધારસ્તંભ ખેડૂત છે એમ પ્રભાશંકરને યુવાવસ્થાથી સમજાઇ ગએલું. ખેડૂતોની સ્થિતિ સુધારવા તે બનતું કરતા. એ માટે એટલા આતુર હતા કે પોતે ઍડમિનિસ્ટ્રેટરના પદેથી ઊતર્યા પછી એ જ રાજ્યના વસૂલાતી અધિકારીના ઊતરતા હોદ્દાએ સ્વેચ્છાએ આવેલા. એ જ્યારે રાજ્યના ઍડમિનિસ્ટ્રેટર હતા ત્યારે પણ ભાવનગરના ખેડૂતોની સ્થિતિ એટલી સારી ગણાતી કે અમદાવાદ જિલ્લાના ખેડૂતો ભાવનગર રાજ્યમાં જમીન મળે તો આવી વસવા માટે જમીન જોવા આવતા.

ખેડૂતોની સ્થિતિ એકંદર સારી હોવા છતાં તેમના પર કરજ થઈ જતાં અને વેપારીવર્ગ મન ફાવે તેમ વ્યાજનો ઊંચો દર લેતા. પરિણામે ખેડૂતો ઊંચા ન આવતા. વરસ ખરાબ જાય તો રાજ્ય મહેસૂલની આકારણી ઓછી કરતું ને તે વસૂલ લેવા તકાદો ન કરતું. વળી, રાજ્યની લેણી રકમ પર વ્યાજ ન ચડતું. એટલે સારાં વરસોમાં પણ રાજ્યને મહેસૂલ ભરવાને બદલે ખેડૂતો વેપારીને વ્યાજ ચૂકવતા. ત્રણચાર વરસ ઉપરાઉપરી ખેડૂત રાજ્યને મહેસૂલ ન ભરે તો રાજ્ય તરફથી જમીન જપ્ત કરવાનો કાયદો હતો, પણ તેનો અમલ ખેડૂતની અવળચંડાઈ લાગે તો જ થતો. આ સમજનારા વેપારીઓ ખેડૂતો પાસેથી બને તેટલી વધુ રકમ વસૂલ કરતા.

એક વાર રાજ્યના પાંચપીપળા ગામના એક ખેડૂત પાસે રાજ્યની ઘણાં વરસોની મહેસૂલની મોટી રકમ લેણી હતી. વરસ સારું ગએલું, પણ વેપારીને કરજ ભરવા આડે તેણે રાજ્યને મહેસૂલ પેટે કંઈ ભર્યું નહિ. આથી થાણદારે જમીનખોરડાં જપ્ત કર્યાં. ખેડૂતે થાણદાર, વહીવટદાર, વસૂલાતી અધિકારી વગેરેને અરજ કરી પણ દાદ ન મળી. છેવટ એ ખેડૂત પ્રભાશંકરને મળવા ભાવનગર આવ્યો. બહારગામથી આવનાર અરજદારને પ્રભાશંકર તે જ દિવસે મળતા. તે આવ્યો તે દિવસે પ્રભાશંકર ભરપૂર તાવમાં પડ્યા'તા, છતાં ખેડૂતને પોતા પાસે બોલાવ્યો, અરજી લઈ, વાત સાંભળી, પ્રશ્નો પૂછી પૂરી વીગત સમજી, પછી કહ્યું: 'આ અરજી ખાતા ઉપર મોકલી હું તપાસ કરાવી, જપ્તી વહેલાસર ઊઠે તેમ કરીશ.'

ખેડૂત રોઈ પડ્યો. તેણે કહ્યું: 'મારાં જમીન, ખોરડાં ને ઢોર જપ્તીમાં છે. વાત સાચી કે દરબારનું મારી પાસે ભારે લેણું છે. દરબાર તો માબાપ છે. પણ વાણિયો ગળે પડ્યો, ઘેર આવી લાંઘવા બેઠો. એની મુદ્દલ કરતાં વ્યાજની રકમ છાશવારે વધી જાય છે એટલે કંટાળીને એને રૂપિયા ભર્યા. આથી થાણદાર સાહેબ નારાજ થયા. હું શું કરું? મારી પાસે રાતી પાઈ રે' નો'તી. થાણદાર સાહેબ પોલીસ લઈને આવ્યા. અમને વાળુ કરતાં'તાં ત્યાંથી બેઠાં કર્યાં ને ઘરબહાર હાંકી જપ્તી બેસાડી. ખેતી ગઈ. આજ કેટલા દી'થી આભ નીચે બાઈડી છોકરાંને રે'વાનું ઠેકાણું નથી! રોટલો નથી! મારા જેવાનું જો તમ જેવાથી (અનુ. પૃ. ૮૨)

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર (શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકર વગા · ઉમરેઠ)) ની સલાહ

૧. ધનુર્ શું છે? અને તે લોખંડ વાગવાથી જ ધનુર્ થાય છે?

ઉ. ધનુર્ કે ધનુર્વાત માત્ર લોખંડ વાગવાથી થાય છે એવું નથી, કોઈ પણ કારણે ચામડી કપાઈ ઘા પડવાથી પણ ધનુર્ થાય. પણ, માત્ર વાગવાથી જ ધનુર્ થતું નથી, પરંતુ વાગવાથી પડેલા ઘામાં ધૂળ-કચરો ભરાવાથી એ થાય છે. કારણ કે ધનુર્ પેદા કરનારાં જીવાણુઓ ધૂળ, કચરો ને પશુના મળમાં વસીને વૃદ્ધિ પામે છે. આથી રસ્તામાં પડેલાં ખીલી, કાચ, સોય, કાંટો કે ધૂળ લાગેલાં લાકડી કે લોખંડ વાગવાથી કે પડી જવાથી પડેલા ઘામાં રસ્તાનાં ધૂળકચરો ભરાવાથી ધનુર્ થવાની ભીતિ રહે છે. તદ્દન સૂક્ષ્મ ઘામાં પણ આ જીવાણુઓ પ્રવેશી શકે છે, અને ખુલ્લા ઘામાં તો ખસૂસ. ચામડીમાં ઘા ઉપજાવનાર કાંટો, ફાંસ કે બંદૂકની ગોળી શરીરમાં રહે તો ધનુર્ થવાનો ભય વધુ છે.

ધનુર્‌ના જીવાણુઓ ઘામાં રહીને વૃદ્ધિ પામી જે ઝેર ઉપજાવે છે, તે શરીરમાં ફરી વળવાથી માંસપેશીઓના હલનચલન કરનારા જ્ઞાનતંતુઓ ઉપર અસર ઉપજાવે છે.

ઘા પડયા પછી ચારપાંચ દિવસમાં ધનુર્‌નાં લક્ષણ દેખા દે છે. સૌ પ્રથમ ઘા આગળની માંસપેશીઓ સખત બને છે. પછી જડબાની માંસપેશીઓ અક્કડ બનવાથી મોઢું ઊઘડતું નથી. ચહેરાની માંસપેશીઓ ખેંચાવાથી ચહેરો ઉપહાસયુક્ત દેખાય છે. પછી છાતી, બરડો, હાથ ને પગની માંસપેશીઓ અવારનવાર અક્કડ ને ઢીલી બનવા સાથે શરીરમાં તાણ શરૂ થાય છે. પ્રકાશ અને મોટા અવાજથી પણ તાણો આવે છે.

ધનુર્ નિવારી શકાય એવો રોગ છે. આના માટે બાળપણમાં બળિયાની રસીની જેમ ટૅાનસ ટોક્સાઈડનાં ઈન્જેક્સન લેવાં જોઈએ. ઘા પડયા પછી એન્ટીટેટનસ સીરમ (એ. ટી. એસ.)નું ઈન્જેક્સન લેવાથી ધનુર્‌ની ઘાતક અસર સામે રક્ષણ મળે છે.

૨. મારી વય ૪૦ વર્ષની છે લગભગ પંદર માસથી મને ડાબી બાજુ સ્તનમાં બગલ નીચે ગાંઠ જેવું થયું છે. થોડો દુખાવો પણ છે. આ અંગે માર્ગદર્શન આપી ઉપકૃત કરશો.

ઉ. સ્તનમાં પંદર માસથી ગાંઠ કે દડબ છે એટલે તે કૅન્સર તો ન હોઈ શકે, પણ તે હોવાનો ખયાલ રાખી પગલાં લેવાં જોઈએ. તેના ઉપર કશું લગાડીને બેસી રહેવું હિતાવહ નથી. શસ્ત્રક્રિયા કરાવી પેથોલૉજી લૅબોરેટરીમાં તેની તપાસ કરાવીને તેનો પ્રકાર જાણવો જોઈએ. જેથી તેની શરીરમાં વ્યાપેલી અસરો નાબૂદ કરવા જરૂરી ઉપચાર થઈ શકે.

શરીરના કોઈ પણ ભાગમાં કૅન્સર થઈ આવે છે. સ્ત્રીઓમાં સ્તન અને ગર્ભાશયમાં કૅન્સર વધુ પ્રમાણમાં થાય છે. હિંદુ સ્ત્રીઓ કરતાં પારસી સ્ત્રીઓમાં સ્તનના કૅન્સરનું પ્રમાણ વધારે જણાયું છે. બ્રિટન અને અમેરિકામાં કૅન્સર સંબંધી થએલાં સંશોધનો પછી ગર્ભાશયના કૅન્સરનું પ્રમાણ ઘટાડી શકાયું છે, પણ સ્તનના કૅન્સરથી થતું મરણ પ્રમાણ હજી અગાઉના જેટલું જ છે.


આ રોગ જેટલો વહેલો પકડાય અને તેના જેટલા વહેલા ઉપચાર થાય તેટલા પ્રમાણમાં તેમાં ફાયદો થાય છે. રોગિષ્ઠ સ્તન કાઢી નાખવા છતાં ય રોગીને તેમાંથી મુક્તિ મળતી નથી, કારણ આ અરસામાં શરીરના બીજા ભાગોમાં પણ કૅન્સરના કોષો ફરી વળ્યા હોય છે. આ સ્થિતિને મેટાસ્ટેસીસ કહેવાય છે. આથી બગલ અને છાતીનાં હાડકાં નીચે ગાંઠો ઘાલે છે. કૅન્સરના કોષોનો નાશ ન થાય તો તે ફેફસાં, કલેજું ને મગજમાં એકઠા થવાથી છેવટે મોત આવી પડે છે.

આટલા માટે સ્તનમાં કોઈ ગાંઠ જણાય તો તેની જેમ બને તેમ વહેલી તપાસ અને તેની તાત્કાલિક સારવાર થવી જોઈએ. સ્તનમાં ગડ ન હોવા છતાંય ડીંટડીમાંથી પાણી ઝમે, સ્તનની ચામડી જાડી બને, ડીંટડી ઉપર પડતી ઊંધી વળી હોય અગર તો નારંગીની છાલની જેમ ચામડીનાં છિદ્રો પહોળાં થયાં હોઈ યા સ્તનના કદ અને ઘાટમાં ફેર પડયો હોય તો એ કૅન્સરની ચેતવણીરૂપ છે.

સ્તનના કૅન્સરની શરૂઆતમાં બગલમાં ગાંઠ ઘાલતી નથી. શરીરની બહારની સપાટી ઉપર સ્તન આવેલાં હોઈ તેની સહેલાઈથી તપાસ થઈ શકે છે. વળી, તેનાં ઉપર દર્શાવેલાં ચેતવણીનાં લક્ષણો સહેલાઈથી નજરે પડે છે. આ ઉપરાંત ત્રીજી પણ રીત છે. ૪૦-૪૫ની વયે ઋતુનિવૃત્તિ આવે તે પછી દર વરસે દાક્તરની પાસે સ્તનની તપાસ કરાવતા રહેવાની.

રજોદર્શનના અંતે અને ઋતુનિવૃત્તિ બાદ પણ દર મહિને દરેક સ્ત્રી પોતાની જાતે પોતાનાં સ્તન તપાસે એવી અમેરિકી દાક્તરોની ભલામણ છે. જાતે સ્તન તપાસવાની એ રીત આ સાથે દર્શાવી છે:

સ્તનમાં જણાતી ગાંઠ કૅન્સરની જ હોય એવું નથી, પણ એની શક્યતા ખરી. આ માટે બને તેટલી વહેલી તપાસ અને તેનું નિદાન જરૂરી છે, અને જો એ ગાંઠ કૅન્સરની જ હોવાનું નક્કી થાય તો એની જેટલી વહેલી સારવાર થાય એટલો વધુ ફાયદો થાય છે. આ માટે દર મહિને જાતતપાસ કરવામાં આવે તો વેળાસર જાણ થઈ શકે. માસિક અટકાવ પહેલાં સ્તનમાં આવી નિર્દોષ કઠીનતા તો સામાન્ય છે, પણ ઋતુસ્રાવ પછી સ્ત્રી જાતે તપાસતી રહે તો સ્તનમાં થતા ફેરફારની વેળાસર જાણ થઈ શકે છે. આ માટે દર્પણ સામે ઊભા રહી સ્તનના આકારમાં કંઈ પણ અસ્વાભાવિક ફેરફાર દેખાય છે કે નહિ તે પ્રથમ તપાસી જુઓ. પછી પીઠભર સૂઈને વારાફરતી એકએક ખભા નીચે ઓશીકું રાખી બંને સ્તનોને હાથ વડે તપાસી ત્યાં કંઈ અસામાન્ય ફેર જણાય છે કે નહિ તે જુઓ. એ માટે નીચેની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે અનુક્રમે—



(૧) એક ખભા નીચે ઓશીકું રાખી સ્તનના બગલ તરફના ભાગ પર હાથ દબાવી ત્યાં કંઈ ગાંઠ જેવું જણાય છે કે નહિ તે તપાસો. (૨) એ પછી સ્તનના હાથ તરફના ભાગમાં ઉપરની બાજુના ભાગ પર હાથના આંગળાં (ટેરવાં નહિ) દબાવી જુઓ. (૩) પછી એ જ તરફના સ્તનના નીચેના ભાગથી ડીંટડી સુધીનો ભાગ દબાવી જુઓ. (૪) ત્યાર બાદ સ્તનના અંદરની બાજુના ભાગથી આરંભી ડીંટડી સુધીનો ઉપરનો ભાગ દબાવી જુઓ. અને એ જ રીતે પછી (૫) ડીંટડી આસપાસનો તથા સ્તનનો બાકીનો નીચેનો ભાગ તપાસો.

આ જ રીતે પછી બીજા સ્તનને પણ તપાસી જવું અને એમાં અસ્વાભાવિક ગાંઠ કે ગડ જેવું જણાય તો એ અંગે દાક્તરી તપાસ કરાવવી.

સાહિત્યસંપર્ક

પરિમિત ભાવસૃષ્ટિનું પરિતૃપ્તક પરિણામ

માધવ રામાનુજની કાવ્યરચનાઓએ ઈ. ૧૯૬૯માં દેખા દીધી ત્યારથી એ કાવ્યરસિકોનું ધ્યાન ખેંચતી રહી છે. 'તમે' નામના એમના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં (પ્ર. વોરા, પૃ. ૯૬ કિં રૂ. ૩) એમની લગભગ સાડા ત્રણ વર્ષના ગાળાની કાવ્યરચનાઓ સમાવિષ્ટ થઈ છે, જેમાંની ગીતરચનાઓમાં એમનો વિશેષ કાવ્યોન્મેષ પ્રગટવા પામ્યો છે. એમ તો એમાં થોડાંક સૉનેટ, ગઝલ અને અછાંદસ્ રચનાઓ પણ છે, તેમ છતાં 'તમે'ના કવિને મૂલવવા માટે આ સંગ્રહની ગીતરચનાઓ પૂરતી છે.

એમણે આપેલાં ગીતોમાં લયસફાઈ અને શબ્દપસંદગીની સૂઝ ધ્યાન ખેંચ્યા વગર રહેતાં નથી. લયની દૃષ્ટિએ આપણા પરંપરાગત લોકઢાળો કે અર્વાચીન લયલીલાનો એમણે ભાવાભિવ્યક્તિની રસસિદ્ધિ માટે પોતીકો ઉપયોગ કરી જાણ્યો છે. ગ્રામપરિસરને યથાતથ નિરૂપતી એમની કાવ્યબાની આકર્ષક અને ચોટદાર બની રહી છે. મુગ્ધ હૃદયના પ્રણયભાવોને એમણે ઉદ્રેકપૂર્વક ગાયા છે, જેમાં વિરહના વિષાદની વાત મુખ્યત્વે અને ઋજુપણે કરી છે. જીવનાન્તની વેળાની અપેક્ષા પણ એ જ કરુણ મૃદુતાથી પ્રગટાવી છે:

'હળવે તે હાથે ઉપાડજો રે અમે કોમળ કોમળ,
સાથરે ફૂલડાં ઢાળજો રે અમે કોમળ કોમળ.'

આ કોમળતા જ એમની બાની અને નિરૂપિત કાવ્યસૃષ્ટિનો વિશેષ છે. ક્યાંક કૃષ્ણ-રાધાનાં પ્રતીકો નવો ઉન્મેષ લઈને આવ્યાં છે, તો બહુધા પ્રકૃતિમાંથી નવાં નવાં પ્રતીકો-ઉપમાનો ખોળી લઈ સમુચિત અને સચોટ ઉપયોગ એમણે કરી બતાવ્યો છે:

'ચાંચની વ્યાકુળ વાતમાં રે અમે કાલે બળશું;
પાંખના મૂંગા થાકને રે અમે કાલે કળશું.'

* * *

'રણોનું પોતીકું મૃગજળ સમેટાઈ વન થૈ તમારી આંખોમાં કલરવ ભરી જાય; ઉરને અડીને શ્વાસોની સરગમ મહીં પંચમ સ્વરે ટહુકે જીવ્યાની મધુર રટણાઓ...'

* * *

'હળવે હળવે
બુકાનીના બંધ બાંધતું
અંધારું આવે
ને ઘર ફંફોસે આખી રાત!

અભિવ્યક્તિમાં કલ્પનાનું નાવીન્ય અને મૌલિકતા પણ નોંધપાત્ર બની રહ્યાં છે.

'બારણે કડાં નહીં,
કંકણની ઝૂલે જોડ.'

* * *

'બેપગ વચ્ચે દાબ્યા બાઘરણે
મરક મરક દાડમડી કેરાં ફૂલ.'

* * *

'હું ય તે ટીંગણટાણે
મહુડાનો છાંયો ઓઢી સંતાઈ જાઉં!'

* * *

'વૃક્ષ પર જે સૌ પ્રથમ કોળ્યું હતું
પાનનું એ મુગ્ધ વિસ્મય હું હતો...'

આ ઉપરાંત એમણે ક્વચિત્ નગરરૂપી અરણ્યની કે યુદ્ધ ને શાંતિની વાતો પણ કરી લીધી છે. ગઝલોમાં એમના કેટલાક શેર તીવ્રતા અને નવીનતાને લઈ માણવા જેવા બન્યા છે:

'ઓતપ્રોત આંસુમાં થઈએ
ચાલો પાંપણ પાસે જઈએ.'

* * *

'પૂછ્યું હતું તમે કે, તમે ક્યાં મળ્યાં હતાં?
'એ સ્થળની આસપાસ અમે તો ફર્યાં હતાં.'

એમની મોટા ભાગની રચનાઓ ગ્રામપ્રકૃતિ અને પરિવારના પરિસરમાં, તેમજ તે ભાવો અને દૃશ્યોને તીવ્રતા–તાદૃશ્યતાથી નિરૂપવાની અભિવ્યક્તિમાં, તથા બાનીની ગુંજાયશ અને ભાષાની રમણીય સૃષ્ટિનો પરિચય કરાવતી હોવા છતાં એ પરિમિત ભાવસૃષ્ટિમાં વિહર્યા કરે છે; અને પરિમિત ભાવસૃષ્ટિમાં રહીને પણ પરિતૃપ્તક પરિણામો નિપજાવી શકે છે. એમનો કાવ્યફાલ ભાવિનાં વધુ ઊજળાં એંધાણ આપી રહે છે.

ધીરુ પરીખ

'તમે'ના કવિને*

ઝાકળની પાંખડીઓ વેરાણી ફળિયામાં પગલાં ઢંકાઈ ગયાં રાતનાં,
આંખોમાં આછાં ઉજાગરાનાં ઘેન એને શમણાં કહું તો કઈ જાતનાં?

વગડાની વાત ક્યાંક થોરમાં ય ટહૌકી ને કેડીમાં લંબાતી પ્રીત,
વેણુમાં સમાઈ નહિ સીમ એને ગોફણમાં સંકેલી લીધી શી રીત?
સૈયરના સથવારે પૂજાતા પીપળે આળેખ્યા મોર ભાતભાતના...

ક્યાંક ક્યાંક પાંદડાં યે ખરતાં કદમ્બનાં ને વેરાતા વાંસળીના સૂર,
આછેરા અજવાળે પોંખાતું જોઉં મારી ઊગમણી ધરતીનું નૂર;
ઊગતા ને આથમતા સગપણના શ્વાસમાં વેરાતાં વેણ કોક વાતનાં...

હળવા તે હાથે ઉપાડીને અબરખિયા ઝાલ્યા પતંગિયાના રંગ,
કંકુ-ચોખા ને ક્યાંક દૂધભર્યાં દાણામાં ધરતીનો ધૂળિયો ઉમંગ;
આછેરી એન-ઘેન સોડમને વેરા ક્યાંક ખીલ્યાં છે ફૂલ પારિજાતનાં.

ઝાકળની પાંખડીઓ વેરાણી ફળિયામાં પગલાં ઢંકાઈ ગયાં રાતનાં.

હરિકૃષ્ણ પાઠક

* એ કાવ્યસંગ્રહનાં લક્ષણો નિરૂપતો એક કવિમિત્રનો પ્રતિભાવ

સ્વર્ગસ્થ ચાંપશીભાઈ ઉદ્દેશી

અનેક વિટંબણાઓ વેઠી એકલે પંડે બાવન વર્ષ સુધી 'નવચેતન' માસિકનું પ્રકાશન જારી રાખનાર શ્રી ચાંપશીભાઈ વિ. ઉદ્દેશીનું ગયા માસમાં દુઃખદ અવસાન થતાં ગુજરાતી સામયિક-જગતમાં એક પીઢ, સંનિષ્ઠ અને અનુભવી તંત્રીની ખોટ પડી છે. ગુજરાતી માસિકોના ઇતિહાસમાં એકલ હાથે સચિત્ર માસિકના એકધારા સુદીર્ઘ સંચાલન દ્વારા નિયમિતપણે વ્યક્તિગત સાહિત્યસેવા સાચવનારા સાહિત્યક્ષેત્રમાં કદાચ તેઓ જ એક હતા.

મૂળ વતન તો ગોંડલ. જન્મ ઈ. ૧૮૯૩માં ટંકારામાં મોસાળમાં. નોકરી અંગે પિતાનો વસવાટ કલકત્તામાં હોઈ છેક બચપણથી ઉછેર તથા મૅટ્રિક સુધીનો અભ્યાસ પણ ત્યાં જ. ત્યાર બાદ બૅન્કમાં, શાળામાં ને વેપારી પેઢીમાં નોકરી કરવા સાથે એ સમયનાં નામાંકિત સામ-



ચિકો દ્વારા એમણે પોતાના સાહિત્યશોખને પોષ્યો ને વિકસાવ્યો. એવામાં ગુજરાતી સાહિત્યમાં સચિત્ર પત્રકારત્વનો નવો યુગ આરંભનાર 'વીસમી સદી' બંધ પડતાં એની પ્રેરણાથી ચાંપશીભાઇએ કલકત્તા જેવી ગુજરાતથી અતિદૂર ભારતની પૂર્વસીમાપરથી ગુજરાતીમાં પહેલી વાર રંગીન મુખચિત્ર સાથે 'નવચેતન'નું પ્રકાશન કરવાનો નિર્ધાર કર્યો. દુઃસાહસ જેવા એમના એ ખયાલમાં 'નવચેતન'ની સ્થિરતા અંગે અનેક આશંકાઓ હતી. પણ પોતાની સર્વ શક્તિ, સામગ્રી ને સદ્‌ભાવપૂર્ણ સંબંધોનાં બળ એકત્ર કરી એમણે કલકત્તાથી વડોદરા ને છેવટે અમદાવાદ સુધી સ્થળાંતરો કરતાંકરતાં સંસારની અનેક વિષમતાઓ વેઠતા રહી જીવનના અંત સુધી તેને અખંડ ચલાવ્યા કર્યું. એમની એ દઢતા, ક્ષમતા, નિષ્ઠાપૂર્ણકાર્યશક્તિ, નિયમિતતા વગેરે ગુણો અનન્ય જ ગણાય. પોતાની રીતે નિર્વ્યાજ સાહિત્યસેવાની એમની લગની જ આ બધાંનું પ્રેરક બળ હતી. કલકત્તામાં ગુજરાતની અસ્મિતા જગાડનાર ને ગુજરાતી સાહિત્ય પ્રવૃત્તિ આદરનાર તેઓ જ પ્રથમ હતા.

કાવ્યસર્જન ને લેખન ઉપરાંત, કલકત્તાની અવેતન રંગભૂમિ માટે એમણે ૮–૧૦ નાટકો પણ લખેલાં ને તેનું દિગ્દર્શન તથા રજૂઆતની જવાબદારી પણ સંભાળેલી. વ્યવસાયી રંગભૂમિ માટે પણ એમણે ચાર નાટકો લખેલાં. ઈ. ૧૯૩૩માં કલકત્તામાં 'ગુજરાતી સાહિત્ય મંડળ'ની એમણે સ્થાપના કરેલી. 'કવિતાકલાપ' (૧૯૧૮) એ એમનો પ્રથમ કાવ્યસંગ્રહ અને છેલ્લે છેક હમણાં માંદગીને બિછાનેથી 'હૈયું અને શબ્દ' એ છેલ્લો. સર્જનના આરંભ અને અંતનાં આ કાવ્યસર્જનોની વચ્ચે એમણે 'જંજીરને ઝણકારે', 'ગરીબનાં આંસુ', 'ઘેલી ગુણિયલ', 'તાતી તલવાર', 'નસીબની બલિહારી', 'મધુ બિન્દુ', 'મિસર કુમારી', 'આશાની ઇમારત', 'માનવ હૈયાં' વગેરે નવલકથાઓ તથા 'સતી ચંદ્રિકા', 'દિવ્ય પ્રભાત', 'સંસારચક્ર', 'નવો જમાનો' વગેરે નાટકો સાથે 'સ્મૃતિસંવેદન' નામે આત્મકથા એ એમની 'નવચેતન'ના તંત્રી તરીકેનાં લખાણો ઉપરાંતની આગવી દેણગી છે.

અભ્યાસ, ચોકસાઇ, સાચી જ્ઞાનવૃત્તિ ને ઉત્કટ સાહિત્યપ્રેમવાળા પંડિત યુગના સાહિત્યના ચાહક ચાંપશીભાઈ પરોપકાર અને તપશ્ચર્યાભરી કર્તવ્યનિષ્ઠામાં માનનારા હોવા સાથે નિયમિત, ચીવટવાળા ને લેખકો જોડે કામ પાડવામાં સાગરપેટા તંત્રી હતા. ગુજરાતના અનેક લેખકો ને ચિત્રકારોને એનો અનુભવ છે. 'નવચેતન' દ્વારા એમણે અનેક ઊગતી કલમોને સાહિત્ય ક્ષેત્રમાં પ્રવેશ કરાવ્યો હતો. જીવનનાં અનેક સાંસ્કૃતિક પાસાં સાથે સંકળાએલા રહી વિવિધ રસોને પોષતા રહી એમણે પોતાની મનેચ્છા પ્રમાણે જીવનના અંત સુધી 'નવચેતન'નું કાર્ય જારી રાખ્યું હતું.

આરંભમાં 'કુમાર'માં પ્રકટ થએલાં ચિત્રો માટે કલકત્તાથી એમણે જે સહકાર આપેલો અને ઊગતા કલાકારોને સહાય કરી જે અનન્ય મૈત્રીધર્મ બજાવેલો એ બદલ 'કુમાર' એમનું એ ઋણ સંભારતાં એમના અવસાન અંગે ઊંડું દુઃખ વ્યક્ત કરવા સાથે એમના આત્માની શાશ્વત શાંતિ અર્થે પ્રાર્થે છે. □

શબ્દકથા: વિષ્ણુ, વિઠ્ઠુ, વિઠો-બા, વિઠ્ઠલ, વીઠલો

નરસિંહ મહેતો, માંડણ, ભીમ વગેરે ૧૬મી સદીના કવિઓએ 'વીઠલા' શબ્દનો ઉપયોગ કર્યો જાણીતો છે. એમને એ શબ્દ ક્યાંથી મળ્યો એ શોધવું હવે મુશ્કેલ રહ્યું નથી. નરસિંહ મહેતાના પૂર્વકાલીન અને વારકરી વૈષ્ણવ સંપ્રદાય (પંઢરપુર)ના પુરસ્કારક જ્ઞાનદેવના શિષ્ય ભક્તવર્ય નામદેવના અભંગોમાં એ અનેકવાર વપરાયો છે. 'વીઠલા' એ જ પંઢરપુરના ભગવાન 'વિઠોબા'—પાંડુરંગ વિઠ્ઠલનાથ. પાછલો શબ્દ તો સંસ્કૃત ભાષાનો જ થઈ ગયો છે અને 'વિદા ઠં શૂન્યં લાતિ' = જ્ઞાનથી અજ્ઞાનને દૂર કરે છે તે 'વિઠ્ઠલ:' એમ કરી લીધું છે. અને એ જાણીતું છે કે શુદ્ધાદ્વૈત–ભક્તિમાર્ગના સંસ્થાપક શ્રીવલ્લભાચાર્યજીના દ્વિતીય પુત્રનું નામ 'શ્રી વિઠ્ઠલનાથ'—શ્રીગુસાંઈજી–(જન્મ: ઈ. સ. ૧૫૧૬) હતું. આજે સંસ્કૃતજ્ઞોને કલ્પના પણ ન આવે કે આ નામ તો મૂળમાં પ્રાકૃત ભાષાનો વિઠ્ઠુ શબ્દ છે. સં. 'વિષ્ણુ' શબ્દના પ્રાકૃતમાં 'વિણ્હુ (વિન્હુ)' ને 'વિઠ્ઠુ' બે વિકાર રૂઢ છે. આમાંનો પંઢરપુરમાંના ભગવાન વિષ્ણુના સ્વરૂપ માટે મહારાષ્ટ્રી પ્રાકૃતમાં 'વિઠ્ઠુ' પ્રચલિત હતો તે જ 'વિઠો-બા'ના રૂપમાં વિકસ્યો. એનું એક બાજુ વિકસિત ભાષારૂપ 'વીઠલા' અને બીજી બાજુ સંસ્કૃતીકરણને વશ થએલું 'વિઠ્ઠલ.' બ્હાટલિંગ અને રોથે 'સંસ્કૃત વૉર્ટરબુક' (સંસ્કૃત કોશ)માં પાંડુરંગની વિષ્ણુની મૂર્તિ માટેના વિઠ્ઠલ શબ્દનો નિર્દેશ કર્યો છે એ અહીં નોંધવું જોઈએ.

કે. કા. શાસ્ત્રી

વૉરા ઍન્ડ કંપની

ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ અમદાવાદ–૧

હૃદયની સંભાળ: માનવીના સર્વ અવયવોમાં હૃદય મર્મસ્થાને છે. એની સંભાળ આરોગ્યપ્રદ જીવન માટે અતિ મહત્ત્વની હોઈ હૃદય, હૃદયની કામગીરી, હૃદયના રોગો, તેનાં ચિહ્નો, તેના ઉપચારો વગેરેને સામાન્ય મનુષ્ય પણ સમજી શકે તેવી રીતે મૂળ અંગ્રેજીમાં ડૉ. કે. કે. દાતે તથા ડૉ. પીલુ ઈ. ભરૂચાએ 'હાઉ ટુ કીપ યૉર હાર્ટ યંગ ઍન્ડ હેલ્ધી' નામે પુસ્તક લખ્યું છે તેનો જાણીતા લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીએ સરળ અનુવાદ અહીં આપ્યો છે, જે સર્વ જનને ઉપયોગી થઈ પડે તેવો છે. (કાચું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૭)

યુરોપની યાત્રાનો આનંદ: પરદેશ પ્રવાસ હવે ધીમે ધીમે વધી રહ્યો છે ત્યારે પ્રવાસનો આનંદ કેમ લેવો તેનો ખયાલ પણ આ પ્રવાસવર્ણનથી મળી રહે છે, તો જેમણે યુરોપનો પ્રવાસ ખેડયો નથી તેઓ પણ આ પુસ્તક દ્વારા એ પ્રવાસ ખેડયાનો આનંદ માણી રહે એટલી રોચકતાથી મંજુલા મહેતાએ આ પ્રવાસવર્ણન આપ્યું છે. માત્ર ભૌગોલિક કે ઐતિહાસિક પરિચય ન બની રહેતાં આ પ્રવાસવર્ણન યુરોપના લોકોના સાંસ્કૃતિક સામાજિક જીવનની વચમાં લઈ જઈને વાચકને ઊભા રાખે છે અને તે દ્વારા ત્યાંનું પ્રત્યક્ષીકરણ કરાવે એટલી સરળતા એમાં છે. (કાચું પૂઠું, પૃ. ૨૦૬, રૂ. ૬)

સ્ત્રીધર્મ: આર્ય સન્નારીનાં વિવિધ પાસાં અને દેહના વિવિધ શૃંગારોની પાછળના મર્મને સરળ સહજ શૈલીમાં નિરૂપતું, ફાધર વાલેસનું સ્ત્રીઓને ખાસ ઉપયોગી આ પુસ્તક સ્ત્રીસાહિત્યમાં મહત્ત્વનો ઉમેરો છે. (કાચું પૂઠું, પૃ. ૧૫૯, રૂ. ૩–૫૦)

કાજલ કોટડી: સાંપ્રત જીવનમાંથી કથાવસ્તુ લઈ મનુષ્યના આનંદ-અવદશાની કથા જય-પરાજયની ઘટનાપ્રધાન ત્રેવીસ સરસ વાર્તાઓના આ સંગ્રહમાં શ્રી શિવકુમાર જોષીની વાર્તાકલા સારો સ્તર જાળવી શક્યાની અચૂક પ્રતીતિ થશે. (પાકું પૂઠું, પૃ. ૨૮૪, રૂ. ૮)

સાપબાજી: પ્રમુખતયા સંવાદોમાં જ રાચતી, નહિવત્ કથાવસ્તુને લંબાવતી રહસ્યને જ કેન્દ્રમાં રાખતી અને 'આપણે કલબમાં મળ્યા હતા' નામક પોતાની જ નાટ્યકૃતિ પરથી રૂપાંતરિત થએલી મધુ રાયની સામાન્ય નવલકથા. (પાકું પૂઠું, પૃ. ૧૯૮, રૂ. ૬)

અગનપંખી: શ્રી હરીન્દ્ર દવેની લોકચાહના પામેલી નવલકથાનું આ છે પુનર્મુદ્રણ. (પાકું પૂઠું, પૃ. ૨૩૪, રૂ. ૬–૫૦)

ભોમિયા વિના: મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોષીના વિવિધ સંગ્રહોમાંથી ચૂંટેલી જાણીતી ૮૫ ગીતરચનાઓ. (કાચું, પૃ. ૯૫, રૂ. ૩)

રણમેદાને રૂમઝૂમલાલ: જાણીતા લેખક ધનસુખલાલ મહેતાની નર્મમર્મ રીતિએ આલેખાએલી રૂપાંતરિત અને મૌલિક લાંબી-ટૂંકી વાર્તાઓનો સંગ્રહ (પાકું, પૃ. ૨૦૮, રૂ. ૬)

શ્રેષ્ઠ શિકારકથાઓ: શિકારના સા-

હસને પોષતી જંગલ ને પ્રાણીજીવનનો રોચક ને રોમાંચક પરિચય કરાવતી જયન્ત બક્ષી સંપાદિત સત્તર વાર્તાઓના સચિત્ર સંગ્રહની બીજી આવૃત્તિ (કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૩-૫૦)

પીડ પરાઈ: માનવતાભર્યાં કાર્યો કરવા પ્રેરે તેવાં પ્રેરણાદાયી સાત્ત્વિક પ્રસંગચિત્રો રોચક શૈલીમાં નિરૂપતી કૃતિ. (લે. મકરન્દ દવે, કાચું પૂઠું, પૃ. ૧૭૫, રૂ. ૪-૫૦)

ઝરમરિયાં: શ્રી બાલમુકુન્દ દવેકૃત બાળભોગ્ય બત્રીસ ગીતોનો સંગ્રહ. (કાચું પૂઠું, પૃ. ૫૨, રૂ. ૧-૫૦)

સોનાપરી: સ્વ. કૃષ્ણલાલ શ્રીધરાણી કૃત ચાર બાળનાટકોના સંગ્રહની બીજી આવૃત્તિ. (કાચું પૂઠું, પૃ. ૧૦૩, રૂ. ૩)

હડતાલ રમકડાંની: વિમળા મહેતા રચિત પાંચ સચિત્ર અને સરસ બાળવાર્તાની ગુટકા કદની પુસ્તિકા (કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ ૨)

રંગ રંગ વાદળિયાં ભાગ ૧ થી ૫: હરિપ્રસાદ વ્યાસ લિખિત બોધક અને રસપ્રદ બાળવાર્તાઓની ગુટકા કદની સચિત્ર પુસ્તિકાઓ. (કાચું પૂઠું, પાંચેય ભાગનાં મળીને ૨૨૦ પૃ., પ્રત્યેક ભાગના સાઠ પૈસા)

અટકચાળા વાંદરાભાઈ: મોટા અક્ષરે સુંદર રીતે છપાએલી સુરેશ ઓઝાનાં ચિત્રો સાથેની પ્રસિદ્ધ બાળવાર્તા (કાચું, પૃ. ૧૨, રૂ.૧)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ફુવારા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧

છાયા: જિજીવિષાની સનાતન ભીંસ કદાચ માણસને પોતાથી—પોતાના પડછાયાથી યે ભાગતો રાખે છે. એક તરફ જીવનાસક્તિ, બીજી તરફ મરણભીતિ, આ બે બિંદુઓ વચ્ચે વાર્તાનાયક વિક્રાન્ત વિચરે છે, ભાગે છે. અંતે જીવનની અસારતાની એને અનુભૂતિ થાય છે. પ્રત્યેક માનવીમાં પડેલા આ નનામા વિક્રાંતની નાવીન્યમય નિરૂપણ રીતિવાળી શ્રી પિનાકિન્ દવેની આ લઘુ નવલ વાંચવી ગમે તેવી છે. (પાકું પૂઠું, પૃ. ૧૪૨, રૂ. ૩-૫૦)

ચકાવો: હાથલારી ખેંચતા યુગલની, જીવન-સંઘર્ષ સામે ઝઝૂમી, જીવનનાં સ્પંદનો ઝીલવાની દિલાવરીભરી જયા ઠાકોરની મજાની લઘુ નવલ. (પાકું પૂઠું, પૃ ૨૧૩, રૂ. ૫-૨૫)

લોકસાહિત્ય-ખંડ ૨: સ્વ. ઝવેરચંદ મેઘાણીના લોકસાહિત્ય વિષયક જાણીતા ગ્રંથની બીજી આવૃત્તિ. (પાકું, પૃ. ૪૧૮, રૂ. ૯-૨૫)

શબ્દ પરિશીલન: જાણીતા વિદ્વાન ડૉ. હરિવલ્લભ ભાયાણીના ધ્વનિપરિવર્તન, વ્યુત્પત્તિ, શબ્દપ્રયોગ અને ભાષાવિજ્ઞાનને લગતા ગુજરાતી ભાષાના અભ્યાસીને પ્રેરણાદાયી લેખોનો સંગ્રહ. (પાકું પૂઠું, પૃ. ૨૮૬, રૂ. ૯)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



પ્રો. નિસ્સીમ ઈઝેકીએલ

જન્મ: મુંબાઈમાં, તા. ૧૬ ડિસેમ્બર ૧૯૨૪. મુંબાઈ યુનિવર્સિટીમાં અંગ્રેજીના અધ્યક્ષ. અંગ્રેજીમાં લખતા એક ખ્યાતનામ કવિ. અનેક ભારતીય ભાષામાં એમનાં ભાષાંતરો થયાં છે. નાટક પણ લખે છે જેમાંનાં કેટલાંક અંગ્રેજી, મરાઠી ને હિંદી ભાષામાં ભજવાયાં પણ છે. 'ક્વેસ્ટ'ના સંપાદક અને 'ઇન્ડિયન પી.ઈ.એન.' તથા 'ઇમ્પ્રિન્ટ'ના સહતંત્રી. અનેક અંગ્રેજી સામયિકોમાં ગ્રંથાવલોકન ને સાહિત્યસંપર્કના વિભાગના સંચાલક. 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'ની ટેલિવિઝન ને આકાશવાણી પરની પખવાડિક ચર્ચાત્મક નોંધના લેખક. ઈ. ૧૯૫૭ અને '૬૭માં અમેરિકાના પ્રવાસ દરમિયાન વિવિધ યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં વ્યાખ્યાનો આપેલાં અને પોતાનાં કાવ્યોનાં પઠન કરેલાં. કલા તથા સાહિત્ય વિષયક વાર્તાલાપો પણ રેડિયો પર અનેક વાર આપતા રહે છે.

૧ અંગ્રેજી સાહિત્યના સંદર્ભમાં આપ આપને કઈ રીતે મૂકો છો?

ઉ. અંગ્રેજી સાહિત્ય એ મારે મન અણમોલ વારસો છે. એનો હું મારી કલમમાં અવશ્ય ઉપયોગ કરું છું, પણ મને કોઈનું અનુકરણ કે અનુસરણ કરવું ગમતું નથી. સાહિત્યનું સર્જન એના શુદ્ધ સ્વરૂપે થાય એ જ ઈષ્ટ છે.

૨ અનેકવિધ પ્રવૃત્તિઓથી આપને થાક કે કંટાળો લાગે ખરો?

ઉ. ના. મારે મન એ પ્રેરક અને પ્રોત્સાહક છે, આવાં ઉપયોગી કાર્યોમાં મને જીવનની સાર્થકતા લાગે છે.

૩ આપને રાજકીય ક્ષેત્રમાં રસ ખરો?

ઉ. એ ક્ષેત્રે મારી ચોક્કસ માન્યતાઓ છે. કેટલાક પક્ષોને સાથ આપવો ગમે છે, પણ શૈક્ષણિક કાર્યો ને લેખનની પ્રવૃત્તિઓ પછી રાજકીય સક્રિયતાનો અવકાશ રહેતો નથી.

૪ ધર્મભાવનામાં રસ ખરો?

ઉ. જરૂર, પણ આધ્યાત્મિક સિદ્ધિઓની પ્રાપ્તિની મને લાલસા નથી. સાહિત્ય અને કલાની સેવા એ પણ જનસેવા ને એ રીતે પ્રભુસેવા જ છે ને?

૫ જીવન સંબંધી આપની અંગત ફિલસૂફી કેવા પ્રકારની?

ઉ. એ અંગે મારી માન્યતા સમય-સંજોગ પ્રમાણે પલટાતી ને અનુભૂતિ પ્રમાણે પક્ષપાતી પણ બની રહે છે. મારા જીવનમાં દેખાતી ક્ષતિઓ દૂર કરવા મથું છું. પણ ફિલસૂફી કે નૈતિક વલણ કરતાં ય મને સાહિત્ય, કલા ને સૌંદર્યમાં વધુ રસ છે.

૬ મુંબાઈ આપને ગમે છે?

ઉ. ખૂબ. પણ એ ઘોંઘાટિયું ને ધાંધલિયું ન હોત તો વધુ ગમત. મુંબાઈ વિહોણું જીવન મધુરું હોય તો પણ અધૂરું જ છે.

૭ મુંબાઈ યુનિ.માં અંગ્રેજીના અધ્યક્ષ તરીકેનું જીવન માણો છો?

ઉ. હા. પણ મને મારા વિદ્યાર્થીઓને વધુ પ્રવૃત્તિશીલ અને પ્રગતિશીલ જોવા ગમે છે. એ વધુ સક્રિય, પ્રજ્ઞ ને કર્તવ્યપંથે વધુ સમજદાર ને જવાબદાર બને તો વધારે આનંદ આવે. શૈક્ષણિક ક્ષેત્ર મને ગમે છે, વિદ્યાર્થીઓનો પણ મને સહકાર મળે છે, પણ એમનું વાચન જોઈએ એટલું વિશાળ અને તલસ્પર્શી નથી જણાતું. એ રીતે એમનાં જીવન સંકુચિત લાગે છે.

૮ આપે વિવેચનાત્મક ને કલાત્મક લખાણો અનેક લખ્યાં છે. નિત્ય જીવનમાં એ અભ્યાસક રસ કેટલા પ્રમાણમાં વ્યાપ્યો છે?

ઉ. વિવેચનાત્મક વલણ એ મારો સહજ સ્વભાવ છે. મારા આદર્શોની વ્યાખ્યાઓ રચવામાં ને તુલનાત્મક દૃષ્ટિકોણને ધારદાર બનાવવામાં એનો ઉપયોગ કરવો મને ગમે છે. પણ સ્થિતિચુસ્ત રીતે એને વળગી રહેવામાં હું માનતો નથી. જો કે વ્યાપક સત્યોને હું ભૂંસવા માગતો નથી. આ રીતે મારાં કાવ્યોનાં મંતવ્યો ચિરસ્થાયી છે.

૯ આપને ખાસ શોખ શાનો?

ઉ. ખાનગી પણ ધ્યેયલક્ષી પત્રો લખવાનો. મિત્રોને જીવનસંબંધી ખાનગી પત્રો લખવામાં ઓર આનંદ આવે છે.

નિસ્સીમ ઈઝેકીએલ

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલ-કારોનાં જીવન-કવનનો પરિચય

[૫૪]

ક્રાવનાર · **જલન માતરી**



મનુભાઈ ત્રિવેદી
'ગાફિલ'

જેમની ગઝલોમાં અસલના ઊભરા છે, જગતને ગમે ત્યારે જાગ્રત કરી દે એવા કલંદરી નારા છે, જિંદગીને જેનાં દર્શન નથી થયાં એવા કુંવારા પ્રસંગો છે, વ્યથાથી વીંટળાયેલી પલક અને રુદનથી માંડી ખુશહાલી તલક જેનું ઠેકાણું છે એવા શાયરનો પરિચય લખતી વેળા નામ યાદ આવતાં જ સહેજે બોલી જવાય છે. હાય 'સરોદ'! આહ 'ગાફિલ'!

એમની સાથે પ્રથમ મુલાકાત થઈ તા. ૮-૪-'૭૨ ને શનિવારના રોજ અમદાવાદની લાયન્સ ક્લબ તરફથી યોજાએલા મુશાયરાની જવાબદારી અદા કરતાં, ગુરુકૃપા ગેસ્ટ હાઉસમાં અન્ય નામી શાયરોની બેઠકમાં પરિચય થતાંવેંત ભેટી પડયા અને સોમવારે ગઝલગાન માટે પોતાને નિવાસે નોતર્યો. પણ સોમવાર એ જોઇ શકયા જ નહિ.

સાંજે મુશાયરામાં આસ્વાદ લેવા આવ્યા હતા, પણ મુશાયરો જામતાં સંચાલક શ્રી સૈફ પાલનપુરીએ એમને આગ્રહપૂર્વક ગઝલ બોલવા નિમંત્ર્યા. નારાજીએ મંચ પર આવ્યા. મતલા શરૂ થયો એવી જ દાદ મળવા લાગી ને ગઝલ પૂરી થતાં સુધી તે મળતી જ રહી. પણ કોણ જાણે શું થયું કે પછીના શાયર શ્રી શૂન્યનો મતલા શરૂ થયો તેને દાદ દેતાંમાં જ એ ઢળી પડયા. મગજની નસ તૂટી જવાને પરિણામે બીજે દિવસે રવિવારે અવસાન પામ્યા.

પ્રથમ પંક્તિના આ શાયરનું નામ મનુભાઈ ત્રિવેદી. કૉલેજ કાળથી જ કાવ્યો લખતા. સિવિલ જજ તરીકે ગુજરાત-સૌરાષ્ટ્રનાં શહેરોમાં ખૂબ ચાહના મેળવી તાજેતરમાં જ નિવૃત્ત થયા હતા. એમણે 'સરોદ'ની સહીથી છંદોબદ્ધ કાવ્યો, સૉનેટો અને ભજનો લખ્યાં છે અને 'ગાફિલ'-ની સહીથી ગઝલો. એમનો સંગ્રહ હમણાં જ 'બંદગી' નામથી બહાર પડયો છે, એમાંથી એમના શે'રોનો આસ્વાદ લઈ એમની યાદ તાજી કરીએ:

જુદી જિંદગી છે મિજાજે મિજાજે,
જુદી બંદગી છે નમાજે નમાજે.
છે એક જ સમંદર, થયું એટલે શું?
જુદા છે મુસાફર જહાજે જહાજે.
જીવન જેમ જુદાં છે કાયામાં જુદી
છે મૃત્યુ ય જુદાં જનાજે જનાજે.
હટી જાય ઘૂંઘટ, ઢળી જાય ઘૂં[illegible],
જુદી પ્રીત જાગે મલાજે મલાજે.

∞

મુનાસિબ છે કવિને દર્દની વાણી બની જાવું,
જે ખૂટે છે જીવનમાં એની ઉધરાણી બની જાવું.
દયા શાને? ઓ દિલના દાહ! દાહી દે નસેનસને
તને શોભે નહિ, અમ આંખનું પાણી બની જાવું.

∞

બેસમજ સંસારી દિલ, તારી ય કોઈ વાત છે.
તું ધબકતું છે ને દિલદારી ય કોઈ વાત છે.
હું તને શોધ્યા કરું, ને તું છુપાતો રહે સદા,
આમ બસ ચાલ્યા કરે, તારી ય કોઈ વાત છે.

તરંગોને તો દરિયો છે, ભલા, આરાએ ક્યાં જાવું?
વિચારો કાજ દુનિયા છે, આ દિલ મારાએ ક્યાં જાવું?
જીવનનો સાથ સ્વીકારું કે પાલવ મોતનો પકડું?
નથી સમજાતું એના એક અણસારાએ ક્યાં જાવું!
ન ફાવ્યું તો ગયાં કરમાઈ પુષ્પો પાનખર આવ્યે,
ખરી શકતા નથી કંટક, એ દુખિયારાએ ક્યાં જાવું?

∞

દુનિયાથી વાજ આવી ગયો છું એ કારણે,
દેતી નથી એ ભૂલથી મારો થવા મને.

∞

વિરહની વેદનામાં એમ તડપે છે મિલન આશા,
ગગન જાણે ચમકતી ચાંદનીનાં ચીર ખેંચે છે.
ન ગાઉં કેમ હું ભજનોની સાથે ગઝલો પણ ગાફિલ?
અહીં ખેંચે છે મીરાંબાઈ, તો ત્યાં મીર ખેંચે છે.

∞

શું સૂરજ, ચંદ્ર ને તારા હજી ચમકે છે આકાશે?
મને અફસોસ છે, આહો બધી ગઈ છે વૃથા મારી.

એ હતાં સામે છતાં એક વેણુ બોલાયું નહીં,
બે કદમ મંઝિલ હતી, રાહીથી પહોંચાયું નહીં.
એમની પાસે ઘડીક બેઠા પછી દિલને થયું,
જે થયું સારું થયું કે કાંઇ બોલાયું નહીં.

∞

ખુશ્બો ભરી છે કેવી સરસ, એ ન પૂછશો,
ઝેઝા બની છતાં ય ચમનની હવા ગમી.
કાંઠે ઊતરતાં કહેવું પડયું વિશ્વ સિંધુને,
જીવન ગમ્યું, જુવાળ ગમ્યો, જાતરા ગમી.

∞

હવે દિલ જેવું કંઇ છે કે નહીં, એ પણ પ્રભુ જાણે,
છતાં યે કેમ દુનિયા છે હજી વેરણ? પ્રભુ જાણે.

∞

હળવે હળવે પગલાં પડતાં
બેહોશ ફનાના રાહ ઉપર,
દિલ પહેલેથી શું પહોંચી ગયું
નિજ દર્દ તણી દરગાહ ઉપર!
જો દિલમાં યાદ હો ગુલશનની
તો રણમાં ગમી જાતું,
જો રણની યાદ હો દિલમાં
તો ગુલઝારે નથી ગમતું.

∞

નજરની કરામત બિયાબાં, બિયાબાં,
નજરની જ હિકમત કે વસ્તી જ વસ્તી.

∞

ન રાહબરની જરૂરત છે તારા રાહીને
એ આપમેળે વળી જાયા છે મુકામ તરફ.
હજી ય થોડું યે છેટું છે આપણી વચ્ચે,
હજી ય હાથ વળી જાય છે સલામ તરફ.

∞

કદી ન ઊતરે એવો અસલ ખુમાર છીએ,
અમે તમારા છીએ, એ ય પણ ધરાર છીએ.
કહે છે કોણ નથી, છીએ—વાર વાર છીએ,
જનમ મરણની અમે એમ આરપાર છીએ.

∞

સુરાલયની બેઠક વિના કોણ જાણે?
ન પીવાય સહુથી, પીવાનો કસબ છે.
અમી તો અમી, ઝેર તો ઝેર આપે,
જે માગો મળે તેવી દુનિયા પરબ છે.

∞

ન હો લેણું, ન હો દેણું, ભલા એવું બને ક્યાંથી?
ભલે વિસરાઈ લેણાં જાય, પણ દેણાં ન વિસરાજો.
'ગાફિલ' મને મળે કે નહીં કોઈ દિ' હવે,
રૂંધાતે કંઠ એના કવનને સલામ છે.

અનુરણન: ડૉ. ચંદ્રકાન્ત મહેતાના ૪૯ સ્વાધ્યાયલક્ષી વિવેચનાત્મક લેખોનો આ સંગ્રહ નવી-જૂની કૃતિઓનાં અવલોકનો, સાહિત્યના કેટલાક પ્રવાહો વગેરેની નિષ્ઠાપૂર્વક ચર્ચા કરતો હોવા છતાં સૂક્ષ્મતા અને શાસ્ત્રીયતાના અભાવની મર્યાદા દાખવતો બની રહે છે. (પાકું પૂઠું, પૃ. ૩૩૫, રૂ. ૯-૫૦)

સંસ્કારતીર્થ: આજના નૈતિક અંધાધૂંધી અને મૂલ્યહ્રાસના યુગમાં યુવાનોને સાચો રાહ એમના સંસ્કારો જ ચીંધી શકશે. આમ, સંસ્કારને ચારિત્ર્યનો પાયો ગણાવતા ફાધર વાલેસની નવી પેઢીને પ્રેરણાવારિ પાતી આ પુસ્તિકા સૌ યુવકયુવતીઓએ વાંચવા-વિચારવા જેવી છે. (કાચું, પૃ. ૧૪૬, રૂ. ૨-૭૫)

અનુરાગ: 'કાલિંદી' અને 'જાહ્નવી' પછીના પોતાના આ ત્રીજા કાવ્યસંગ્રહમાં કવિ નાથાલાલ દવે લલિતમધુર બાનીમાં ગેય અને છંદોબદ્ધ રચનાઓ આપે છે. અદ્યતન નહિ પણ ગાંધીયુગીન કવિતાપ્રવાહ સાથે અનુબંધ ધરાવતી એમની રચનાઓ પ્રકૃતિ, પ્રેમ અને પ્રભુના વિષયોના નિરૂપણને દિવ્ય કોટિએ પહોંચાડી શકી છે. (કાચું, પૃ. ૧૦૦, રૂ. ૪)

દેશદેશની વીરકથાઓ ભાગ ૧થી ૭: કિશોરોમાં વીરત્વ ને સાહસ પ્રેરતી રમણ-

લાલ નાનાલાલ શાહ લિખિત સચિત્ર વાર્તાઓની પાંચમી આવૃત્તિ. (કાચું પૂઠું, પ્રત્યેક ભાગનાં પૃ. ૪૮ અને કિં. રૂ. ૧)

જ્ઞાન-ગમ્મત પુસ્તકમાળા-ભાગ ૧ થી ૧૦: વિજ્ઞાન, રમતો, કલાકારીગરી વગેરે વિષે ગમ્મત સાથે જ્ઞાન આપતી, સુંદર છપાઈવાળી યશવન્ત મહેતા લિખિત ૧૦ બાલ પુસ્તિકાઓનો સચિત્ર સેટ; (કાચું પૂઠું, પ્રત્યેક ભાગના રૂ. ૧-૫૦; સેટના રૂ. ૧૨)

સ્પન્દન: નારીહૃદયના ભાવોને નિરૂપતી જયવદન પટેલની નવલ૦ (પાકું, પૃ. ૨૮૦, રૂ. ૯)

આર. આર. શેઠની કંપની
ગાંધીમાર્ગ, અમદાવાદ-૧

આગની આરપાર: અંગ્રેજી નવલકથાકાર વિલિયમ મેઈકપીસ થૅકરેની જાણીતી નવલકથા 'વૅનિટી ફેર' પરથી સૂચિત, પરંતુ પ્રસંગો, પાત્રો, શૈલી વગેરેની દૃષ્ટિએ પૂરેપૂરી મૌલિક લાગતી સરસ નવલકથા. (લે. મોહમ્મદ માંકડ, પાકું પૂઠું, પૃ. ૩૯૮, રૂ. ૧૧-૫૦)

સાત જનમના દરવાજા: જીવનમાં આવતી આફતોના એક પછી એક દરવાજા ઓળંગી જતી હિમ્મતવાન યુવતીના પ્રેમસાહસની નવલકથા. (લે. વિઠ્ઠલ પંડયા, પાકું પૂઠું, પૃ. ૪૭૭, રૂ. ૧૩-૫૦)

અનોખી દ્વિધા: જાણીતા વાર્તાકાર ગુલશન નંદાની કલમે લખાએલી આ છે એક રસિક પ્રણયકથા (અનુ. રસિક હ. મહેતા, પાકું પૂઠું, પૃ. ૩૫૨, રૂ. ૧૦)

બહાર કોઈ છે: લાંબી-ટૂંકી ૨૪ વાર્તાઓનો આ સંગ્રહ રઘુવીર ચૌધરીની રચનારીતિ અને સંવેદનના પ્રતીતિકર નિરૂપણના વૈવિધ્યનો દ્યોતક છે. (પાકું પૂઠું, પૃ. ૨૪૮, રૂ. ૭)

લોકપ્રિય પ્રકાશન
૧૧૦/૧૧૨ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

રાધા: કર્ણની પાલક માતા અને મહાભારતની ઉપેક્ષિતા રાધાના પાત્ર દ્વારા નારીહૃદયના ભાવાવેગોને સચોટતાથી નિરૂપવાનો પ્રયત્ન કરતી ઈલા આરબ મહેતાની નવલકથા (પાકું પૂઠું, પૃ. ૧૯૯, રૂ. ૬)

મધુડંખ: પ્રેમ અને ધિક્કારના સંઘર્ષને નિરૂપતી દિલીપ રાણપુરાની નવલકથા. (પાકું પૂઠું, પૃ. ૪૮૮, રૂ. ૧૪)

સંદિગ્ધા: ભૌતિક આકર્ષણના આજના યુગમાં માનસિક તનાવ અનુભવતા માનવીને માટે શ્રદ્ધા-ઈશ્વરીશ્રદ્ધાનો સંદેશ લઈને આવતી વાચનક્ષમ નવલકથા. (લે. નવનીત સેવક, પાકું પૂઠું, પૃ. ૨૩૩, રૂ. ૬-૭૫)

એક સપનું એક સંસાર: પ્રણયને ચીલાચાલુ રીતે નિરૂપતી અને શૈલીમાં અધકચરી નવલકથા. (લે. ગુણવંત ભટ્ટ, પાકું પૂઠું, પૃ. ૩૧૯, રૂ. ૯-૨૫)

સાહિત્ય સંગમ
ગોપીપુરા, સૂરત-૨

સંતવાણી: આકાશવાણી પર ગવાતાં ૨૩૩ લોકપ્રિય ભજનોનો સંગ્રહ. (સં. બેચરલાલ એન. ચૌહાણ; કાચું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૩)

ઓળખો તો ઔષધ: જાણીતા વૈદ્ય લાભશંકર ઠાકર 'પુનર્વસુ'એ લખેલી, ઘરગથ્થુ ઔષધોના ગુણધર્મોના પરિચય અને પ્રયોગોનું વિશદતાથી નિરૂપણ કરતી સૌને લાભકારક હાથપોથી (કાચું પૂઠું, પૃ. ૨૦૦, રૂ. ૩)

રોગરહસ્ય: વિવિધ રોગોનું રહસ્ય રજૂ કરની ઉક્ત લેખકની એવી જ ઉપયોગી બીજી હાથપોથી (કાચું પૂઠું, પૃ. ૨૦૦, રૂ. ૩)

ભેજાંબાજ ભગાભાઈ: ભગાભાઈના રમૂજી પાત્રને કેન્દ્રમાં રાખી નાની નાની, હાસ્યકથાઓ આ સચિત્ર શ્રેણીમાં શ્રી હરિપ્રસાદ વ્યાસે નીચે મુજબ રજૂ કરી છે: (૧) ભગાભાઈના છબરડા (૨) ભગાભાઈએ ભાંગરો વાટ્યો! (૩) ભગાભાઈના ભડાકા (૪) ભગાભાઈનું કાતરિયું ગેપ! (દરેકનું કાચું પૂઠું, દરેકનાં પૃ. ૧૨૮, દરેકની કિં. રૂ. ૨)

હાથીશંકર ધમધમિયા: હાથીના પાત્રને કેન્દ્રમાં રાખતી નિર્દોષ રસીલી સચિત્ર બાલવાર્તાઓની પાંચ પુસ્તિકાઓ હરિપ્રસાદ વ્યાસે લખી છે તે આ પ્રમાણે: (૧) પીકનિકપાર્ટી (૨) આનંદમેળામાં! (૩) નાટકમાં નાટક! (૪) એરોપ્લેનની સફરે! (૫) લગનમાં વઘન. (પ્રત્યેકનાં પૂઠાં કાચાં, પૃ. ૧૩૬ અને રૂ. ૨)

ભગવાન મહાવીર: જૈન ધર્મના અવતારી પુરુષ ભગવાન મહાવીરને લગતા, મૂળ લેખક જયપ્રકાશ શર્માના પુસ્તકનો અનુ૦ કર્તા રોહિત ઠાકોર. (કાચું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૩)

સામાન્ય જ્ઞાન: 'જનરલ નૉલેજ' માટે નાનામોટા સહુને ઉપયોગી પુસ્તક. (લે. ધીરજલાલ ગજ્જર, કાચું પૂઠું, પૃ. ૧૯૯, રૂ. ૩)

સંતસમાગમ: ભારતના મહાન સંતપુરુષોનાં જીવનના પ્રેરણાદાયક પ્રસંગોનો સંચય. (લે. યોગેશ્વર, કાચું પૂઠું, પૃ. ૧૯૧, રૂ. ૩)

એસ. એસ. સી. પછીના અભ્યાસક્રમો: એસ. એસ. સી. પાસ થયા પછી વિદ્યાર્થીને માર્ગદર્શક બની રહે એવું વિગતપૂર્ણ પુસ્તક. જેમાં અભ્યાસક્રમ ઉપરાંત લોન, સ્કૉલરશિપ, ટ્રસ્ટો, કૉલેજોનાં નામ-સરનામાં વગેરે માહિતી પણ આપી છે. (કાચું પૂઠું, પૃ. ૩૪૧, રૂ. ૪)

કૉલેજ કન્યાનું કેશગુંફન: સ્ત્રીઓના અદ્વિતીય શણગાર સમા કેશગુંફનની વિવિધ છટાઓ નિરૂપતું સચિત્ર પુસ્તક. (પ્રયોજક: યોષિતા દલાલ, કાચું પૂઠું, પૃ. ૧૭૯, રૂ. ૩)

ક્રિકેટના કસબીઓ: દેશવિદેશના ક્રિકેટવીરોના સંક્ષિપ્ત પરિચયો સાથે ક્રિકેટ જગત અને રમતની વિવિધ રસપ્રદ ઉપયોગી માહિતી પૂરી પાડતી પુસ્તિકા. (સંપા. દશરથ ગાંધી, કાચું પૂઠું, પૃ. ૧૮૧, રૂ. ૩)

સરળ ગીતા: શ્રી યોગેશ્વરે સરળ ભાષામાં કરેલા ગીતાના પદ્યાનુવાદની પુસ્તિકાની પાંચમી આવૃત્તિ. (કાચું, પૃ. ૧૫૬, રૂ. ૧-૨૫)

ટેલિફોન પર વાત કેમ કરશો? અર્વાચીન યુગના સંદેશાવ્યવહારના એક મહત્વના એ સાધન પર કેમ વાતચીત કરવી તેની સમજણ આપતો ગુટકો. (કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૧)

નવભારત સાહિત્ય મંદિર
૧૬૨ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

ધીરે વહે છે ગીત: પાંચ ગીતો અને ઓગણત્રીસ નાનીમોટી ગઝલો મળી કુલ ૩૪ કાવ્યરચનાનો પ્રા. ડૉ. ચન્દ્રકાન્ત મહેતાનો આ પ્રથમ સંગ્રહ એમનો સર્જનનો વ્યાયામ અને વ્યાપાર બન્ને સૂચવી જાય છે. ગઝલને અનુરૂપ એમનો મિજાજ એમની પાસે તે પ્રકારની રચનાઓ વધુ પ્રમાણમાં અપાવે તે સ્વાભાવિક છે. એમની આ કાવ્યપરિણતિમાં નિરાડંબરી શૈલી અને નિખાલસ નિરૂપણ કાવ્યગુણ બની રહે છે. ભાવિની વધુ સફળ રચનાઓ માટેનો આ સંગ્રહ અણસારો આપી જાય છે. (કાચું પૂઠું, પૃ. ૩૪, રૂ. ૩)

સિંહ-વાઘની સોબતમાં: 'કુમાર'માં જેનું ચરિત્ર આવી ગયું તે સરકસ-વીર દામુ ધોત્રેના રોમાંચક સરકસ-સાહસો નિરૂપતી વિજયગુપ્ત મૌર્યની આ સચિત્ર સાહસકથા યુવાન-કિશોરોને સાહસ પ્રતિ પ્રેરે અને નવલકથાનો આનંદ પૂરો પાડે તેવી નિરૂપણ શૈલીમાં લખાએલી છે. (પાકું, પૃ. ૪૨૨, રૂ. ૧૧)

એવરેસ્ટનું આરોહણ: જગતના એ સર્વોચ્ચ શિખરના આરોહણની રોમાંચક દાસ્તાન રોચક શૈલીમાં રજૂ કરતા 'કુમાર'ના પરિચિત લેખક રમણલાલ ચી. શાહના સચિત્ર પુસ્તકની આ બીજી આવૃત્તિ જ એની ઉપયોગિતા અને લોકપ્રિયતા પુરવાર કરવા પૂરતી છે. (પાકું પૂઠું, પૃ. ૨૦૬, રૂ. ૫)

અયનવૃત્ત: જાણીતા વાર્તાકાર ચંદ્રકાન્ત બક્ષીની, શૈલીજાળમાં અટવાતી ઐતિહાસિક-ભૌગોલિક નવલકથા. (પાકું, પૃ. ૧૮૭, રૂ. ૫)

મનપંખીના માળા: હરિલાલ ઉપાધ્યાયની સુવાચ્ય સામાજિક નવલકથા. (પાકું પૂઠું, પૃ. ૨૫૬, રૂ. ૭-૨૫)

નિશા સુણાવે નાદ: વર્તમાન યુગમાં ભારતની પ્રજા જે ભીંસ અનુભવી રહી છે તેને નિરૂપવાનો પ્રયાસ કરતી ઉક્ત લેખકની, નવલકથા. (પાકું પૂઠું, પૃ. ૩૫૧, રૂ. ૯-૭૫)

શ્રી હરિહર પુસ્તકાલય
ટાવર રોડ, સૂરત

પ્રતિબિંબ: આઝાદી પછી સામાન્ય ભારતવાસીની સ્વાતંત્ર્ય અને સાર્વભૌમત્વની પ્રતિષ્ઠાને સ્થાપવાને બદલે રાજવહીવટે કેવી કરુણ રીતે ઉથાપી છે તેની કટાક્ષમય ગાથા ગાતી વસંત વરખેડકરની મરાઠી નવલકથાનો આ સુભગ અનુવાદ આપ્યો છે ગોપાળરાવ વિદ્વાંસે (પાકું પૂઠું, પૃ. ૪૮૮, રૂ. ૧૪).

ચિરંતન જ્યોત ભાગ ૧-૨: ગ્રામવાતાવરણને કેન્દ્રમાં રાખી લખાએલી ગ્રામવિકાસની આ નવલકથાના બે ભાગમાં શ્રી પીતાંબર પટેલે આઝાદ ભારતમાં પલટાતી ગ્રામસૂરતનો સુવાચ્ય ચિતાર આપ્યો છે. (પાકું, બન્નેનાં પૃ. ૭૩૨, બન્નેની કિં. રૂ. ૨૧)

કાઠિયાવાડની લોકવાર્તાઓ-૧,૨: પ્રેમશૌર્યને પ્રગટાવતી સૌરાષ્ટ્રના સાચા ખમીરની આ વાર્તાઓનો પહેલો ભાગ ત્રીજી આવૃત્તિ પામે છે, જ્યારે બીજો ભાગ એવી જ રસમય ૧૨ વાર્તાઓને લઈને પ્રથમ વાર પ્રગટ થાય છે. બન્નેના લેખક છે સ્વ. ગોકુલદાસ રાયચુરા. (પાકું પૂઠું, બન્ને ભાગનાં પૃ. ૩૩૫, પહેલો ભાગ રૂ. ૫, બીજો ભાગ રૂ. ૪-૫૦)

અન્ય પ્રકાશકોનાં

ફૂલમાલા: ચીલાચાલુ શૈલીએ લખાએલી, વાર્તાતત્ત્વના સ્પર્શવાળી, ગુલાબરાય લિખિત ૨૦ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. (પ્રકા. પોતે જ, આંબરડી, તા. ગોંડલ; કાચું પૃ. ૧૪૨, રૂ. ૪)

ધર્મસિદ્ધિ: ચરોતરના જ્ઞાની-યોગી ભક્ત કવિ છોટમ્ ને તેમના ભક્ત બકોરદાસ વચ્ચેની પ્રશ્નોત્તરી રૂપ આ કાવ્ય ધર્મના વિવિધ વિષયોનું ગમ્ય નિરૂપણ કરે છે. (સંપા. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી; પ્રકા. પ્રભુદાસ હરિભાઈ પટેલ, ૨૩ પંચશીલ સોસાએટી, અમદાવાદ-૧૩; કાચું પૂઠું, પૃ. ૧૧૨)

બોલીપત્ર: બાળભોગ્ય શૈલીમાં લખાએલી મહીપતરામ જોષીની આ ત્રણ વિશદ સંગીતિકાઓ બાળકોમાં સદ્ગુણોના સિંચન સાથે રસાનંદ પણ પ્રેરે છે. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૫૯, રૂ. ૨)

મારી જીવનકથા: ગાંધીજીનાં લખાણો પર આધારિત અને બાળકોને વાંચવી ગમે તેવી ગાંધીજીની આ સચિત્ર અને સુંદર છપાઈવાળી પ્રેરણાદાયક જીવનકથાના મૂળ અંગ્રેજી લેખક છે સ્વર્ણું ખંડપુર. તેનો અનુવાદ કર્યો છે મધુકર રાંદેરિયાએ. (રત્નાભારતી પ્રકાશન, ઇલાકો હાઉસ, સર ફિરોજશાહ મહેતા રોડ, મુંબઈ-૧; કાચું પૂઠું, પૃ. ૪૮ રૂ. ૩-૫૦).

માત્રા: છંદોબદ્ધ કાવ્યો, ગઝલ ને ગીતોને પ્રગટ કરતા રમેશ વૈદ્યના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં છંદોલય સાથે સાથે કાવ્યની 'માત્રા' પણ આશાસ્પદ છે. (મુખ્ય વિક્રેતા: આદર્શ પ્રકાશન, ૨૪૯૮/૧, રાયખડ રોડ, અમદાવાદ; કાચું પૂઠું, પૃ. ૬૯, રૂ. ૩.૦૦)

ઝાંઝર ઝલક: શ્રી પિનાકિન્ ઠાકોરનાં છ બાળ-ગીત-નૃત્ય નાટકનો સંગ્રહ (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું. પૃ. ૭૫, રૂ. ૩)

હૈયું ને શબ્દ: સ્વ. ચાંપશીભાઈ ઉદેશીનાં સરેરાશ કાવ્યતત્ત્વ અને નિખાલસઅભિવ્યક્તિ સાધતાં ૬૭ કાવ્યોનો બીજો સંગ્રહ. (પ્રકા. નવચેતન કાર્યાલય, નારાયણનગર, સરખેજ રોડ, અમદાવાદ-૭, કાચું પૂઠું. પૃ. ૮૮, રૂ. ૧-૫૦)

જીવનવિકાસ: ઉક્ત લેખકે શિક્ષણ, સમાજ, રાજકારણ, ચલચિત્ર વગેરે પર નિરાડંબરી શૈલીમાં લખેલા ચિન્તનાત્મક અને પ્રેરક નિબંધોનો લઘુ સંગ્રહ (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૨-૦૦)

ગુજરાત સાહિત્ય સભા: કાર્યવાહી ૧૯૬૪: પ્રત્યેક વર્ષે પ્રગટ થતાં લલિત અને લલિતેતર વાઙ્મયનાં પુસ્તકોની સમીક્ષા પ્રગટ કરવાની સાહિત્યસભાની પ્રશસ્ય પ્રણાલિ પ્રમાણે ઈ. ૧૯૬૪નાં પુસ્તકોની આ વાર્ષિક સમીક્ષા ઈ. ૧૯૭૨માં પ્રગટ થાય છે ત્યારે તે કેટલી સાથે થઈ ગણાય તે સંસ્થાએ વિચારવું ઘટે, અને હવે પછી પ્રત્યેક વર્ષની સમીક્ષા અનુગામી વર્ષમાં જ પ્રગટ થઈ જાય તેવી વ્યવસ્થા કરવી ઘટે આવી અપેક્ષા વધુ પડતી નથી. સમીક્ષક ડૉ. ચિમનલાલ ત્રિવેદીની અભ્યાસનિષ્ઠા, નીડરતા, તાટસ્થ્ય અને સન્નિષ્ઠા અહીંની નોંધોમાં પ્રગટ થયા વગર રહેતાં નથી (પ્રકા. ગુજરાત સાહિત્ય સભા, બૅલેન્ટાઈનની હવેલી, દવા બજાર, ત્રણ દરવાજા, અમદાવાદ ૧, કાચું પૂઠું, પૃ. ૬૦૨, રૂ. ૮.૦૦)

ગુજરાત સાહિત્યસભા: કાર્યવાહી ૧૯૬૬: ઈ. ૧૯૬૬ના ગુજરાતી ગ્રંથસ્થ વાઙ્મયની ડૉ. મધુસૂદન પારેખ, આચાર્ય બહાદુરશાહ પંડિત ને પ્રા. રમેશ ભટ્ટ દ્વારા થએલી આ સમીક્ષા ઇ. ૧૯૭૩માં પણ પ્રગટ થઈ શકી તે માટે તેના પ્રકાશકોની જેમ વાચકે પણ 'આત્મસંતોષની વાત' માનીને મન વાળવું રહ્યું! ઉક્ત બન્ને સમીક્ષા ગ્રંથો જોતાં લાગે છે કે ગુજરાતની પ્રકાશન સંસ્થાઓ બધાં જ પુસ્તકો સંસ્થાને મોકલી આપતી નહિ હોય, કારણ કદાચ એ પણ હોય કે સમયસર પ્રગટ ન થતી સમીક્ષામાં પુસ્તક-પ્રકાશકોનો રસ ઓસરી ગયો હોય. સંસ્થા માટે એ પણ મુશ્કેલી છે જ કે સમીક્ષકો તરફથી સમયસર સમીક્ષાનું કામ મળતું નથી. આ બન્ને કારણો દૂર કરવામાં ગુજરાતના સન્નિષ્ઠ સમીક્ષકો અને પ્રકાશકોએ સાહિત્યસભાને યોગ્ય સહકાર આપી આ પ્રશસ્ય પ્રવૃત્તિને વેગવાન અને પ્રાણવાન બનાવવી ઘટે. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૨૧૬, રૂ. ૬.૦૦)

ભાષા-ભૂર

ગુજરાતી ભાષા-લેખનમાં જો કોઈ વધારેમાં વધારે અરાજકતા પ્રવર્તતી હોય તો તે અનુસ્વાર મૂકવામાં. કેટલાક તો અનુસ્વાર-શત્રુ જ હોય છે—કોઈ પણ સ્થળે કદી અનુસ્વાર વાપરતા જ નથી; જ્યારે કેટલાક એટલા અનુસ્વાર-રંગી હોય છે કે એમનું એક પણ લખાણ અનુસ્વાર વિનાનું હોતું નથી! ભલભલા (આજના) પ્રોફેસરો પણ આ અનુસ્વાર-દૂષણથી મુક્ત નથી, તો સામાન્ય લેખકની તે શી વાત? આપણી એક જાણીતી પ્રકાશન પેઢીના પ્રચારપત્રમાં 'અમારાં અદ્યતન કાવ્યસંગ્રહો' એવું મથાળું હતું. અને અમદાવાદના એક જાણીતા દૈનિકપત્રમાં આવતા એક સાપ્તાહિક વિભાગનું મથાળું છે: 'ગુજરાતનાં અંતરંગ' આ બંને વાક્યોમાં વિશેષ્યો (અનુક્રમે 'સંગ્રહો' અને 'અંતરંગ') પુલ્લિંગ હોવાથી અનુસ્વાર ન જોઈએ. અનુસ્વાર ક્યાં વાપરવાં અને ક્યાં નહિ તે નિરૂપતું એક રસભર્યું 'અનુસ્વાર-અષ્ટક' સુન્દરમે લખ્યું છે તે અમે અગાઉ આપ્યું હતું. વાચકોની ઇચ્છા હશે તો આ વિભાગમાં ફરીથી કોઈ વાર આપીશું.

—અને છેલ્લે

જામનગરના રાજા જામસાહેબના હજૂરિયાના પદેથી દીવાન દરજ્જે પહોંચેલા ખટપટી મુત્સદ્દી મેરુ ખવાસને લગતી એક વાત છે.

હજૂરિયા-ખવાસ-ને તુચ્છકારમાં 'ગોલા' કહેતા. એક આખાબોલા ચતુર ચારણને કોઈએ આહ્વાન આપ્યું કે 'જામનગરના ધણી થઈ બેઠેલા આપખુદ મેરુ ખવાસને તમે એના મોઢામોઢ 'ગોલો' કહો તો ખરા ચારણ કહું.' ચારણે એ પડકાર ઝીલી લઈ કહ્યું કે 'એક વખત નહિ, પણ ત્રણ વખત ગોલો કહું.' એમ કહી મેરુ ખવાસના દરબારમાં જઈ પ્રવેશદ્વારેથી જ નીચેનો દોહો બોલતાં દરબારમાં પ્રવેશ કર્યો:

'ગોલા!... ગોલા!...
ગોલા! ગોઠણ હેઠ કૈક નર નમાવિયા!
ભૂપત છાંડે ભેટ તારી આગળ મેરુઆ!'

આમ એને ત્રણ વખત 'ગોલો' કહ્યા પછી 'ભલભલા ભૂપતોને પણ તેં શરણે આણ્યા છે' એવી પ્રશસ્તિ અંતમાં આણીને તેને એવો તો રીઝવી દીધો કે બદલામાં શરપાવ મેળવ્યો.

'કુમાર'ના ૧૯૭૩ના વર્ષનાં વાર્ષિક અને ચાલુ પારિતોષિકો

પારિતોષિક	વિષય	વિજેતા	નિર્ણાયકો
વિઠ્ઠલભાઈ પટેલ સુવર્ણચન્દ્રક	૬૦૦મા અંકના શ્રેષ્ઠ સાહિત્યસર્જન માટે	શિવકુમાર જોશીને 'ગંગા વહે છે આપની' નાટિકા માટે	પ્રા. અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
	વર્ષભરની કૃતિઓમાં શ્રેષ્ઠ પ્રદાન 'માઝેનો–એમની લેખમાળા 'કસુંબલ રંગ' માટે	 શ્રી કનુભાઈ જાનીને	સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અનંતરાય રાવળ યશવન્ત શુક્લ
રૂ. ૧૦૧નું સ્વ. યશવંત પંડ્યા પારિતોષિક	વર્ષભરની શ્રેષ્ઠ નાટિકા માટે	શિવકુમાર જોશીને 'ગંગા વહે છે આપની' માટે	પ્રા. અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
રૂ. ૫૧ વિઠ્ઠલભાઈ પટેલ પારિતોષિક-૧	સુવર્ણજયંતી વર્ષભરના શ્રેષ્ઠ ચિત્રસર્જન માટે	કુ. ઊર્મિ પરીખને એમના ચિત્ર 'નાગદમન' માટે	'કુમાર'નું સંપાદક મંડળ
રૂ. ૫૧) વિઠ્ઠલભાઈ પટેલ પારિતોષિક-૨	સુવર્ણજયંતી વર્ષભરના શ્રેષ્ઠ ગદ્યલેખ માટે	શ્રી મધુસૂદન ઢાંકીને અજંતા અને કૈલાસની ગુફાઓના કલાસ્વાદ માટે	પ્રા. અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
રૂ. ૫૧) વિઠ્ઠલભાઈ પટેલ પારિતોષિક-૩	સુવર્ણજયંતી વર્ષભરની શ્રેષ્ઠ વાર્તાના લેખકને	અશ્વિન દેસાઈને 'મરણ' વાર્તા માટે	"
રૂ. ૫૧નું સ્વ. 'સરોદ' પારિતોષિક સ્વ.નાં સ્વજનો તરફથી	૬૦૦મા અંકમાંના શ્રેષ્ઠ સર્જન માટે	રાજેન્દ્ર શાહને 'પિંજરની બહાર' માટે	પ્રા. અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
હરિઃૐ આશ્રમ પારિતોષિક રૂ. ૫૦) માસેમાસના ચરિત્ર માટે	દર માસે તેમજ આ અંકમાં અન્યત્ર જાહેર થયા પ્રમાણે		'કુમાર'ના તંત્રી
હરિઃૐ આશ્રમ પારિતોષિક રૂ. ૫૦	ભારતીય સંસ્કારપરંપરાના શ્રેષ્ઠ વ્યક્તિચિત્રો માટે	મુકુન્દરાય પારાશર્યને 'મારાં મોટીબા' માટે	"
હરિઃૐ આશ્રમ પારિતોષિક રૂ. ૫૦ માસેમાસના નવા ચિત્રસર્જન માટે	આ અંકમાં અન્યત્ર જાહેર થયા પ્રમાણે		"
કુમાર તરફથી રૂ. ૩૦ પારિતોષિક	વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ વાર્તા માટે	અશ્વિન દેસાઈને 'મરણ' તથા અન્ય વાર્તાઓ માટે	પ્રા. અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
'એક લેખક' તરફથી રૂ. ૩૦નું પારિતોષિક	વર્ષભરના શ્રેષ્ઠ કાવ્ય માટે	નિર્ણય બાકી	પ્રા. રમણલાલ શાહ અને શ્રી રાજેન્દ્ર શાહ
રૂ. ૨૫)નું ગિરીશકાકા પારિતોષિક સ્વ.ના પરિવાર તરફથી	જોડણીશુદ્ધ અને વ્યાકરણ-શુદ્ધ લેખો માટે	પ્રા. કનુભાઈ જાનીને	'કુમાર'ના તંત્રી

શ્રેષ્ઠ ઐતિહાસિક, ડિટેક્ટિવ, વિજ્ઞાન કે પરાક્રમ કથાઓના અભાવે એ માટેનાં રૂ. ૩૦નાં પારિતોષિકો અપાયાં નથી. એક ગૃહસ્થ તરફનું જીવસટોસટના સાહસ કે વિકરાળ પ્રાણીના સામનાના કથાનક માટેનું પારિતોષિક પણ અપાતું નથી. ફોટોગ્રાફી હરીફાઈનાં પારિતોષિકો યથાકાળે 'કુમાર'માં પ્રકટ થતાં રહ્યાં છે.

શતરંજના વિશ્વવિજેતાઓ: બોરિસ સ્પાસ્કી

આપણે અગાઉ જોઈ ગયા છીએ તેમ ઈ. ૧૯૬૬માં પૅટ્રોસ્યનને આહ્વાન આપવાનો હક્ક બોરિસ સ્પાસ્કીને મળ્યો. તે મૅચ જીતીને પૅટ્રોસ્યન બીજાં ત્રણ વર્ષ વિશ્વવિજેતા રહ્યા. ઈ. ૧૯૬૯માં ફરી સ્પાસ્કી આહ્વાન મૅચના હકદાર બન્યા અને આ જીતીને વિશ્વવિજેતા બન્યા.

સ્પાસ્કી ફક્ત ત્રણ જ વર્ષ (૧૯૬૯–'૭૨) સુધી વિશ્વવિજેતા રહ્યા. ઈ. ૧૯૭૨માં અમેરિકન બૉબી ફિશર સામે મૅચ હારતાં એમણે એ પદ ગુમાવ્યું તે તો સૌ કોઈ જાણે છે.

એમની ઈ. ૧૯૬૬ની આહ્વાન મૅચની ૨૩મી રમત આપણે અહીં જોઈશું એમાં સફેદ મહોરાં સ્પાસ્કીનાં અને કાળાં મહોરાં પૅટ્રોસ્યનનાં છે.


1 P–K4, P–K3; 2 P–Q4, P–Q4; 3 N–QB3, N–KB3; 4 B–KN5, P×P; 5 N×P, B–K2; 6 B×N; B×B; 7 N–KB3.


આ મૅચની ૧૯મી રમતમાં સ્પાસ્કી અહીં 7 P–QB3 રમ્યા હતા. તેના કરતાં QPના બચાવ ઉપરાંત 7..., P–K4ને રોકતી આ ચાલ વધુ સારી છે.

7..., B–Q2; 8 Q–Q2, B–B3; 9 N×Bch., Q×N. આ ચાલ પછી સફેદ ઘોડાને સરસ સ્થાન મળી જાય છે. તેથી 9..., P×N; વધુ સારી ચાલ ગણાય.

10 N–K5, O-O; 11 O-O-O, N–Q2?

12 N×B, P×N, (જુઓ આકૃતિ) 13 P–KR4!





સ્પાસ્કી અને પૅટ્રોસ્યન

હવે કાળાના વજીર તરફનાં પ્યાદાં નબળાં પડી જશે. અહીં 11..., R–Q1 કે 11..., Q–Q1 અને પછી 12..., B–K1 રમવાની જરૂર હતી.

સફેદ હાથીને R3 પર થઈને બહાર નીકળવાની જગ્યા કરવા ઉપરાંત વજીર સામે વજીર મૂકવાની તૈયારીરૂપ સુંદર ચાલ.

13..., QR–N1; 14 R–R3, P–B4; સાધારણરીતે એક પંક્તિ પર બે પ્યાદાં હોય તો તે નબળાઈ એમાંથી એક સામા પક્ષના પ્યાદાના બદલામાં આપી દેવાથી દૂર થાય છે. પણ અહીં હજી કાળા પ્યાદાની નબળાઈ ચાલુ રહે છે. આના બદલે 14..., R–N3; વધુ સારી ચાલ હતી.

15 Q–N5, P×P.

અહીં કાળો 15..., Q×BP?થી પ્યાદું જીતવા જાય તો, 16 R–KB3, Q–N8; 17 Q–N3થી વજીર ફસાઈ જાય અને 18 B–Q3 પછી હાથીના બદલામાં જાય.

16 Q×Q, N×Q; 17 R×P, R–N2; અહીં 17 P–B3; વધુ સારી ચાલ હતી.

18 R–QN3, R×R;

અહીં 18...,R–N3 પછી સફેદ 19 R–R4, R–R1; 20 P–N3 રમે ને 21 B–N2 પછી QRP જીતે છે.

19 RP×R, R–R1; 20 R–QB4, N–K1; અહીં 20..., N–Q4થી QBP બચાવ કરે તો 21 P–N3 અને 22 B–N2 પછી સફેદની સ્થિતિ વધુ સબળ બને છે.

21 R–R4, N–Q3, 22 P–N3 K–B1;

સફેદ 23 B–N2 રમી કાળા હાથીને ખસેડી QRP જીતવાની ધમકી આપે છે. તેને બચાવવા 22..., N–B1; રમે તો 23 R–QB4 પછી QBP પડે છે. વળી, હાથી માટે R2 ખાનું મેળવવા અહીં કે આ પહેલાંની ચાલમાં કાળો PQR4 રમે તો સફેદ PQN4 રમે.

23 B–N2, R–B1; 24 R×P.

સફેદને પ્યાદું મળ્યું તેટલું જ નહિ, પણ તેનો હાથી સાતમી હરોળે પહોંચ્યો ને તેનો ઊંટ કાળા ઘોડા કરતાં વધુ ઉપયોગી હોઈ તે જીતશે જ.

24..., K–K2; 25 K–Q2, P–R3; 26 P–QB4; P–N4; 27 P×P, P×P; 28 K–B3, હવે સફેદના વજીર તરફનાં પ્યાદાં આગળ વધશે એટલે જીત નજીક છે.

28..., K–Q2; 29 P–QN4, R–KR1; 30 P–N5, R–R7; 31 B–B6ch.; K–Q1. હવે P–B5 અને P–N6થી સફેદ પ્યાદાં આગળ વધે છે તે સામે કંઈ થાય તેમ નથી તેથી ચાલ ચાલીને જવાબની રાહ જોયા વિના જ પૅટ્રોસ્યન હાર કબૂલી લે છે. □

'કુમાર'ની ફોટોગ્રાફી હરીફાઈના નિયમો

(૧) આ હરીફાઈ દર બે માસે યોજવામાં આવે છે. (૨) હરીફાઇ માટેનાં ચિત્રોનો વિષય તથા તે મોકલવાની છેલ્લી તારીખ 'કુમાર'માં અગાઉથી જાહેર કરવામાં આવે છે અને એ વિષયનાં (૩) નાનામાં નાના ૮×૧૦ સે. મી. તથા મોટામાં મોટા ૧૫×૨૦ સે. મી.ની આસપાસના કદનાં, બ્લૅક ઍન્ડ વ્હાઈટ અને ગ્લૅાસી પ્રિન્ટ જ સ્વીકાર્યાં છે. (૪) બે થી વધુ ચિત્રો મોકલી શકાશે નહિં. (૫) દરેક ફોટો પાછળ મોકલનારનું પૂરું નામ-સરનામું લખેલું હોવું જરૂરી છે. (૬) એક હરીફને એક જ ઈનામ અપાશે. (૭) પહેલું ઇનામ ૧૫/– રૂ., બીજું ૧૦/– રૂ., ત્રીજું ૭/– રૂ. નું રહેશે. (યોગ્ય જણાશે ત્યારે ઉત્તેજના ઇનામ પણ અપાશે.) (૮) જે ફોટો 'કુમાર'માં પ્રકટ થશે તેના પ્રિન્ટની માલિકી 'કુમાર'ની ગણાશે. (ચિત્રના કૉપીરાઇટ ફોટોગ્રાફરના જ રહેશે.) ને (૯) એ સિવાયના પ્રિન્ટ, જો મોકલનારે પૂરતું પોસ્ટેજ ચોડી પોતાનું નામ-સરનામું લખેલું યોગ્ય કદનું કવર મોકલ્યું હશે તો તેમને પાછા મોકલાશે. બાકી રહેતા પ્રિન્ટની કોઇ જવાબદારી 'કુમાર'ની રહેશે નહિ. ઇનામના નિર્ણય તથા ચિત્રવિષયક 'કુમાર'માં પ્રકટ થએલી ચર્ચા-વિવેચના ઉપરાંત એ અંગે વિશેષ કશો પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ. □

કલાવાર્તા

ભારતીય કલાકોવિદનું અવસાન



ભારતીય કલાના વિદ્વાન મીમાંસક અને પ્રખર પુરસ્કર્તા તરીકે દેશભરમાં અને વિદેશોમાં પણ સુવિખ્યાત એવા શ્રી અર્ધેન્દ્રકુમાર (ઓ. સી.) ગાંગુલીનું ગઈ ૯મી ફેબ્રુઆરીએ કલકત્તામાં ૯૩ વર્ષની વયે નિધન થયું.

કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાંથી ઈ. સ. ૧૯૦૦માં અંગ્રેજીમાં ઑનર્સ સાથે પ્રથમ વર્ગમાં પાસ થઈ એમણે સૉલિસીટર તરીકે વ્યવસાયનો પ્રારંભ કરેલો અને એ સાથે વંશાનુગત કલાપ્રેમથી પ્રેરાઈ ને પૂર્વીય કલાની પણ જાણે વકાલત કરવા માંડી હતી. એમના દાદા જૂની ઢબથી ચિત્રો કરતા. અને કલાના રસરહસ્યના જ્ઞાતા એમના કાકા એ ચિત્રોના પ્રશંસક. પણ ત્યારે કૉલેજના અભ્યાસથી રંગાએલા તરુણ અર્ધેન્દ્રકુમાર પાશ્ચાત્ય કલામીમાંસકોએ પ્રતિપાદિત કરેલા કલાસિદ્ધાંતોનો પક્ષ કરતા. પરંતુ ધીરે ધીરે સૌંદર્યદૃષ્ટિ અને રસવૃત્તિના વિકાસ સાથે તેઓ ભારતીય કલાના ભક્ત બનતા ગયા. પછી તો અવનીન્દ્રનાથ ઠાકુરની નવી કલાશૈલીના વર્ગોમાં અભ્યાસ કરી નંદલાલ બોઝની સાથે એમણે પણ એ ઢબે ચિત્રાલેખન કરવા માંડી ચિત્ર પ્રદર્શનોમાં પણ ભાગ લેવા માંડયો હતો. સાથેસાથે એમણે અનેક શિષ્ટ સામયિકોમાં કલાવિષયક લેખો પણ લખવા માંડયા. શુદ્ધ પૂર્વીય કલાના પુરસ્કાર માટે કલકત્તામાં 'સોસાએટી ઑવ ઓરીએન્ટલ આર્ટ' ની સ્થાપનામાં પણ એમણે સક્રિય ભાગ લઈ એ સંસ્થાનું મંત્રીપદ સંભાળેલું. કલાપ્રસારની એમની ધગશ અને કાર્ય જોઈ બંગાળના ગવર્નર લૉર્ડ રોનાલ્ડશે એ પૂર્વીય કલાની સુયોગ્ય સમજ પ્રસારવામાં એમને સહાય આપવાની તત્પરતા દાખવતાં એમણે આજ સુધી અદ્વિતીય એવું 'રૂપમ્' નામે એક ત્રૈમાસિક શરૂ કર્યું. દસ વર્ષ સુધી બંગાળાની સરકારે તેમને સહાય આપી, પણ અપૂરતા લોકાશ્રયના અભાવે એમણે અંતે એ બંધ કર્યું. આ 'રૂપમ્'ના સંપાદન પાછળના અર્ધેન્દ્રબાબુના સામર્થ્યે સમગ્ર એશિયામાં કલાના અગ્રિમ મુખપત્ર તરીકેની પ્રતિષ્ઠા અપાવી હતી અને એના દ્વારા તેઓ એશિયાભરમાં કલાના ભાષ્યકાર તરીકે પ્રવર ગણાવા લાગ્યા હતા. કલાનાં અતિસૂક્ષ્મ વિવેચનો અને આવિષ્કારો પ્રકટ કરવા સાથે એમાં પ્રકટ થતાં ચિત્રોની આબેહૂબતા સિદ્ધ કરવા તેઓ એ ચિત્રો જર્મની અને ઈંગ્લૅંડમાં છપાવતા.

આ જ રીતે 'રાજપૂત ચિત્રકલા' અને 'રાસ-રાગિણી'ની ચિત્રાવલિના એમણે પ્રકટ કરાવેલા સંપુટો પણ એટલા જ મૂલ્યવાન ગણાયા છે. 'રૂપમ્' સાથે એ પણ આજે તો હવે અપ્રાપ્ય કલાસંપત્તિ ગણાય છે. આ ઉપરાંત એમણે અનેક કલાનિબંધો તથા 'લિટલ બુક્સ ઑન એશિયાટિક આર્ટ' નામની માળામાં કેટલીક સુંદર ને ઉપયોગી ચોપડીઓ પણ બહાર પાડી છે. વળી, કલાના વિદ્યાર્થીઓને ચિત્રોની સમજ ને રસદર્શન પામવાના પ્રાથમિક માર્ગદર્શન સમું એમનું લખેલું 'શિલ્પ પરિચય' નામનું એક પુસ્તક પણ ઘણું ઉપયોગી છે. એમની ખાસ પરવાનગીથી એ 'શિલ્પપરિચય' નામે 'કુમાર' દ્વારા પ્રકટ થએલું જે આજે અપ્રાપ્ય છે. 'સાઉથ ઇંડિયન બ્રૉન્ઝિઝ' 'મૉડર્ન ઇન્ડિઅન પેઈન્ટિંગ્સ', 'રાગ્ઝ ઍન્ડ રાગિનીઝ', 'લૅન્ડસ્કેપ્સ ઈન ઇન્ડિયન લિટરેચર ઍન્ડ આર્ટ', 'ઇન્ડિયન સ્કલ્પચર્સ', 'આર્ટ ઑવ પલ્લવઝ', 'ટેરાકોટા આર્ટ ઈન બૅંગાલ' વગેરે પણ એમનાં ભારતીય કલાવિષયક વિખ્યાત અને અભ્યસનીય પુસ્તકો છે. આ ઉપરાંત, દેશ-વિદેશનાં અનેક પત્રોમાં પણ એમના કલાવિષયક લેખો પ્રકટ થતા રહેતા. ગુજરાતમાં તેઓ પહેલી વાર ઈ. ૧૯૨૭માં અમદાવાદ આવેલા ત્યારે 'ભારત કલામંડળ'ના સ્થાપના પ્રસંગે એમણે કલા વિષે એક પ્રેરક વ્યાખ્યાન આપેલું. ત્યાર બાદ ઈ. ૧૯૪૭માં અમદાવાદની વિદ્યાસભા તરફથી ભારતની ચિત્રકળા અને સંગીતકલા પર વ્યાખ્યાનો આપવા આવેલા ત્યારે ભારત કલા મંડળે એમને સન્માનપત્ર તેમજ ભેટ આપેલાં.

એમનાં વિધાનો અને પ્રવચનો આંતરરાષ્ટ્રીય કલાચર્ચામાં બહુ પ્રમાણિત મનાય છે. મ્હેસુર, લખનૌ, અલ્લાહાબાદ વગેરે યુનિવર્સિટીઓએ પણ કલાવિષયક વ્યાખ્યાનો આપવા એમને અનેક વાર આમંત્રણો આપ્યાં હતાં. બંગાળના એક જાગીરદારનાં માતા વાગીશ્વરીદેવીના સ્મરણમાં કલકત્તા યુનિવર્સિટીમાં સ્થપાએલા 'વાગીશ્વરી કલા-પ્રાધ્યાપક પદ' પર પણ એના પ્રથમ પદાધિકારી અવનીન્દ્રનાથ ઠાકુર પછી એમની નિયુક્તિ થએલી. કલાપ્રચારના ધ્યેયથી પોતે પ્રકટ કરવા ધારેલાં ચિત્રોમાં અત્યુત્તમ છપાઈ અને રંગની સ્વચ્છતા અંગેના એમના આગ્રહથી એ ચિત્રછાપો અત્યંત મૂલ્યવાન બની રહેતી. આ રીતે એમણે તૈયાર કરાવેલો 'રાજપૂત પેઇન્ટિંગ' નામનો મોટો ચિત્રસંપુટ પ્રકટ થયો ત્યારે એ કાળે એની કિંમત રૂ. ૩૦૦ ની હતી અને હવે બીજી આવૃત્તિ રૂ. ૧૨૦૦ ની કિંમતે સુલભ બની છે. કલાસંસ્થાઓએ અને વિદ્યાલયોએ એનો લાભ અચૂક લેવો ઘટે છે.

સૉલિસીટરનો વ્યવસાય સંભાળવા સાથે એમણે ચલાવેલી આ બધી કલાપ્રવૃત્તિઓ ઉપરાંત પોતાના નિત્ય વ્યવસાય ને દિનચર્યાને નિયમિત ને પરિમિત રાખી એમણે પોતાનું સ્વાસ્થ્ય પણ સારું જાળવી રાખ્યું હતું, પરંતુ બેએક વર્ષ પરના હૃદયરોગના હુમલા બાદ એમની તબિયત કથળ્યા પછી હમણાં થએલા એમના અવસાનથી ભારતીય કલાના એક ઉચ્ચ શ્રેણીના વિદ્વાન મીમાંસકની પડેલી ખોટ અત્યંત ખેદજનક બની રહે એ સ્વાભાવિક છે.


શ્રીમતી પ્રભા ડોંગરે



આ (બડગેલવાર) પ્રભાની નહિ, પણ વડોદરાવાસી પ્રભા ડોંગરેની આ વાત છે.

શ્રીમતી પ્રભા ડોંગરે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનાં પ્રથમ જૂથનાં કલાર્થિની હતાં. એ જૂથમાં વિવિધ શૈલીમાં ચિત્રકામ કરનાર સર્વશ્રી જ્યોતિ ભટ્ટ, શાંતિ દવે, વિનય ત્રિવેદી વગેરે સૌ એમના સહાધ્યાયી હતા, જે આજે પણ પોતપોતાની રીતે કલાક્ષેત્રે ખ્યાત છે.

શ્રીમતી ડોંગરેએ મિનીએચર પેઇન્ટિંગને પોતાના અભ્યાસનો મુખ્ય વિષય રાખી ડિપ્લોમા લીધેલો; ને એ જ શૈલીમાં ભારતના પાર્લમેન્ટ હાઉસ માટે ૧૨ ફૂટ લાંબું એવું સુંદર ચિત્ર બનાવેલું. આજે મોટી વયે પણ તેઓ નિયમિત કામ કરે છે. કામ કરતાંકરતાં મીઠી




મજલનો આનંદ

હલકથી લોકગીતની એકાદ કડી પણ વહેતી જ હોય. ચિત્ર, સંગીત ને જીવન એમ ત્રણેયમાં એમને એક સરખો રસ છે. પણ ચિત્રકામ એ એમનો મુખ્ય વિષય. ભારતભરમાં યોજાતાં કલાપ્રદર્શનોમાં તેઓ ભાગ લે છે. ઈ. ૧૯૬૨ની સાલમાં કાલિદાસ સમારોહ નિમિત્તે ઉજ્જૈનમાં યોજાતા કલા-પ્રદર્શનમાં તેમને અતિ પ્રશંસનીય કૃતિનો પુરસ્કાર મળેલો ને તેમાં રજૂ થયેલાં એમનાં બીજાં બે ચિત્રો પ્રશંસા પામેલાં. ગુજરાત રાજ્યના તૃતીય કલા-પ્રદર્શનમાં દ્વિતીય પુરસ્કાર પણ મેળવેલો. તેમની અનેક ચિત્રકૃતિઓ જાહેર તેમજ ખાનગી સંગ્રહમાં સંઘરાએલી છે.

તેમનો જન્મ ઈ. ૧૯૨૨માં મહારાષ્ટ્રમાં પરભણી જિલ્લાના પેડગાંવ ગામમાં ૧૨મી ડિસેમ્બરે થએલો. પિતાને રેલવેમાં નોકરી એટલે અવારનવાર સ્થળાંતર કરવાનું રહેતું. આમ, બચપણમાં જ નાસિક, અજંતા, ઔરંગાબાદ અને હૈદરાબાદ વગેરે સ્થળોએ ફરવાનો ને ત્યાં સંઘરાએલી કલાનાં દર્શનનો લાભ મળેલો. જેમાંથી હૈદરાબાદમાં સઘરાએલાં મિનીએચર ચિત્રોએ એમને આકર્ષેલાં. નાસિક નજીકના યેવલા ગામમાં મૅટ્રિક સુધી પહોંચ્યા બાદ લગ્ન થયાં ને લગ્ન પછી દસેક વર્ષે ચિત્રકલાના અભ્યાસની ઇચ્છા જાગી. શ્રીયુત ડોંગરે સાહેબે એ શૉખ પોષ્યો. તે અરસામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનો લલિતકલા વિભાગ ત્યારે નવો જ હોઈ વિદ્યાર્થી થોડા ને શિક્ષકો વધુ એવી સ્થિતિ હતી. એટલે શિક્ષક પાસેથી ખૂબ ભાથું મળતું. સર્વ પ્રકારના કામમાં તેઓ રસ લેતાં. એમાં એમણે જલરંગના માધ્યમ પર પ્રભુત્વ મેળવી પોસ્ટ ડિપ્લોમા સુધીનો કલાભ્યાસ કર્યો.

તેમનાં ચિત્રોની પાત્રસૃષ્ટિ પરિચિત લાગે છે. એમની ચિત્રરીતિ આગવી તો છે, સામાન્ય રીતે તેમનાં જલરંગી ચિત્રોમાં રાજપૂત શૈલીની મીઠાશ ને ચોટ જોવા મળે છે. એમની રેખાઓ રંગમાં સંમિશ્રિત થઈ આકારને બાંધતી લાગે છે. રાજપૂત શૈલીની સબળ ભાતરચના પણ તેમણે પચાવી છે.



△ પક્ષી વેચનારાં



ઝંખના ▷

હાલમાં તેઓ જલરંગને બદલે મોટા કદનાં તૈલરંગી ચિત્રો કરે છે. ચોક્કસ પ્રકારનું આલેખન કરવાની રીતિ તેમને મન ગૌણ બનતી જાય છે. સાથોસાથ અદ્યતન કલાના પડઘા પણ ઝીલતાં હોઈ તેમને જૂના ને નવા બન્ને પ્રકારના કાળ માટે માન છે. ચિત્ર તેની શૈલી માત્રથી નહિ પણ તેમાં રહેલા કલાતત્ત્વથી ઊંચું છે એમ તેઓ માને છે. ચિત્ર કરતાંકરતાં આવતો નવો ઉકેલ એમને ઓર આનંદ આપે છે. એટલે જ આજે યે સમાજ, ઘર કે વય કશાના બાધ વગર તેઓ ચિત્રકાર્ય જારી રહ્યાં છે.


વડોદરામાં ઘરથી દૂર, યુનિવર્સિટીના કલા વિભાગની નજીક રામજી મંદિરની હોસ્ટેલમાં એમણે એક રૂમ રાખ્યો છે. ઘરકામમાંથી પરવારીને ત્યાં આવી તેઓ નિયમિત ચિત્રકામ કરે છે, એમાં એમની આરંભકાળની કલાની લગની એવી ને એવી તાજગીભરી જળવાએલી જોવા મળે છે. રાજપૂત કલાશૈલીનાં ચાહક અને અભ્યાસી હોવા છતાં કલાની વિવિધ પ્રયોગશીલતાથી તેઓ અલિપ્ત નથી. તૈલરંગો અપનાવ્યા બાદ કાગળના બદલે કૅનવાસના મોટા ફલક પરનાં એમના ચિત્રકામમાં હવે રેખાનું સ્થાન ગૌણ બન્યું જણાય છે. કાશ્મીર તથા કેટલાક આદિવાસી વિસ્તારોના પ્રવાસોના પ્રભાવ તળે એમણે ચિત્રોની એક નવી હારમાળા સરજી છે. એમની રંગરચનામાં પણ પ્રૌઢી આવી છે. સતત કાર્યશીલતાએ એમની કલાનો ઉત્તરોત્તર વિકાસ જ સાધ્યો છે એ એમની કૃતિઓ જોતાં સહેજે સ્પષ્ટ થાય છે.


નટુ પરીખ

મયૂર કલ્પના

પક્ષીઓની લાક્ષણિકતા અને તેની લલિત દેહભંગિઓ પરથી થઈ શકતાં વૈવિધ્યસભર શોભાંકનો સમજવામાં ચિત્રકામના વિદ્યાર્થીઓને તથા ભરત, રંગોળી, બારીક કે લેઘરવર્કમાં, યા કાચ-માટીનાં પાત્રો પર કે કાપડ પર અનેક રીતે અવનવાં શોભનો આલેખવાની હોંશવાળી કલારસિક ગૃહિણીઓને અને ટેક્સ્ટાઈલ ડિઝાઈનરોને સહાયક બની રહે તેવી ૨૮૦ જેટલી શોભન-આકૃતિઓનાં કલ્પનોનો આ એક ઉપયોગી સંગ્રહ છે. એનાં સંગ્રાહક-આલેખક ચિત્રલેખા શ્રીમતી મેનાબહેન અ. દેસાઈ (જુઓ 'કુમાર' અંક ૫૫૬) વર્ષો પહેલાં ચિત્રકળાના ક્ષેત્રમાં પ્રવેશેલાં, અને એના એક પ્રકાર—ટેક્સ્ટાઈલ ડિઝાઈન—ને લાંબા સમય સુધી પોતાનો વ્યવસાય બનાવ્યાનો અનુભવ ધરાવતાં હોઈ કેવળ પક્ષીઓ, અને થોડાં હંસ પોપટ ને પારેવાં બાદ કરતાં મુખ્યત્વે તો મયૂરાકૃતિનાં જ અનેકવિધ શોભાંકનો એમણે આ સંગ્રહમાં આપ્યાં છે. આનો આમુખ લખતાં કાકાસાહેબ કાલેલકરે વાપરેલા શબ્દોમાં કહીએ તો 'કુદરત પાસેથી આકૃતિઓની પ્રેરણા મેળવી એમાંથી નવસર્જન કેમ કરવું એનું સૂચન આ સંગ્રહમાં થએલું હોવાથી કેળવણીની દૃષ્ટિએ આનું મહત્ત્વ છે. કોઈ શિક્ષક ન મળે તો પણ આ ચોપડી જીવતા શિક્ષકનું કામ આપી શકે એમ છે, અને સારા શિક્ષકના હાથમાં તો વિદ્યાર્થીઓને કેમ કેળવવા એની પ્રેરણા આપનાર, આ મોટું સહાયક નીવડશે.'


આલેખક અને પ્રકાશક : શ્રીમતી મેના અજિત દેસાઈ, કૈલાસ નગર, બ્લૉક ૮, તારદેવ રોડ, મુંબાઈ—૭. કિં. ૨૦/–રૂપિયા.





કલાના ચાહકો (૨) સર જ્હૉન સોન (Sir John Soane)

(૧) લંડનમાં લિંકન્સ ઈન ફિલ્ડઝમાંના પોતાના સંગ્રહસ્થાનમાં પ્રાચીન રોમન, કાળનાં વિવિધ પાત્રો, પ્રાચીન ગ્રંથો ને મહાન ચિત્રકૃતિઓની વચ્ચે વિહરવું સર જ્હૉન સોનને બહુ ગમતું. (૨) ઈ. ૧૭૫૩ થી ૧૮૩૭ના ગાળાના આ અગ્રણી સ્થપતિને પ્રાચીન રત્નો, કાંસ્યપ્રતિમાઓ, કાચની દુર્લભ ચીજો, શેક્સપીઅરની કૃતિઓની પ્રથમ ત્રણ આવૃત્તિઓ, ને રૉબિન્સન ક્રૂઝોની પહેલી જ આવૃત્તિ વગેરે જેવી ભાતભાતની ચીજવસ્તુઓના ભરચક ખજાનાની વચ્ચે ફરવાની યે મોકળાશ રહેતી નહિ. (૩) અને ઘરની નીચે ભોંયરામાં રાખેલી ત્રણેક હજાર વર્ષ પહેલાંના મીસરના ફેરો સેટી પહેલાની ઍલાબાસ્ટરની શબપેટી જ્યારે એણે પ્રાપ્ત કરેલી ત્યારે તો એના આનંદમાં એણે દેશના અગ્રણી રાજદ્વારી પુરુષો, સ્થપતિઓ ને કલાકારોને નિમંત્રીને ત્રણ દિવસ સુધી જ્યાફત આપેલી. (૪) પોતાના આ સંગ્રહનું એને મન એટલું તો મહત્ત્વ હતું કે એને જાળવી રાખવા એણે પાર્લમેન્ટમાં એક ખાસ કાયદો કરાવીને તદનુસાર એ સંગ્રહ સ્થાપત્ય ને લલિત કળાના અભ્યાસીઓના લાભાર્થે રાષ્ટ્રને ભેટ આપેલો. સોનના મરણ પછી મૂળ સ્વરૂપમાં જ જાળવી રખાએલો એ સંગ્રહ આજે 'સર જ્હૉન સોનના સંગ્રહ' તરીકે ખ્યાત છે.





(૫) બહુ સામાન્ય રીતે એના જીવનનો આરંભ થએલો. બ્રિટનનો એક અગ્રગણ્ય સ્થપતિ બનનાર સોન એક સાધારણ કડિયાનો પુત્ર હતો. પોતાના કસબના પ્રાથમિક પાઠ એ પિતાનું ચણતરકામ જોઈને શીખેલો. (૬) શાળામાં એણે ચિત્રકામ એટલું સિદ્ધ કર્યું કે એથી લંડનના એક સ્થપતિને ત્યાં એને નોકરી મળી શકી. ત્યાં એણે નાનાં નાનાં મકાનોના કેટલાક સુંદર નકશા કરી પોતાના શેઠને સંકોચાતાં-શરમાતાં બતાવેલા. (૭) પણ આ નવયુવાનનું ભાવિ આશાસ્પદ હતું. એની શક્તિની કદર પણ થઈ. રૉયલ ઍકૅડેમી સ્કૂલની સ્પર્ધામાં ભાગ લઇ એ ઈનામો પણ જીત્યો અને ઍકૅડેમીનો સુવર્ણચંદ્રક પામ્યાનો દિવસ તો એના જીવનની એક ગૌરવવંતી યાદ બની રહ્યો. (૮) ઉજ્જવળ ભાવિનાં એ હવે સ્વપ્નાં જોવા લાગ્યો. લંડનની શેરીઓમાં એ પુરોગામી સ્થપતિઓની સુંદર રચનાઓ નીરખવા ભમતો. ક્રિસ્ટોફર રેને જેમ સૅન્ટ પૉલનું ભવ્ય દેવળ બાંધ્યું, તો જ્હૉન સોનની ઉત્કૃષ્ટ રચના શી હશે? એમ એ વિચારતો.






(૯) ઍકેડેમી તરફથી અભ્યાસયાત્રાની શિષ્યવૃત્તિ મળતાં ૨૪ વર્ષની વયે સોન ઈટાલી ગયો, જ્યાં રોમમાં જ એણે ત્રણ વર્ષ તો ગાળ્યાં. ત્યાંનાં સ્થાપત્યોની કલાસમૃદ્ધિથી મુગ્ધ એ દિવસભર એની વચ્ચે ભમતો ને એનાં આલેખનો ઉતારતો. ઍથેન્સ, સિસીલી ને માલ્ટાનો પ્રવાસ કરી (૧૦) લંડન આવ્યા બાદ એણે ત્યાંના ગ્રામ પ્રદેશોમાં અભિનવ આવાસોના સ્થપતિ તરીકે પ્રતિષ્ઠા જમાવી. ઉચ્ચસ્તરના શ્રીમંતો એને જ રોકતા. ૨૭ની વયે પહોંચતાંમાં તો એ સારી પેઠે ખ્યાતિ પામ્યો. (૧૧) પણ એ પોતાની કૃતિઓ અંગે બહુ કડક આલોચક હતો. સર્વોત્કૃષ્ટ સિવાય કંઈ જ તેને જચતું નહિ. પોતાના જ એક પુસ્તકમાંની કેટલીક રચના પસંદ ન પડતાં એની મળી એટલી નકલો એકઠી કરી એણે ફાડીને બાળી નાખેલી. (૧૨) ઈ. ૧૭૮૮માં એને બ્રિટનમાં એક ઉત્તમોત્તમ સર્જન કરવાની તક મળી. ૩૫ વર્ષની વયે પોતાના કરતાં વધુ વયના અને વધુ અનુભવી સ્થપતિઓ સાથેની સ્પર્ધા જીતીને એ 'ધ બૅન્ક ઑવ ઇંગ્લૅન્ડ'ના સ્થપતિની નિયુક્તિ પામ્યો. ૪૫ વર્ષ સુધી એણે એ પદ સંભાળ્યું અને એ બૅન્કના મકાનને ધરમૂળથી નવું જ રૂપ આપ્યું.






(૧૩) એ બૅન્કના એણે કરેલા નકશાઓ જોતાં એના પ્રભાવશાળી દેખાવ સાથે તેના વિશાળ ખંડો અને ઊંચા સ્તંભો સાથેની એની ભવ્યતાનો ખયાલ આવે છે. વહેલી સવારથી આરંભી મોડે સુધી કામ પર હાજર રહી એ જાતે કારીગરોને દોરવણી આપતો. (૧૪) પણ આજે તો સોન પાછો આવે ને આ બૅન્ક જુએ તો એમાં એના બાહ્ય દેખાવ અને કેટલાક શોભનખચિત સ્તંભો સિવાય પોતાની અસલ રચનામાંનું ભાગ્યે જ કંઇ જોવા પામે. હા, ત્યાંના દ્વારપાલો અને સંદેશવાહકો ભૂતકાલીન સિંદૂરી ને સોનેરી ગણવેશમાં આજે યે જોવા મળે છે ખરા. (૧૫) મુખ્યત્વે સોન બૅન્ક ઑવ ઇંગ્લૅન્ડના સ્થપતિ તરીકે ખ્યાત હોવા છતાં લંડનની બીજી પણ અનેક ઈમારતો એણે બાંધેલી. સેઈન્ટ જેમ્સના મહેલ પર પણ એણે કામ કરેલું જ્યાં અવારનવાર રાજપરિવાર પણ આવતો. (૧૬) પોતાનાં સ્થાપત્યસર્જનના સંખ્યાબંધ નકશા-આલેખનો સાથે એક અદ્વિતીય સંગ્રહસ્થાન આપી જનાર, એક સામાન્ય કડિયાના આ પ્રતિષ્ઠાવાન પુત્રનું લંડનની શેરીઓમાં ક્યાંયે સ્મારક શોધશો તો નહિ મળે એ ખરું, પણ એણે બાંધેલી બૅન્કના નવા મકાનમાં એક ખાસ ગોખમાં એનું પૂતળું મૂકી એની યાદ કાયમ રાખવામાં આવી છે.



આઝાદી પછી આપણાં રાષ્ટ્રચિહ્ન, ધ્વજ, સિક્કા, વગેરેમાંથી જેમ અંગ્રેજી છાપ દૂર થઈ તેમ ટપાલની ટિકિટોમાં પણ ભારતીય સંસ્કૃતિનાં પ્રતીકરૂપ આપણા ભવ્ય કલાવારસાને સ્થાન અપાયું હતું. તે પૈકીની કેટલીક ટિકિટો ત્યારે, આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં (મૂળ કરતાં લગભગ દોઢા કદમાં) આપેલી. ઉપરની ડાબી બાજુથી: **૧ પૈસાવાળી**: પદ્મિનીમાં વિહાર કરતા હાથીનું અજન્તા-કલાનું ચિત્ર; **૧ આનાવાળી**: બોધિસત્ત્વ: લખનૌ મ્યૂઝિયમમાંનું સિંહનાદ લોકેશ્વરનું મધ્યકાલીન શિલ્પ; (આરંભમાં ભૂલથી આ ટિકિટ ડાબી-જમણી અવળી છપાએલી.) **૮ આના**: બુંદેલખંડમાં ખજુરાહોનું કંદર્પ મહાદેવનું અદ્ભુત સ્થાપત્ય મંદિર; **૧૨ આના**: અમૃતસરનું સુવર્ણમંદિર; **૧ રૂપિયો**: બારીક ને સમૃદ્ધ શિલ્પથી ભરેલો ચિતોડનો જયસ્તંભ; **૨ રૂપિયા**: દિલ્હીનો લાલ કિલ્લો; **૯ પાઈ**: મુંબાઈ પાસે એલીફન્ટા ગુફામાંની ત્રિમૂર્તિની વિરાટ આકૃતિ; **૨ આના**: નટરાજની કાંસ્યમૂર્તિ; **૩ આના**: સાંચી સ્તૂપનું પૂર્વદ્વાર; (પ્રથમ આ ટિકિટ ૨॥ આનાની વિચારાએલી.) **૩॥ આના**: બિહારમાંનું બુદ્ધગયાનું મંદિર; **૪ આના**: ઓરિસ્સાનું ભુવનેશ્વરનું મંદિર; **૫ રૂપિયા**: આગ્રાનો તાજમહાલ; **૬ આના**: દુનિયાભરમાં વિશાળ બિજાપુરનો ગોળગુંબજ. **૧૦ રૂપિયા**: દિલ્હીનો ભવ્ય કુતુબમિનાર: સૌથી વધુ ઊંચામાં ઊંચો મિનાર; **૬ પાઈ** ઓરિસ્સાના વિખ્યાત કોણારકના સૂર્યમંદિરમાંનું અશ્વનું બળવાન શિલ્પ. **૧૫ રૂપિયા** પાલિતાણા (સૌરાષ્ટ્ર)ના શત્રુંજયના વિખ્યાત જૈન મંદિરોમાંનું એક.

એ જ અંકમાં સોરઠના એક પ્રાચીન યાત્રાધામ તુલસીશ્યામ ઉપર કલાકાર શ્રી મગનલાલ ત્રિવેદીએ પોતે કરેલા સ્કેચ સાથે પરિચય આપ્યો હતો તેનો આસ્વાદ :

તુલસી વગર શ્રી શ્યામની (કૃષ્ણની) પૂજા-અર્ચના અધૂરી, અને શ્યામ વગર તુલસીનું મહત્ત્વ ઓછું, એવી લોકમાન્યતાની કહેતીને સાર્થ કરતું, તુલસી અને શ્યામનાં નામનો જ્યાં સહયોગ થયો છે તે, તુલસીશ્યામનું તીર્થધામ, સૌરાષ્ટ્રમાં જૂનાગઢની હદમાં, મધ્ય ગિરની ગિરિકંદરાઓ અને વૃક્ષોની ઘેઘૂર ઘટાઓની વચ્ચે, ઊના અને દેલવાડાની ઉત્તરે લગભગ ૩૨ માઈલ પર આવેલું છે. તેમાંની શ્યામની મૂર્તિ ને મંદિરનું સ્થાપત્ય જોતાં તે અતિપુરાણું યાત્રાધામ હોવાની પ્રતીતિ થાય છે. મંદિરની અંદરના સ્તંભો જીર્ણ થઈ જતાં પાછળથી નવા સ્તંભો મૂકી જીર્ણોદ્ધાર કર્યો છે એમ બારીકીથી જોતાં જણાય છે.


ભારતનાં પ્રાચીન યાત્રાધામો સાથે જેમ કોઈ ને કોઈ પુરાણપ્રસંગ જોડાએલો હોય છે, તેમ આ સ્થળ પણ જાલંધર અને સતિ વૃંદાના દાંપત્યપ્રેમ તથા ભગવાનની આરાધનાને સાંકળતા એક પૌરાણિક પ્રસંગ સાથે સંકળાએલું હોવાનું મનાય છે.

તુલસીશ્યામના પ્રવાસીને ચોમાસા બાદ શરદ ઋતુથી વસંતઋતુ સુધીનો કાળ બહુ જ અનુકૂળ થાય છે, કારણ કે તે દરમ્યાન ત્યાંની આબોહવા ખુશનુમા હોય છે અને સમૃદ્ધ ગિરના સૃષ્ટિસૌંદર્યનો અણમોલ લાભ મળે છે.


તુલસીશ્યામ જવા માટે આ લેખને છેડે આપેલા નકશામાં બતાવેલા આજુબાજુના કોઈ પણ મોટા ગામેથી બસ લઈ જાય છે.

તુલસીશ્યામ ગિરના સમૃદ્ધ ડુંગરોઓની ખીણમાં આવેલું હોઈ તેની ભવ્યતાનો ખ્યાલ આપણે છેક નજીક જઈએ નહિ ત્યાં સુધી આવી શકતો નથી. મંદિરની ચારે પાસ ફરતી પરસાળ ઉપરાંત ગૌશાળા, અતિથિગૃહ, કોઠાર તથા મહંત, પૂજારી તેમજ ત્યાંની વ્યવસ્થાને અંગે રહેતાં માણસોની સગવડ પૂરતાં મકાનો છે. બહાર મોટું ચોગાન ને ફરતી દીવાલો તથા ધર્મશાળાઓ છે. બહારનું મોટું ચોગાન ઓળંગ્યા બાદ મંદિરમાં પ્રવેશ કરવાના બે દરવાજા છે, જે હિંસક પ્રાણીઓના ત્રાસનો સંભવ હોઈ, સાંજે આરતી થયા બાદ બંધ કરી દેવાય છે, અને વહેલી સવારે ફરી ઊઘડે છે.


મોટા મંદિરની દક્ષિણે ઊના પાણીના સાત કુંડ આવેલા છે. કુંડની બાંધણી નદીના સુંદર ઘાટ જેવી શોભીતી કરી છે. કુંડ લગભગ ૧૫૦ ફૂટ લાંબો, ૫૦ ફૂટ પહોળો અને ૪॥ ફૂટ ઊંડો છે, જેમાં વચ્ચે પથ્થરનાં ભેલાં મૂકી ૬ ભાગ



મંદિરનું બહારથી દૃશ્ય: આજુબાજુ અતિથિગૃહ, ગૌશાળા વગેરે મકાનો સાથે



ઉપર: તુલસીશ્યામના મંદિરના પ્રવેશદ્વારની અંદરનો ચોક તથા મંદિરનો મુખભાગ
નીચે: હારબંધ બાંધેલા ગરમ પાણીના ૬ કુંડ: જેની બાજુમાં પ્રાચીન જીર્ણ મંદિર છે.





ડાબી બાજુ : તુલસીશ્યામમાંની 'શ્યામ'ની મુખ્ય પ્રતિમા. એનો પથ્થર તથા મૂર્તિવિધાન દ્વારકા તથા ડાકોરનાં મંદિરોની મૂર્તિઓને મળતાં છે. આ સ્કેચ ચાલુ વસ્ત્રાલંકાર સાથેનો છે. જમણી બાજુ : 'ભીમચાસ' જ્યાં બે મોટી શિલાઓ વચ્ચેની ફાટમાંથી અસ્ખલિત જલપ્રવાહ વહે છે.




બનાવવામાં આવ્યા છે.

કુંડની બાજુમાં જ એક જીર્ણ મંદિર છે. મુખ્ય મંદિરની સામે જ પૂર્વ દિશામાં લગભગ ૧૦૦૦ ફૂટની ઊંચાઈએ ટેકરી પર રુક્મિણી માતાનું મંદિર છે, ને સાંજ-સવારની મોટા મંદિરની આરતી વેળા મોટા મંદિરના એક ગોખમાંથી તેની પણ આરતી થાય છે.

ઉત્તરે મંદિરની જરૂરિયાત પૂરી પાડતો ફળ-ફૂલનો બગીચો તેમજ તુલસીનું નાનું વન છે અને મુખ્ય મંદિરથી લગભગ ત્રણ માઈલ દૂર ગીચ ઝાડીમાં ભીમચાસ નામનું એક રમ્ય સ્થળ આવેલું છે. એને વિષેની દંતકથા બધે હોય છે તેવી અહીં પણ ચાલે છે કે પાંડવો અહીં વનવાસ કરતા હતા ત્યારે પાણીની જરૂર પડતાં ભીમે મોટા પથ્થરને લાત મારી. તેથી તે પથ્થરની બે ફાડ પડી ગઈ અને ત્યારથી તેમાંથી અસ્ખલિત પાણી વહ્યા કરે છે. ત્યાં સુંદર ઝરણાં, આંબાજાંબુનાં વૃક્ષો, કુન્તામાતાનું નાનું મંદિર, તથા ચાર છ સાધુઓ જે હમેશાં ત્યાં રહે છે તેને રહેવાનાં ઝૂંપડાં, તેમજ એક નાનકડો બગીચો પણ છે. ભીમચાસની આજુબાજુ લગભગ બેએક માઈલને અંતરે ગિરમાં રહેતા માલધારીઓના જુદાજુદા નેસ આવેલા છે. જેઓ ગિરના વાઘ-સિંહને યે હંફાવે તેવી ભેંસોનાં ટોળાં વચ્ચે અંધારી રાત્રે પણ ગિરની કંદરાઓમાં પડ્યાપાથર્યા રહે છે અને ઠેઠ જૂનાગઢ સુધી ઘીદૂધ પૂરાં પાડે છે.



'ભીમચાસ' પર આવેલું કુન્તામાતાનું મંદિર



જમણી બાજુ : સૌરાષ્ટ્રના દક્ષિણ પ્રાંતે જૂનાગઢની નજીક, ઝીણાં ટપકાંથી દર્શાવેલા ગિર-પ્રદેશના મધ્યમાં આવેલા તુલસીશ્યામનું સ્થળ તથા ત્યાં પહોંચવા માટે આ લેખની શરૂઆતમાં જણાવેલા માર્ગોનો નકશો.*

* ગુજરાત સરકારે તુલસીશ્યામને એક વિહારધામ તરીકે પણ હવે વિકસાવ્યું હોઈ ઊના પાણીના કુંડની ઉપરવાસ અને રુક્મિણી માતાની ટેકરીની નીચેના ઢાળ પર સારી સગવડવાળાં નિવાસો બનાવવામાં આવ્યાં છે. જ્યાં પ્રવાસીઓને જરૂરી એવી પૂરતી સાધનસામગ્રીની સગવડ છે અને રજાઓમાં ત્યાં સારી ભીડ રહે છે. રાજ્ય સરકારના ટૂરિસ્ટ ખાતામાંથી આ અંગે પૂરતી માહિતી ઉપલબ્ધ છે. મંદિરની પોતાની પણ એક ધર્મશાળા તથા જાહેર ભોજનાલય ચાલે છે. રેલમાર્ગે તુલસીશ્યામ જવા માટે ઊના સ્ટેશન વધુ અનુકૂળ છે ને ત્યાંથી બસ માર્ગે જવાય છે. આસપાસનાં ઘણાંખરાં શહેરોમાંથી પણ તુલસીશ્યામની બસ મળે છે.

તમને કયો રંગ સૌથી વધુ ગમે?

સ્વિસ માનસશાસ્ત્રી ડૉ. મૅક્સ લ્યૂશર માને છે કે માણસ સૌથી વધુ જે રંગ પસંદ કે નાપસંદ કરે તેના આધારે એના વિષે ઘણું કહી શકાય. પોતાની આ માન્યતાને એમણે 'ધ લ્યૂશર કલર ટેસ્ટ' નામક એક પુસ્તકમાં વિસ્તારથી પ્રકટ કરી છે. આઠ રંગોનું અર્થઘટન એમાંની વાનગી રૂપે નીચે બહુ ટૂંકાવીને આપ્યું છે. રંગોની પસંદગી કોઈ ચીજવસ્તુ પૂરતી મર્યાદિત નહિ, પણ પૂર્ણતઃ કોઈ એક કયો રંગ ગમે તેના ઉત્તરરૂપે ગણવાની છે. આ અર્થઘટનમાં શ્રદ્ધા બેસે કે ન બેસે, પણ એની અજમાએશ ગમ્મતભરી તો છે જ. અને એ પણ ખયાલ આપે છે કે નિષ્ણાતો કેવી કેવી દિશામાં વિચારી રહ્યા છે.

લાલ: કદાચ સૌથી વધુ જાણીતો અને માનીતો રંગ. અગ્નિ, લોહી તથા જીવનનો સૂચક અને ઉત્તેજક. જો તમને ખરેખર આ રંગ સૌથી વધુ પસંદ હોય તો એ તમારા વિચારની સ્પષ્ટતા ને આગળ વધવાની ઇચ્છા તથા શક્તિ સૂચવે છે. તમે આક્રમક ને અવિચારીપણે ઉતાવળા ને અભિમાની પણ હોઈ શકો. લોકો સાથેનો તમારો વ્યવહાર નાટકી અને બહિર્મુખ પણ ખરો. પણ જો લાલ રંગ બિલકુલ પસંદ ન હોય તો એ નબળું મન ને પ્રભાવ તથા આત્મશ્રદ્ધાની ખામી સૂચવે છે. લાલ રંગથી ભડકતા લોકો પોતાની સમસ્યા હલ નહિ જ થઈ શકે તેમ માની તેનાથી અકળાય છે ને એવી બાબતોથી રક્ષણ ઇચ્છે છે કે નાસવા મથે છે.

લીલો: લાલ પછી સૌથી વધુ જાણીતો રંગ. જો તમને એ બહુ જ ગમતો હોય તો એ તમારી શક્તિ, આત્મવિશ્વાસ, હઠ અને સ્વાર્થીપણું સૂચવે છે. તમારું વલણ ભલે ઉદાર દેખાય, પણ એની પાછળ અંગત લાભની દૃષ્ટિ પણ છે જ. બદલાતી બાબતોથી ડરનાર ને રૂઢિબદ્ધ પણ ખરા. તમારી બહાર દેખાતી અક્કડાઈ અંદરની તંગ મનોદશા ઢાંકવા માટેની હોઈ શકે. મોટે ભાગે તમે પોતાને જોઈતી ચીજ માટે જ મથનારા છો. પણ જો લીલો રંગ ગમતો જ ન હોય તો તમે કદર અને પ્રશંસાના અભાવથી પીડાતા હશો. તમારી ખામીઓનો દોષ તમે બીજા પર ઢોળશો એટલું જ નહિ, મિત્રો ને સાથીદારોના ભોગે યે તમે ટીકાઓ ને વક્રોક્તિઓ દ્વારા તમારી અધૂરપ ઢાંકવા મથતા હશો.

આસમાની (બ્લ્યુ): દરિયાનાં ઊંડાં જળ જેવી શાંત સ્થિરતાનો સૂચક છે. તમને એ રંગ જો વધુ ગમે તો એનો અર્થ એ જ કે જીવનમાં તમે જોઈતી શાંતિ મેળવી લીધી છે, યા સુખી થવા માટેની અમુક એષણા પરિપૂર્ણ કરવા તમે મથી રહ્યા છો. મોટે ભાગે સ્વસ્થતા અને સ્થિર આત્મવિશ્વાસનો સૂચક આ રંગ ચોપાસ લક્ષ રાખનાર અને કંઈક અંતર્મુખ વ્યક્તિત્વ દર્શાવે છે. પણ જો સંતોષ પામવામાં નિષ્ફળતા મળી હોય કે એવી તકો જતી કરી હોય તો તમને આ રંગ બિલકુલ નહિ ગમતો હોય. તો તમારું વ્યક્તિત્વ પણ અસ્થિર અને સ્વભાવ ઉતાવળિયો હશે. વિશ્વાસુ સંબંધો ને શ્રદ્ધાની તમારી જરૂરિયાત પૂરી ન પણ થઈ હોય, અથવા વધુપડતી અપેક્ષાઓ રાખી તમે જ એવા સંબંધો બગાડ્યા હોય.

જાંબલી (વાયોલેટ): લાલ અને આસમાની રંગના મિશ્રિત આ રંગમાં એ બંને રંગોની ખાસિયત છે. જો એ તમારો પ્રિય રંગ હોય તો માનવું કે તમારી આક્રમકતા અને સ્વીકારી લેવાની વૃત્તિ એકબીજીને કાપતી જણાય. પરિણામે તમે જવાબદારી કે કાર્યથી છટકવા મથો. આ રંગ કંઈક રહસ્યમય પણ છે. કદાચ વિચારવંત, લાગણીપ્રધાન ને કંઈક રહસ્યમય પણ હો; અથવા વધુપડતા તરંગી પણ. આવા કિસ્સામાં તમે આત્મસંતોષી બનવા તરફ ઢળતા રહો ખરા. અનિર્ણયાત્મક અને અપરિપક્વ વ્યક્તિને પણ આ રંગ વધુ આકર્ષે છે. જો તમને એ ન જ ગમતો હોય તો સંભવ છે કે અંગત કે ખાનગી સંબંધો વિકસાવવાની તમારે માટે ઓછી શક્યતા છે. કદાચ તમે એવા સંબંધો દબાવી પણ દીધા હોય, યા તમને એમાં શ્રદ્ધા ન જ હોય. પ્રાધ્યાપક કે વિજ્ઞાની જેવા વ્યવસાય તરફ તમને વધુ આકર્ષણ રહે.

પીળો: સૂર્ય અને સોનાનો, તેજસ્વિતા અને પ્રસન્નતાનો રંગ. તમને એ ગમતો હોય તો તમે આશાવાદી છો. કદાચ અણગમતી ને અગવડભરી સ્થિતિ નિભાવી લઈને યે તમે સુખી સ્થિતિ રચી શકો. પણ કમનસીબે તમે અસ્થિર, અનિયમિત પણ હો—સૂર્ય જેમ સ્થિર નથી ગણાતો તેમ. મિજાજ પણ અસ્થિર. કોઈ બાબતમાં અસંતોષ પામ્યા હો તો બીજી જ ક્ષણે બીજી કોઈ ચીજમાં રસ પણ બતાવી શકો. પણ જો તમને આ રંગ ગમે જ નહિ તો તમે ઉષ્માને નકારનારા, સુખની શોધમાં નિષ્ફળ બનેલા ને બીજાઓના આનંદથી બળનારા બની રહો. તમારી વિફળતાથી ચીડિયા, નિરુત્સાહી, અવિશ્વાસી ને વહેમી બની જાઓ. નિરાશાવાદીપણું તમારા વ્યક્તિત્વનું એક અગ્ર લક્ષણ બની રહે.

બદામી (બ્રાઉન) રંગ ધરતીનો છે. નહિ પીળો, નહિ લાલ. સામાન્યરીતે આ રંગ પસંદ કરનાર ઓછા નીકળે, પણ જે હોય તે શારીરિક સુખ દ્વારા છુટકારો પામવાની વૃત્તિવાળા અને સમાજ સાથે મેળ ન બેસાડી શકે તેવી ઉદાસીન વૃત્તિવાળા હોઈ શકે. આ રંગને નાપસંદ કરનારા કદાચ પોતાના શરીરને ખૂબ દાબી રાખે છે. શારીરિક અને ઐંદ્રિક સુખને તેઓ જીતવા યોગ્ય લાગણી સમજે છે. તેઓ એમ પણ માને છે કે પોતે દઢ માટીના છે અને એટલે એમનું વ્યક્તિત્વ આગવું જ હોઈ શકે.

રાખોડી (ગ્રે): તાટસ્થ્યનો રંગ. એનો ચાહક માણસ કોઈ પણ બાબત કે વ્યક્તિ સામે બંધાતો નથી. સીમા પર જ એવો માણસ શક્ય એટલો વધુ સમય ટકી રહે છે ને પોતાની જાતની આસપાસ કોશેટો વીંટ્યા કરે છે. કેટલીક ઉદાર લાગણીઓ યે દાબી દીધી હોય યા ઉચ્છેદી નાખી હોય. બહારથી જીવંત અને ક્રિયાશીલ લાગે, પણ અંદર પોલંપોલ. બહારથી મોભો સાચવતા હોવાનો પણ દેખાવ કરે, પણ હકીકતે બીજા સાથે સંબંધ બાંધતાં આવડતો ન હોય. આ રંગને જરા યે પસંદ નહિ કરનારા ત્રાસદાયક ખણખોદિયા હોય છે. જ્યારે તક મળે ત્યારે તેઓ બીજાની બાબતમાં માથું મારે છે. રખે કંઈ ગુમાવી બેસાશે એમ સમજી જ્યાં સુધી પોતાની ઇચ્છા પૂરી ન થાય ત્યાં સુધી ચીટક્યા રહે છે.

કાળો: બધી જ બાબતોનો વિરોધી અને રાખોડીથી યે વધુ જોરદાર હોઈ એનો ચાહક બીજાઓની સ્વાભાવિક લાગણીઓની પરવા કર્યા વિના ત્રાસજનક બની રહે છે. એની પોતાની લાગણીઓ અંગે પણ આવું બની શકે. એનો અસંતોષ એટલો બધો તીવ્ર હોય કે એ સોગિયો ને માનવદ્વેષી બની બધી જ બાબત અને લોકો પ્રત્યે ટીકાખોર બની રહે. જીવનમાંથી બધી વૃત્તિઓને સંકેલી લેવાની બાવાસાધુ જેવી વૃત્તિમાં પણ આવું વલણ પરિણમે. જે માત્ર આંતરિક ખોખલાપણાને ઢાંકવા પૂરતું જ હોય. પણ મોટાભાગના લોકોને કાળો રંગ ગમતો જ નથી. સોએ એકાદ ને જ એ ખરેખર ગમે છે. જેમને તે ઓછામાં ઓછો પસંદ છે તેઓ ઓછેવત્તે અંશે કંઈ પણ લાભ જતો ન કરવાની વૃત્તિવાળા હોય છે. પોતાના કાર્ય અને નિર્ણયો પર કાબૂ રાખવામાં તેઓ માને છે. આવી વૃત્તિના અતિરેકમાં પોતે ક્યાંયથી રહી ન જાય એવી એષણામાં તેઓ ક્યારેક વધુ પડતું ઇચ્છતા કે માગતા હોય છે.

(ઇંગ્લૅન્ડના દૈનિક 'ડેઈલી મિરર'ના સાપ્તાહિક 'મિરર મૅગેઝીન'માંથી)

વૃક્ષ-વેલ-પરિચય-૧૯
ગરમાળો



શહેરના વૃક્ષાચ્છાદિત માર્ગો અને બાગ-બગીચામાં પીળાં ફૂલોથી ખચિત ગરમાળાનાં વૃક્ષો તો ઘણાંએ જોયાં હશે.

ગરમાળાનું વૃક્ષ ૩૦-૩૫ ફૂટ ઊંચું વધે છે. થડ ટૂંકું, શાખાઓ પાતળી, ઊભી તથા ચોપાસ પથરાએલી. છાલ, વૃક્ષ નાનું હોય ત્યારે લીસી ને રાખોડી રંગની, પણ પુખ્ત થતાં ખરબચડી ને ઘેરી ભૂખરી. પાન ૪ થી ૮ સામસામી નાની પર્ણિકાનાં જોડકાંવાળાં ઘેરાં લીલાં. પર્ણિકા નીચેથી પહોળી ને છેડે જતાં બુઠ્ઠી અણિયાળી. પાનખરમાં પાન ખરી ગયા બાદ એપ્રિલ થી જૂન દરમિયાન ચળકતાં પીળાં, આછી સુવાસવાળાં, ફૂલોનાં લટકતાં ઝૂમખાંથી લચી પડતું ગરંમાળાનું વૃક્ષ ઘણું શોભે છે.

શિયાળો આવતાં ગરમાળાની શીંગો પાકે છે, અંદરથી તે એકસરખા અનેક ભાગમાં વહેંચાએલી હોય છે, જેમાં કાળો ગળચટો માવો ને તેની વચ્ચે નાનાં લંબગોળાકાર બીજ હોય છે. પણ બીજને ઊગતાં બહુ લાંબો સમય લાગે છે.

ગરમાળાનું લાકડું કઠણ અને ટકાઉ છે. એની છાલ ચામડું કમાવવામાં ને રંગાટ કામમાં વપરાય છે. શીંગમાંનો ગર્ભ–ગરમાળાનો ગોળ હળવા જુલાબ તરીકે તથા તમાકુને ખુશબોદાર બનાવવામાં વપરાય છે. ગરમાળાના ફૂલનો ગુલકંદ જ્વરનાશક ગણાય છે. ગરમાળાનાં પાનનો રસ દાદર પર લગાડાય છે તો તે પાનની પોટીસ પક્ષાઘાત ને સંધિવામાં ફાયદો કરે છે. ગરમાળાનાં બીજનો ભૂકો ઊલટી કરાવવા અપાય છે. ગરમાળાનાં મૂળ રેચક છે ને જ્વર,હૃદયરોગ,પિત્તપ્રકોપ વગેરેમાં વપરાય છે.



મધુકરી

વેરાન છો હૃદય તારું, પરન્તુ શુષ્ક
હૈયા તણા ગુપત કોક ઊંડાણ, લાસ્યે
ધીમું હસંત સુચિરંતન એક પુષ્પ;
શાને અધન્ય પછી તું ? દઈ વેરી એની
થોડી રહીસહી સુગંધ જગે, હયાની
વેરાનતાનું કર ગાન પ્રફુલ્લ આસ્યે.

—શ્રીકાન્ત માહુલીકર

આઇન્સ્ટાઈન સમોવડા ભારતપુત્ર : પ્રો. સત્યેન બોઝ

વૈજ્ઞાનિક ક્ષેત્રે, અને ખાસ કરીને ભૌતિકશાસ્ત્રમાં જગવિખ્યાત વૈજ્ઞાનિક પ્રો. બોઝનું ગઈ તા. ૪થી ફેબ્રુઆરીએ (૧૯૭૪) અવસાન થવાથી ભારતે એક મહાન અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર મહાપુરુષ ગુમાવ્યો છે. એ પ્રો. બોઝનું નામ સામાન્ય જનસમાજમાં બહુ જાણીતું ન હતું, પરંતુ 'બોઝ–આઈન્સ્ટાઈન સ્ટૅટિસ્ટિક્સ'ના સંશોધક તરીકે એમણે ભૌતિકવિજ્ઞાનમાં અમર સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમની આ સૈદ્ધાંતિક શોધના માનમાં ઇલેક્ટ્રૉન, અને પ્રકાશના શક્તિકણો (ફોટોન) વગેરે કણોના એક જૂથનું નામ 'બોઝોન' આપવામાં આવ્યું છે.

પરમાણુની રચનામાં ભાગ લેતા પ્રાથમિક કણોના બે વિભાગ પાડવામાં આવ્યા છે. જે પ્રાથમિક કણો બોઝના પ્રસ્થાપિત ગુણધર્મો ધરાવતા હોય તેમને 'બોઝોન' કહેવામાં આવે છે અને બાકીના ઇટાલિયન પરમાણુ–વૈજ્ઞાનિક ફર્મીની શોધના માનમાં 'ફર્મિયોન' કહેવામાં આવે છે. આમ ભૌતિક વિજ્ઞાનમાં 'બોઝોન' નામાભિકરણથી પ્રો. બોઝનું નામ અમર રહેશે.

-એમનો જન્મ ઈ. ૧૮૯૪ની ૧લી જાન્યુઆરીના રોજ કલકત્તામાં થયો હતો. ઈ. ૧૯૦૯માં એમણે પાંચમે નંબરે મૅટ્રિકની અને ૧૯૧૧માં પહેલે નંબરે ઈન્ટર સાયન્સની પરીક્ષા પાસ કરી. ઈ. ૧૯૧૩માં બી. એસસી. પરીક્ષામાં પણ ફર્સ્ટ ક્લાસ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું. ઈ. ૧૯૧૫માં ગણિતશાસ્ત્રના વિષય સાથે એમ. એસસી. પરીક્ષા પણ પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પસાર કરી.

બચપણથી જ બોઝને વિજ્ઞાનમાં ભારે રસ હતો. પોતાના મિત્ર પ્રો. ગિરિજાપતિ ભટ્ટાચારજી સાથે તેમણે સ્કૂલમાં અભ્યાસ કરતાં નાનું ટેલિસ્કોપ અને ટૉર્ચ બૅટરી બનાવ્યાં હતાં. એમ. એસસી.માં ગણિતશાસ્ત્રનો વિષય લીધો હતો. પણ તેમને ભૌતિકવિજ્ઞાનના પ્રશ્નોમાં ગણિતનો ઉપયોગ કરી સંશોધન કરવામાં ભારે રસ હતો.

એમની તેજસ્વી કારકિર્દીથી આકર્ષાઈ કલકત્તા યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર સર આશુતોષ મુખર્જીએ ૧૯૧૭માં ભૌતિકશાસ્ત્રના લેક્ચરર તરીકે નીમ્યા. તે જમાનામાં આટલી યુવાન વયે



યુનિવર્સિટીના લેક્ચરર નિમાવું એ એક અજોડ પ્રસંગ હતો. કલકત્તા યુનિવર્સિટીની નવી જ સ્થપાએલી વિજ્ઞાનની કૉલેજમાં એમણે ૧૯૨૧ સુધી કામ કર્યું અને તેના ભૌતિક વિજ્ઞાન વિભાગના વિકાસમાં અગ્રગણ્ય ફાળો આપ્યો. તે વખતે યુનિવર્સિટીના એમ. એસસી. કોર્સમાં આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદનો વિષય પહેલોવહેલો દાખલ કરાયો હતો, પરંતુ એ શીખવનાર કોઈ ન હોવાથી પ્રો. બોઝે તેનો અભ્યાસ કરી શીખવવાનું શરૂ કર્યું. ઈ. ૧૯૨૦માં એમણે પ્રો. મેઘનાદ સહા સાથે આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના સર્વસામાન્ય વાદનું ભાષાંતર અંગ્રેજીમાં કર્યું અને તે યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કર્યું. આ જમાનામાં આઈન્સ્ટાઈનનો સિદ્ધાંત સમજનાર વૈજ્ઞાનિકો દુનિયાભરમાં જૂજ હતા. એમાં હિંદના

શાક-ભાજી-મરી-મસાલો] ૧૯ [તૂરિયાં

તૂરિયાં ભારતમાં બધે થાય છે. સૌરાષ્ટ્રમાં તેને ઘીસોડાં કહે છે. પશ્ચિમી દેશોમાં શાક તરીકે તે બહુ જાણીતાં નથી, પરંતુ દક્ષિણ ભારત અને પૂર્વ ભારતમાં તેનું શાક વધારે લોકપ્રિય છે. તૂરિયાના વેલા ઘણા જ લાંબા થાય છે અને તેને આછા પીળા રંગનાં ફૂલો આવે છે, જે પાછલા પહોરે ખીલે છે વરસાદની શરૂઆતમાં છ-છ ફૂટને અંતરે ખાંમણાંની હારોમાં બે છોડ વચ્ચે અઢીએક ફૂટનું અંતર રાખી તૂરિયાંનાં બી વવાય છે. ઉનાળામાં બે હારો અને બે છોડ વચ્ચે ઓછું અંતર રખાય છે. વેલો વાવ્યા પછી બેથી અઢી માસમાં પાક ઊતરવા માંડે છે.

તૂરિયાં અને દોડકાં એ બે એક જ જાતનાં શાક છે. દોડકાં નાનાં–ત્રણથી છ ઇંચ લાંબાં અને તૂરિયાં એક ફૂટ લાંબાં થાય છે. દોડકાંની કેટલીક જાતોનાં ફળ ઝૂમખાંમાં બેસે છે તેથી તેને ઝૂમખડી કહે છે, ત્રણ-ચાર ફૂટ લાંબાં તૂરિયાં થાય એની પણ એક જાત છે.

તૂરિયાંમાં મીઠાં અને કડવાં એમ બે પ્રકાર છે. કડવાં તૂરિયાં વગડામાં આપમેળે ઊગી નીકળે છે પણ કોઈક વાર વાડીમાં મીઠાં સાથે પણ તે ભળી જાય છે, મીઠાં તૂરિયાં પરની ધારો (નસો)ની સંખ્યા દસ અને કડવાં તૂરિયાંની નવ હોવાનું કહેવાય છે. એ રીતે પણ તે ઓળખાય છે. છતાં તૂરિયું ચાખીને જ લેવું યોગ્ય છે. ચોમાસામાં ફક્ત સવા-દોઢ મહિનામાં જ ફળ આપનાર તૂરિયું સસ્તું છે. તૂરિયું 'કફવાતલ' અર્થાત્ કફ કરનારું અને ઠંડું—વાયડું છે. ચોમાસામાં તેનું વધારેપડતું સેવન કરાય તો વાયુપ્રકોપ થતાં વાર લાગતી નથી. વળી પચવામાં તે ભારે અને આમ કરનારું છે. તેથી પણ ચોમાસાની ઋતુમાં તૂરિયાંનું શાક બીમાર માણસો માટે હિતાવહ નથી. 'તાવ કહે તૂરિયામાં વસું' એ કહેવત જાણીતી છે.

'તૂરિયું કહે મું વાંકુચૂંકું, મારે ડીલે છે સળી;
મારા ખાવામાં જો સ્વાદ કરે તો નાખ લીંબુ ને મરી.'

એમ તૂરિયાના શાકમાં મરી અને લીંબુનો રસ નાખવાથી શાક સ્વાદિષ્ટ બને છે અને તેનું વાયડાપણું પણ ઓછું થાય છે. તૂરિયામાં પાણીનો ભાગ વધુ હોવાથી તેના શાકમાં વધુ તેલ નાખવું આવશ્યક છે. એથી એનું વાતલપણું ઘટે છે. કડવાં તૂરિયાં રેચક અને ઊલટી કરનાર ઉપ-વિષ જેવાં હોઈ માત્ર ઔષધરૂપે જ સંભાળપૂર્વક વપરાય છે.

તૂરિયાં ઉપરની નસોના કારણે સંસ્કૃતમાં તેનું નામ 'ધારાકોશાતકી' પડેલું છે. ધામાર્ગવ, પીતપુષ્પ, જાલિની, કૃતવેધના, રાજકોશાતકી અને રાજિમત્ફલા એ તૂરિયાનાં બીજાં સંસ્કૃત નામો છે.

તૂરિયાં ઠંડાં, મધુર, કફ તથા વાયુને કરનાર, પિત્તનો નાશ કરનાર અને અગ્નિને પ્રદીપ્ત કરનાર છે. એ શ્વાસ, તાવ, ઉધરસ અને કૃમિને મટાડનાર તેમજ મળબંધને દૂર કરનાર છે. વર્ષાઋતુનું આ સસ્તું શાક માંદા માણસ માટે હિતકારી નથી. સાજા માણસે પણ તેના શાકમાં લસણ અને તેલ બરાબર નાખીને તેનું શાક બનાવી ખાવું જોઈએ.

તૂરિયાના વેલાનાં મૂળ ગાયના દૂધમાં કે ઠંડા પાણીમાં ઘસી રોજ સવારમાં ત્રણ દિવસ સુધી પીવાથી પથરી મટે છે. તૂરિયાના મૂળને ઠંડા પાણીમાં ઘસીને બદ પર ચોપડવાથી અથવા તૂરિયાને બાફીને બારીક વાટી બદની વેળ પર ચોપડવાથી ચાર પ્રહરમાં બદની ગાંઠ બેસે છે.

તૂરિયાના વેલાના મૂળને ગાયના માખણમાં અથવા એરંડિયામાં ઘસીને બેત્રણ વાર ચોપડવાથી ગરમીને લીધે બગલ અને જાંઘના ખાંચામાં પડતી ચાંદીઓ મટે છે.

માધવ મો. ચૌધરી

બે વૈજ્ઞાનિકો પ્રો. મેઘનાદ સહા અને પ્રો. સત્યેન બોઝનો સમાવેશ થાય છે. એ જમાનામાં અંગ્રેજીમાં લખાએલાં સાપેક્ષવાદ ઉપરના પુસ્તકમાં આ પુસ્તક અગ્રિમ સ્થાને હતું.

ઈ. ૧૯૨૧માં બોઝની નિમણૂક ઢાકા યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના રીડર તરીકે થઈ. અહીં એણે નવીન સંશોધનપ્રવૃત્તિ શરૂ કરી. આધુનિક ભૌતિક વિજ્ઞાનનો પાયો જર્મન વૈજ્ઞાનિક પ્લૅંકની ક્રાંતિકારક ક્વૉન્ટમ થીઅરી વડે નખાયો છે. મૅક્સ પ્લૅંકનો એ જાણીતો 'પ્લૅંકનો નિયમ' તેમણે કાળા પદાર્થને ગરમ કરતાં બહાર પડતા રંગપટના અભ્યાસમાંથી તારવ્યો હતો. પ્રો. બોઝે આ નિયમની મૌલિક રીતે માત્ર તેના નવા સિદ્ધાંતને આધારે સાબિતી આપી અને તે નિબંધ એમણે આઈન્સ્ટાઈન ઉપર પ્રસિદ્ધિ માટે જર્મની મોકલાવ્યો. આઈન્સ્ટાઇને તેની પોતાની નોંધ સાથે આ નિબંધ ૧૯૨૪માં જર્મન ભાષામાં ભાષાંતરિત કરી ભૌતિક વિજ્ઞાનના અગ્રિમ માસિકમાં છપાવ્યો. સંજોગવશાત્ આ જ વર્ષે પ્રો. બોઝ પારી(સ)માં માદામ ક્યુરીની લૅબોરેટરીમાં જોડાયા હતા, અને આ નિબંધ આઈન્સ્ટાઇને પ્રસિદ્ધ કરાવ્યો તેની માહિતી એમને ત્યાં જ મળી હતી. આ પ્રસિદ્ધિ એ બોઝની પ્રથમ મહાન સિદ્ધિ હતી.

પારી(સ)માં બોઝે માદામ ક્યુરીની લૅબોરેટરીમાં દસ માસ ગાળ્યા હતા અને તે અરસામાં તરંગવાદના શોધક ડી બ્રોગ્લી તથા માદામ ક્યુરીની પુત્રી ઈરેન ક્યુરી અને તેના પતિ જોલિયોટ, જેમણે ન્યુટ્રોનની શોધ કરી હતી, તેમના ગાઢ સંપર્કમાં આવ્યા હતા. ત્યાર બાદ તે બર્લિનના આઈન્સ્ટાઈન ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ થયા અને આઈન્સ્ટાઈનની સાથે 'બોઝ–આઈન્સ્ટાઈન' નામનો પ્રાથમિક કણોના કેટલાક ગુણધર્મો દર્શાવતો નવો સિદ્ધાંત બહાર પાડ્યો. આ સિદ્ધાંતે પરમાણુ વિજ્ઞાનમાં એક નવીન ક્રાંતિ સર્જી અને તેને કારણે બૉઝનું નામ જગતના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનની સાથે જોડાઈને અમર થયું.

ઈ. ૧૯૨૫માં ઢાકા યુનિવર્સિટીમાં પ્રોફેસર ઑાવ ફીઝિક્સની જગ્યા ખાલી પડતાં પ્રો. બોઝના મિત્ર પ્રો. ઘોષે એમને એ માટે અરજી કરવા જણાવ્યું. આ સમયે બોઝ આઈન્સ્ટાઈન સાથે સંશોધન માટે કામ કરતા હતા. પ્રોફેસરની જગ્યા માટેની જાહેરાતમાં જણાવ્યું હતું કે પી-એચ. ડી.ની ડિગ્રી આવશ્યક છે, છતાં તેના મિત્ર ઘોષે જણાવ્યું હતું કે જો આઈન્સ્ટાઈનની ભલામણ હોય તો આ જગ્યા તેમને અવશ્ય મળી જાય. બોઝે આઈન્સ્ટાઈનને એક સર્ટિફિકેટ માટે વાત કરી, ત્યારે તેણે કહ્યું, 'શું આ લોકો તમારાં અત્યાર સુધીનાં ઉચ્ચ કક્ષાના સંશોધનકાર્યથી અજ્ઞાન છે કે મારા સર્ટિફિકેટની જરૂર પડે?' આમ છતાં તેમણે ભલામણપત્ર લખી મોકલ્યું અને તે જગાએ બોઝની નિમણૂક થઈ.

બર્લિનમાં બોઝ એક વર્ષ રહ્યા તે દરમિયાન આઈન્સ્ટાઈને એમને મેક્સ પ્લૅંક, સ્ક્રોડિન્ગર, પૌલી, હાઈસેનબર્ગ અને સોમરફેલ્ડ જેવા નામાંકિત ભૌતિકશાસ્ત્રીઓ જોડે પરિચય કરાવ્યો. ઢાકા યુનિવર્સિટીમાં બોઝે લગભગ ૨૦ વર્ષ સુધી કામ કર્યું અને ૧૯૪૫માં કલકત્તા યુનિવર્સિટી સાયન્સ કૉલેજમાં ખેરા પ્રોફેસર ઑાવ ફીઝિક્સ તરીકે જોડાયા, જ્યાંથી ઈ. ૧૯૫૬માં એ નિવૃત્ત થયા. ત્યાર બાદ ઈ. ૧૯૫૮માં એમને લંડનની જગવિખ્યાત રૉયલ સોસાએટીના સભ્ય તરીકે ચૂંટવામાં આવ્યા અને તેથી એમને એફ. આર. એસ.નું માનભર્યું પદ મળ્યું. આમ હિંદના ગણ્યાગાંઠ્યા આ પદ મેળવનાર પ્રો. સી. વી. રામન, પ્રો. રામાનુજન, પ્રો. મેઘનાદ સહા, પ્રો. ભટનાગર, પ્રો. મહાલોનોબિસ, અને પ્રો. બીરબલ સાહાની જેવા નામાંકિત વૈજ્ઞાનિકોમાં એમને સ્થાન મળ્યું.

એ જ વર્ષે કલકત્તા યુનિવર્સિટીએ એમને માનાર્હ પ્રોફેસર તરીકે ને ભારત સરકારે રાષ્ટ્રીય પ્રોફેસર તરીકે નીમ્યા. ઇન્ડિયન સ્ટૅટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટના તથા નૅશનલ ફિઝિકલ લૅબોરેટરીના એ લાંબો વખત પ્રમુખ રહ્યા હતાં. થોડાં વર્ષથી એ રાજ્યસભાના સભ્ય પણ નીમાએલા હતા. પ્રો. બોઝ બે વખત ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસના પ્રમુખ નીમાયા હતા. એમને હિંદની ઘણી યુનિવર્સિટીએ માનાર્હ ડૉક્ટરેટની ડિગ્રી અર્પી

હતી. ઈ. ૧૯૫૬થી પાંચ વર્ષ સુધી એઓ શાંતિનિકેતન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર નીમાયા હતા. આ વર્ષો દરમિયાન એમણે માતૃભાષામાં વિજ્ઞાન શીખવવા માટે ઝુંબેશ ઉપાડી હતી. બંગાળીમાં 'જ્ઞાન ઓ વિજ્ઞાન' નામના વિજ્ઞાનના માસિકના સ્થાપક પણ એઓ જ હતા. તે હમેશાં એ માન્યતા ધરાવતા હતા કે ઉચ્ચ શિક્ષણ પણ નિતાન્ત માતૃભાષામાં જ અપાવું જોઇએ. આના સંદર્ભમાં ૧૯૪૮માં એમણે બંગીય વિજ્ઞાન પરિષદ નામની સંસ્થા સ્થાપી હતી અને બંગાળી ભાષા દ્વારા વિજ્ઞાનનું જ્ઞાન સામાન્ય જનતાને મળે તે માટે ખૂબ કાર્ય કર્યું હતું. આ સાથે એ માનતા હતા કે દરેક ઉચ્ચ અભ્યાસ કરનારે તથા સંશોધનકારે અંગ્રેજી અને બીજી પણ ભાષાનો અભ્યાસ કરવો જોઈએ. એમણે ફ્રેંચ તથા જર્મન ભાષા ઉપર ખૂબ પ્રભુત્વ મેળવ્યું હતું.

બોઝને સંગીત પ્રિય હતું અને તેથી ફુરસદના સમયે તે તાનપુરા સાથે સંગીતના સૂરો છેડતા હતા. વળી એ બહુશ્રુત પણ હતા અને કળા, ઇતિહાસ સંસ્કૃતિના કોઈ પણ પ્રશ્ન ઉપર પોતાના વિશાળ વાચનને કારણે ઉચ્ચ કક્ષાની વાતચીત કરી શકતા.

આવા એક બહુશ્રુત અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર ઉચ્ચકોટિના ભૌતિકશાસ્ત્રીની ૮૦મી વર્ષગાંઠની તાજેતરમાં ઉજવણી બાદ ટૂંક સમયમાં જ એમનું અવસાન થયું છે, અને ભારતે તેના એક મહાન પુત્રને ગુમાવ્યો છે.

—(ડૉ.) યશવંત ગુ. નાયક

મીઠો લીમડો

આપણા અન્ન-કઠોળના ખોરાકમાં દેહના સમ્યક્ આરોગ્ય માટે જરૂરી ખનિજ ક્ષારો અને વિટામિનની ઊણપ છે. વિવિધ પ્રકારની તાજી ભાજીઓનાં પાનમાં, કોથમીરમાં, પતરવેલિયામાં એ જરૂરી ક્ષાર-વિટામિન સારા પ્રમાણમાં છે. તેવાં જ ક્ષાર-વિટામિન મીઠા લીમડાનાં તાજાં પાનમાં છે. વાડામાં મીઠો લીમડો હોય તો તેનાં લીલાં તાજાં પાન માત્ર કઢીના વઘારમાં જ નહિ, પણ બીજી અનેક વાનીઓમાં વાપરી શકાય છે.

ભોજનની વાનીઓમાં વપરાતાં સુગંધી દ્રવ્યો—જેવાં કે ફુદીનો, જીરું, મીઠા લીમડાનાં પાનની સુગંધીથી, સોડમવાળી સ્વાદિષ્ટ, રોચક અને પાચક બને છે. ઉપરાંત એ દ્રવ્યો અમુક અંશે જંતુનાશક, સડો અને દુર્ગંધ મટાડનાર, સોજો ઉતારનાર અને શામક હોવાથી માનસિક ટેન્શન પણ મટાડે છે. આ રીતે ભાજીઓને મુકાબલે મીઠો લીમડો ખોરાકની દૃષ્ટિએ જરા વધારે ઉપયોગી છે.

પાલખ-ચોળાઈની ભાજીઓમાં છે તેમ મીઠા લીમડાનાં પાનમાં પણ ઑક્ઝેલિક ઍસિડ, જે ચૂનાના પાચનમાં અંતરાય કરે છે, તે છે. પણ વિટામિન 'એ' પાલખ-મેથીની ભાજી અને તાંદળજાની-ચોળાઈની ભાજી કરતાં ઘણું છે, ભાજીઓ કરતાં એમાં કાર્બોહાઈડ્રેઈટ અને પ્રોટિન બમણાં ત્રણગણાં છે. આપણે મીઠા લીમડાનાં પાન ઘણુંખરું કઢીના વઘારમાં વાપરીએ છીએ. તે વઘારમાં ૧૫-૨૦ પાન વપરાય, તે પણ ખરાં થઈ જાય; ખરાં થતાં માત્ર તેની વાસ જ કઢીમાં આવે છે. એનાં ખનીજ-વિટામિન મોટે ભાગે અપાચ્ય રૂપે વઘારેલાં પાનમાં રહી જાય છે, જે આપણે મોટે ભાગે ચાવી ખાતા નથી, પણ કાઢી નાખીએ છીએ. માટે લીમડાનો પોષક ગુણ મેળવવો હોય તો ભોજનની ઘણી વાનીઓમાં તેને ઉપયોગી કરવો જોઈએ. મારા એક મિત્રના કૅમ્પાઉન્ડમાં લીમડો હોવાથી, નીચેની વાનીઓમાં લીમડાનાં પાનનો ઉપયોગ થાય છે.

રોજની દાળમાં સાધારણ કોમળ પાનનો વઘાર થાય છે, અગર ઊકળતાં ઝીણાં સમારીને એનાં પાન નખાય છે. કાંદાબટાટાના, દૂધીબટાટાના શાકમાં, રસવાળા એકલા બટાટાના શાકમાં એનાં પાન ઝીણાં સમારી નખાય છે. સાધારણ કૂમળાં પાનની દહીં ભળેલી ચટણી બનાવાય છે. સમારેલાં પાન બેસનના લોટમાં ભેળવી ડબકા મૂકી ભજિયાં, લોટમાં ભેળવી મૂઠિયાં-ભાખરી, ને ચણાના લોટમાં ભેળવી પૂડા પણ

શ્રી હરિઃ ૐ આશ્રમ તરફનાં

રંગચિત્ર પારિતોષિકો

'કુમાર'માં પ્રકટ થતાં રંગચિત્રો પૈકી શ્રેષ્ઠ નવાં ચિત્રોના કલાકારોને આપવા માટે નડિયાદના શ્રી હરિઃ ૐ આશ્રમ તરફથી અપાતાં રૂ. ૫૦નાં પારિતોષિકોની ઈ. ૧૯૭૩ની સાલમાં પ્રકટ થએલાં ચિત્રો માટેની વરણી નીચે મુજબ છે.

એ પ્રત્યેકને રૂ. ૫૦ અપાશે

શતરંજ (મે ૧૯૭૩) કુ. ઊર્મિ પરીખ
ચાંચનો દરિયાકાંઠો (જૂન '૭૩) સોમાલાલ શાહ
વાત્રકના પટમાં (ઑગસ્ટ '૭૩) છગનભાઇ મિસ્ત્રી
કેશસંમાર્જન (ઑક્ટોબર '૭૩) કુ. કલ્યાણી મહેતા
નાગદમન (ડિસેમ્બર ૧૯૭૩) કુ. ઊર્મિ પરીખ

બનાવાય છે. ઈડલી સાથે જે સંભાર બનાવાય છે તેમાં પણ સમારેલાં અથવા ચાવીને ખાઈ જવાય તેવાં માત્ર સુગંધ છૂટે તેટલાં જ વધારી નખાય છે. આમ અનેક વાનીઓમાં આપણે લીમડાનો ઉપયોગ કરીએ તો જ એવી રસોઈમાં દેહને અગત્યનાં ખનિજ–વિટામિન ઉમેરાય.

આયુર્વેદની દૃષ્ટિએ પણ લીમડાના રોગનિવારક ગુણ જાણી લઈએ. નિઘંટુરત્નાકરમાં મીઠો લીમડો શીતળ, કડવો, તીખો, તૂરો, લઘુ તેમજ શરીરમાં થતા દાહ, તેમાં પેદા થતાં કૃમિ અને શૂળ મટાડનારો છે. તે ઉપરાંત સોજો, સડો, ચામડીના વિકારો અને વિષ હરનાર છે.

આયુર્વેદની દૃષ્ટિએ એનાં પાન, એના થડની છાલ અને મૂળના નીચેના રોગનિવારક નુસ્ખા દર્શાવેલા છે : એનાં પાનનો રસ મરડામાં વાપરવાનું, એનાં છાંયશુષ્ક પાનનો વસ્ત્રગાળ પાઉડર બનાવી ઊકળતા પાણીમાં નાખી, અગ્નિ ઉપરથી વાસણ ઉતારી લઈ, સપટ ઢાંકણું ઢાંકી એ પાણી ઠંડું પડે ત્યારે ઊલટીના શમન માટે વાપરવાનું સૂચવ્યું છે. પાન, મૂળ અને છાલનું ચૂર્ણ શક્તિપ્રદ (ટૉનિક) મનાય છે. મૂત્રપિંડના દુખાવા ઉપર મૂળનો રસ હિતકર મનાયો છે. પડવા-આખડવાથી ચામડી પર ઉઝરડા પડે કે છોલાય તે જગા પર તાજાં પાનનો રસ ચોપડવાથી તે ઉઝરડા પાકતા નથી અને જલદી રૂઝાઈ જાય છે. મીઠા લીમડામાં વિષનાશક ગુણ હોવાથી કોઈ ઝેરી જીવડું કરડયું હોય તેના ડંખ-ઉપર એની છાલના ઘસારાનો લેપ કરવાથી ડંખથી થએલો સોજો અને વેદના મટી જાય છે.

(ગુજરાત મિત્ર) જ. ઓ. કાનુગા.

યુનિવર્સિટી ઑવ ઉટાહના ડૉ. લેરી એલ. ઍન્ડરસન શહેર અને ખેતરોમાં એકઠા થતા કચરામાંથી ગૅસ અને તેલ બનાવવાના પ્રયોગો કરી રહ્યા છે. અત્યારે અમેરિકામાં વર્ષે લગભગ ૮૮ કરોડ ટન જેટલો આવો કચરો બાળી નખાય છે યા જમીન પૂરવામાં વપરાય છે. આટલા કચરામાંથી એમના અંદાજે ૧૧૦ કરોડ બેરલ જેટલું તેલ મળી શકે, જે અમેરિકાની તેલની માગના ૧૫ ટકા જેટલું થાય.

અમેરિકાના મેન શાન લુકે કરેલી શોધ પ્રમાણે ન્યૂ યૉર્કના ઈન્ટરલિંગ્વીઅલ કલરલ મશિનરી ઈન્ક.એ એક એવું ટાઈપરાઇટર તૈયાર કર્યું છે જે દુનિયાની બધી ભાષાઓ ટાઈપ કરી શકે છે. આ ટાઈપરાઇટરમાં એક પોલું ડ્રમ છે, જેમાં ૬૦૦૦ જેટલા અક્ષરો બેસાડી શકાય છે. એમાં બે કી-બોર્ડ છે ને કુલ ૧૬૦ જેટલી ચાવીઓ. પૂર્વના દેશની ભાષાઓમાં પણ તેના વડે ટાઈપ થઈ શકશે. શબ્દાર્થકોષ, દ્વીભાષી લખાણો ને દસ્તાવેજો વગેરે માટે એ ઉપયોગી બની રહેશે.

દાંત વિષે આ તમે જાણતા હતા?

ઇજિપ્શીઅનો અને બેબિલોનવાસીઓ દુખતા દાંતને કાઢી નાખવાને પાપ ગણતા. પણ રોમનોએ તો સોનાના, હાથીદાંતના ને કઠણ લાકડાના યે દાંત બનાવીને બેસાડયાના પુરાવા મળ્યા છે.

અઢારમી સદીના દાક્તરો દુખતો દાંત ખેંચી કાઢવાના કાર્યને હીન ગણી એ હજામ-મોચી ને લુહારનું કામ છે એમ માનતા. જ્યારે વિક્ટોરીઅન સમયમાં દાંતનાં ચોકઠાં તો બનતાં પણ ખાતી વખતે એને તાળવે અટકાવી રાખવાનો પ્રશ્ન હલ થયો નહોતો એટલે લોકો મોંમાંથી ચોકઠું કાઢી લઈને પછી ખાતા. આમાં કેટલીક શર્મિલી બાઈઓ તો જાહેરમાં ખાવાનું ટાળતી. શ્રીમંતોને પોતાના દાંતનો વધુ ઉચ્ચાટ રહેતો ને તક મળે તો દંતવૈદ્યો એનો એકાદ દાંત ખેંચી કાઢીને ફરી પાછું થોડા જ સમયમાં એને ત્યાં આવવું પડે એવી સ્થિતિ કરી દેતા.

દાંત ખેંચતી વખતે ઍનૅસ્થેટિકનો પ્રયોગ કરવાનો તુક્કો હૉરેસ વેલ્સ નામના એક અમેરિકનને અકસ્માત મળી ગએલો. મૂળ તો એ તમાશગીર હતો. ખેલ રજૂ કરતી વખતે એ કોઈ પ્રેક્ષકને બોલાવીને કંઇ સુંઘાડતો જેની અસરમાં પેલો માણસ ખૂબ હસતો, ગાતો કે નાચતો. ૧૯૪૭માં આવો એક ખેલ કરતાં એક જણને વાગ્યું, પણ પેલી દવાની અસરમાં એને એની પીડા જણાઇ નહિ. વેલ્સને તુક્કો સૂઝયો ને એણે દાંત ખેંચતી વખતે દર્દી પર એનો ઉપયોગ કરવા માંડયો. આ હૉરેસને વળી ક્લૉરોફૉર્મ સૂંઘવાનું બંધાણ હતું. આપઘાત કરીને એ મર્યો હતો.

ડૉ. આઇ ગ્લુકમાન નામના એક શોધક દાક્તરે દાંત અંગેના સંશોધન માટે એક એવો કૃત્રિમ દાંત બનાવ્યો કે જે બેસાડયા પછી દર્દી ખાવા બેસે ત્યારે ચાવવાથી દાંત પર આવતા દબાણના પ્રમાણ અને ખોરાકના પ્રકાર અંગે એમાંથી રેડિયો સંકેતો પ્રસરે.

દાંતના રોગ જેમ માણસને એમ પ્રાણીઓને પણ સતાવે છે. પણ શાર્ક જેવાને એની કદાચ ઓછી ચિંતા રહેતી હશે. કેમ કે એના મોંમાં તો દાંતની બાર જેટલી હાર હોય છે, એમાં એક દાંત ન હોય તો યે શું? ને મગર તથા બીજાં કેટલાક પ્રાણીઓને તો કોઇ પણ વયે દાંત પડી જાય તો નવો દાંત ઊગે છે, જ્યારે હાથીને એની આયુમર્યાદામાં છ વખત દાંત પડે ઊગે છે. પણ છઠ્ઠી વખત પછી નવા નથી આવતા, પરિણામે ચાવી નહિ શકવાથી એ ભૂખનો માર્યો મરી જાય છે.

દાંત સાફ કરવાની ટૂથપેસ્ટના લાભાલાભ વિષે તો હજી યે મતભેદો ચાલે છે. જો કે ટૂથપેસ્ટ પણ કંઇ નવી નથી. બસો વર્ષ પહેલાં યે 'હડસન્સ બૉટનિક' ને 'સોઝોડૉન્ટ' જેવા નામની આવી બનાવટો વેચાતી હતી. હમણાં ડૅન્માર્કની એક પેઢીએ પોતાની બનાવેલી પેસ્ટમાં સૂક્ષ્મ ગોળ કણો ઉમેરેલાં હોઇ એથી દાંતને ઘસારો નથી લાગતો એવી જાહેરાત કરેલી. તુરત એની એક હરીફ પેઢીએ એથી યે વધુ કઠણ સૂક્ષ્મ કણોવાળી અને એથી દાંતનો મેલ સરળતાથી ઘસાતો હોવાની જાહેરાત કરી. વળી, દાંત બરાબર ચોખ્ખા થયાની નિશાનીરૂપે રંગ બદલતી પેસ્ટની પણ શોધ થઇ છે.

અને પેસ્ટની વાત થઈ એટલે તમને કદાચ આજકાલ બજારમાં મળતી રંગીન પટ્ટાવાળી નવતર પેસ્ટ અંગે કુતૂહલ પણ થતું હશે. ટયૂબ દબાવતાં રંગીન પટ્ટી સાથે એ કેમ નીકળતી હશે એ જાણવું હોય તો એવી એકાદ ખાલી ટયૂબના બધા ભાગ છૂટા પાડી નાખીને જોજો. યુક્તિ સમજાઇ જશે.

આગામી ફોટોગ્રાફી હરીફાઈ (ચિત્રવિષય: વસંત ઋતુ)ની ચિત્રો મોકલવાની છેલ્લી તારીખ લંબાવીને હવે ૩૦મી એપ્રિલ '૭૪ રાખવામાં આવી છે.

દેશપ્રેમ, સ્વાવલંબન અણીશુદ્ધ પ્રામાણિકતા અને બિરાદરીભર્યા પુરુષાર્થ વડે નાના અદના

'એક્સેલ'ની વિકાસકથા એટલે એના સ્થાપક ચાંપરાજભાઈ તથા એમના ભાઈઓથી માંડી અદના કર્મચારી સુધીના સૌના સહપુરુષાર્થથી હાંસલ થએલી સિદ્ધિની કથા. સાદી સરળ રાસાયણિક બનાવટોથી માંડી પરદેશ પર જ જેના માટે આધાર રાખવો પડતો હતો એવાં મોંઘાં, મહત્ત્વનાં અને અમુક તો બનાવવામાં પણ પૂરાં જોખમી એવાં રસાયણો, ટાંચાં સાધનો વડે પણ ભારતમાં જ બનાવવાની શક્યતા ઊભી કરનાર સફળ સાહસનું એ એક ઉત્તમ દૃષ્ટાંત છે. ધૂળમાંથી ધન પેદા કરી બતાવી કરોડોનું ઉત્પાદન કરવાની સ્થિતિએ પહોંચવા સુધીમાં ન તો એણે ગેરવાજબી નફો ખાવાની રીત અજમાવી, કે ન તો એણે કદી પોતાનાં કોઈ ધંધાકીય રહસ્યોને છુપાવ્યાં. ક્યારેક તો એવું પણ બન્યું છે કે પોતે હાથ ધરવા ધારેલ ઉત્પાદનમાં કોઈ બીજો પડવા ઇચ્છે અને એ અંગે પોતાની સલાહ માગે તો એ પણ એણે ખેલદિલીપૂર્વક ને જરા પણ દિલચોરી રાખ્યા વિના બતાવીને એને સહાય કરી છે. આથી યે વિશેષ આંતરિક વહીવટમાં પણ કર્મચારીઓને આગળ વધવાની પૂરતી તક આપ્યાથી, શેઠ-નોકરનો ભેદ ભૂલી ખભેખભો મિલાવી સૌએ પોતપોતાની શક્તિ અનુસાર એક્સેલના વિકાસમાં સાથ પુરાવ્યો છે. મૅનેજમેન્ટને અહીં માતૃત્વ સમ ગણવામાં આવ્યું છે.

અહીં જોડાનાર સામાન્યતઃ છેક નીચી સપાટીથી આરંભ કરે છે. ખુદ શ્રૉફ કુટુંબના માટે પણ એમાં અપવાદ નથી. પહેલા પગથિયેથી માંડી પોતાની શક્તિ ને સમજ મુજબ ઉત્તરોત્તર આગળ વધવાની અહીંના સૌને તક મળે છે. બાર આના રોજથી આરંભીને મહિને બાર સો ના પગારે પહોંચનારા, એટલે જ, એક્સેલમાં જોવા મળે છે. બળતણ-તંગીમાં છાણના ગોળા વાળવા આવેલી મજૂર સ્ત્રીઓ આગળ વધી અટપટી ક્રિયાવાળાં રસાયણો બનાવતી કદાચ અહીં જ થઈ શકે. નાનપણમાં દાણચોરી ને દારૂના ધંધામાં પકડાઈને રીફૉર્મેટરીમાં રહી આવેલા પૅટ્રિક ને રૉકી જેવા એક્સેલમાં આવીને સુધારા ખાતાના ઉપરી-મદદનીશ જેવા પદ સુધી પહોંચી શક્યા છે. ટ્રેઈડ યુનિયનનો વાવટો લઈને અનેક કારખાનાંમાં ઝગડા કરવાની મેલી મથાવટીવાળા સુવર્ણ જેવા અહીં એક્સેલમાં યે કામદારોનું નેતૃત્વ જ કરે છે, પણ હવે એનામાં કડવાશના બદલે મીઠાશ છે. વહેલી સવારે લખોટી-ભમરડા લઈ અહીં કામે આવતી વાનરટોળી સમા છોકરાઓ સમય થતાં રમત મૂકી કામે ચડે ને બપોરની છૂટીમાં વળી એક્સેલના કૂવામાં ધુબાકા મારે. ફરી વખત થતાં કામે ચડે ને જરૂર પડ્યે રાત પણ રોકાઈ જાય, એવાં દૃષ્ટાંતો પણ એક્સેલના આરંભકાળમાં સંઘરાએલાં છે જ. આમ, અન્યત્ર કંઈ નહિ કરી શકનાર એવા અનેક લોકોને એક્સેલમાં હૂંફ, કામ ને રોજગારી મળી છે; અને એટલે જ એક્સેલ એ કેવળ એક ઔદ્યોગિક સંસ્થા ન રહેતાં એક વિશાળ બિરાદરી સમું બની રહ્યું છે.

કેવળ ચૌદ રૂપિયામાં જૂનો સરંજામ લાવી જાતે જોઈતાં સાધનો બનાવી લઇને મુંબાઈની પ્રિન્સેસ સ્ટ્રીટમાં ચાર ઓરડીવાળા એક નાના ઘરના રસોડામાં રાત્રે રસોઈ વગેરે પતી ગયા પછી પોતાનું કામ આરંભતી પ્રયોગશાળાથી આ ઔદ્યોગિક સાહસનો પ્રારંભ થયો.

અમીરુદ્દીન, મોહસીનભાઈ, હુસેનભાઈ ને અબુલી પાઠરિયા સાથે ચાંપરાજભાઈએ પોતાના ૧૫૦૦ રૂપિયા ઉમેરી કુલ ૧૦,૦૦૦ રૂપિયાની મૂડીથી, અમીરુદ્દીનભાઈએ આપેલા 'એક્સેલ' નામથી, અંધેરી-જોગેશ્વરી વચ્ચેની એક નાની જગ્યામાં ઈ.૧૯૪૧માં આ સાહસને આગળ ધપાવ્યું. પિત્તળ બનાવતા કારખાનામાં ધુમાડારૂપે ઊખેડીને એકઠી થતી જસતની રજોટણ ઉખેડી લાવીને હાઇડ્રોક્લોરિક ઍસિડની સહાયથી તેમાંથી ઝિંક ક્લોરાઈડ બનાવવાથી આરંભ કર્યો ત્યારે એક નાટક કંપની બંધ પડતાં તેમાં અનેક પાઠ ભજવી આવેલા વજુભાઈ અહીં મિકૅનિકથી માંડી મૅનેજર બન્યા. ઝફરખાન પઠાણ ચોકીદાર ઉપરાંત રસોડાનો સહાયક બન્યો ને થોડા મજૂરો આસપાસની ઝૂંપડપટ્ટીમાંથી આવ્યા. સાધનોમાં લાકડાનાં ટબ, એનેમલ કરેલી કડાઈ ને છાણલાકડાનાં બળતણ. ધીરે-ધીરે ઉત્પાદનો વધવા લાગ્યાં. પછી તો ચાંપરાજભાઈના ભાઇ કાંતિસેન પણ એમાં જોડાયા. શાંતિનિકેતનમાં શીખેલા ચિત્રકામને બાજુએ રાખી એમણે '૪૨ની ચળવળમાં બૉમ્બબાજીની ધગશ વેઠારી હતી. એક્સેલમાં ત્યારે આવેલા રાવ નામના એક ધૂની વિજ્ઞાનીનો એમાં સાથ. બોરીવલીનાં જંગલોમાં બૉમ્બ બનાવવાના અખતરાઓ પણ કર્યા ને છેવટ ગાંધીજીના માર્ગને અપનાવી અહિંસા સ્વીકારીને સ્વાશ્રયી બની સ્વદેશીની ભાવના સાથે એક્સેલના કાર્યમાં લાગી ગયા. 'પરદેશમાં બની શકે તે અહીં પણ બને જ' એ એક્સેલનો સિદ્ધાંત. અને એ રીતે અહીં સાધેલો ઔદ્યોગિક પ્રામાણિક વિકાસ એ પણ દેશની એક પ્રકારની સેવા જ છે એવી સમજ એની પાછળ

મહાયુદ્ધ પૂરું થતાં હવે ધંધામાં કસ નહિ રહે એવા ભયથી શરૂના ભાગીદાર વહોરા ભાઇઓ છૂટા થયા. ૫૦૦૦૦ રૂપિયાની મૂડીથી જોડાએલા વડગાદીવાળા શ્રી પોપટલાલ શાહ પણ પછી સ્વેચ્છાએ છૂટા થયા. પરિણામે આર્થિક ખેંચ પડી, પણ એક્સેલે પોતાનું કાર્ય જારી રાખ્યું.

અને આમ તો અનેક પ્રશ્નો ઊભા થયા ને ઉકેલાયા, પણ આરંભથી સ્વીકારેલી નીતિ એક્સેલે સતત જાળવી રાખી. સ્વાવલંબન, પુરુષાર્થ, પ્રામાણિકતા, દેશહિત અને બિરાદરી એમાં મુખ્ય છે.

એક્સેલે ખેતીવિષયક રસાયણો બનાવવા માંડ્યાં. આઈ. સી. આઈ. એમની પાસેથી એ ખરીદતું. 'ટાટા-ફાઇઝન્સ' પણ એક્સેલનું ગ્રાહક હતું. એક્સેલની પ્રામાણિકતાથી પ્રભાવિત થઈ એમની સાથે ભાગીદારીમાં જોડાવા ઇચ્છા કરી. એમના જેવા મહારથી સાથેના જોડાણમાં કદાચ એક્સેલ એના ઉપગ્રહ જેવું બની જવાનો ભય પણ કેટલાકે વ્યક્ત કર્યો. પણ ચાંપરાજભાઈએ એનો સ્વીકાર કર્યો, એટલું જ નહિ બરાબર અર્ધો-અર્ધ શેર એમને આપ્યા. પાંચ લાખના શેરના વીસ લાખ આવ્યા એમાંથી અંધેરીની આંબોલી ફેક્ટરીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થયું. નવી વ્યવસ્થામાં એક્સેલ ટાટા-ફાઈઝન્સનું સલાહકાર બન્યું. 'શ્રૉફ ટેકનિકલ સર્વિસ'ની સ્થાપના થઈ. ટાટા-ફાઈઝન્સનો થાણા-બેલાપુર પાસેનો રોગાર

અનુસંધાન] **ચાંપરાજભાઈ શ્રૉફ** [પૃ. ૭૦થી

એક્સેલનું મુંબાઈનું કારખાનું એમણે જોયું હતું. ફૉસ્ફૉરિક ઍસિડનો સાદો પણ કાર્યક્ષમ પ્લાન્ટ એ ભૂલ્યા ન હોતા. ચાંપરાજભાઈને માટે ભારોભાર માન લઈ એ પાછા ફર્યા હતા. પોતાના મદદનીશને એમણે કહ્યું: 'આ શ્રૉફને એકસ-રે આંખો છે. તમે એને બતાવો કે નહિ, પણ એ તો પોતાની રીતે પૂરી વિગતો જાણી જ લેવાના છે. એટલે તમે એને સંપૂર્ણ પ્રક્રિયા બતાવો એ જ ઠીક રહેશે!' યુરોપની બીજી પણ અનેક રાસાયણિક પેઢીઓ, ત્યાંના અનેક ઉચ્ચ વૈજ્ઞાનિકોને ચાંપરાજભાઈ માટે માન હતું.

નજર જેમ તીક્ષ્ણ હતી તેમ ચાંપરાજભાઈનું મગજ પણ કૉમ્પ્યુટરની જેમ કાર્ય કરતું. તીવ્ર ગ્રહણશક્તિ અને હમેશાં પૃથક્કરણમાં કાર્યરત રહેતું મગજ કોઈ પણ નવી પ્રક્રિયા જોતાં તરત જ એના મૂળભૂત સિદ્ધાંતો સમજવામાં અને આખી યે અટપટી પ્રક્રિયાને નાના સાદા એકમોમાં વિભાજી નાખવાના કામમાં લાગી જતાં. કોઇ પણ પ્રક્રિયા ઝડપથી શીખી તેને કેમ શક્ય એટલી સાદી બનાવવી એ જ હમેશાં તેમનું ધ્યેય

આરંભથી વિકસીને અઢી કરોડની અસ્કયામતે પહોંચેલું એક અનોખું ઔદ્યોગિક સાહસ

એક્સેલ ઇન્ડસ્ટ્રીઝ

પ્લાન્ટ એક્સેલે તૈયાર કર્યો. ૪૦ લાખ રૂપિયાનો એવો એક જ વિશાળ પ્લાન્ટ ઊભો કરવાનો એક્સેલનો એ પહેલો જ અનુભવ હતો.

એક્સેલને જોઈતા કાચા માલમાં ઇલેક્ટ્રો થર્મિક પ્રક્રિયાથી બનતા ફૉસ્ફરસની મોટી માગ. એ બનાવવા માટે અટપટાં યંત્રો, ખાસ પ્રકારની ભઠ્ઠી ને કુશળ કારીગરો જોઈએ, અને કાચો માલ પણ. નિષ્ણાતોના મત મુજબ ભારતમાં એની શક્યતા નહોતી. પણ ચાંપરાજભાઈએ સ્વભાવ મુજબ પ્રયોગો આદર્યા. કોઈ પણ નવા ઉત્પાદનમાં પડતાં પહેલાં તેઓ એ અંગેનો અભ્યાસ, પ્રયોગો વગેરે કરી લેતા અને સામાન્યતઃ ત્રણેક માસમાં જ એમની આ પ્રાથમિક તૈયારીઓ પતી જતી. આમાં પણ એમણે એમ જ કર્યું. ગ્રેફાઈટ ક્રુસિબલની ભઠ્ઠી બનાવી, સિનેમાના પ્રોજેક્ટરમાં વપરાતા કાર્બનના ઈલેક્ટ્રોડ અને સાદા વેલ્ડિંગ સેટથી વિદ્યુતસ્રોત પૂરો પાડી એમણે પ્રયોગો સિદ્ધ કર્યા. ઇ. ૧૯૫૮–૫૯ની આ વાત–અને ૧૯૭૧માં ઑક્ટોબરમાં ભાવનગરમાં ફૉસ્ફરસ પ્લાન્ટ ચાલુ થઈ ગયો! દુર્ભાગ્યે એ પહેલાં ૧૯૬૮ના જાન્યુઆરીમાં એમનું અવસાન થયું, પણ મૃત્યુ પહેલાં આ પ્લાન્ટ અંગેની બધી જ પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરી નાખી હતી. આજે ભાવનગરના આ પ્લાન્ટમાંથી ૧૫ ટનની ભઠ્ઠી ભારતભરમાં આ પ્રકારની મોટામાં મોટી ભઠ્ઠી ગણાય છે. સંખ્યાબંધ સ્થાનિક પછાત વર્ગના લોકોને એમાં રોજી મળી. આજે વર્ષે બે કરોડ રૂપિયાના માલનું ત્યાં ઉત્પાદન થાય છે.

આ પ્લાન્ટ માટે બે-અઢી કરોડ રૂપિયાના ખર્ચનો અંદાજ હતો. પણ એક્સેલે બૅન્ક પાસેથી કે ટાટા-ફાઈનાન્સમાંથી એ માટે પૈસા લીધા નહિ, કે ન તો ખર્ચ કાઢવા પોતાનાં ઉત્પાદનોના ભાવ વધાર્યા. ફરીફરી વિચાર કરી ૮૦ લાખ રૂપિયામાં એ પ્લાન્ટ ઊભો કરવાની યોજના ઘડી. એક્સેલ પાસે એ માટે ૫૦ લાખની ત્રેવડ હતી, અને બાકીના ૫૦ લાખ જાહેર કંપની કરી લોકો પાસેથી માગ્યા. એ માટે ૪૦ ગણું ભરણું આવેલું! પણ શ્રોફ કુટુંબ માટે કે ઇચ્છુક સગાંસંબંધીઓ માટે એમણે એક પણ શેર રાખ્યો નહિ. એક્સેલના કર્મચારીઓને એમણે સાડાચાર લાખના શેર આપ્યા. આજે એક્સેલની અસ્કયામતો અઢી કરોડની છે. અને દસ હજાર શેરહોલ્ડરો ને બે હજાર કર્મચારીઓ.

અનેક મુશ્કેલીઓ વચ્ચે એક્સેલે પ્રગતિ જારી રાખી છે. ધંધાનું કોઈ રહસ્ય છૂપું રાખ્યું નથી. હરીફ ઉદ્યોગોએ એના તૈયાર કર્મચારીઓને પોતાને ત્યાં ખેંચી લેવાના પ્રયાસો પણ કર્યા છે. કોઈ કે અહીં જ શીખીને સ્વતંત્ર ધંધો પણ આદર્યો છે. એક કુટુંબવત્ રહેલા એક્સેલના અન્ય કર્મચારીઓ આવું બને ત્યારે અકળાઈ જાય એવું પણ અનેક વાર બન્યું છે, અને ચાંપરાજભાઈએ એમને દરેક વેળા વાર્યા પણ છે. એટલું જ નહિ ગએલામાંથી કોઈ પાછા ફરે તો એને ખેલદિલીથી પાછા એક્સેલમાં સમાવી પણ લીધા છે. અને એટલે જ તો તેઓ એક્સેલમાં સૌના 'પપ્પા' કહેવાતા હતા. એ ચાંપરાજભાઈ તો ઇ. ૧૯૬૮માં અવસાન પામ્યા, બીજા પણ કેટલાક અનુભવીઓ ગયા, પણ એક્સેલની બીજી હરોળ એમનાં આદરેલાં કાર્યોને આગળ ધપાવે એવી ખમતીધર છે. જુવાનિયાઓની એક ત્રીજી હરોળ ભાવનગરનો મોરચો સંભાળે છે અને ચોથી ને પાંચમી હરોળ તૈયાર થઈ રહી છે. માતૃત્વ સમ મૅનેજમેન્ટમાં એક્સેલની આ વિશાળ બિરાદરી વિકસતી જાય છે.

એક્સેલ એક શાળા સમી છે. કામની સાથોસાથ અભ્યાસ પણ કરી રહેલા કર્મચારીઓ અહીં છે એટલા જ ખાતર નહિ, અહીં પણ એમને ધંધાકીય તાલીમ મળે તેવી વ્યવસ્થા છે. એક ખાતાનો માણસ રસ લે તો બીજા ખાતાની કામગીરી શીખવાની જ નહિ, ઇચ્છે તો પોતાનું ખાતું ફેરવી નવા ખાતામાં જવાની પણ પૂરતી તક છે. કોઈના વિકાસ કે પ્રગતિમાં અહીં રુકાવટ નથી, અને અન્યત્ર જોવા મળે છે એવા આંતરિક ઝગડા એક્સેલમાં નથી. ચૌદ વર્ષની વયે અહીં આવેલો મન્છુ વાટલી અહીં તાલીમ પામી ૧૯૫૬માં એક્સેલની ઈંગ્લૅન્ડની શાખામાં એક મુખ્ય અધિકારી બની શકે, સોમા ને વિઠ્ઠલ જેવા તદ્દન અભણ કામદારો યાંત્રિક કસબ સાથે વહીવટી તાલીમ પામી નાનાં ખાતાં ચલાવવા જેટલા બાહોશ બને, કે માત્ર મજૂરીએ આવેલી બહેનો રાસાયણિક ઉત્પાદનોનાં કામ સંભાળી શકે એવી તકો એક્સેલમાં હમેશાં રહી છે. એક્સેલની પ્રયોગશાળા પણ સૌના માટે ખુલ્લી છે. પોતાનો સ્વતંત્ર વ્યવસાય સ્થાપવા ઇચ્છતા અનેકોને એક્સેલે ટૅકનિકલ સહાય પણ કરી છે.

અને શૈક્ષણિક કે સામાજિક ક્ષેત્રે અનેક સંસ્થાઓને પણ ઘણી સહાય આપી છે. ભાવનગરના પ્લાન્ટ પાસેની રક્તપીતિયાઓની સંસ્થાને તો એક્સેલે જાણે દત્તક જ લઈ લીધી છે. કુદરતી હોનારતો વેળા પણ એક્સેલે મોકળે હાથે મદદ પહોંચાડી છે.

આમ એક્સેલનાં સાહસો, પુરુષાર્થ, પ્રામાણિકતા, સ્વાશ્રય ને શોધ-સંશોધનોની કથા તો લાંબી થવા જાય તેવી છે, પણ ટૂંકમાં કેવળ એક ઔદ્યોગિક સાહસ જ ન બની રહેતાં દેશને સહાયરૂપ બની રહેવા સાથે રાસાયણિક ક્ષેત્રે દેશને સ્વાવલંબી બનાવવામાં, પોતાની સિદ્ધિઓમાંથી નર્યો આર્થિક ગેરલાભ ન લેતાં કેવળ વાજબી વળતર જ લેવામાં અને દેશનાં જ સાધનોથી પુરુષાર્થ ખેડી પરદેશીઓની સામે ટક્કર લેવાની તમન્ના ને ખુમારી દાખવવામાં ચાંપરાજભાઈએ અને એમના દ્વારા એક્સેલે જે ઉદાહરણ પૂરું પાડ્યું છે એ પ્રેરક ને અનુકરણીય છે, ને એ જ એની ખરી મહત્તા છે. દેશના રાસાયણિક ઉદ્યોગના વિકાસમાં એક્સેલે અનેક રસાયણોનું ભારતમાં પહેલી જ વાર ઉત્પાદન કરીને, અને તે પણ વધુ સારી તથા એની હમેશની લાક્ષણિકતા મુજબ પોતાની આગવી રીતે જે મહત્ત્વનો ફાળો આપ્યો છે તેને 'ઇંડિયન કેમિકલ્સ મૅન્યુફૅક્ચર્સ એસોસીએશને' ઈ. ૧૯૬૪માં પોતાનો 'સર પી. સી. રાય ઍવૉર્ડ' આપીને બિરદાવ્યો હતો. આ પછી ભાવનગરના ફૉસ્ફરસ પ્લાન્ટના એના પૂર્ણતઃ ભારતીય સાહસને એમણે ફરી હમણાં જ ઈ. ૧૯૭૩નો એ જ ઍવૉર્ડ આપીને પુનઃ વધાવ્યું છે. ભારતીયતાના આગ્રહી બધા ઔદ્યોગિક સાહસોને એ પ્રેરણાદાયક બની રહેશે. □

રહેતું. કેટલીય પ્રક્રિયાઓ તો ફક્ત બે-ત્રણ કલાકની કારખાનાંઓની ઊડતી મુલાકાતોમાં જ એમણે ઝડપી હતી. વર્ષોની સાધના અને અભ્યાસ, મન અને મગજની કેળવણી અને કોઈ પણ ઉદ્યોગની મુલાકાત લેતાં પહેલાં એ ઉદ્યોગ વિષેની શક્ય તેટલી વધુ જાણકારી અગાઉથી પુસ્તકો દ્વારા મેળવવી, આ એમના નિયમો હતા.

આ નિયમ એક્સેલમાં પણ સૌને લાગુ પડતો—શક્ય તેટલી ઝડપે પ્રક્રિયા શીખી લેવાનો. હાઇડ્રો સાઈનાઈડ જેવા ખતરનાક રસાયણની પ્રક્રિયા સમજવા એમની પુત્રી રેણુ ફક્ત બે જ દિવસ સ્વિટ્ઝરલૅન્ડના પ્લાન્ટમાં રહી હતી. ફૉસ્ફરસની પ્રક્રિયા શીખનાર એક્સેલનો વૈજ્ઞાનિક અમેરિકામાં પંદર જ દિવસ રહ્યો હતો.

આવી વ્યક્તિઓને પણ ઈશ્વરે કસોટીની એરણે ચડાવી છે. એમની દીકરી રેણુ એમનો શ્વાસ અને પ્રાણ હતી. એમણે ઘણી યે વાર વિચાર્યું હતું કે રેણુને એ પોતાની પાસે જ રાખશે. ખૂબ હોશિયાર અને ચાલાક હતી એ પુત્રી. એક્સેલના ઘણા યે પ્રયોગોમાં રેણુએ પણ ભાગ

મળ્યો હતો. એ રેણુ મોટી થઈ એટલે એના જ જેવા સરસ છોકરા સાથે એને પરણાવી હતી, પણ લગ્ન પછીના એક જ અઠવાડિયામાં માત્ર બે દિવસની માંદગીમાં, કોઈને હજી ખયાલ પણ આવે કે શું થયું એ પહેલાં જ એ રેણુ મેનિન્જાઇટિસના રોગથી ૧૯૬૪માં મૃત્યુ પામી. ભલભલાને સૂનમૂન કરી નાખે એવો એ ઘા હતો. ચાંપરાજભાઈ પણ થોડા દિવસ શૂન્યમનસ્ક જેવા થઈ ગયા. પછી કહે: ઈશ્વરની ઇચ્છા એવી હશે કે હું શુદ્ધ વૈજ્ઞાનિક બનું; કોઇ પણ પ્રકારની આસક્તિથી મુક્ત બની મારી જાત સંપૂર્ણતયા હું વિજ્ઞાનને જ સોંપું. એટલે જ એમણે રેણુને મારી પાસેથી ઊંચકી લીધી હશે.

રેણુની ઇચ્છા હતી કે વિજ્ઞાન તો લોકસંગ્રહાર્થે જ લોકોના કલ્યાણમાં જ વપરાવું જોઈએ. હવે ચાંપરાજભાઈ પોતાનું ધ્યાન વધુ ને વધુ એમાં ખૂંપાવતા ગયા. હાઇડ્રોપૉનિક્સ (Hydroponics)–જમીન વગર વનસ્પતિ ઉગાડવાનો પ્રયોગ, ખેતીવાડીને કામનાં રસાયણો વગેરે બનાવવા પર એમણે વધારે ધ્યાન આપ્યું. ભારતના રાસાયણિક ઉત્પાદકોની સંસ્થાના શ્રી પી. સી. રે ઍવૉર્ડથી એમની સેવાઓનું સમ્માન થયું.

દીવાનખંડના નાના ત્રણેક ફૂટના વ્યાસના ટેબલ પર એટલી જ ઊંચાઈનું પણ પૂર્ણ વિકસિત ગુલમોરનું ઝાડ, અગાસીમાં તરબૂચ, મકાઈ અને શાકભાજીઓ અને ઘરના ઓરડામાં જાતજાતનાં ફૂલો ઉગાડવા જેવા તો કેટલા યે સફળ પ્રયોગો એમણે કર્યા. એને માટેનાં ખાતર પણ એમણે તૈયાર કર્યાં. આ માટે માટુંગાના ઘરની ગૅલેરી, સાંતાક્રૂઝના ઘરની અગાશી, ગોરેગાંવમાં એક્સેલના કારખાનાનું ચોગાન, એમની પ્રયોગશાળા હતી.

આપણા ભારત જેવા દેશમાં વધુમાં વધુ કોઈ ચીજ વેડફાઈ જતી હોય તો તે સૂર્યનો પ્રકાશ. મુંબાઈ જેવાં ગીચ શહેરોમાં પણ દરેક કુટુંબ પોતાની બારીમાં, છાપરા પર કે અગાશીમાં જરૂર કંઇક ઉગાડી શકે એ વિચાર નજર સામે રાખીને આ બધા પ્રયોગો એમણે કર્યા હતા.

ફક્ત ખેતીવાડી માટે જ એક્સેલ કેટકેટલાં રસાયણો બનાવે છે! બીજની વાવણીથી માંડીને છેક અનાજ કોઠારમાં થઇ રસોડામાં જાય ત્યાં સુધીની એની જાળવણી માટે એક્સેલ પાસે રસાયણો છે જેમાં ઍલ્યુમિનિયમ ફૉસ્ફાઇડ જેવાં સૌથી અદ્યતન અને અસરકારક રસાયણનો પણ સમાવેશ થાય છે.

ચાંપરાજભાઈએ જ્યારે પોતાનું કારખાનું સ્થાપ્યું ત્યારે એમની પાસે બહુ જ ઓછી મૂડી હતી, પરન્તુ એક સ્પષ્ટ વિચારસરણી હતી. પૂરતી આત્મશ્રદ્ધા હતી, અનહદ દેશપ્રેમની ભાવના હતી. ધૂળમાંથી ધન ઊભું કરવાની શક્તિ હતી. નિત નવું જાણવાની, અને પોતે વૈજ્ઞાનિક હોવાથી પ્રયોગ દ્વારા એને નાણવાની તમન્ના ચાંપરાજભાઈને હમેશાં રહેતી. એમની તીક્ષ્ણ નજર કોઈ ચીજ ન ચૂકતી. એક્સેલની શરૂઆતમાં ઝિન્ક ક્લોરાઇડ બનાવવાનો કાચો માલ ક્યાંથી આવ્યો હતો? એ અરસામાં પિત્તળ બનાવવાના ભારતમાં નવા જ શરૂ થએલા ઉદ્યોગમાં પિત્તળ બનાવવાની પ્રક્રિયા એટલી કઢંગી હતી કે ઘણું યે જસત ઊડીને આજુબાજુની ભીંતો પર ચોટતું. એ જસતના ભેગા થએલા કચરામાંથી પોતાનો કાચો માલ તેમણે મેળવ્યો હતો.

એમણે મોટાં સ્વપ્નાં સેવ્યાં પણ પગ તો હમેશાં નક્કર ધરતી પર જ રાખ્યા અને નજર માભોમ ભારતના મધ્યમ અને ગરીબ વર્ગ ઉપર.

રેણુના મૃત્યુ વખતે હતી એવી જ ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા એમનામાં હમેશાં રહી હતી. ધર્મ અને વિજ્ઞાન એ એમને મન એક જ હતાં. એ હમેશાં કહેતા કે 'જો ઇશ્વર બધે જ છે તો એ વિજ્ઞાનમાં પણ છે. આપણા સૌ કાર્યમાં, આપણે બનાવેલી બધી જ ચીજોમાં ઇશ્વર હોવો જોઇએ. તો પછી એમાં દિલચોરી કેમ થઈ શકે? એ તો ઇશ્વરને અધૂરા કે ખરાબ બનાવવા બરાબર થયું.' આ વિચાર ફક્ત પોતા પૂરતો જ ન હતો, ન તો એ શ્રૉફ કુટુંબમાં મર્યાદિત રહ્યો. એક્સેલમાં પણ આજ એ એટલો જ વ્યાપક છે. દરેક માણસ પોતાનું દિલ દઇને જ ત્યાં કામ કરતો હોય છે—પછી એ મૅનેજર હોય, પમ્પ હાઉસનો અભણ ઉપરી વઝીરખાન હોય, કે ભાવનગર જેવા પ્લાન્ટમાં રૂવાપરીની ગાયો માટે રજકો ઉગાડવા એના પર પાણી વાળવા રાખેલો અદનો આદમી.

ચાંપરાજભાઈ પોતાના ભાગીદારો કે સમોવડિયા સાથે જેટલો વિનય અને વિવેક જાળવતા, એટલો જ સૌ કર્મચારીઓ સાથે જાળવતા. એમનો પ્રેમ એમના કુટુંબી જેટલો જ કર્મચારીઓને પણ મળતો.

કારખાનામાં ચાંપરાજભાઈ 'પપ્પા' તરીકે ઓળખાતા. એમાં ફક્ત સ્નેહનું જ નહિ, પિતાતુલ્ય મોભાનું પણ રૂપક હશે જ. 'એમનો આત્મવિશ્વાસ સૌમાં એક નવું જ જોમ, એક નવી જ શ્રદ્ધા જગાડતો. એક સફળ મૅનેજરની–નેતાની વ્યાખ્યા શી? કે જે પોતાના હાથ નીચેનાં માણસોને એવી સુંદર કેળવણી આપે કે થોડાં વર્ષોમાં જ ત્યાંની પોતાની હાજરીની જરૂર મિટાવી દે અને ફરી પછી વણદીઠેલી ભોમ પર ફાળ ભરવા, નવા વિષયો–નવા વિચારોને આંબવા તૈયાર થાય. અને આ બધી કેળવણી કડીબદ્ધ છેક નીચલી હરોળ સુધી સૌને પહોંચે.

ચાંપરાજભાઈએ એક્સેલમાં આવા જ એક સફળ મૅનેજર-નેતા તરીકે કામ કર્યું છે. આજ એમના મૃત્યુને પાંચથી વધુ વર્ષો વીતી ગયાં છે, પણ એક્સેલની હરણફાળ ધીમી નથી થઈ. વધુ ઝડપથી લાંબી થઈ છે.

ચાંપરાજભાઈની પ્રામાણિકતા પણ કહેવતરૂપ હતી. એક્સેલની પ્રતિભાને કારણે રસાયણો આયાત કરવાનાં લાયસન્સ એમને ખૂબ સહેલાઈથી મળતાં. પણ જ્યારે એ લાયસન્સમાં વધારો રહ્યો છે, ત્યારે સામે ચાલીને એમણે એ સરકારને પરત કર્યાં છે. આ જમાનામાં જ્યારે કદી યે ન વાપરવાની ચીજોનાં લાયસન્સ મેળવવા માટે પણ લોકો કેટલાં યે કાળાંધોળાં કરે છે અને મળેલાં લાયસન્સને કાળાં બજારમાં વેચે છે ત્યારે આ પ્રામાણિકતા સહેલી નથી.

જેમ જીવન એમ પૂર્ણતા પણ આખરે તો નાનાં નાનાં એકમોની જ બનેલી છે. રસોડાની પ્રયોગશાળામાં પા પા પગલીથી શરૂ કરનાર એ વૈજ્ઞાનિકે કેટલાં વિરાટ પગલાં ભર્યાં છે! પરદેશથી આયાત થતાં ઘણાંખરાં રસાયણો એમણે અહીં બનાવ્યાં, કેટલીયે નવી પ્રક્રિયાઓ તો વિશ્વભરમાં એમણે પ્રથમ વાર જ કરી. એમની એ એક જ ધૂન હતી: 'પરદેશમાં બની શકે તો અહીં કેમ નહિ? એક જ ખમીર હતું: પડકાર ઝીલવાનું. એક્સેલ માટે એમ કહેવાય છે: તમે માગો, અમે બનાવી આપીશું.' (You name it, we will make it.)

દેશભક્તિનાં ને સ્વદેશીનાં ગાણાં ગાવાં એ આજકાલ એક ફૅશન થઈ પડી છે. બહુ ભાષામાં નહિ, બહુ શબ્દોમાં નહિ, પરંતુ પોતાનાં કાર્યમાં એ સ્વદેશીની ભાવના, એ ઉત્કટ દેશપ્રેમ એમણે વ્યક્ત કર્યાં છે. જે ખમીરથી એમણે રૉયલ ઇન્સ્ટિટયૂટ ઑવ સાયન્સ (મુંબાઇ)ના પ્રિન્સિપલની પરદેશ મોકલવાની ઑફરને નકારી હતી એ જ સદા યે એમનામાં રહ્યું હતું. પરદેશીઓ પાસેથી જ્ઞાન મેળવવામાં એમણે ક્યારે ય પાછી પાની નથી કરી. પરંતુ અહીંનાં વાપરવાનાં રસાયણો માટેની યંત્રસામગ્રી હમેશાં ભારતમાં જ અને ઘણી યે વાર તો એક્સેલમાં જ બનાવવાનો એમણે આગ્રહ સેવ્યો છે.

એક્સેલના ઘણાએ પ્લાંટનાં છાપરાં તો વર્ષો પછી બાંધ્યાં. ત્યારે એ કહેતા કે 'જો આભને આંબવાની વાત કરવી હોય તો પછી છાપરું યે શા માટે?' આધુનિક સાધનો વગર કામ ન થઈ શકે એ માન્યતાનો એમનો ધરમૂળથી વિરોધ હતો. મોટાં કદ કે સત્તાથી એ ક્યારે ય અંજાયા નહોતા.

મુશ્કેલીઓ અને મર્યાદિત સાધનોથી તો જાણે એમને વધારે ઝનૂન ચડતું. નાનામાં નાની ચીજનો પણ એ પૂરેપૂરો ઉપયોગ કરતા.

એમણે સાબિત કરી આપ્યું કે ઔદ્યોગિક સફળતા માટે મોટું કદ હોવું એ કંઈ અગત્યનું નથી. એથી ઊલટું મોટા વિશાળકાય ઉદ્યોગો પોતાનાં જ કદ અને વહીવટી આંટીઘૂંટીઓમાં એટલા અટવાઈ જતા હોય છે કે ત્યાં કોઈ પણ નવો પ્રયોગ કરવાનું—નવો રાહ લેવાનું બહુ સહેલું અને સરળ નથી રહેતું. ચાંપરાજભાઈએ એક્સેલના પ્રયોગો દ્વારા ભારતને સાદો અને વ્યવહારુ માર્ગ બતાવ્યો કે ભારતને જરૂર છે નાના કાર્યક્ષમ અને જેમાં પરિવર્તનની શક્યતા વધુ હોય એવા ઉદ્યોગોની.

પરદેશી મૂડી અને પરદેશી જ્ઞાનના જોર પર થોડા પણ રાક્ષસકાય વિશાળ ફર્ટિલાઈઝર પ્લાંન્ટ નાખવાને બદલે આપણી જ મૂડી અને આપણા જ જ્ઞાનના જોર પર નાનાં વધુ સંખ્યામાં ખાતરનાં કારખાનાં જો ઠેકઠેકાણે સ્થાપીએ, તો એક સાથે બે સવાલો હલ કરી શકીએ: ખેડૂતોને સસ્તું રાસાયણિક ખાતર ઝડપથી પહોંચતું કરી શકાય અને પરદેશીઓનું બંધન પણ તોડી શકાય. આ કારખાનાંઓમાં જોઈતાં યંત્રોની સંપૂર્ણ ભારતીય ડિઝાઈન પણ એમણે વિચારી રાખી હતી.

મૃત્યુ વિષે તેઓ કહેતા: 'પોતાનું મથક આવે અને ડ્રાઈવર જે સાહજિકતાથી ગાડીમાંથી ઊતરી જાય એવી જ સાહજિકતાથી લોકોએ મૃત્યુને સ્વીકારવું જોઈએ.'

પોતાના આખરી દિવસોમાં પણ ચાંપરાજભાઇ રાસાયણિક ખાતરથી માંડીને તાંબાના ઉત્પાદન જેવી વીસ જુદી જુદી યોજનાઓ પર કામ કરી રહ્યા હતા. આરામ લેવાનું–નિવૃત્ત થવાનું એમના સ્વભાવમાં નહોતું. જીવનના છેલ્લા દિવસે (૭-૧-૧૯૬૮) પણ એ પોતાની પ્રયોગશાળામાં રાત્રે ૧૧ વાગ્યા સુધી અભ્યાસ કરતા હતા. ફક્ત બે જ મિનિટ કંઈક બેચેની લાગી, અને એ મૃત્યુ પામ્યા—પોતાનું મથક આવતાં ચાલક જે સાહજિકતાથી ગાડીમાંથી ઊતરી જાય એ જ સાહજિકતાથી! ૫૯ વર્ષનો ટૂંકા જીવનમાં એમના જેટલી શોધો કરવી એ સામાન્યજન માટે ન માની શકાય એવી વાત છે. એથી યે વધુ તો એમણે એક્સેલમાં સ્થાપેલી કેટલીક પ્રણાલિકાઓ છે: આત્મવિશ્વાસની, સ્વદેશપ્રેમની, સમાજ પ્રત્યેની ફરજની ને કાર્યને ઈશ્વર જેટલું જ મહત્ત્વનું માનવાની.


એમના મૃત્યુ પછી પાંચ વર્ષે ભાવનગરમાં ખરાબ જમીન પર બાંધેલો, ભારતમાં મોટામાં મોટી પંદર ટનની ભઠ્ઠીવાળો ફૉસ્ફરસ પ્લાન્ટ, જેનું સિમેન્ટ પણ ભારતમાં નહોતું બનતું, જેણે ડગલે ને પગલે પડકાર ફેંક્યા છે, અને જેનો એકેએક પડકાર ઝીલી, અહીંની જ સિમેન્ટમાં ભઠ્ઠી બાંધી ચોર મનાતી કોમનો પણ સહકાર મેળવી, ઊભો થનાર એ ફૉસ્ફરસ પ્લાન્ટ ચાંપરાજભાઈની કેળવણીનો જીવંત દાખલો છે. રસાયણશાસ્ત્રના નિષ્ણાતો જાણે છે ફૉસ્ફરસ બનાવવાનું કેટલું દોહ્યલું છે. એક્સેલને હવે ફૉસ્ફરસ આયાત નથી કરવું પડતું. ભાવનગરનું એ એક્સેલ મુંબાઈના એક્સેલને એની જરૂરિયાત પૂરી પાડે છે. વાર્ષિક દોઢ-બે કરોડ રૂપિયાના ઉત્પાદનમાંથી એક કરોડ ઘરઆંગણે વાપર્યા પછી એ બાકીનું ફૉસ્ફરસ આપણા દેશની બજારોમાં વેચી શકે છે.

એક્સેલની હરણફાળ જોઈને, લોકહિતનાં કાર્યોમાં ઉત્તરોત્તર વધતો એનો ફાળો જોઈને આજે એમની ગેરહાજરીમાં પણ એની આત્મશ્રદ્ધા જોઈને અને એટલી જ ઉત્કટ સ્વદેશનીતિની ભાવના જોઈને કોઈ એમ ન કહી શકે ચાંપરાજભાઈ આજે જીવંત નથી.

દીકરી રેણુ માટે વાપરેલ આ શબ્દો એમને પોતાને માટે પણ કેટલા લાગુ પડે છે! 'આપણા મૃત્યુ પછી પાછળ જે સૌ જીવી રહ્યા છે એમના હૃદયમાં જીવંત રહેવું એ મૃત્યુ નથી.'—To live in the hearts of those who live behind us, is not to die. □

આ માસ (માર્ચ) ઇતિહાસમાં

તા.૩/૧૮૪૭: ઍલેક્ઝાંડર ગ્રૅહામ બેલનો જન્મ. ઈ. ૧૮૭૬માં આ માર્ચ માસની ૧૦મી તારીખે બેલને પોતાના 'ઇલેક્ટ્રિક સ્વિચ્ચ મશીન'ની



શોધમાં અકસ્માત સફળતા મળી. તરત જ એણે એના પેટન્ટ માટે અરજી કરી દીધી. એ વખતે અમેરિકામાં એ. ઈ. ડૉલ્બીઅર અને ડૅનિયલ ડ્રોયાબે પણ આવી જ શોધનો દાવો કરેલો અને પ્રો. એલિશા ગ્રેએ તો પેટન્ટ ઑફિસમાં પોતાની શોધની નોંધ પણ કરાવેલી; પણ એ થોડા કલાક માટે જ મોડા પડ્યો અને બેલને એના શોધક તરીકે સત્તાવાર મંજૂરી મળી. પ્રાયોગિક કક્ષાના એના એ યંત્રનું રેખાંકન અહીં આપ્યું છે. આ જ વર્ષમાં એણે ફિલાડેલ્ફીઆમાં અમેરિકાની સ્વાતંત્ર્ય શતાબ્દી ઊજવવા યોજાએલા મેળામાં પોતાની શોધ પ્રદર્શિત કરી. ને પ્રથમ ઈનામ જીતી ગએલો. એ પછી તો એમાં અનેક સુધારા થઈ આજના ટેલિફોનનો વિકાસ થયો પણ તેનો પાયાનો સિદ્ધાંત તો બેલે શોધ્યો હતો એ જ રહ્યો છે.

તા. ૮/૧૯૧૭: રશિયામાં રાજાશાહી સામે જબ્બર લોકક્રાંતિનાં મંડાણ. બીજે વર્ષે નવી રચાએલી સરકારે ૧૪મી માર્ચે પેટ્રોગ્રેડથી રશિયાની રાજધાની મૉસ્કો ખસેડી અને તેને લેનિનગ્રાડ નામ આપ્યું.

તા. ૧૨/૧૮૮૦: કમાલ આતાતુર્કનો જન્મ. તુર્ક ખિલાફતને હરાવીને એણે ઈ.-૧૯૨૪માં આ જ માસની ૨જી તારીખે ટર્કિશ નૅશનલ ઍસેમ્બલીની સ્થાપના કરેલી. એના અમલમાં મધ્યકાલીન ખયાલાતોમાંથી મુક્ત થઈ ટર્કીએ અનેક દિશામાં નોંધનીય પ્રગતિ કરી બતાવી.

તા. ૨૧/૧૯૩૫: 'પર્શિયા' નામ નાબૂદ કરીને પોતાનું રાષ્ટ્રીય નામ 'ઈરાન' ધારણ કરી બધા દેશોને એ વાપરવા એણે તાકીદ કરી.

તા. ૨૧/૧૯૪૪: આઝાદ હિંદ ફોજે આરાકાન મોરચે તોંગઝાન અને હાટાબોકોનાં હવાઈ મથકો કબ્જે કર્યાં.

તા. ૨૨ કાબા ખીણમાં તામુ માર્ગે મણિપુર તરફ આગેકૂચ.

તા ૨૩ કાબા ખીણમાં વિદાક પર વિજય. ૧૦૦૦ શત્રુઓ માર્યા ગયા.

તા. ૨૪ તામુ સુધી પહોંચી ઈમ્ફાલ હવાઈ મથક પર બૉમ્બમારો.

તા. ૨૫ ઈમ્ફાલથી ૩૦ માઈલ દૂર તિદ્દૂમ-ઈમ્ફાલ માર્ગ અવરોધી તિદ્દૂમ તામુ ને ઈમ્ફાલ પરના હુમલા માટે યોગ્ય સ્થાન પર કબજો.

તા. ૨૬ તિદ્દૂમ પર વિજય. ૧૦,૦૦૦ સૈનિકોની ૧૭મી ડિવિઝન પર ઘેરો. આરાકાન મોરચાની શત્રુની ૧૫મી ડિવિઝન પર બૉમ્બમારો. ઈમ્ફાલની લડાઈનો આરંભ.

તા ૨૭ સેન્ટ્રલ સેક્ટરની ૧૦૦૦ મોટરલૉરી પર કબજો. ચિન્દવાન નદી પાર કરી.

તા. ૨૮ કોહિમાની લડાઈનો આરંભ.

તા. ૨૯ નિક્ષાલા હવાઈ મથક પર કબજો. ચિતાગૉંગ પર બૉમ્બમારો.

તા. ૩૦ સાન્ગશાલ પર વિજય. ઉકસાલ અને પાલેલ-તામુ માર્ગ પર અવરોધ.

તા. ૩૧ ઈમ્ફાલ-કોહિમા માર્ગ પર કાબૂ. સાઉથ ઈન્ડો-બર્મા રોડ પર શત્રુદળના ૨૭૦૦ સૈનિકો માર્યા ગયા, ૭૫૦ કેદ થયા.

—અને આ પછીના મહિનાઓમાં હિંદુસ્તાનની જ ભૂમિ પર આઝાદ હિંદ ફોજે અંગ્રેજ અમેરિકન સૈન્યનો જ સામનો કરેલો તેમાં જૂન માસથી આરંભાએલા એ પ્રદેશોનો ભારે વરસાદ, પુરવઠાનો અભાવ અને શત્રુદળનું સંખ્યાબળ તથા શસ્ત્રસજ્જતા ન નડ્યાં હોત તો કોઈ જુદો જ ઇતિહાસ રચાત. હિંદુસ્તાન પરની અંગ્રેજ હકૂમત સામે બહારના દેશોમાંથી રીતસર યુદ્ધ જાહેર કરીને સુવ્યવસ્થિત અને સશસ્ત્ર લડત ઈ. ૧૮૫૭ પછી એકમાત્ર આઝાદ હિંદ ફોજ જ લડી હતી.

સ્વતંત્ર ભારતની નવી પેઢીને તો કદાચ ખબર પણ નથી કે આ સદીના આરંભથી દેશની આઝાદી માટે પૂર્વ એશિયાના દેશોમાં વસતા હિંદીઓએ પણ ચળવળો ચલાવેલી. રાસ બિહારી બોઝ અને જનરલ મોહનસિંગની દોરવણી પછી સુભાષચંદ્ર બોઝે એની પુનર્રચના કરી. એ પરથી જ તો તેઓ 'નેતાજી' તરીકે વિખ્યાત થયા. એમણે સ્થાપેલી આઝાદ હિંદ ફોજમાં 'રાની ઑવ ઝાંસી રેજિમેન્ટ' નામે સ્ત્રીઓનું પણ એક તાલીમબદ્ધ ને શસ્ત્રસજ્જ દળ હતું. હિંદુસ્તાની સૈન્યમાં આ એક અદ્વિતીય ઉમેરણ હતું. આઠ વર્ષથી ઉપરનાં બાળકોની 'બાલક સેના' પણ હતી. અને નેતાજીએ કેવળ લશ્કર જ નહિ, આઝાદ હિંદની કામચલાઉ સરકાર પણ સ્થાપેલી. આઝાદ હિંદ બૅંક પણ ઊભી કરી ને કબજે થતા વિસ્તારોના વહીવટ માટે મુલ્કી તાલીમનું ખાસ કેન્દ્ર પણ રચેલું. સાઇગોન, સિંગાપુર ને બૅંગકૉકથી આઝાદ હિંદ-રેડિયો પરથી નેતાજીએ ત્યાંના અને હિંદુસ્તાનના લોકોને અનેકવાર સંબોધ્યા હતા. પૂર્વ એશિયામાં વસેલા હિંદીઓએ તન મન ને ધનથી આઝાદીની આ લડાઈમાં પૂરો સાથ આપ્યો હતો.

લાલ કિલ્લાના મુકદ્દમા વખતે આ આઝાદ હિંદ ફોજ વિષે અનેક પુસ્તકો પ્રકટ થયાં હતાં, પણ ધંધાકીય દોડમાં આગળ રહેવા માટે ઉતાવળે પ્રકટ થએલાં એ પ્રકાશનોમાં, પૂર્વ એશિયાવાસી હિંદીઓની આઝાદી માટેની ચળવળની પૂરતી વિગતોનો સ્વાભાવિક રીતે અભાવ છે. પરંતુ આ લડત સાથે સંકળાએલા તથા આઝાદ હિંદની કામચલાઉ સરકારના વહીવટી તંત્રમાં કામ કરી ચૂકેલા કેસરસિંગ ગ્યાનીએ ઈ. ૧૯૪૭માં લખેલા પુસ્તક Indian Independence Movement in East Asiaમાં સંખ્યાબંધ દસ્તાવેજી આધારો પરથી લીધેલી માહિતી ઉતારી છે. કુલ ૩૦૮ પાનામાં બે ભાગમાં વહેંચાએલા આ સચિત્ર પુસ્તકમાં પ્રથમ પૂર્વ એશિયાના હિંદીઓએ દેશની આઝાદી માટે કરેલા પ્રયાસો, એ માટે જાપાન વગેરે દેશોના સહકારની વિગતો, એમની મુશ્કેલીઓ, ચળવળમાં સક્રિય ભાગ લેનાર અગ્રગણ્ય વ્યક્તિઓની ઓળખ વગેરેનો સમાવેશ અને તેના આધારરૂપ અસલ દસ્તાવેજોમાંથી તારવેલી વિગતો છે. બીજા ભાગમાં સુભાષ બાબુના નેતૃત્વ પછીના પુનઃ આયોજન, આઝાદ હિંદ સરકારની રચના અને તેના વહીવટની વિગતો, આઝાદ હિંદ ફોજની રચનાની તથા તેનાં આક્રમણ અને પીછેહઠની તવારીખ ઉપરાંત એ સેનાના વીર સૈનિકોનો પરિચય છે.


આ પુસ્તક પ્રકટ થયું લાહોરમાંથી (પ્રકાશક: સિંઘ બ્રધર્સ, અનારકલી, લાહોર), તે પછી તુરત દેશના ભાગલા પડતાં એ લગભગ અપ્રાપ્ય બની ગયું હશે, કેમ કે સાહિત્ય અકાદમીએ પ્રકટ કરેલી નૅશનલ બિબ્લીઓગ્રાફીમાં એનો ઉલ્લેખ નથી. કલકત્તાની નૅશનલ લાયબ્રેરીમાં પણ હજી હમણાં જ એ ઉમેરાયું છે. એની ગણીગાંઠી નકલો હમણાં હાથ ચડી છે, જે ૩૫/- રૂપિયાની કિંમતે સુલભ છે. (પ્રાપ્તિસ્થાન: સ્વસ્તિક બુક કૉર્પોરેશન, ૧૬૦૬, જૂની ખાડિયા ગેટ, અમદાવાદ-૧.) ઉપરની તારીખો એમાંથી તારવેલી છે.

જીવનના ચોપડે સઘળા હિસાબો થઈ જશે સરભર:
જમા રાખો 'તું હી તું', ને બીજી બાજુ ઉધારો 'હું'.

—'દિલહર' સંઘવી—

સંગીત પ્રચારની પોતાની સફર વેળા પંડિત વિષ્ણુ દિગંબરે એક ગરીબ ગામમાં માત્ર ચાર આના ફી રાખીને જલસો જાહેર કર્યો, છતાં નિયત સમયે માત્ર એક જ શ્રોતા આવેલો. આથી શિષ્યોએ જલસો બંધ રાખવાની વિનતિ કરતાં પંડિતજીએ આગ્રહપૂર્વક કહ્યું: 'ચાર આનાના એ એક પ્રેક્ષકને પણ શ્રોતાવર્ગ માની આપણે તો જલસો શરૂ કરવો જ જોઇએ. સમજજો કે અભ્યાસ માટે બેઠા હતા.' અને બરોબર નવ વાગ્યે પંડિતજીએ જલસો શરૂ કરી, પૂરા ત્રણ કલાક સુધી નિયમિત સંગીત ચલાવી સાંગોપાંગ તે પૂરો કર્યો. આવા દૃઢ આગ્રહ અને ખંતથી જ તેમણે સંગીતની પુનઃપ્રતિષ્ઠાનો પોતાનો જીવનસંકલ્પ પૂરો કરેલો.

અનેકાર્થી શબ્દ: ધડો = ત્રાજવાનું સમતોલપણું; એવું સમતોલપણું કરવા મુકાતું વજન; બોધ; ધોરણ; અડસટ્ટો કે અટકળ; લેખવવું તે, ગણતરી; આદર-આવકાર; હદ અથવા સીમા; જમીનનો કસ; હળ હાંકતી વખતે નીચેથી નીકળતી ભીનાશની હદ; જમીનનો દળ, તળું કે માટીની ઊંડાઈ; દૃષ્ટાંત, દાખલો; શિખામણ શિક્ષા કે નસીહત; મેળ કે ઠેકાણું.



ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ શાહઆલમ બીજાના નામનો મુર્શિદાબાદમાં સંચામાં પાડેલો રૂપાનો સિક્કો—જેમાં ડાબી બાજુ: 'હામીએ દીને મુહમ્મદ શાહઆલમ બાદશાહ' તથા જમણી બાજુ 'ઝર્બ મુર્શીદાબાદ' લખેલું છે.

૪૫માંથી ૪૫ બાદ કરતાં પણ ૪૫ બાકી રહે છે એ તમે જાણો છો? જુઓ આ રીતે.

૯+૮+૭+૬+૫+૪+૩+૨+૧= ૪૫
૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯= ૪૫

૮+૬+૪+૧+૯+૭+૫+૩+૨= ૪૫

એક ચોરસ માઇલ જમીન પર પડતો સૂર્યપ્રકાશ ૬૦૦૦ ટન કોલસો બાળવાથી થતી શક્તિ ઉત્પન્ન કરે છે.



ઈ. ૧૯૧૩માં ૧૯ વર્ષની જ્યોર્જિયા (ટાઈની) બ્રૉડવિક નામે અમેરિકન કન્યાએ વિમાનમાંથી પૅરેશ્યૂટ દ્વારા ઇતિહાસનો સૌપ્રથમ કૂદકો મારેલો. જો કે એથી યે ચાર વર્ષ અગાઉ એણે બલૂનમાંથી પણ આ જ રીતે કૂદકો મારેલો.

કહેવતોના અર્થ: 'મારે મિયાં ને ફુલાય પીંજારા'—સચોટ ઉદાહરણ પર રચાએલી આ કહેવત, પારકી સિદ્ધિ ઉપર પોતે જશ ખાટી જવાની વૃત્તિવાળા લેભાગુ કે ફૂલણજીઓની હાસ્યાસ્પદ પ્રવૃત્તિ દર્શાવવા વપરાય છે.

પ્રાચીન કાળથી હિંદની કલાકારીગરી જગતભરમાં જાણીતી હતી. કિંગ સૉલોમન હિંદનું જ હાથીદાંતનું કામ વાપરતો. રોમમાં તો હિંદની કારીગરીની એટલી બધી ચાલ વપરાતી કે ત્યાંના ઇતિહાસકાર પ્લીનીએ દર વર્ષે બે કરોડ રૂપિયા રોમમાંથી તાણી જતા હિંદી માલ વિરુદ્ધ પોકાર ઉઠાવેલો.

વીજળીના દીવા, અરીસા, કાચ વગેરે પર માખીઓ બેસવાથી પડતા કાળા ડાઘ લીંબુના રસ અગર સરકાથી દૂર કરી શકાશે.

કલાકણિકા: ચાંદીના જડતરવાળો લાકડાનો રાજસ્થાની ખલદસ્તો.

